ડાંગ જિલ્લા વિકાસ કાર્યક્રમ

વિષયક કાર્ય ગોષ્ઠી

૫, ૬, નવેમ્બર ૧૯૮૨

સ્થળ :

મહાલ આશ્રમશાળા (જિલ્લો ડાંગ)

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪
૧૯૮૨

103

કા

કાર્યગોષ્ઠી

મહાન આશ્રમ

શ્રી એસ. એ

શ

ઉદ્દેશ એ છે

થવું જોઇએ

શ્રી

કાર્યક્રમોની

શકે ? અને

યથાયોગ્ય ર

જરૂર છે.

૧.

૨.

૩.

તે

થઇ શકે ત

પ્રજાને ગરીબ

નહીં ? કઇ

છે ? શ્રી ન

વધારવામાં

તરીકે ગણ

પડતો નથી.

કેવી રીતે ર

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

ડાંગ જિલ્લા વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી : અહેવાલ

ડાંગ જિલ્લાના વિકાસ કાર્યક્રમ વિષયક આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આયોજિત કાર્યગોષ્ઠી તા. ૫-૬ નવેમ્બર ૧૯૮૨ના રોજ ડાંગ જિલ્લાના ઊંડાણના જંગલ વિસ્તારમાં આવેલી મહાલ આશ્રમશાળામાં થઇ હતી. આ કાર્યગોષ્ઠીનું ઉદ્દ્ઘાટન ડાંગ જિલ્લાના વિકાસ અધિકારી શ્રી એસ. એલ. નંદાએ કર્યું હતું.

શરૂઆતમાં કેન્દ્રના નિયામકશ્રીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે ગોષ્ઠી કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ એ છે કે પ્રાદેશિક અભ્યાસ કરવા માટે તે વિસ્તારનો અભ્યાસ કરવો. સંશોધન કેવી જાતનું થવું જોઇએ તે આ ગોષ્ઠીને આધારે ખ્યાલ આવે છે.

શ્રી નંદાએ તેમના ઉદઘાટન પ્રવચનમાં જણાવ્યું હતું કે ગોષ્ઠીમાં અત્યાર સુધી થયેલા કાર્યક્રમોની સમીક્ષા કરી શું કરવું જોઇએ ? શું ખામીઓ અને મુશ્કેલીઓ છે ? તેનો ઉકેલ શું હોઇ શકે ? અને ભવિષ્ય માટે કયા પ્રકારના કાર્યક્રમો ઊભા કરવા જોઇએ ? તેની વિચારણા થાય તે યથાયોગ્ય રહેશે. તેમણે જણાવ્યું કે આ વિસ્તારના ત્રણ પ્રશ્નો તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.

૧. ડાંગી સ્ત્રીઓ -સંસ્કાર

૨. ડાંગની પ્રગતિની આલોચના

૩. ૨૦૦૦ સુધી શું થઇ શકે

તેમનું સૂચન હતું કે કાર્યગોષ્ઠીને એક શૈક્ષણિક રીતે મુલવવાને બદલે તેનો અમલ કઇ રીતે થઇ શકે તે જોવાનું મહત્વ રહેવું જોઇએ. આપણા બધાનું છેવટનું ધ્યેય તો એ રહેવાનું કે આ પ્રજાને ગરીબાઇની રેખા ઉપર કઇ રીતે લાવવી. આ વિસ્તારના આર્થિક કાર્યક્રમો સફળ થયા છે કે નહીં ? કઇ પધ્ધતિ અપનાવવાની છે ? અને કઇ પધ્ધતિથી આ જિલ્લાના વિકાસ માટે કામ કરવાનું છે ? શ્રી નંદાના મત મુજબ આ જિલ્લામાં લોકસંપર્ક જનસંપર્ક વધારવાની જરૂર છે. જો જનસંપર્ક વધારવામાં આવશે તો દરેક કાર્યક્રમ સફળ થશે. ડાંગમાં વસતી મહત્વની ભીલ જાતિને આદિમજૂથ તરીકે ગણવાનો પ્રસ્તાવ છે. જેનો સ્વીકાર પણ થયેલો છે. પરંતુ આ પ્રમાણે કરવાથી ખાસ ફેર પડતો નથી. ભીલ અંગેનો ખાસ અભ્યાસ કરવાની જરૂર છે. ભીલો લાભ મેળવતા નથી. આ લોકોને કેવી રીતે સાંકળવા તે મહત્વનો પ્રશ્ન છે. ડાંગ જિલ્લામાં ભીલ, વારલી, કુનબી અને ગામિત

સામાજિક કોટીક્રમ ચાલે છે તેમાં માત્ર કુનબી અને વારલી લોકો લાભ લેવામાં આગળ રહે છે. બીજા લોકો લાભ લેવા આગળ નહીં આવે તો ગંભીર પરિસ્થિતિ ઊભી થશે. તેમને કઇ રીતે લાભ આપવો તે વિષે ચર્ચા કરવાની આ પ્રથમ તક છે. અત્યાર સુધી આયોજન ટેબલ ખુરશી પર કરાતું પણ આજે આ ચર્ચા મહાસભામાં કરીએ છીએ તે આનંદની વાત છે. છેવટે આ ચર્ચા માત્ર ચર્ચા ન રહેતાં ઉકેલરૂપ થાય અને તે સરકાર સુધી પહોંચી શકે એવી શુભકામના કરી પ્રસંગને અનુરૂપ દીવો પ્રગટાવી ઉદ્‌ઘાટન કર્યું હતું.

ડાંગ જિલ્લાના ધારાસભ્ય શ્રી ગોવિંદભાઇ પટેલે જણાવ્યું હતું કે આ પરિસંવાદ માત્ર ડાંગને જ નહીં પરંતુ ગુજરાતની આદિજાતિ માટે મહત્વનો બની રહે એવી ચર્ચાઓ થશે તો માર્ગદર્શન મળી જ. લેખો લખાયા છે તેમાં લગભગ બધા જ વિષયો આવરી લેવાયા છે. ભૂતકાળમાં જોયું છે તેમાં ડાંગની ૫૦ વર્ષ પહેલાંની અને આજની પરિસ્થિતિમાં ઘણો ફેર છે. દા.ત. એક જણે જણાવ્યું હતું કે ડાંગનો વિકાસ થયો નથી તેના જવાબમાં એમ જણાવ્યું કે અન્ય વિકસિત પ્રદેશના સંદર્ભમાં ડાંગનો વિકાસ થયો નથી પરંતુ ડાંગના સંદર્ભમાં વિકાસ થયો છે. માર્ગોમાં વધારો અને સુધારો થયો છે, થોડાં પાકાં મકાનો થયાં છે આ વિસ્તારમાં વીજળી અને સંદેશાવ્યવહારનાં સાધનો વધ્યાં છે. મોટી સિંચાઇ યોજનાનો લાભ સપાટ પ્રદેશના લોકોને મળે છે પરંતુ ડુંગરાળ વિસ્તાર છે ત્યાં માળખાકીય સગવડો ઘણી અપૂરતી છે. એટલે વિકાસ થતો નથી અને તેની અસર ખેતી વિકાસ થાય છે. સિંચાઇ જેવી યોજનાના અભાવે સ્થળાંતર કરાવવાનો પ્રશ્ન ઊભો થાય છે ત્યારે લોકોનો સરકાર સંસ્થાઓ વગેરેમાં અવિશ્વાસ વધે છે. ડાંગમાં નિરક્ષરતા હતી ત્યારે લોકો યોજના સમજી શકતા નહોતા. અંગ્રેજોના સમયમાં વેઠપ્રથા ચાલુ હતી. આજની જેમ ટેન્ડર વગેરે પ્રથા નહોતી. લોકોએ પોતાના ભોગે કામ કરવાનું રહેતું હતું. ૧૯૪૮થી ડાંગ સ્વરાજ આશ્રમ શરૂ થયો જેમાં ડાંગના જુદા જુદા વિદ્યાર્થીઓ આવવા લાગ્યા. હું પોતે પણ આ સંસ્થાનો વિદ્યાર્થી હતો તેમ જણાવ્યું. વિદ્યાર્થી પણ પાસ થાય છે પણ પૂરતી રીતે તૈયાર હોતા નથી. ડાંગના સંદર્ભમાં કામ કરવા માટે પ્રથમ શિક્ષણને મહત્વ આપવાનું છે. જો છાત્રાલયો ઊભાં થશે તો વાલીઓ બાળકોને છાત્રાલયમાં મૂકીને કામ જવાનું શરૂ કરશે. ૧૯૮૧ના આંકડા મુજબ ડાંગ જિલ્લામાં ૩૭% શિક્ષણ થયું છે. ૧ લાખ ૧૪ હજાર શિક્ષિત છે. આ પરિવર્તન છેલ્લાં દસ વર્ષમાં થયું છે. નવા સત્રથી ડાંગમાં સાયન્સ કોલેજ શરૂ કરવાની મંજૂરી મળી છે. અભણ પ્રૌઢો માટે શિક્ષણની અને યુવાનોને વ્યવસાયલક્ષી તાલીમ આપી એમ અભણ અને ભણેલા લોકોનું યુવક મંડળ રચીને વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરીને યુવાનોને દારૂ જેવી બદીમાંથી અલગ પાડવા પ્રયત્ન કર્યો છે. ડાંગની ખેતીમાં સિંચાઇ અને સપાટ પ્રદેશના અભાવને કારણે ખેતીનો વિકાસ જે થવો જોઇએ તે થતો નથી. ડાંગમાં

પુષ્કળ વરસાદ પ
લેવા લોકોના લાભ
ન જાય. કર્ણાટક
તેમજ ઢોરો લગભગ
ઊભાં કરી જયાં
અહીં હાઇસ્કૂલ, ક
તેથી જંગલ ઉદ્યોગ
પ્રોજેક્ટ
ગરીબી રેખા નીચે
કરવાનું નક્કી કર્યું
છે. આ જિલ્લામાં
નાના ધંધા માટેની
આવ્યું છે. દૈનિક
પ્રયત્નો થાય છે.
ડાંગ જિલ્
ચર્ચા કરીએ તે પહે
વગેરેનો ઊંડાણથી
સરકાર મદદ કર
ડુંગરાળમાં વસતી પ્ર
ફાળવવા જોઇએ. ડા
ન હોય તો ગમ તટ
વનિલ ઉદ્યોગ ચાલવો
મોટા ભાગનો લાભ
અપાવી જોઇએ. અંત
કમિટિએ મુલાકાત લી
ઉગાડવાની પ્રવૃત્તિને
માટે તેને પ્રેરણા આપ
વધુ વરસાદ પડે છે

પુષ્કળ વરસાદ પડતો હોવા છતાં પાણીની તંગી રહેતી હોય છે. જ્યાં પાણી મેળવવાની શક્યતા નથી તેવા લોકોના લાભાર્થે નાના ચેકડેમો ઊભા કરવાનું વિચારીએ છીએ. જેથી વિશાળ જમીન ડુબાણમાં ન જાય. કર્ણાટકની જેમ અહીં પણ ઉદ્વહન સિંચાઈ થઈ શકે તેમ છે. પાણીની તંગીના સમયે લોકો તેમજ ઢોરો લગભગ એક જગ્યાએથી પાણીનો ઉપયોગ કરે છે. આ પ્રદેશમાં કેટલીક જગ્યાએ વ્યાપારીકેન્દ્રો ઊભાં કરી જ્યાં રસ્તા વગેરેની સગવડ થાય તો જ ૧૦ કિ.મી.ના અંતરે આ સગવડો થવી જોઈએ. અહીં હાઈસ્કૂલ, દવાખાનાં વગેરે પણ હોવાં જોઈએ. મજૂરીની બાબતમાં જંગલ કામ સિવાય કોઈ ઉદ્યોગ નથી તેથી જંગલ ઉદ્યોગ શરૂ કરવાની ખાસ જરૂર છે.

પ્રોજેક્ટ ઓફીસર ભારતીજીએ પોતાના મંતવ્યમાં જણાવ્યું હતું કે હાલમાં ૭૦% જેટલા ગરીબી રેખા નીચે જીવે છે તેમને I.R.D. નો યોજના મુજબ ખેડૂતોને આર્થિક વિકાસ માટે સહાય કરવાનું નક્કી કર્યું છે. ખેડૂતો જે પ્રમાણે માગણી કરે છે એ મુજબ બેન્કમાં ભલામણ કરવામાં આવે છે. આ જિલ્લામાં ગાય, ભેંસ, પાડા અને બળદગાડા ઉપર વધુ ભાર મૂકાય છે. આ સિવાય નાના ધંધા માટેની તાલીમ અપાય છે. અર્ધબેકારોને રોજી મળે એ રીતે રસ્તાઓનું આયોજન કરવામાં આવ્યું છે. દૈનિક ૯/- રૂપિયા ચૂકવવામાં આવે છે. આ રીતે તેમને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો થાય છે.

ડાંગ જિલ્લાના આગેવાન કાર્યકર શ્રી લાહનુભાઈએ જણાવ્યું હતું કે કોઈપણ પ્રદેશના વિકાસની ચર્ચા કરીએ તે પહેલાં તેની ભૌગોલિક પરિસ્થિતિ, કાચો માલ, ત્યાં વસતી પ્રજા અને તેની હિંમત વગેરેનો ઊંડાણથી અભ્યાસ કરી તેની ચર્ચા કરીએ તો દિશાસૂચન મળે. ડાંગમાં ગમે તે હેતુ માટે સરકાર મદદ કરે તેમાં વાંધો નથી પણ પાયાની સગવડ ઊભી કરવાની તાતી જરૂર હોય છે. ડુંગરાળમાં વસતી પ્રજાને અન્ય પ્રદેશની સરખામણીમાં કાચો માલ અને જંગલના ઉપાર્જનમાંથી અમુક ટકા ફાળવવા જોઈએ. ડાંગમાં જે વિકાસ થયો છે તે સંતોષકારક નથી. ખેતીવાડીમાં સિંચાઈની સગવડ ન હોય તો ગમે તેટલી મહેનત કરવા છતાં તે નિષ્ફળ જાય છે. તેમણે સૂચન કર્યું કે ડાંગમાં વનિલ ઉદ્યોગ ચાલવો જોઈએ અને ભીલ જાતિને ખાસ મદદ કરવાની જરૂર છે. કારણ કે આજે મોટા ભાગનો લાભ કુનબી લે છે તેથી ભીલ માટેની અલગ વ્યવસ્થા થવી જોઈએ, તેમને સુવિધા અપાવી જોઈએ. અત્યાર સુધી આવું કેમ ચાલ્યા કર્યું તેની તપાસ અને અભ્યાસ થવો જોઈએ. એક કમિટિએ મુલાકાત લીધી અને એને જણાવ્યું હતું કે ડાંગમાં આકાશ ખેતી ચાલે છે તેથી જંગલ ઉગાડવાની પ્રવૃત્તિને વધુ દૃઢ બનાવવી જોઈએ. ભીલો પાસે વધુ જમીન બિન ઉપયોગી છે તો તેને માટે તેને પ્રેરણા આપવી જોઈએ. ભૌગોલિક પરિસ્થિતિને અનુકૂળ વર્તન થવું જોઈએ. ડાંગમાં સૌથી વધુ વરસાદ પડે છે તો તેનો વધુ ઉપયોગ કેમ થાય તે જોવું જોઈએ.

સહકારી અધિકારી શ્રી હીરાભાઇ પટેલે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે આદર્શ ગામ માટેનું જંગલ અને પ્રથમ અંગ પંચાયત છે કે જે સગવડોનું નિર્માણ કરી શકે. બીજી સંસ્થા નિશાળ છે જે શિક્ષણ તરફ ધ્યાન આપે અને ત્યાર પછીનું સ્થાન સહકારી મંડળીનું છે કે જેના દ્વારા લોકોને જરૂરી વસ્તુઓ સસ્તાભાવે મળી રહે. ડાંગમાં વિવિધ ૧૦૭ મંડળીઓ ચાલે છે તેમાં જંગલ મંડળીઓ વધુ છે. ગ્રાહક મંડળીઓ પણ છે. ૧૧ Lamp મંડળીઓ કરવા માગીએ છીએ. ખેતી સાથે પૂરક તેવી દૂધ મંડળી ૩૪ જેટલી છે કે જે દૂધ એકઠું કરી વલસાડ મોકલે છે. ડાંગમાં ૨૦-૨૫ ગામોમાં એકાદ મંડળી ઊભી થાય તો વિકાસ જલદી થઇ શકશે.

બે દિવસની કાર્યગોષ્ઠી ત્રણ બેઠકમાં મળી હતી. તેમાં ૧૭ પેપરો રજૂ થયાં હતાં તેની યાદી પરિશિષ્ટ રૂપે પાછળ આપવામાં આવી છે. સમગ્ર ચર્ચાના ફલસ્વરૂપે ડાંગ જિલ્લાના વિકાસ માટે નીચે મુજબનાં સૂચનો થયાં હતાં.

વહીવટને લગતાં સૂચનો :

(૧) ભૌગોલિક પરિસ્થિતિ, કાચો માલ, ત્યાં વસતી પ્રજા, તેની હિંમત વગેરેનો ઊંડાણથી અભ્યાસ કરી તેની ચર્ચા કરી કાર્યક્રમ ઘડાવો જોઇએ.

(૨) ડાંગની આદિવાસી પ્રજાને પેટા યોજનામાંથી જે લાભ મળે છે તે લાભ વધુ લેતા થાય તે માટેના પ્રયત્નો કરવા જોઇએ.

(૩) જે કંઇ રકમ ડાંગ માટે ફાળવવામાં આવી હોય તે વાપરવી જોઇએ. વિકાસ ઘટક અને પેટા યોજનાના કાર્યક્રમોમાં કોઇ ખાસ ફરક નથી ઊલટું વિકાસ ઘટકમાં વધારે સારું કામ હતું કારણ કે નાના વિસ્તારમાં કામ કરાતું

(૪) ડાંગ જિલ્લાના વિકાસમાં ભિન્ન અભિગમ અપનાવવો જોઇએ.

(૫) જે કંઇ આયોજન થતું હોય છે તેમાં આયોજનકારો અને વ્યવસ્થાને ફાયદો થતો હોય છે. આ આપણા આયોજનની ખામી છે. તેથી ફાયદો કોને થયો તે પ્રથમ જાણવું જોઇએ. શક્ય હોય ત્યાં વ્યવસ્થા બદલવાની પણ હિંમત હોવી જોઇએ.

(૬) સંશોધન અને કાર્ય સાથે જવાં જોઇએ.

(૭) વિકાસ માટે વિકાસ કાર્યકરોનું એક જૂથ તૈયાર કરવું જોઇએ.

(૮) ભીલ અંગે ખાસ અભ્યાસ કરવાની જરૂર છે. ફક્ત તેને પ્રિમિટીવ જાતિમાંથી મૂકવા અર્થસર તેમ નથી. ભીલો ખાસ લાભ લેતા નથી તો તેને કઇ રીતે લાભ લેતા કરવા તે મહત્વનો પ્રશ્ન છે. તેને માટે અલગ વ્યવસ્થા ગોઠવવાની જરૂર છે. અત્યાર સુધી ભીલો શા માટે પાછળ રહી ગયા તેની તપાસ અને અભ્યાસ કરવાની જરૂર છે.

જંગલ અને ખેતી વિકાસ સંબંધી સૂચનો :

(૯) ડાંગમાં સૌથી વધુ વરસાદ પડે છે તો તેનો કેમ વધુ ઉપયોગ થાય તે જોવું જોઇએ.

(૧૦) ખેતીમાં સપાટ પ્રદેશ અને સિંચાઇના અભાવે ખેતીનો વિકાસ થતો નથી. પુષ્કળ વરસાદ છતાં પાણીની તંગી વરતાતી હોય છે તથી ડાંગના લોકોના લાભાર્થે ચેકડેમ ઊભા કરવાનું વિચારવું જોઇએ. જેથી વિશાળ જમીન ડૂબાણમાં ન જાય. કર્ણાટકની જેમ લીફ્ટ ઇરીગેશન કરવું જોઇએ.

(૧૧) ડુંગરાળ વિસ્તારમાં માળખાકીય સગવડો અપૂરતી છે તેથી વિકાસને અને તેમાં પણ ખેતીવિકાસને વધુ અસર થાય છે આ માટે સિંચાઇ યોજનાઓ થાય તે જરૂરી છે.

(૧૨) ભૌગોલિક પરિસ્થિતિને અનુકૂળ પાકોનું વાવેતર થવું જોઇએ.

(૧૩) ડાંગમાં આકાશી ખેતી છે તેથી જંગલ ઉગાડવાની જે પ્રવૃત્તિ છે તેને વધુ દૃઢ બનાવવી જોઇએ. ભીલો પાસે વધુ જમીન બિનઉપયોગી છે તો તેને આ જંગલની પ્રેરણા આપવી જોઇએ.

(૧૪) જંગલને માફક આવે છે તેથી ઢોળાવ જમીન ઉપર ઝાડો ઉગાડી સામાજિક વનીકરણને વધારે પ્રોત્સાહન આપવું જોઇએ જેથી આવક વધશે.

(૧૫) ડાંગમાં હાઇબ્રીડ જુવાર વપરાતી થઇ છે. નાગલી કરતાં હાઇબ્રીડ જુવાર વધુ ઉત્પન્ન આપે છે. તેનું ઉત્પાદન હેક્ટરદીઠ ૬૦૦૦ કિ.ગ્રામ. છે તો તેને વધુ પ્રોત્સાહન આપવું જોઇએ.

(૧૬) ડાંગની જમીન બટાટાની ખેતી માટે અનુકૂળ છે તો બટાટાની ખેતી વધુ થાય તેવા પ્રયત્નની જરૂર છે.

(૧૭) ડાંગની ડુંગરાળમાં વસતી પ્રજા માટે અન્ય પ્રદેશની સરખામણીમાં કાચો માલ જંગલના ઉપાર્જનમાં અમુક ટકા ફાળવવો જોઇએ.

(૧૮) જંગલ કામ સિવાય કોઇ કામ નથી તેથી જંગલ આધારિત ઉદ્યોગો સ્થપાવા જોઇએ. 'વનિલ' જેવા ઉદ્યોગો પણ ત્યાં થઇ શકે.

(૧૯) ડાંગમાં અંબર ચરખા અને પૂણીકેન્દ્ર ચાલે છે. ત્યાં કાપડ વણાટ ઉદ્યોગ થવા જોઇએ.

(૨૦) વ્યાપારી કેન્દ્રો સ્થાપવા જેથી રસ્તાની સગવડ ઊભી થાય. ૧૦ કિ.મી. અંતરે આવી સગવડો ઊભી કરવી જોઇએ.

(૨૧) ખેતી સાથે પૂરક એવી સંસ્થા દૂધ સહકારી મંડળી છે. ૨૦-૨૫ ગામો વચ્ચે આવી દૂધ સહકારી મંડળીઓની રચના કરવાની જરૂર છે.

શિક્ષણ વિષયક સૂચનો :

(૨૨) શિક્ષિત પરિસ્થિતિને સમજીને કામ કરી શકે એટલે પ્રથમ શિક્ષણને મહત્વ આપવાની જરૂર છે. આ માટે આશ્રમશાળા અને છાત્રાલયોની વધુ વ્યવસ્થા થવી જોઇએ. વાલી પોતાનાં બાળકોને આશ્રમશાળા કે છાત્રાલયમાં મૂકી નિશ્ચિંત મને પોતાના કામે જઇ શકે.

(૨૩) ડાંગમાં શિક્ષણ વધ્યું છે પરંતુ હજુ પ્રૌઢ વર્ગ અભણ છે તો પ્રૌઢોને શિક્ષણ આપવાની વધુ આવશ્યકતા છે તેથી પ્રૌઢ શિક્ષણ શરૂ કરવું જોઇએ.

(૨૪) યુવાનવર્ગ સ્વાશ્રયી થઇ શકે તેવી તાલીમ આપવાની જરૂર છે. આ માટે રોજગારીના અભ્યાસક્રમો તૈયાર કરવા જોઇએ.

(૨૫) અભણ અને ભણેલા લોકોનું ગ્રુપ મંડળ બનાવી વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી યુવકોને દારૂની બદીમાંથી છોડાવવા જોઇએ.

(૨૬) ડાંગના યુવકોને સંગઠિત કરી વિકાસ કાર્યક્રમ આગળ ધપાવવો જોઇએ.

(૨૭) હાઇસ્કૂલો અને દવાખાનાંની પૂરતી સગવડો આપવી જોઇએ.

લોક સંગઠનો અંગે સૂચનો :

(૨૮) આદિવાસીઓનાં પોતાનાં સંગઠનો ઊભાં કરવાં અને તેમના વિકાસ કાર્યક્રમો પ્રોત્સાહિત કરવા અને સરકારનું આદિવાસીઓ માટે ફાળવવામાં આવેલ બહોળા પ્રમાણનું ભંડોળ જે મોટે ભાગે બિનવપરાશી (Lapse) થાય છે તેનો કાર્યક્ષમ ઉપયોગ કરી વિકાસને સફળ બનાવવા પોતાની તાકાત યુદ્ધના ધોરણે કામમાં લગાડવી જોઇએ.

(૨૯) આદિવાસીઓ માટે જે તે અધિકારીઓ ઝડપથી કાર્ય કરે તે માટે લોકશક્તિ મહત્વનું પરિબળ હોય છે. લોકોને સારા નરસાનો ખ્યાલ આપવો જોઇએ અને લોકો તેમની યોજના પ્રત્યે સભાન બને અને યોજનાઓનો અમલ ઝડપથી થાય તે માટે તેમનામાં લોક જાગૃતિ આણવી જોઇએ. આ કામ જિલ્લાના સ્થાનિક કાર્યકરો, શિક્ષિત યુવક યુવતીઓ અને શિક્ષકોએ ઉપાડી લેવું જોઇએ.

...

પરિશિષ્ટ-૧

ડાંગ જિલ્લાના વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠીમાં રજૂ થયેલ લેખોની યાદી

ક્રમ	લેખનું નામ	લેખકનું નામ
૧.	ડાંગના આદિવાસીઓનો વિકાસ અને વિકાસનું પરંપરાગત સમાજમાનવશાસ્ત્ર	ડૉ. ઠા. ભા. નાયક
૨.	ડાંગ જિલ્લાના વિકાસ કાર્યક્રમોની આલોચનાત્મક સમિક્ષા	શ્રી રાસ બિહારી લાલ
૩.	કેટલીક વિકાસ પ્રવૃત્તિઓ અને ડાંગના ભીલો	ડૉ. સિદ્ધરાજ સોલંકી
૪.	ડાંગ જિલ્લા સંદર્ભ સૂચિ	શ્રીમતી ભારતીબહેન દેસાઇ
૫.	ડાંગ જિલ્લામાં કરવામાં આવતું આયોજન	શ્રી અરવિંદભાઇ શાહ આયોજન અધિકારી ડાંગ જિ
૬.	ડાંગ જિલ્લાનું ઇ.સ. ૨૦૦૧ સુધીનું વિકાસ વિષયક વિચાર બિંદુ	શ્રી અરૂણભાઇ પટેલ
૭.	ડાંગના કાથોડીઓનું આર્થિક જીવન	શ્રી ગૌરીશ પંડયા
૮.	ડાંગ વિસ્તારમાં આર્થિક વિકાસની પ્રક્રિયા અને અવલોકન	શ્રીમતી કોકિલાબહેન શાહ
૯.	કોટવાળિયા અર્થવ્યવસ્થા અને તેમના માટેની વિકાસ યોજના	શ્રી ભીખાભાઇ પટેલ
૧૦.	ગાઢવીના ભીલોની પુનઃ તપાસ	શ્રી મુસ્તાઅલી મસવી
૧૧.	ડાંગના આદિવાસીઓમાં જીવન અને કલાનું સમજીસ્ય	શ્રી દત્તાત્રેય ભા. ચિતલે
૧૨.	ડાંગ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ અને સ્થગિતતા, અપવ્યય અને ઉપચારો	શ્રી અ. ગો. પટેલ શાસનાધિકારી, ડાંગ
૧૩.	આદિવાસી બાળકોમાં અપવ્યય અને સ્થગિતતા	શ્રી છોટુભાઇ પટેલ શ્રી અરૂણભાઇ પટેલ
૧૪.	ડાંગ વન ઔષધિ તરીકે તેમજ અન્ય વપરાશમાં કેટલાંક વૃક્ષોનો ઉપયોગ	ડૉ. સિદ્ધરાજ સોલંકી
૧૫.	ડાંગની આદિવાસી સ્ત્રીઓનો દરજ્જો	શ્રીમતી હેમીક્ષા રાવ
૧૬.	પુરુષાર્થથી આગળ વધેલા ડાંગી ખેડૂતોની દાસ્તાન	શ્રી હેમંતકુમાર સુર
૧૭.	ડાંગ વિકાસ અને યુવક પ્રવૃત્તિ	શ્રી નરોત્તમ પરમાર

...

ડાંગનાં

વિચાર ક
મુદ્દાઓનું

પરંપરાગ
તરીકે ડ
ડાંગા છે,
ખાસ જણ

આદિવાસ

કેટલું છે

ધાં જ

અને ડા

અત્યાર
અભ્યાસપ

બૃહદકાય
છે ? ડ
જવાબદા

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

ડાંગ જિલ્લા વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી : ૫, ૬ નવેમ્બર ૧૯૮૨

ડાંગના આદિવાસીઓનો વિકાસ અને વિકાસનું પરંપરાગત સમાજમાનવશાસ્ત્ર

- ડૉ. ઠા. ભા. નાયક

આ સંશોધન લેખ નથી, પણ કેટલાક મુદ્દાઓ છે. જેના વિષે આપણે ગંભીરતાથી વિચાર કરવાનો છે. ડાંગના આદિવાસીઓનો વિકાસ ખરેખર તો જ થશે જો નીચે દર્શાવેલા મુદ્દાઓનું કંઇક સુખદ સમાધાન શોધી શકાય.

૧. ડાંગના આપણા અભ્યાસોમાં હજી જોઇતી ટેકનીકલ વીગતો આવતી નથી. કારણ કે પરંપરાગત સમાજમાનવશાસ્ત્રમાં એટલી બધી વિગતો લેવાનું કહેવામાં જ નથી આવતું. ઉદાહરણ તરીકે ડાંગના ખેડૂતો પાસે જમીન કેટલી છે તે જાણી શકાયું પણ એના ઉપરનાં ઝાડ કેટલાં છે કોનાં છે, કયા અધિકારો, કેટલા સમય સુધી એને એના વિષે આપવામાં આવેલા છે તે વિષે કંઇ ખાસ જણાયું નથી.

ડાંગમાં જંગલ અને આદિવાસીઓ વિષે થોડું જણાયું છે પણ કયા ઝાડનું કેટલું અનુકૂલન આદિવાસી સાથે થયું છે તેના વિષે આપણા અભ્યાસો કંઇ કહેતા નથી.

પશુપાલનની આખી ટેકનોલોજી, દૂધ અને તેના વિષે આદિવાસીઓનું વ્યવહારિક જ્ઞાન કેટલું છે ? આ બધું ન જાણીએ તો ઢોર આપવાનો કાર્યક્રમ સફળ ન થાય.

તેવી જ રીતે એના ખોરાક વિષે આપણી જાણકારી ઉપરછલ્લી જ છે. આવું લગભગ બધાં જ જૂથો વિષે ગણાવી શકાય.

ડાંગના જૂના [illegible] રહેલા નવા સામાજિક સંબંધોનાં રચનાતંત્ર અને કાર્યત્મકતા વિષે આપણે ખાસ જાણતા નથી.

૨. ડાંગનાં અભ્યાસો લઘુ કાર્યાત્મક પણ થયા નથી. ડાંગના ભૂવાઓનો એક અભ્યાસ અત્યાર મેં કરાવ્યો. તે કંઇક લઘુકાર્યાત્મક થયો છે. જ્યાં સુધી ડાંગજીવનનાં બધાં પાસાઓને અભ્યાસ્ય પ્રશ્નો સાથે જોડતાં ન શીખીએ ત્યાં સુધી તે સમજાય જ નહીં.

૩. ઉપરના કરતાં એક વધુ મોટી ખામી એ છે કે ડાંગના અભ્યાસો બૃહદકાર્યાત્મક નથી જ. દાખલા તરીકે ડાંગની ગરીબીની ગતિશીલતાની આપણને કેટલી ખબર છે ? ડાંગનો આદિવાસી પોતાના સમાજનાં પરિબળોથી ગરીબ છે કે તેને માટે બૃહદ સમાજ પણ જવાબદાર છે ? કેટલે અંશે ? શું ડાંગની અર્થવ્યવસ્થા કોઇ જબરદસ્ત અર્થતંત્રની ઉપ-વ્યવસ્થા

છે જેનાથી એ ચૂસાય રહી છે ?

૪. આપણો અભ્યાસનો અભિગમ હજીય ભદ્રવર્ગીય છે. હજી ય આપણે આદિવાસીઓને જુદો, પછાત માનીએ છીએ. (વિશ્વવિદ્યાલયના અને બીજાઓનાં પણ બે જુદાં જ જગત છે એ વાત ઘણી વાર બતાવવામાં આવે છે.) આવા અભિગમથી આપણે માનવી સમાજ વિષેના સત્યને ન પામી શકીશું.

૫. તેથી જ આપણું સંશોધન સહભાગી નથી. એ તો સારું છે કે એને ખબર નથી કે એના વિષે શું શું ચર્ચાય છે.

અભ્યાસ સંશોધન અને સહભાગી વિકાસ જ પ્રજાને આગળ લાવી શકે.

૫.૧ એથી જ આપણું સંશોધન પ્રતિબદ્ધ નથી. આપણે ડાંગમાં સંશોધન કરી અમેરિકા ઉપડી જવા માગતા હોઈએ તે કેવું હાસ્યાસ્પદ છે ?

૬. સંશોધકને સમાજની પ્રગતિની દિશાસૂઝ નથી. આપણું ભવિષ્ય કેવું હોવું જોઈએ એ જો સંશોધકને ખબર ન હોય તો તે આદિવાસી માટે શું બતાવી શકે ?

૭. આપણી અભિવ્યક્તિ સ્પષ્ટ નથી. જે જોયું હોય તે કહેતાં ન આવડે તો તેના ઉપરથી કાર્યક્રમ કેમ ઘડી શકાય ?

આ બધા મુદ્દાઓ વિષે એક એક કરી હું વાત કરવા માગું છું.

...

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,

ગુજરાત વિદ્યાપીઠ , અમદાવાદ .

ડાગ જિલ્લા વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી

ડાગ જિલ્લાના વિકાસ કાર્યક્રમોની આલોચનાત્મક સમીક્ષા

- આર . બી . લાલ

વિસ્તાર અને વસતિ :

સમગ્ર ડાગ એક વિશાળ અને અખંડિત જંગલ તરીકે ખૂબજ જાણીતુ છે. આ વિસ્તાર ચારે બાજુથી પહાડોના ઢોળાવોથી આચ્છાદિત છે. તેમજ સૂરત તરફ વહેતી અંબિકા, પૂર્ણા, કાપરી, ગીરા નદીઓ તેમજ તેમની ખાડીઓ ખીણ વિસ્તારમાથી પસાર થાય છે. આ વિસ્તારની સૌથી વધુ ઉંચાઇવાળી જગ્યા ૪૩૫૮ ફૂટની ઉંચાઇએ આવેલી છે. ડાગના મધ્ય અને પશ્ચિમ વિસ્તારમા ગાઢ જંગલો આવેલા છે અને પૂર્વ ભાગમા ખુલ્લી જમીનનો ભાગ આવેલો છે. ખડકો જુદા જુદા પ્રકારના છે. જો કે તેમા ખનિજ સંપત્તિ હોવાની તપાસ બારીકાઇથી કરવામા આવી નથી. એ શકય છે કે આ વિસ્તારમા કિંમતી ખનીજ સંપત્તિ હોઇ શકે. ખીણ વિસ્તારની જમીન કાળી છે. જયારે ઢોળાવો અને ટેકરાવાળા વિસ્તારની જમીન ગોરાડુ અને જો કાળી હોય તો તેમા પથ્થરો હોય છે. જયારે સામાન્ય રીતે જમીનનો રંગ લાલાસ પડતો હોય છે. ગામડાઓ અને કસ્બાની આસપાસ ફળવૃક્ષો, જંગલી કંદમૂળો, વેલા અને વાંસના વૃક્ષો હોય છે. આ ઉપરાંત જુદી જુદી પ્રકારના ઇમારતી લાકડાના વૃક્ષો, વાંસ અને જંગલની ગૌણ પેદાશો વગેરે અગત્યની પેદાશો છે. લોકો ખોરાક માટે સારા એવા પ્રમાણમા પશુ-પક્ષીના શિકાર, માછલી, કંદમૂળ અને અન્ય ફળો ઉપર આધાર રાખે છે. કોઇપણ પહાડના શિખર ઉપર ચઢીને નરી આંખે જોઇએ તો ગાઢ જંગલો સિવાય કશુ જ દેખાતુ નથી. જેઓ જંગલ વિસ્તારથી અપરિચિત છે તેમને તો આવુ દ્રશ્ય ભારે રોમાંચક લાગે છે.

બ્રિટિશ લોકોના આગમન સમયે ડાંગમાં ૧૪ દેશી રાજ્યો હતાં, અને આ બધા રજવાડાના વડાઓ તરીકે ભીલ રાજાઓ હતા. તેમાંના ચાર લોકો રાજા તરીકે, જ્યારે બાકીના નાયક, પ્રધાન અથવા પવાર તરીકેનું બિરૂદ ધરાવતા હતા. આ બધા જ રજવાડા સ્વતંત્ર હતાં. પરંતુ ગાઢવીના રાજાને તેમના ઉપરી જેવા તરીકે બ્રિટિશ લોકો તરીકે માન્ય રાખ્યા હતા. જે વ્દારા યુધ્ધના સમયે તેઓએ મદદ આપવી જોઇએ. જ્યારે મોગલ કાળમાં ગાઢવીના રાજા અને અન્ય રાજાઓ નાસિક જિલ્લાના બેલગામ તાલુકાના મલ્હાર કિલ્લાના દેશમુખના ખંડિયા તરીકે હતા. આ ખંડણી વસૂલ કરવા માટે દબાણ-યુકત પ્રયુકિતઓ અજમાવાતી હોવાને કારણે વારંવાર તોફાનો થવા લાગ્યાં. જેથી બ્રિટિશ સરકારે વચમાં પડીને આ રાજાઓને જંગલના ભાડા તરીકે ચૂકવાતી રકમ-માંથી અમુક રકમ કાપી લઇને તે સીધી રીતે જ દેશમુખના પ્રતિનિધિઓને સુપ્રત કરાતી. ડાંગના ભીલ રાજાઓ અને બ્રિટિશ સરકાર વચ્ચે ૧૮૬૨ માં થયેલી સંધિ પ્રમાણે ડાંગના રાજાઓએ સરકારને જંગલ વિસ્તાર ભાડે આપ્યો. જેથી સરકાર જંગલ સંપત્તિનો ઉપયોગ કરી શકે. જ્યારે ભીલ જાતિ તેમજ કુનબી, કોંકણી અને વારલી જેવી જાતિઓ જે આ વિસ્તારમાં વસવાટ કરે છે તેમના માંહોમાંહેના ઝઘડાઓનું નિરાકરણ લાવવા જેવી ન્યાય વિષયક સત્તાઓ જાળવી રાખી હતી. જો કે આ રાજાઓને ભારત સરકારના રાજનીતિ વિભાગના અંકુશ હેઠળ રજવાડાનો વહીવટ કરવો પડતો હતો. ન્યાય, નાગરિક અને ગુન્હાકીય બાબતનો વહીવટ સુરતના સમાહર્તા અને સત્તાની રૂએ પોલીટીકલ એજન્ટના હસ્તક હતો. રોકડ દંડ માટે સરકારની મંજૂરી માંગવી પડતી, જ્યારે દિવાનને પ્રથમ અને બીજા વર્ગના મેજીસ્ટ્રેટ તરીકેની સત્તાઓ આપવામાં આવી હતી. નાના દાવાઓનો નિકાલ જે તે વિસ્તારના રાજા અને નાયક લાવતા. જ્યારે સજામાં મુખ્યત્વે દંડ તરીકે પૈસા કે પશુ વસૂલ કરવામાં આવતું હતું. ડાંગનો સમગ્ર વિસ્તાર ભારત સરકારને અચોકકસ સમયની મુદતે ભાડે આપવામાં આવ્યો હતો.

પહેલાના મુંબઇના વહીવટકારોએ મુલકી અને ગુન્હા વિષયક સરળતા માટે આ લોકોને રાજા તેમજ વડા તરીકેની માન્યતા આપવામાં આવી હતી. ૧૯૪૭ પહેલાં ૧૪ રજવાડાઓ અસ્તિત્વમાં હતાં. જે નીચેના કોઠા-૧ ઉપરથી જોઇ શકાય છે.
(સંદર્ભ : મુંબઇ ગેઝેટિયર, ૧૯૦૧)

કોઠો - ૧

ડાંગના જુદા જુદા રજવાડાઓ (વિસ્તાર-વસતિ મુજબ)

ક્રમ	રજવાડાનું નામ	વિસ્તાર ચો. માં.	ગામોની સંખ્યા	વસતિ	અંદાજિત મહેસુલી આવક (રૂ.માં)
૧	ગાઢવી	૩૦૫	૫૩	૪૮૬૨	૬૫૦૦
૨	અબાલા	૧૭૨	૪૬	૩૨૨૨	૩૨૦૦
૩	દુભવિતી	૧૭૨	૪૪	૩૧૯૯	૪૩૦૦
૪	વસુરણા	૧૭૨	૪૨	૨૩૭૩	૩૨૦૦
૫	પીંપરી	૧૦૦	૨૫	૨૨૮૪	૪૧૦૦
૬	કીરલી	૧૨	૯	૩૮૬	૭૦૦
૭	શીવબારા	૧૨	૬	૧૪૧	૬૦૦
૮	ચીંચલી-ગડદ	૧૬	૨૫	૧૨૯૧	૮૦૦
૯	અળચાર	૬	૬	૨૬૮	૩૦૦
૧૦	પીંપલાદસ	૪	૨	૧૩૨	૨૫૦
૧૧	વઘમાન	૯	૨	૧૨૯	૨૫૦
૧૨	બીલબરી	૨	૩	૨૧૭	૨૦૦
૧૩	પલસવીતુર	૮	૩	૧૪૨	૨૫૦
૧૪	ઝારી-ગારખડી	૯	૦૩	૧૬૮	૨૫૦
	કુલ	૯૯૯	૨૬૯	૧૮૮૧૪	૨૪૯૦૦

આ બધા જ રાજાઓ હાલની ભારત સરકાર પાસેથી રાજનૈતિક સાલિયાણુ હજુ પણ મેળવે છે.

ગાઢવીના રાજાને વાર્ષિક રૂા.૧૮૫૦૪/- સાલિયાણું મળે છે. જેમાંથી લગભગ રૂા.૨૦૦૦/- આવકવેરો ભર્યા બાદ લગભગ રૂા.૩૦૦૦-૦૦ થી રૂા.૪૦૦૦/- જેટલી રકમ તેના નજીકના સગાઓમાં વહેંચવામાં આવતી હતી.

આ અભ્યાસના સમયે ડાંગનો વિસ્તાર ૩૧૦ ગામ સાથે ૬૮૯.૬ ચો.મા. નો હતો. ૧૯૫૧ ના વર્ષમાં આ વિસ્તાર ૬૫૭.૬ ચો.મા. હતો. જ્યારે ૧૯૪૧ ના વર્ષમાં આ વિસ્તાર ૬૬૭ ચો.મા. હતો. વળી વસતિની ભિન્નતા પણ ખાસ નહોતી. જો કે આ માટેના કારણો આપવાનું મુશ્કેલ છે. નીચેની આંકડાકીય માહિતી વસતિની ભિન્નતા જાણવાની વિશાળ તકો, પૂરી પાડે છે.

કોઠો - ૨

વસતિની ભિન્નતા

વર્ષ	વસતિ	ભિન્નતા
૧૮૯૧	૩૨૭૪૭	નથી
૧૯૦૧	૧૮૫૮૨	- ૧૪૧૬૫
૧૯૧૧	૨૯૩૪૫	+ ૧૦૭૬૩
૧૯૨૧	૨૪૪૮૧	- ૪૮૬૪
૧૯૩૧	૩૩૭૪૮	+ ૯૨૬૭
૧૯૪૧	૪૦૪૯૮	+ ૬૭૫૦
૧૯૫૧	૪૭૨૮૨	+ ૬૭૮૪
૧૯૬૧	૭૧૫૬૭	+ ૨૪૨૮૫

આમ દરેકે દરેક દસકાના સમય ગાળામાં વસતિમાં વધારા-ઘટાડાની અનિશ્ચિતતા રહેતી હતી અને આ માટે ઊંચો જન્મ દર કે ઊંચો મરણ દર જેવી પ્રક્રિયા જવાબદાર હતી. આજ રીતે વસતિના સ્થળાંતર અને બહારથી આવીને વસતા લોકોની અસરની શક્યતા હોઇ શકે. ડાંગનો વિસ્તાર સહ્યાદ્રિ પર્વતની પૂર્વ સરહદના ભાગ સાથે જોડાયેલો છે. આ વિસ્તાર ભારે ખડકાળ હતો. ડાંગ

જિલ્લાના પર્વતીય વિસ્તારથી માંડીને પશ્ચિમે ગુજરાતની સરહદ સુધીનો વિસ્તાર જંગલ વિસ્તાર છે. ડાંગના કુલ ૬૮૯ ચો.માઇલના વિસ્તારમાંથી ૬૬૦.૧૪ ચો.મા. વિસ્તાર જંગલ વિસ્તાર છે. (આરિક્ષત જંગલ ૩૫૬.૯૧ ચો.મા.) આ બધા પરિબળોને કારણે બહારના લોકો મોટા પ્રમાણમાં બહારના વિસ્તારોમાંથી આ વિસ્તારમાં આવી શક્યા નથી. સાથે દરેકે દરેક દસકામાં ભિન્નતા માટે કયા પરિબળો હોઇ શકે એ ઘણુ જ વિદઘાજનક છે.

ડાંગમાં ભીલ જાતિ સર્વોચ્ચ છે. આ ઉપરાંત ત્યાર બાદ કુનબી અને વારલીઓ આવે છે. હાલમાં કુનબીઓનુ મોટું જૂથ છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ ડાંગમાં કુનબીઓની વસતિ ૩૯૮૭૬ ની હતી. જ્યારે ભીલોની વસતિ ૨૮૪૭૫ ની હતી. આ મુખ્ય જાતિઓ સિવાય વારલી, ગામીત, ધોડિયાં, ઢોરકોળી, દૂબળા, નાયકડા, વિટોલીયા, પારધી અને કાથોડી જાતિઓની વસતિ પણ જોવા મળે છે.

કોઠો - ૩

જાતિ મુજબ વસતિની વહેંચણી

ક્રમ	જાતિનું નામ	વસતિ	ટકા
૧	કુનબી	૩૯૮૭૬	૪૫.૩
૨	ભીલ	૨૮૪૭૫	૩૨.૩
૩	વારલી	૧૨૬૮૮	૧૪.૪
૪	ગામીત	૩૬૯૨	૪.૨
૫	ધોડિયા	૧૩૮૬	૧.૬
૬	કાથોડી	૬૮૯	૦.૮
૭	વિટોલીયા અથવા કોટવાળિયા	૪૮૮	૦.૬
૮	નાયકા	૪૨૪	૦.૫
૯	દૂબળા	૧૫૩	૦.૨
૧૦	ચૌધરી	૧૦૧	૦.૧
૧૧	ઢોરકોળી	૪૪	નહીંવત
૧૨	પરધી	૧૧	"
૧૩	બિનવર્ગીકૃત	૧	"
	કુલ	૮૮૦૨૮	૧૦૦.૦

ભીલ અને કુનબી જાતિના સમૂહમાં પરંપરાગત તેમજ રાજનીતિક ભિન્નતા હોવા છતાં પણ એક સામાન્ય સાંસ્કૃતિક પ્રણાલી પણ છે. આને કારણે બહારના લોકો તેમને "ડાંગી" તરીકે પણ સંબોધે છે. જો કે ડાંગી ભીલો વિશિષ્ટ પ્રકારના છે. તેમજ તેમની ભાષા, રહેણીકરણી અને પ્રદેશ પણ વિશિષ્ટ છે. આજ પ્રમાણે ડાંગના કુનબીઓને વિશિષ્ટ પ્રકારની જીવન પ્રણાલી છે. બન્ને સ્વતંત્ર અને અલગ સમૂહો હોવાને કારણે આંતરજાતિય લગ્ન જેમકે ભીલ-કુનબી વચ્ચેના લગ્ન-સંબંધો તેમજ ભીલ અને વારલી વચ્ચેના લગ્ન સંબંધો જાણીતા નથી.

આર્થિક જીવન :

પહેલાના સમયગાળામાં ડાંગના આદિવાસીઓની અર્થ-વ્યવસ્થા જંગલ આધારિત હતી. જંગલો તેમને ઘણી બધી રીતે મદદરૂપ થતા. તેમાં પ્રથમ તો દાઝિયા પધ્ધતિથી ખેતી કરવી, જે તેમની આવકનું મુખ્ય સાધન છે. દાઝિયા પ્રકારની ખેતીને વિવિધ પ્રકારની પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે. (૧) સ્થળ પસંદગી અને જંગલના વૃક્ષોનું છેદન કરવું. (૨) લાકડાને બાળીને વૃક્ષોનો સદંતર નાશ કરવો (૩) વાળવું (૪) નીંદવું (૫) ધ્યાન રાખવું અને (૬) કાપણી. એટલે પહેલાંના ડાંગીઓના મનમાં એ હમેશાં ઘોળાયા કરતું કે કયા વર્ષે કયું જંગલ ખેતી કરવા સાફ કરવું. તેઓ તેમની દાઝિયા ખેતી માટે જંગલમાંના સ્થળની શોધમાં રહેતા. પડતર જમીન સાતથી આઠ વર્ષ વૃક્ષોના ઉગવા માટે રહેવા દેવાતી હતી અને ત્યારબાદ તેને દાઝિયા ખેતી માટે યોગ્ય જમીન તરીકે લેખાતી. ખેતીની મોસમ નજીક આવતી જાય તેમ તેમ ડાંગીઓ તેમના નજીકના સંબંધીઓને લઈને પહાડોમાં નીકળી પડતા અને પોતાના પાસેના સાધન શકિતનો ઉપયોગ કરીને કઈ જગ્યાનો વધુ સારો ઉપભોગ કરી શકાય એ રીતે જગ્યાની પસંદગી કરતા. ગામમાં એવી પણ વ્યકિતઓ હોય જેમને વર્ષ દરમ્યાન ખેતી કરવાની જગ્યા ન પણ હોય. આવા કિસ્સામાં તે ગામના કોઈ ઓળખીતાનું કામ કરતા.

એકવાર ખેતી કરવાનુ સ્થળ પસંદ કરવામાં આવે ત્યારબાદ કુટુંબના વડા જંગલ દેવની પૂજા કરે છે. આ પરંપરાગત વિધિ બાદ જંગલ કાપવામાં આવે છે. અને ડાંગી કુટુંબ તેમજ સમગ્ર ગામ માટે ખેતીની આ પ્રક્રિયા સૌથી વધુ અઘરી માનવામાં આવે છે. કુટુંબના બધા જ સભ્યો હાથમાં કુહાડી વગેરે લઈને ગાઢ જંગલને સાફ કરવા નીકળી પડે છે. અને જો આવી જગ્યા વિશાળ હોય તો સગાંઓને પણ મદદ માટે બોલાવવામાં આવે છે. અને આ પ્રસંગને સગાંઓને ખેતીની પ્રથમ પ્રક્રિયાની મદદે બોલાવવાનો પ્રસંગ ગણાય છે. વૃક્ષ છેદન દરમિયાન ફળ અને ફૂલનાં વૃક્ષો જેવા ઉપયોગી વૃક્ષોને કાપવામાંથી બાકાત રાખવામાં આવે છે. અને વૃક્ષ છેદનનુ કામ ફેબ્રુઆરીથી માર્ચ મહિના દરમિયાન કરવામાં આવે છે. આ વૃક્ષોના છેદન બાદ સૂકવવા માટે ત્યાં જ રાખી મૂકવામાં આવે છે. એકાદ બે મહિના બાદ જ્યારે ડાળીઓ સૂકાઈ ગઈ હોય ત્યારે બળતણ માટેના જરૂરી લાકડાં કાઢી લઈને બાકીના ત્યાં રહેવા દેવામાં આવે છે. તેમજ જૂન મહિનામાં પહેલા વરસાદ પહેલાં આ ડાળખાં-ઓને સળગાવવામાં આવે છે. અને ડાંગના લોકોની એવી માન્યતા છે કે આ રીતે રાખનુ ખાતર પાકને તૈયાર થવા માટે ખૂબજ મદદરૂપ બને છે. તેમજ આને કારણે ઉત્પાદન પણ સારૂં થાય છે. આ સળગાવવાનુ કામ એપ્રિલના છેલ્લા અઠવાડિયાથી જૂન મહિનાના બીજા અઠવાડિયા સુધીના સમયગાળામાં પુરૂં કરી દેવામાં આવે છે. જો કે હવે તો ડાંગના ખેડૂતો દાઝિયા ખેતી કરનારા નથી રહ્યાં. પરંતુ સ્થિર ખેડૂતો બન્યા છે. પરંતુ આજે પણ તેઓ પોતાના ખેતરમાં વૃક્ષોના ડાળાં-ડાળીઓ સળગાવવાની પ્રથા ચાલુ રાખી છે. જેથી ખેતરમાં રાખનુ જાડુ પડ બની શકે. ડાંગના કોઈપણ ગામના ખેતરમાં સળગવાની જ્વાળાઓ જોઈ શકાય છે તેમજ જો દૂરથી આવી જ્વાળાઓને જોવામાં આવે તો એવું લાગે કે જંગલમાં આગ લાગી છે. બળેલા લાકડાની રાખ ખેતી માટે ઉપયોગી છે, એવી માન્યતા આજે પણ પ્રચલિત છે. તેઓ એવી પણ દલીલ કરે છે કે તેઓ આવું સળગાવવાને કારણે ખેતરમાં ઉગી નીકળેલી બિન-જરૂરી વનસ્પતિ પણ બળી જાય છે. જે પાકને વધવામાં મુશ્કેલરૂપ બની શકે. પરંતુ આ સાચું નથી કારણ કે પાક વધવા સાથે નીંદામણ તો કરવાનુ રહે છે જ. દાઝિયુ કરવા માટેના ડાળાં

ડાળખીઓ જંગલમાંથી લાવવામાં આવે છે અને ત્યારબાદ આખા ખેતરમાં ફેલાવવામાં આવે છે.

પરંપરાગત ક્રિયા સાથે જૂન-જુલાઇ મહિના દરમિયાન રોપણી કરવામાં આવે છે. પહેલાના સમયમાં અને આજે પણ રોપણી કાં તો બિયારણ ખેતરમાં છાંટીને અથવા તો ખેતરમાં નાના ખાડા કરીને તેમાં બી રોપવામાં આવે છે. અને રોપણીની પ્રક્રિયા લગભગ એકાદ મહિના સુધી ચાલે છે. એકાદ મહિના બાદ નીંદામણ કરવામાં આવે છે. તેમજ છોડ જ્યારે તૈયાર થઇ જાય તેમજ ઉપર ફૂલ તેમજ બી બેસે ત્યારે પક્ષીઓ અને જાનવરોથી બચાવવા માટે ત્યાં રહીને રક્ષણ કરવામાં આવે છે. ડિસેમ્બરથી જાન્યુઆરી મહિનામાં કાપણી પૂરી કરી દેવામાં આવે છે. ખળામાં તૈયાર થયેલું અનાજ ઘરમાં લાવ્યાં પહેલાં કનસરી માતા જે અનાજના પાકની માતા છે તેની પરંપરાગત પૂજા કરવામાં આવે છે.

ડાંગમાં જંગલ હેઠળની જમીન અને ખેતીના ઉપયોગ માટેની જમીન એ જમીન ઉપભોગનું અગત્યનું લક્ષણ છે. જે નીચેના કોઠા ઉપરથી જોઇ શકાય છે.

કોઠો - ૪

ડાંગમાં જમીનની ઉપયોગિતા દર્શાવતો કોઠો

(૧૯૬૧ ની વસતિ ગણતરી મુજબ)

ક્રમ	વિગત	વિસ્તાર(એકરમાં)	કુલ વિસ્તારનાં ટકા
૧.	કુલ ભૌગોલિક વિસ્તાર	૪૨૩૦૦૦	૧૦૦.૦૦
૨.	ખેતી હેઠળનો વિસ્તાર	૯૩૯૦૦	૨૨.૨૦
૩.	ખેતી સિવાયનો વિસ્તાર	૩૨૯૧૦૦	૭૭.૮૦
	(૧) પડતર, ગોચર હેઠળની જમીન	૨૬૦૦	૦.૬૧
	(૨) અન્ય	૩૨૬૫૦૦	૭૭.૧૯

ડાંગ સહ્યાદ્રિની ઉત્તર સરહદે આવેલો છે અને ભારે વરસાદ-વાળો પ્રદેશ છે. સરાસરી વરસાદ ૭૫ ઈંચ જેટલો છે. તેથી સમગ્ર વિસ્તાર જંગલમય છે. કુલ ૬૮૯ ચો.મા.ના વિસ્તારમાંથી ૬૬૦.૧૮ ચો.મા. જેમાંનો ૩૫૬.૯૧ ચો.મા. વિસ્તાર આરક્ષિત જંગલ હેઠળ આવેલો છે. જ્યારે ૩૦૩.૨૭ ચો.મા. વિસ્તાર રક્ષિત જંગલ વિસ્તાર હેઠળ આવેલો છે. (૧૯૬૧ ની વસતિ ગણતરી મુજબ) આ વિસ્તારમાં ખેતીની જમીન ખૂબજ થોડી હોવા છતાં પણ આ વિસ્તારના આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. પ્રાથમિક રીતે મોટી સંખ્યામાં લોકો આ વ્યવસાય સાથે સંકળાયેલા છે.

ઉપર મુજબની ચર્ચા ઉપરથી એ બાબત સ્પષ્ટ થાય છે કે ડાંગ જિલ્લાના મોટાભાગના આદિવાસી લોકોનું અર્થકારણ પરંપરાગત અને પછાત ક્ષેત્રમાં રહેલું છે. રોજગારી મેળવવાની તકો અને એ દ્વારા કુટુંબની આવક વધારવાની શક્યતા મર્યાદિત છે. કોઇપણ પ્રકારનો ઉદ્યોગ લગભગ અસ્તિત્વ નથી. જ્યારે પશુપાલનના ઉદ્યોગનું તેમને માટે ખાસ મહત્વ નથી. સમગ્ર વિસ્તારમાં અમે નિમ્ન આવક જૂથના સંપર્કમાં આવ્યા હતાં. કારણ કે મોટાભાગે લોકોમાં સાધનોનો મહત્તમ ઉપયોગ કરવાની કૌશલ્યતાનો અભાવ રહેલો છે. ફરતી મજૂરી, જરીપુરાણી ખેતી પદ્ધતિ, અને અપૂરતા પાક જેવા પરિબળો આ વિસ્તારના અર્થકારણના પછાતપણા માટે જવાબદાર છે. આ વિસ્તારમાં પાયાની બાબત તો એ છે કે વિવિધ આર્થિક કાર્યક્રમો હાથ ધરીને કુટુંબની આવક વધે એ દિશામાં ધ્યાન અપાવું જોઇએ.

આ વિસ્તારના આદિવાસીઓનું બાધિયારપણું તોડવાની ખાસ જરૂર છે, જેથી કરીને તેઓ પ્રગતિશીલ જીવન જીવવાની પ્રેરણા મેળવે. આદિવાસી પેટા-યોજના હેઠળના કાર્યક્રમો દ્વારા સરકાર તરફથી ધિરાણ અને અન્ય મદદ મળી શકે છે. આર્થિક વિકાસ દ્વારા વિવિધ આર્થિક તકોની દિશા ઉઘડતી હોવાથી આ વિસ્તાર તેમજ આદિવાસી લોકોના વિકાસ માટે રાજ્ય સરકારે આ દિશામાં વિવિધ પગલા લેવા તરફ લક્ષ્ય આપવું જોઇએ.

૧૯૫૪ ના વર્ષમાં ડાંગ જિલ્લાને રાષ્ટ્રીય વિસ્તરણ સેવા હેઠળ આવરી લેવાયો ત્યારથી એટલે કે પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ અમલમાં આવેલ આદિવાસી પેટા-યોજનાના સમય પહેલાંથી વિકાસ માટેના વિવિધ પ્રયત્નો થતા રહ્યા છે. તેમજ ૧ લી મે ૧૯૫૬ થી તેમને સી.ડી. બ્લોકમાં ફેરવવામાં આવ્યા હતા. ૧૯૬૨ ના વર્ષની શરૂઆતમાં ડાંગના તમનમ ગામોને આવરી લેતા સી.ડી. બ્લોકને ડાંગ-૧ અને ડાંગ-૨ આદિવાસી વિકાસ ઘટક તરીકે વહેંચવામાં આવ્યા હતા અને આ વ્યવસ્થા માર્ચ-૧૯૭૩ સુધી ચાલુ રખાઇ હતી. ત્યારબાદ ડાંગનો સમગ્ર વિસ્તાર આદિ-વાસી પેટા-યોજનાના વિસ્તારવાળા એવા સંયોજિત આદિવાસી વિકાસ યોજનામાં સમાવવામાં આવ્યો હતો.

આદિવાસી વિકાસ ઘટકના સમયગાળા દરમિયાન ખૂબજ થોડી રકમ ખર્ચવામાં આવી હતી. પાંચ વર્ષના સમયગાળા દરમિયાન આદિવાસી વિકાસ ઘટક ડાંગ-૧ અને ડાંગ-૨ માટે અનુક્રમે રૂા.૧૪.૨૫ લાખ અને રૂા.૧૧.૭૫ લાખ ખર્ચવામાં આવ્યા હતા. જ્યારે ભૌતિક અને માનવીય સંપત્તિ પાછળ કુલ રૂા. ૨૬ લાખની રકમ ઉપલબ્ધ હતી. નીચેના કોઠામાં માર્ચ-૧૯૬૭ સુધીના ખર્ચનું ચિત્ર રજૂ કરવામાં આવે છે. જે આ વિસ્તારના આદિવાસીઓ માટે ત્રીજી અને ચોથી પંચવર્ષીય યોજનામાં વિકાસ માટે ખર્ચવામાં આવેલી રકમ દર્શાવે છે.

કોઠો - ૫

ડાંગ-૧ ઘટક માટે રકમની ફાળવણી અને થયેલ ખર્ચ દર્શાવતો કોઠો.

ક્રમ	ખર્ચની વિગત	રકમની ફાળવણી	૧-૧-૬૨ થી ૩૧-૩-૬૭ સુધીનો ખર્ચ	ટકા
૧	ઘટકનું મુખ્ય મથક	૨૭૨૨૫૦	૨૫૫૦૭૮	૨૧.૧૨
૨	ખેતી વિસ્તરણ અને પશુપાલન	૩૬૪૭૫૦	૨૬૯૫૩૩	૨૨.૩૩
૩	સિંચાઇ અને જમીન સંરક્ષણ	૪૦૦૦૦	૩૬૦૬૨	૨.૯૯
૪	આરોગ્ય અને ગ્રામ્ય સ્વાસ્થ્ય	૧૯૦૦૦૦	૧૨૦૩૧૨	૯.૯૬
૫	શિક્ષણ	૧૪૧૦૦૦	૧૩૬૮૯૦	૧૧.૩૩
૬	સામાજિક શિક્ષણ	૫૭૦૦૦	૪૬૬૯૬	૩.૮૭
૭	સંચાર-સેવા	૫૬૮૦૦	૫૬૩૫૧	૪.૬૭
૮	ગ્રામ્ય કળા-કારીગીરી અને ઉદ્યોગો	૧૩૨૫૦૦	૧૫૬૯૧૨	૧૨.૯૯
૯	ગ્રામ્ય આવાસ	૭૦૫૦૦	૬૯૮૫૦	૫.૭૮
૧૦	સહકાર	૧૦૦૦૦૦	૬૦૦૦૦	૪.૯૬
	કુલ	૧૪૨૫૦૦૦	૧૨૦૭૬૪૪	૧૦૦.૦૦

કોઠો - ૬

ડાંગ-૨ ઘટક માટે રકમની ફાળવણી અને થયેલ ખર્ચની વિગત દર્શાવતો કોઠો.

ક્રમ	ખર્ચની વિગત	રકમની ફાળવણી	૧-૪-૬૩ સુધી થયેલ ખર્ચ (રૂા.માં)	ટકા
૧	ઘટક મુખ્ય મથક	૨૩૧૪૯૦	૧૧૦૪૪૪	૧૮.૧૨
૨	ખેતી વિસ્તરણ અને પશુપાલન	૨૫૩૫૩૫	૧૨૬૦૨૪	૨૦.૬૭
૩	સિંચાઇ અને જમીન સંરક્ષણ	૮૭૮૦૧	૩૨૧૫૮	૫.૨૮
૪	આરોગ્ય અને ગ્રામ્ય સ્વાસ્થ્ય	૧૮૫૮૧૦	૬૫૬૦૪	૧૦.૭૧
૫	શિક્ષણ	૭૬૩૯૬	૫૪૨૬૦	૮.૯૦
૬	સંચાર સેવા	૪૨૦૦૦	૩૬૮૭૧	૬.૦૫
૭	સામાજિક શિક્ષણ	૪૦૧૯૮	૩૧૪૦૮	૫.૧૫
૮	ગ્રામ્ય કળા-કારીગીરી અને ઉદ્યોગો	૧૦૬૭૫૦	૫૫૫૦૨	૯.૧૦
૯	ગ્રામ્ય આવાસ	૫૧૦૫૦	--	૬.૫૯
૧૦	સહકાર	૧૦૦૦૦૦	૫૭૧૬૨	૯.૩૮
	કુલ	૧૧૭૫૦૩૦	૬૦૯૬૦૮	૧૦૦.૦૦

ઉપરના આંકડાઓને જોતાં એ સ્પષ્ટ થાય છે કે કર્મચારીઓના પગાર, મકાન, બાંધકામ, કર્મચારી નિવાસ, અને ગ્રામસેવક મથક બાંધવાના ખર્ચ સિવાયનો મોટાભાગનો ખર્ચ ખેતી વિસ્તરણ અને પશુપાલન પાછળ કરવામાં આવ્યો છે. ખેતી વિસ્તરણ અને પશુપાલનના ખર્ચમાં પશુ દવાખાનું, જીલ્લા મરઘાં ઉછેર કે-દ્ર, સુધારેલ જાતના સાંઢ અને ભૂંડના બીજના ખર્ચ સિવાયનો દવાખાના ખર્ચ, લોખંડના હળ જેવા ખેતીના સાધનો, તેમજ સુધારેલ બિયારણ અને રાસાયણિક ખાતરની વહેંચણી વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે બન્ને ઘટકોમાં સિંચાઇ અને જમીન સુધારણા પાછળ ઘણી જ થોડી રકમ ખર્ચવામાં આવી હતી. જ્યારે બન્ને ઘટકોમાં આરોગ્ય અને ગ્રામ્ય સ્વાસ્થ્ય

પાછળ ૧૦ ટકા રકમ ખર્ચવામાં આવી હતી. જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું બાંધકામ તેમજ જરૂરી સાધન-સામગ્રી તેમજ દવાઓ અને પીવાના પાણી માટે કૂવા બાંધવાના ખર્ચનો સમાવેશ થાય છે. જ્યારે ઘણી જ થોડી રકમ શિક્ષણ પાછળ ખર્ચવામાં આવી હતી. જેમાં શાળાના ઓરડાઓ અને શિક્ષક નિવાસ બાંધકામના ખર્ચનો સમાવેશ થાય છે. સામાજિક શિક્ષણના ખર્ચમાં રેડિયોની ખરીદી, યુવક મંડળો ઊભા કરવા, મહિલા મંડળો, ગ્રામ્ય નેતાગીરી શિબિર અને રેલી, કિસાન મેળાઓ, પ્રદર્શનો, દૃશ્ય-શ્રાવ્ય સાધનો-ની ખરીદી, ઓપરેટરનો પગાર અને સામાજિક કલ્યાણ કેન્દ્રના મકાન બાંધકામ ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે. સંચાર-સેવા ખર્ચમાં માર્ગ બાંધકામના ખર્ચનો સમાવેશ થાય છે. માર્ગોની મરામત માટે કોઇ વ્યવસ્થા ન હોવાને કારણે માર્ગો બિનઉપયોગી બની ગયા છે. ગ્રામ્ય કળા-કારીગીરી અને ઉદ્યોગોના ખર્ચમાં તાલીમ કેન્દ્રો ચલાવવાનો ખર્ચ જેમાં તાલીમાર્થીઓને વૃત્તિકા, શિક્ષકનો પગાર, કાચો માલ અને સાધનોનો ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે. હકીકતમાં આ વિગત હેઠળનો ખર્ચ ઘટક-૧ માં ફાળવણીની રકમ કરતાં વધુ થયેલો છે. બન્ને ઘટકોમાં ૫ ટકા થી વધુ રકમ ગ્રામ્ય આવાસો પાછળ ખર્ચવામાં આવી છે. જેમાં આદિવાસીઓ માટે સારા રહેઠાણો બાંધવાના ખર્ચનો સમાવેશ થાય છે. જ્યારે સહકાર હેઠળનો ખર્ચ બહુહેતુક જંગલ કામદાર સહકારી મંડળી અને અન્ય સહકારી મંડળીઓ પાછળ કરવામાં આવ્યો હતો.

ઉપર મુજબની ચર્ચામાંથી એવું ફલિત થાય છે કે, ખેતી વિસ્તરણ અને પશુપાલનના ખર્ચમાં પશુના દવાખાનાનો ખર્ચ પણ ઉમેરાય છે. જ્યારે આરોગ્ય અને ગ્રામ્ય સ્વાસ્થ્ય, શિક્ષણ, ગ્રામ્ય કળા-કારીગીરી અને ઉદ્યોગો તેમજ ગ્રામ્ય આવાસો વગેરે હેઠળ થયેલા ખર્ચથી લોકોને આડકતરી રીતે લાભ થયો હોય. પરંતુ એ હકીકત ઉઘાડી જ છે કે સારી એવી રકમ તો કર્મચારીઓના પગાર-ભથ્થાં, મકાન બાંધકામ અને સાધનોના ખર્ચ પાછળ વાપરવામાં આવી હતી.

ગ્રામ્ય કળા-કારીગીરી અને ઉદ્યોગો હેઠળ ફાળવાયેલી રકમ કરતાં વધુ ખર્ચ કરવામાં આવ્યો હતો. તાલીમ કેન્દ્રો ચલાવવા કે

જેમાં કર્મચારીઓના પગાર, તાલીમાર્થીઓની વૃત્તિકા અને સાધનોના ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે તે સહેલુ છે. આ ચર્ચાનો આશય એવો નથી કે આવા તાલીમ કેન્દ્રોમાં તાલીમ લેતા લોકોને લાભ થયો નથી, પરંતુ મુદ્દો એ છે કે અન્ય યોજનાઓમાં આની જેમ આદિવાસી-ઓને સીધો લાભ આપવામાં આવ્યો નથી. ખેતી વિસ્તરણ, આરોગ્ય અને ગ્રામ્ય સ્વાસ્થ્ય અને સહકાર પાછળ ફાળવાયેલી રકમનો પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો નથી. અને અગાઉ ચર્ચા કરી ગયા એ મુજબ આમાં પણ મકાન બાંધકામ અને સાધનોની ખરીદીનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ સિવાય એવું જણાય છે કે ઘટકના અધિકારીઓ આદિવાસીઓને સીધી રીતે લાભ આપી શકે એવી યોજનાઓ પાછળ વધુ ખર્ચ કરી શક્યાં નથી અને ઘટકની કામગીરીનું આ એક નિરાશા-જનક પાસું છે. આદિવાસીઓને સીધી રીતે લાભ મળી શકે એવા કાર્યક્રમોને ઉચ્ચ પસંદગી આપવામાં ન આવે તો આદિવાસીઓના વિકાસનું ધ્યેય કેવી રીતે હાસલ કરી શકાશે ? સમય થોડો છે અને આદિવાસીઓ આ કાર્યક્રમનો લાભ લેવા આગળ આવે એ સમય માટે થોભવું એ કાર્યક્રમની ઉદાસીનતાનું કાર્ય છે. તેથી આ ખાસ અગત્યનો સમય છે. જ્યારે મકાન બાંધકામ અને સાધનોની ખરીદી તરફ ધ્યાન આપવાને બદલે આદિવાસીઓને સીધી રીતે લાભદાયી અને ઉપયોગી કાર્યક્રમો પ્રત્યે ખાસ ધ્યાન આપવું જોઈએ.

ચોથી પંચવર્ષિય યોજનાના અંત સુધી આદિવાસીઓની ખેતીનું ઉત્પાદન વધારવા, ગ્રામ્ય કળા-કારીગીરીમાં સુધારણા કરી નવા ઉદ્યોગો ઊભા કરવા, લઘુત્તમ આરોગ્ય સેવાઓ પૂરી પાડવી, બાળકોને જરૂરી શિક્ષણની સુવિધાઓ પૂરી પાડવી, કુટુંબ અને રહેઠાણની સગવડોમાં સુધારો કરી જીવન પધ્ધતિ સુધારવી, સંદેશા-વ્યવહારની સગવડોમાં વધારો કરવો, પશુઓની ઓલાદ સુધારણા વગેરે પાછળ સહિયારા પ્રયાસો કરવામાં આવ્યા હતા. વિકાસ પ્રવૃત્તિઓના વિવિધલક્ષી કાર્યક્રમોને કારણે જીલ્લામાં જરૂરી માળખું ઊભુ કરી શકાયું છે. અને આને કારણે આ વિસ્તારના મોટી સંખ્યામાં આદિવાસીઓને વિકાસ-લક્ષી બનાવી શકાયા છે. પરંતુ એ તો સ્પષ્ટપણે જણાઈ આવે છે કે આ વિકાસ કાર્યક્રમોમાં મુખ્યત્વે કુનબી (કુકણાઓ સાથે) કે જેઓ ભીલ જાતિની સરખામણીમાં પ્રગતિશીલ છે

તેમને જ આવરી લેવામાં આવ્યા છે. મોટાભાગે ભીલ લોકો તરછોડાયેલા જ છે અને તેઓ હજુ પણ પુરાણી અવસ્થામાં જીવન વિતાવે છે. ચોથી પંચવર્ષીય યોજના સુધીના વિકાસ કાર્યક્રમો આ વિસ્તારની આદિવાસી વસતિના સૌથી અગત્યના ભાગ એવા ભીલ લોકોની જીવન પધ્ધતિમાં તેમજ આર્થિક સધ્ધરતામાં જોઇ શકાય એવી અસર ઉભી કરવામાં સદંતર નિષ્ફળ ગયા છે અને કોઇપણ સબંધિત વ્યક્તિ જોઇ શકે છે કે આ વિકાસ કાર્યક્રમોનો લાભ માત્ર કુનબી અને કુકણાઓએ લીધો છે. જેમની આર્થિક અને સામાજિક પરિસ્થિતિમાં પલટો આવેલો છે.

હવે આપણે પાંચમી પંચવર્ષીય યોજના અને ચાલુ પંચવર્ષીય યોજના દરમિયાન કરવામાં આવેલા પ્રયત્નો વિષે જોઇએ. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ વિકાસ પ્રયત્નોને વધુ સુગ્રથિત કરવા માટે કેટલીક યોજનાઓ હાથ ધરવામાં આવી હતી. આ યોજનામાં રોકાણ પસંદગી બદલવામાં આવી હતી. યોજનાઓનો અમલ ક્ષેત્રે કરવામાં આવ્યો હતો. જેમાં (૧) સબંધિત ખાતાઓની જિલ્લા કચેરી દ્વારા જુદી જુદી યોજનાઓ અમલી બનાવાઇ હતી. (૨) જિલ્લા પંચાયત દ્વારા યોજનાઓનો અમલ કરવામાં આવ્યો હતો. આ સિવાય સ્થાનિક કક્ષાએ મહત્વની યોજનાઓના અમલ માટે પ્રયોજના વહીવટકારના હસ્તક ન્યુકલીઅસ બજેટની રકમ રાખવામાં આવી હતી. આ યોજનાના સમયગાળા દરમિયાન જુદા જુદા ક્ષેત્રોમાં જે સિધ્ધિ હાંસલ કરાઇ હતી તેનું ચિત્ર નીચેના વર્ણન ઉપરથી સ્પષ્ટ થાય છે.

ખેતીવાડી અને સબંધિત સેવાઓ :

વિવિધ યોજનાઓ જેવી કે રાહત દરે સુધારેલ બિયારણ, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ પૂરી પાડવી, બટાટાની ખેતી વધારવા પ્રોત્સાહન, કઠોળનું ઉત્પાદન વધારવાની યોજના વગેરે હાથ ધરવામાં આવી હતી. પરંતુ મોટાભાગની યોજનાઓના લક્ષ્યાંક પૂરા કરી શકાયા નહોતા. જેમકે બટાટાની ખેતીના પ્રોત્સાહનની યોજના હેઠળ કુલ ૪૦૦ હેકટર જમીન આવરી લેવાની

હતી અને તેને માટે રૂ.૧૪,૦૦,૦૦૦ ખર્ચ કરવાની જોગવાઇ હતી જે સામે માત્ર ૩૦ હેકટર જમીન આવરી લેવાઇ હતી અને માત્ર રૂ.૭૫૮૨૫ નુ ખર્ચ કરવામાં આવ્યુ હતુ. આજ પ્રમાણે રાહત દરે ખેતીના કીટસ પૂરા પાડવાની યોજના હેઠળ આવી ૧૨૪૦ કીટસ પૂરી પાડવાનો લક્ષયાંક હતો જે માટે રૂ.૧,૩૬,૦૦૯ ખર્ચ કરવાની જોગવાઇ હતી. જયારે સિધ્ધિમાં માત્ર ૨૭૫ કીટસ વહેંચવામાં આવી હતી અને માત્ર રૂ.૧૪૨૭૪ નો ખર્ચ કરવામાં આવ્યો હતો. મફત સુધારેલ બિયારણ વહેંચણીની યોજનામાં પણ ૩૫૦૦ કી.ગ્રા. બિયારણ વહેંચવા સામે માત્ર ૧૪,૫૪૨ કી.ગ્રા. બિયારણ જ વહેંચવામાં આવ્યુ હતુ. કેટલીક યોજનાઓ માટે એક યા બીજા કારણસર સિધ્ધિ મેળવી શકાયી નથી તેમ છતાં સમગ્ર રીતે જોતાં કામગીરી સંતોષકારક રહી નથી.

<u>લઘુ સિંચાઇ :</u>

આઠ સ્થળોએ ઉદ્દવહન સિંચાઇ યોજનાઓ હાથ ધરવામાં આવી હતી. આમાંની (૧) કુરકસ ગામ અને (૨) ટેકપાડા ગામની યોજનાનુ બાંધકામ પુરૂ કરવામાં આવ્યુ છે. જયારે બાકીની છ યોજનાઓનુ કામ ચાલુ છે. જો કે કુરકસ અને ટેકપાડા ગામની યોજનાઓ પૂરી થઇ ગઇ હોવા છતાં પણ તેને આદિવાસીઓના ખેતરોમાં પાણી આપવા માટે ચાલુ કરાઇ નથી. આ યોજના ચાલુ કરવા માટે યોજનાઓ જિલ્લા પંચાયતને સોંપી દેવાની દરખાસ્ત હતી. પરંતુ યોજનાનુ બાંધકામ ખામીવાળુ હોવાથી આદિવાસી ખેડૂતોના ખેતરોમાં પાણી પહોંચાડી શકાય એમ ન હોવાથી જિલ્લા પંચાયતે આ યોજનાઓ પોતાના હસ્તક લેવાનુ સ્વીકાર્યુ નથી. વળી ઠરાવેલ દર ભર્યા બાદ પાણીનો ઉપયોગ કરવા સામે આ ખેડૂતો વાંધો લે છે. તેઓ એવુ ઇચ્છે છે કે પ્રથમ તો થોડા વર્ષ સુધી પાણીનો ઉપયોગ મફત કરવો અને ત્યારબાદ તેમને એવુ સમજાવીને દર આપવા તૈયાર કરી શકાય કે આ સગવડને કારણે તેમનુ ખેત ઉત્પાદન વધ્યુ છે, તો જ તેઓ આવો દર ભરવા માટે તૈયાર થશે. આ યોજનાઓનુ બાંધકામ તૈયાર થઇ ગયુ છે, મોટર બેસાડવામાં આવી છે. તેમજ પાઇપ લાઇન નાખવાનુ કામ પુરૂ થઇ ગયુ હોવા

છતા યોજના ચાલુ કરાઇ નથી એનુ જાહેર કરવા છતા પણ કોઇ ઉકેલ લાવી શકાયો નથી.

જમીન સુધારણા :

આ ક્ષેત્રમા કોઇ નોંધપાત્ર સિધ્ધિ હાસલ કરી શકાઇ નથી.

પીવાના પાણીનો પુરવઠો :

આ યોજનામા પણ પહાડી વિસ્તાર હોવાથી તેમજ ભૂજળ સંપત્તિનો અભાવ હોવાને કારણે ખાસ સિધ્ધિ મેળવી શકાઇ નથી. જો કે રૂ.૪,૦૮,૦૦૦ રકમની ફાળવણી સામે રૂ.૧૦,૧૭,૦૦૦નો ખર્ચ કરીને કેટલાક ગામોમા પીવાના પાણીની સગવડ તેમજ ગટર લાઇન સુધારણા કરવામા આવી છે. પાછળથી દેસિયા-બંધ પાછળ જે ખર્ચ કરવામા આવ્યો છે તેને કારણે આહવાના રહેવાસીઓ તેમજ જિલ્લા મુખ્ય મથકને પીવાના પાણીની સુવિધા મળી રહેશે અને જાણવા મળયુ છે તે પ્રમાણે આ બંધનુ કામકાજ પણ હલકા પ્રકારનુ કરવામા આવ્યુ છે. પછાત વિસ્તારો માટેની ખાસ યોજનાઓ હેઠળ પીવાના પાણીની સગવડ માટે ૧૧ કૂવાઓ ખોદવામા આવ્યા છે.

પશુ સંવર્ધન :

ખેત મજૂરો અને સીમાંત ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારવા માટે દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ ઊભી કરવાની સારી શરૂઆત કરવામા આવી હતી. આ માટે જુદા જુદા આદિવાસી કુટુંબોને ૧૭૯ દૂધાળા ઢોર (ગાય-ભેંસ) પૂરા પાડવામા આવ્યા હતા. તેમજ સહકારી મંડળીના શેર ખરીદવા માટે પણ લાભાર્થીઓને જરૂરી મદદ પૂરી પાડવામા આવી હતી. આ યોજના સફળ નીવડી છે. પરંતુ જો જરૂરી પ્રયાસો ચાલુ રાખવામા આવ્યા હોત તો આ યોજનામા આવરી લેવાયેલા આદિવાસી કુટુંબોની આર્થિક પરિસ્થિતિમા ઘણો સારો સુધારો થઇ શકયો હોત. એટલે સિધ્ધિ નકકી કરાયેલ લક્ષ્યથી ઘણી ઓછી છે.

પશુ દવાખાના સાથે જોડાયેલા કેટલાક દાનકૂટ કેન્દ્રો સ્થાપવામાં આવ્યા છે. પરંતુ તેમની સિધ્ધિ પણ ઠરાવેલ લક્ષ્ય કરતાં ઘણી ઓછી છે. સ્થાનિક પશુની ઓલાદ સુધારણા માટે પહેલા મેળવેલા ૧૯ સાઢને સાચવી રાખવામાં આવ્યાં છે. ત્રણ ગામોમાં શંકર-સાઢ પણ રાખવામાં આવ્યા છે.

સાત ગામોમાં પશુ સંવર્ધન કેન્દ્રો સ્થાપવાની દરખાસ્ત હતી, જે માટે રૂ.૧૫૬૦૦૦ જેટલો ખર્ચ કરવાની ધારણા હતી. આવા કેન્દ્રો સ્થાપવામાં આવ્યા હતા. પરંતુ જરૂરી કર્મચારીઓની નિમણૂક ન કરવાને કારણે માત્ર રૂ.૩૮૮૪૫ નો જ ખર્ચ થઇ શકયો હતો.

આહવાના પશુ દવાખાનાને આ સમયગાળા દરમિયાન આધુનિક બનાવવામાં આવ્યુ છે.

સૂકી ખેતી :

પહાડી વિસ્તારમાં જાડા ધાન્યો વિષયક પ્રાદેશિક સંશોધન કેન્દ્ર, વઘઇ ખાતે ૧૯૬૪ ના વર્ષથી ચાલુ છે. પરંતુ આ કેન્દ્ર સૂકી ખેતીની સુધારણામાં ખાસ અગત્યનો ફાળો આપ્યો નથી. ડાંગમાં પહાડી જાડા ધાન્યો ઉગાડવામાં આવે છે.

પછાત વિસ્તાર માટેના ખાસ કાર્યક્રમો :

આ ક્ષેત્ર હેઠળની કામગીરી માત્ર ડાંગમાં જ ચાલુ છે. આ યોજના હેઠળ કેટલાક આદિવાસીઓને રાહત દરે બળદ, બળદગાડું, ભેંસ ખરીદવા મદદ ઉપરાંત કારીગરોને વૃત્તિકા તેમજ માર્ગ બાંધકામમાં મજૂરી આપવા જેવી કામગીરી કરવામાં આવી છે.

મરઘાં ઉછેર વિકાસ :

આહવા ખાતે માત્ર એક મરઘાં ઉછેર કેન્દ્ર ચાલે છે અને આ કાર્યક્રમને વધુ ઉપયોગી બનાવવાના આશયથી ૨૦ આદિવાસીઓને

મરઘાની જાળવણી વિષે ૧૫ દિવસની તાલીમ અપાઇ હતી. આ યોજના હેઠળ રૂ.૨,૫૩,૬૪૩ નો ખર્ચ કરવામાં આવ્યો હતો. બે ગામોમાં મરઘા ઉછેર સેવા કેન્દ્રો ચાલુ કરવામાં આવ્યા છે. પરંતુ અહીંયા પણ જરૂરી કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી નથી.

પછાતવર્ગ કલ્યાણ :

આ ક્ષેત્ર હેઠળ કેટલીક યોજનાઓનો અમલ કરવામાં આવ્યો હતો. જેવી કે (૧) એસ.એસ.સી. સુધીના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ (૨) ધોરણ-૬ સુધી ભણતા બાળકોને જરૂરી કપડાં અને પુસ્તકોની સહાય (૩) પછાત વર્ગના છાત્રાલયોને સહાય (૪) જમીનવિહોણા ખેતમજૂરોને સાધનો ખરીદવા માટે સહાય (૫) નાના-પાયાના ઉદ્યોગો શરૂ કરવા માટે સહાય (૬) મફત તબીબી સહાય (૭) ઘર બાંધવા માટે વ્યકિતગત સહાય (૮) બાલવાડીઓને સહાય.

શિક્ષણ :

જુદી યોજનાઓનો અમલ કરવામાં આવ્યો હતો. જેમાં રાજ્ય સરકારની સહાય હેઠળ રૂ. ૧૮૨૭૫૪૦ નો ખર્ચ કરવામાં આવ્યો હતો. જ્યારે આદિવાસી પેટા-યોજના હેઠળ રૂ. ૧૭૮૪૭૫૩ નો ખર્ચ કરવામાં આવ્યો હતો. આ યોજનાઓની વિગતો નીચે મુજબ છે.

ક્રમ	યોજનાનું નામ	લાભાર્થીઓ	ખર્ચ(રૂ.માં)
	રાજ્ય સરકારની સહાય :		
૧.	૧૪ વર્ષથી નીચેની વયના બાળકોને સામાજિક શિક્ષણ	૩૫૪૦	૧૨૯૫૯૦૨
૨.	પ્રાથમિક શાળાઓમાં ખર્ચ	૨૬૦ (સાધનો)	૬૬૬૦૦
૩.	શિક્ષણ સેવા સુધારણા ખર્ચ	---	૮૩૯૦૦
૪.	પ્રાથમિક શાળાઓમાં - સુધારા વધારા ખર્ચ	૩૨૩	૩૫૨૧૨૩
૫.	પ્રૌઢ શિક્ષણ	૧૧૬૮૫	૨૯૦૧૫

ચાલુ...

ક્રમ	યોજનાનું નામ	લાભાર્થીઓ	ખર્ચ(રૂ.માં)
	આદિવાસી પેટા-યોજના હેઠળ :		
૬.	છાત્રાલય સાથેની નવી શાળા સાપુતારા	૧૦૦ (વિદ્યાર્થીઓ)	૧૬૬૯૭૬૫
૭.	શાળાઓને ગ્રાન્ટ	૫૦	૧૦૫૦૦૦
૮.	આહવા ખાતેના બુનિયાદી તાલીમ કેન્દ્ર સુધારણા	૧ શાળા	૬૫૬૮૦
૯.	માધ્યમિક શાળામાં - પાઠ્ય-પુસ્તક ગ્રંથાલય	૮૫ (પુસ્તકોના સેટ)	૪૩૦૮

આરોગ્ય અને પોષણ :

રાજ્ય સરકારની સહાય હેઠળના ખર્ચમાં બાંધકામ અને નવી નિમણૂક કરાયેલ કર્મચારીઓના પગારનો સમાવેશ થાય છે. જો કે કેન્દ્રીય સહાય યોજના હેઠળ રૂ.૨૫૪૪૯૯૦ નો ખર્ચ કરવામાં આવ્યો હતો. જેમાં કુટુંબ નિયોજન કાર્યક્રમ, શીતળા નાબૂદી કાર્યક્રમ, રક્તપિત્ત નિયંત્રણ કાર્યક્રમ અને મેલેરિયા નાબૂદી કાર્યક્રમનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય સહાય યોજના હેઠળ ખાસ યુકતાહાર કાર્યક્રમ અને મધ્યાહન આહાર યોજના હાથ ધરવામાં આવી હતી. આ યોજના પાછળ રૂ.૪૬૩૨૭૪ નો ખર્ચ કરવામાં આવ્યો હતો અને ૧૩૩૪૧ બાળકોએ લાભ લીધો હતો.

આવાસ :

જમીન વિહોણા મજૂરો માટે ૬૦૧ આવાસો બાંધવામાં આવ્યાં હતાં. જે માટે રૂ.૨૬૩૦૦૦ નો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૩૦૦ ખેતમજૂરોને ઘરથાળના પ્લોટ આપવામાં આવ્યાં હતાં. જે માટે રૂ.૪૫૦૦૦ નો ખર્ચ કરવામાં આવ્યો હતો.

ઉદ્યોગ :

આદિવાસી પેટા-યોજના હેઠળ વાસ-તાલીમ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારની સહાય હેઠળ સહકારી મંડળીઓને નાણાંકીય મદદ અપાઇ હતી. ૧૩૬ ઔદ્યોગિક કારીગરોને રૂા.૧૨૭૦૦૦ ની નાણાંકીય સહાય આપવામાં આવી હતી.

વનીકરણ :

આદિવાસી પેટા-યોજના હેઠળ આર્થિક રીતે ઉપયોગી એવી ઈમારતી, બેર અને વાંસના વૃક્ષો ઉગાડવાની યોજના પાછળ રૂા.૮૭૬૯૦૧ નો ખર્ચ કરવામાં આવ્યો હતો. મજૂરો વધુ આવક મેળવી શકે એ માટે વૃક્ષ-છેદન પધ્ધતિ સુધારણા પાછળ રૂા.૨૦૧૩૬૧ નો ખર્ચ કરવામાં આવ્યો હતો. જો કે આ માટે ખરેખર તો રૂા.૭૫૩૦૦૦ ફાળવવામાં આવ્યા હતાં. જ્યારે બીજી તરફ ફાળવવામાં આવેલી રૂા.૧૪૬૭૦૦ ની પૂરેપૂરી રકમ વઘઈ સ્થળે વનસ્પતિ ઉદ્યાન (બોટાનીકલ ગાર્ડન) બનાવવા માટે ખર્ચવામાં આવી હતી.

સંદેશા વ્યવહાર :

આ સમયગાળા દરમિયાન રૂા.૨૧૨૦૦૦ ના ખર્ચે ૩ કિ.મી. નો નવો માર્ગ બાંધવામાં આવ્યો હતો અને આ ખર્ચ છેટના સમયે એટલે કે જાન્યુઆરીથી માર્ચ ૧૯૭૮ દરમિયાન કરવામાં આવ્યો હતો.

પછાત વિસ્તાર માટેના ખાસ કાર્યક્રમ હેઠળ એક ૧૭ કિ.મી. લાંબા માર્ગ બાંધવાની યોજના હાથ ધરાઇ છે. અને આ યોજના મુખ્યત્વે જમીનવિહોણા મજૂરોને રોજી પૂરી પાડવા માટે અમલી બનાવાઇ છે.

આદિમ-જાતિ સમૂહ :

૧૯૭૬-૭૭ ના વર્ષમાં જંગલ ખાતા દ્વારા ડાંગના કોટવાળિયાઓની આર્થિક સ્થિતિ સુધારવાના હેતુથી "નહિ નફો-નહિ નુકશાન" ના ધોરણે એક યોજના ચાલુ કરવામાં આવી હતી. જેમાં ૧૦ કુટુંબો જોડાયેલા હતા. જ્યારે ૧૯૭૭-૭૮ ના વર્ષના આ યોજનામાં જોડાનાર કોટવાળિયા કુટુંબોની સંખ્યા વધીને ૭૮ ની થઇ હતી. દરેક કુટુંબ સરાસરી માસિક રૂ.૧૮૦ ની આવક મેળવતું હતું.

જંગલખાતાએ અભિનંદનીય રીતે કોટવાળિયાઓને મદદ કરી છે. આ યોજનાની સફળતા જોઇને બીજા ખાતાઓના અધિકારીઓ પણ આવી ઉચ્ચ દીર્ઘદૃષ્ટિ રાખીને આદિવાસીઓના વિકાસ કાર્યક્રમોનું સંયોજન કરે એ ઇચ્છનીય છે.

છઠ્ઠી પંચવર્ષિય યોજના સમય :

છઠ્ઠી પંચવર્ષિય યોજના ૧૯૭૮ ના વર્ષમાં અમલી બનાવાઇ નહોતી. પરંતુ ૧૯૭૮-૭૯ ના વર્ષની વાર્ષિક યોજના ઘડવામાં આવી હતી. આ યોજના હેઠળ જુદા જુદા ક્ષેત્રોમાં મળીને કુલ ૧૫૩ જેટલી યોજનાઓ ઘડવામાં આવી હતી. અને આ યોજનાઓ જુદા જુદા નામે જિલ્લા પંચાયત અને જિલ્લા ખાતેના વિવિધ ખાતાઓ દ્વારા અમલમાં મૂકવામાં આવી હતી. ૧૯૭૮-૭૯ ની વાર્ષિક યોજનામાં રૂ.૧૫૧૬૭૯૯૦ નો ખર્ચ સૂચવવામાં આવ્યો હતો. આ યોજના ખર્ચ સિવાય ન્યુકલીઅસ બજેટ પેટે રૂ.૩૩૪૦૦૦ ની રકમ ફાળવવામાં આવી હતી. આ વ્યવસ્થા યોજના વિસ્તારની અગત્યની જરૂરિયાતને પહોંચી વળવા માટે રાખવામાં આવી હતી. સ્થાનિક રીતે અગત્યની અને જરૂરી હોય એવી યોજના કે કાર્યક્રમ કે જેનો કોઇપણ ક્ષેત્રમાં સમાવેશ કરાયો ન હોય તેને હાથ ધરવા માટે આ વ્યવસ્થા રાખવામાં આવી હતી. ન્યુકલીઅસ બજેટ ખાતે જુદી જુદી ૧૫ જેટલી યોજનાઓ હાથ ધરવામાં આવી હતી.

નાણાકીય ખર્ચ નિવેદન (૧૯૭૮-૭૯)

પત્રક - ૧

ડાંગ જિલ્લા પંચાયત દ્વારા ચલાવાતી યોજનાઓ

ક્રમ.	વિગત	કાર્યક્રમોની સંખ્યા	ખર્ચ (રૂપિયામાં)
(૧)	શિક્ષણ	૨૧	૧૧,૭૨,૮૪૫
(૨)	સમાજ કલ્યાણ	૧૧	૧,૮૮,૨૦૦
(૩)	આદિવાસી વિકાસ ઘટકો	૩	૨,૮૨,૦૦૦
(૪)	જાહેર બાંધકામ	૨	૧,૨૦,૦૦૦
(૫)	આરોગ્ય	૧	૨,૦૦૦
(૬)	પશુ સંવર્ધન	૭	૨,૪૪,૫૨૦
(૭)	ખેતી	૧૧	૧૧,૧૭,૧૨૫
(૮)	સહકાર	૧	૮,૦૦૦
	કુલ:	૫૭	૩૧,૩૪,૬૯૦

પત્રક - ૨

રાજ્ય સરકાર સહાયપાત્ર યોજનાઓ

ક્રમ.	વિગત	કાર્યક્રમો/ યોજના	અંદાજિત ખર્ચ
૧)	નાયબ વનસંરક્ષક ઉત્તર વિભાગ	૯	૧૧,૮૦,૦૦૦
૨)	નાયબ વનસંરક્ષક દક્ષિણ વિભાગ	૧૦	૨૨,૩૭,૩૦૦
૩)	મદદનીશ જમીન રસાયણશાસ્ત્રી (ફરતી જમીન ચકાસણી પ્રયોગશાળા)	૨	૧,૩૨,૦૦૦
૪)	જિલ્લા મરઘા ઉછેર વિસ્તરણ અધિકારી	૩	૮૮,૦૦૦
૫)	સહકાર અધિકારી (ઉદ્યોગ)	૧૨	૧,૩૨,૦૦૦
૬)	સીવીલ સર્જન	૫	૧,૭૮,૦૦૦
૭)	જિલ્લા ટી.બી. અધિકારી	૧	૧,૭૨,૦૦૦
૮)	જિલ્લા શિક્ષણાધિકારી	૧૨	૧૧,૭૯,૦૦૦
૯)	નાયબ ઇજનેર (૨.મ.)	૨૭	૪૦,૯૮,૦૦૦
૧૦)	મદદનીશ જિલ્લા સહકારી મંડળી રજીસ્ટ્રાર	૫	૪૦,૯૮,૦૦૦
૧૧)	નાયબ ઇજનેર લઘુ સિંચાઇ	૯	૨૦,૬૧,૦૦૦
૧૨)	નાયબ ઇજનેર જાહેર આરોગ્ય અને સ્વાસ્થ્ય	૧	૨,૦૦,૦૦૦
	કુલ સરવાળો	૯૬	૧,૨૦,૩૩,૩૦૦
	કુલ સરવાળો	૧૫૩	૧,૫૧,૬૭,૯૯૦

પત્રક - ૩

ક્ષેત્ર મુજબ ન્યુકલીઅસ બજેટ ખર્ચ

ક્રમ	વિકાસ વિગત	નાણાંકીય સહાય	યોજનાની સંખ્યા	નાણાંકીય ખર્ચ (રૂપિયામાં)
૧.	પશુ સંવર્ધન	પંચાયત	૯	૧,૩૬,૬૩૦
૨.	જાહેર બાંધકામ	પંચાયત	૨	૫૦,૫૦૦
૩.	જીલ્લા શિક્ષણાધિકારી	રાજ્ય સરકાર	૧	૩૦૦૦
૪.	સીવીલ સર્જન	રાજ્ય સરકાર	૧	૨૬,૦૦૦
૫.	ઔદ્યોગિક તાલીમ સંસ્થા આરવા	રાજ્ય સરકાર	૧	૩૩,૬૬૫
૬.	ડેપો મેનેજર	સ્થાનિક	૧	૮,૦૦૦
		કુલ	૧ ૫	૨,૫૭,૭૯૫

૧૯૭૮-૭૯ના વર્ષમાં અમલમાં મુકવામાં આવેલી યોજનાઓની વિગતોમાં જવાની જરૂર નથી કારણ કે આ યોજનાઓ પાંચમી પંચવર્ષીય યોજના જેવી જ યોજનાઓ છે.

છઠ્ઠી પંચવર્ષીય યોજના દરમિયાન આદિવાસી પેટા યોજના હેઠળની યોજનાઓ અને ખર્ચની વિગતો વિષયક માહિતી ૧૯૮૧-૮૨ના વર્ષમાં હાથ ધરાનારી યોજનાઓના કોઠામાંથી મળી શકે છે.

આદિવાસી પેટા યોજનામાં ૧૯૮૧-૮૨ના વર્ષ દરમિયાન હાથ ધરાનારી યોજનાઓ તેમજ ખર્ચની વિગત દર્શાવતો કોઠો.

ક્રમ.	યોજના	૧૯૮૧-૮૨ના વર્ષની જોગવાઈ	તા. ૩૧-૩-૮૨ સુધીમાં થયેલ ખર્ચ રૂ.માં	જોગવાઈ સામે થયેલ ખર્ચની ટકાવારી
૧.	ખેતીવાડી	૭,૭૪,૦૦૦	૭,૩૯,૫૧૦	૯૫.૫૪
૨.	સિંચાઈ	૨૮,૦૦૦	૪,૦૦૦	૧૫.૦૦
૩.	સહસંશોધન વૈજ્ઞાનિક	૬,૬૭,૮૦૦	૪,૭૭,૪૫૬	૭૧.૯૧
૪.	જમીન રસાયણ	-	-	-
૫.	ભૂમિ સંરક્ષણ	૩,૮૩,૦૦૦	૩,૪૫,૫૯૭	૯૩.૦૦
૬.	પશુપાલન	૫,૯૭,૦૦૦	૩,૯૨,૮૬૬	૬૬.૦૦
૭.	મરઘાં વિસ્તરણ	૨,૩૫,૦૦૦	૫૬,૬૮૪	૨૪.૦૦
૮.	વન (ઉત્તર વિભાગ)	૨૨,૨૦,૩૦૦	૨૧,૮૭,૮૦૦	૯૮.૦૦
૯.	વન (દક્ષિણ વિભાગ)	૨૮,૩૩,૫૦૦	૨૬,૩૭,૭૧૬	૯૩.૦૦
૧૦.	સામુહિક વિકાસ અને પંચાયતો	૧૧,૨૪,૦૦૦	૧૨,૪૦,૯૯૦	૧૧૦.૦૦
૧૧.	રસ્તા અને મકાનો	૨૨,૨૩,૦૦૦	૩૨,૦૮,૦૧૬	૧૪૪.૦૦
૧૨.	રસ્તા અને મકાનો જી.પં ડાંગ બાંધકામ	૨૪,૨૫,૦૦૦	૨૬,૩૮,૦૦૦	૧૦૯.૦૦
૧૩.	આરોગ્ય	૭૬,૮૦૦	૭૫,૬૪૦	૯૮.૦૦
૧૪.	સહકાર	૨,૭૦,૦૦૦	૨૪,૩૮૯	૯.૦૪
૧૫.	ઉદ્યોગ	૧,૦૬,૦૦૦	૨૫,૧૧૦	૨૩.૦૦
૧૬.	માધ્યમિક શિક્ષણ	૭,૮૨,૦૦૦	૪,૨૫,૦૦૦	૫૪.૦૦
૧૭.	પ્રાથમિક શિક્ષણ	૭,૧૦,૫૦૦	૬,૬૬,૭૭૨	૯૩.૦૦
૧૮.	પ્રૌઢ શિક્ષણ	૧,૮૪,૦૦૦	૧,૭૫,૩૮૬	૯૫.૦૦
૧૯.	મજુર અને મજુક કલ્યાણ	૩,૧૧,૦૦૦	૨,૯૫,૯૫૬	૯૫.૦૦
૨૦.	તબીબી, જાહેર આરોગ્ય અને સ્વચ્છતા	૨,૯૪,૮૦૦	૨,૭૦,૩૪૭	૯૧.૦૦
૨૧.	ક્ષય નિયંત્રણ	૨,૪૦,૦૦૦	૨,૨૭,૧૯૭	૯૫.૦૦
૨૨.	પાણી પુરવઠો	૮૦,૦૦૦	૬૭,૪૪૩	૮૪.૩૦
૨૩.	પછાતવર્ગ કલ્યાણ	૪,૯૩,૫૦૦	૬,૮૯,૭૮૪	૧૩૯.૦૦
૨૪.	ગ્રામ વિકાસ એજન્સી	૧૨,૦૦,૦૦૦	૬,૨૯,૯૮૯	૫૨.૪૯
૨૫.	સમાજ સુરક્ષા	૫૦,૦૦૦	૪૩,૭૩૩	૮૭.૪૬
૨૬.	પોષણ	૨,૫૧,૫૦૦	૬૯,૩૧૨	૨૭.૦૦

૧	૨	૩	૪	૫
૨૭.	આયુર્વૈદિક	૧,૦૦,૦૦૦	૮૫,૫૦૦	૮૫.૫૦
૨૮.	ન્યુકલીઅસ બજેટ	૬,૦૦,૦૦૦	૫,૯૮,૨૮૧	૯૯.૨૦
૨૯.	સંકલિત આદિજાતિ વિસ્તારનું મહેકમ ખર્ચ	૧,૪૦,૦૦૦	૧,૩૯,૯૦૭	૯૯.૯૮
ટી.એસ.પી. યોજનાઓનું કુલ		૧,૯૪,૦૦,૨૦૦	૧,૮૪,૩૮,૨૮૮	૯૫.૦૪

આદિવાસી પેટા-યોજનાનું એક વિશિષ્ટ લક્ષણ એ છે કે આ યોજનાઓ સ્થાનિક વિસ્તારની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ઘડવામાં આવતી હોવાથી દશ વર્ષના સમય ગાળામાં ત્યાંના આદિવાસીઓનું જીવન ધોરણ સુધારવાનો તેમજ રોજગારીની વધુને વધુ તકો ઉભી કરવાનું લક્ષ્ય રાખવામાં આવે છે અને આ હેતુઓને ધ્યાનમાં રાખીને વિકાસ પ્રયત્નોનું મૂલ્યાંકન કરવામાં આવે તો એ સ્પષ્ટ પણે એવું બતાવે છે કે પહેલી અને બીજી પંચવર્ષીય યોજના દરમિયાન થયેલા વિકાસના પ્રયત્નો ડાંગના આદિવાસીઓના ભાવિલક્ષી વ્યુહરચના ઉભી કરી શકયા નથી. કેમ કે ડાંગના આદિવાસીઓની અર્થવ્યવસ્થા જંગલઆધારિત છે. અને આજે પણ ડાંગના મોટાભાગના આદિવાસીઓની અર્થવ્યવસ્થામાં જંગલોનું સ્થાન કેન્દ્રમાં રહેલું છે.

જંગલ વિષયક નીતિમાં સ્થાનિક જરૂરિયાતો ધ્યાનમાં રખાતી હોવા છતાં પણ તેમાં રોકાણની નીતિતો વિશાળ જનસમુદાયની અર્થવ્યવસ્થાના સંદર્ભમાં જ મુલવવામાં આવે છે. હાલમાં જંગલના વિકાસમાં જે કંઈપણ રોકાણ કરવામાં આવે છે તે પાછળ વ્યાપારી હેતુઓ રહેલા હોય છે. જો કે તેમાં પણ આદિવાસીઓની આર્થિક પરિસ્થિતિ સુધારવાનો હેતુ તો પાયામાં હોય છે જ. જો કે આદિવાસીઓની અર્થવ્યવસ્થાના આયોજનમાં જંગલ આધારિત કાર્યક્રમો હોવા અંગે રાષ્ટ્રિય કક્ષાએ સર્વસમતિ હોવા છતાં પણ આ દિશામાં રચનાત્મક પગલાં ભરવાનું કામ હજુ સુધી બાકી રહયું છે. ડાંગ જિલ્લા જેવા વિસ્તારના વિકાસ કાર્યક્રમોમાં જંગલને અવલંબિત રાખવું એ અર્થહિન છે. આ વિસ્તારમાં જંગલ આધારિત અર્થવ્યવસ્થાનું આયોજન ઘડવું જોઈએ જેમાં ખેતી દ્વિતીય સ્થાન ધરાવતી હોય અને એ પણ હકીકત છે કે ખાડા-ટેકરાવાળી અને નબળી જમીન તથા સિંચાઈની સગવડ લગભગ ન હોવા જેવા કારણોને લીધે ખેતીના વિકાસમાં મર્યાદાઓ આવી જાય છે. આથી આદિવાસી વિકાસ અને જંગલ વિકાસએ બે ધ્યેયો એક સમાન હોવા જોઈએ. આદિવાસી અર્થવ્યવસ્થાની જરૂરિયાતો પસંદગીના ધોરણે અને જંગલ યોજનાના એક ભાગ તરીકે હોવા જોઈએ.

ઈંનપુર અને મરઘાં આપવાની યોજના પણ નિષ્ફળ રહી છે. ડાંગ જિલ્લામાં મરઘાં વિસ્તરણ કાર્યક્રમ શા માટે અસફળ રહયો છે તેની તપાસ કરતાં મરઘાં ઉછેર સાથે સંકળાયેલા લોકો દ્વારા જાણવા મળ્યું હતું કે સુધારેલી જાતના બચ્ચાઓને ડાંગનું વાતાવરણ માફક આવતું નથી. જો કે આ સત્ય હકીકત નથી કારણ કે આહવા ખાતેના સરકારી મરઘાં ઉછેર કેન્દ્રના મરઘાઓ જીવતા હોય છે

આ ઉપરાંત વિકાસની પ્રક્રિયામાં આદિવાસીઓ ભાગ લઈને પોતાનો ફાળો આપી શકે એ માટેની પરિસ્થિતિ ઉભી કરવાના પ્રયત્નો લગભગ સંપૂર્ણપણે કરવામાં આવ્યા નથી. યોજનાઓના અમલમાં ભીલ લોકોને ખાસ જોતરવામાં આવતા નથી. આ રીતે ડાંગના આદિવાસી સમાજમાં વિકાસના કાર્યક્રમો એક યા બીજી રીતે વર્ગ કોટિક્રમ મજબુત કરવા પ્રોત્સાહિત કરે છે. આદિવાસી પેટા-યોજનાના જે હેતુઓ અને લક્ષ્યો હતા તેનાથી વિવહિત પરિસ્થિતિ ડાંગમાં ઉભી થયેલી છે. વળી આર્થિક રીતે ઘણાજ પછાત એવા સંપન્ન કુનબી સમુદાય માટે તમામ સાધનો અને તકો પ્રાપ્ય બનાવીને વિકાસ આયોજનના હેતુને પણ દૂર ધકેલી દેવાયો છે. જો ભીલ લોકોને નિર્જન અવસ્થામાં છોડી દેવામાં આવે અને કુનબી તમામ લાભો આપવાનું ચાલુ રાખવામાં આવે તો ગંભીર પરિસ્થિતિ ઉભી થઈ શકે અને આ પ્રક્રિયા ઉભી થયેલી જ છે. જે આપણે મોટી સંખ્યામાં ભીલ લોકો મજુરીની શોધમાં બહારગામ સ્થળાંતર કરી જાય છે તે દ્વારા જોઈ શકીએ છે. અને આ મોસમી સ્થળાંતરની પ્રક્રિયા તાજેતરમાં જ આદિવાસી પેટા-યોજનાના ઘનિષ્ટ પ્રયત્નો સાથે જ શરુ થયેલી છે. આદિવાસીઓના આર્થિક વિકાસનો હેતું એ છે કે આર્થિક તકોને તેમના ઝૂંપડા સુધી લઈ જવી જોઈએ. પરંતુ ડાંગમાંથી ભીલ લોકો મોટા પાયા ઉપર મોસમી સ્થળાંતર કરે છે એ ધારણા સાચી હોય તો ભીલ લોકોના આર્થિક વિકાસ માટે નાના આપણા પ્રયત્નોના પરિણામો ઘણાજ દૂર છે. આ પરિસ્થિતિમાં ભીલ લોકો માટે ખાસ કાર્યક્રમો બનાવીને તેમને તૈયાર કરવા માટે મોટા પાયા ઉપર પ્રયત્નો કરવાની જરુર છે. અને ભીલ લોકો માટે લાભદાયી કાર્યક્રમો ઘડવાની બાબતમાં પણ આવા કાર્યક્રમો તેમને બંધ બેસતા હોય એ પણ જોવું જોઈએ. તેમજ ભીલ લોકોના આર્થિક વિકાસની વ્યુહરચના સાથે સંબંધિત પણ હોવા જોઈએ. કુનબી લોકો ખેતી સાથે સંકળાયેલા હોવાથી તેમની સાથે કામ કરવું સરળ છે. જ્યારે ભીલ લોકો સાથે કામ કરવુ સરળામણીમાં મુશ્કેલ છે. એટલે કુદરતી રીતે જ યોજનાઓના અમલ કરનારાઓ માત્ર કુનબી ઉપર ધ્યાન આપીને પોતાનું કામ સરળ બનાવી શકે. એટલે એક પ્રશ્નએ ઉભો થાય છે કે આ વહીવટકારો ભીલ લોકોને એંકત્રિત કરીને પ્રેરણા આપી શકે એ માટે તેમને કેવી રીતે પ્રેરવા જોઈએ? આ કાર્યએ રીતે પણ થઈ શકે કે નક્કી કર્યા મુજબના કાર્ય-ક્રમમાં મુખ્ય મુખ્ય જાતિના કુટુંબોની સંખ્યા નક્કી કરવી જોઈએ. અને ડાંગમાં આદિવાસી વસતિમાં ભીલ લોકોનો ૩૩% હિસ્સો છે એટલે કોઈપણ કાર્યક્રમના લાભાર્થીઓમાં ભીલ લોકો ૩૩% ના પ્રમાણમાં રહેશે વળી જેમની આર્થિક સ્થિતિ ખૂબજ વિષમ છે એવી જાતિઓના નક્કી કરાયેલા કુટુંબો આવરી લેવા માટે અધિકારીઓને જવાબદાર કેરવવા જોઈએ. માત્ર ભીલો માટેની અલગ સહકારી વ્યવસ્થા ગોઠવવાનું પણ સૂચવવામાં આવે છે. જો આ પ્રમાણેના પગલાં લેવામાં નહિં આવે તો એવો પણ વખત આવશે જ્યારે કોટવાળિયા, કોલઘા અને કાથોડીની જેમ ભીલ જાતિને પણ આદિમ જાતિ તરીકે જાહેર કરવી પડશે.

સામાન્ય રીતે આદિવાસીઓને સીધા અને તાત્કાલિક રીતે લાભદાયી થઈ શકે એવા કાર્યક્રમો થોડા હોય છે અને તેમાં નાણાંકીય વ્યવસ્થા પણ ઠીક ઠીક હોય છે. પરંતુ દરેક ક્ષેત્રોમાં કેટલાક મોટા કાર્યક્રમો કે જેને આદિવાસીઓ સાથે સીધો રીતે સંબંધ હોતો નથી એવા કાર્યક્રમોને પસંદગી આપવામાં આવે છે. દા.ત. વઘઈ ખાતેનું વનસ્પતિ ઉદ્યાન, વઘઈ અને સાપુતારા માર્ગ ઉપર કાજુ ઉગાડવા, અને સાપુતારા ખાતે ઋતુંભરા વિદ્યાપીઠ વગેરેની યોજનાઓ ગણાવી શકાય.

નોંધ :- આ લેખ મુળ અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાન્તર કેન્દ્રના સંશોધન મદદનીશ શ્રી સાયમન મહેવાને કર્યું છે. લેખક તેમનો ખુબજ આભારી છે.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

ડાંગ જિલ્લા વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી : ૫, ૬ નવેમ્બર ૧૯૮૨

કેટલીક વિકાસ પ્રવૃત્તિઓ અને ડાંગના ભીલો

- ડૉ. સિદ્ધરાજ સોલંકી

ભીલો ડાંગની સૌથી પ્રાચીન આદિવાસી પ્રજા છે. સમગ્ર ડાંગમાં છેક આદિકાળ સુધી આ પ્રજાનું શાસન હતું. સમગ્ર ડાંગમાં પાંચ રાજાઓ અને નવ નાયકો શાસન કરતા હતા. એક કાળે આ પ્રજાની સમગ્ર ડાંગમાં બહુમતી પણ હતી. ખેતી અર્થે તેમણે કુનબી પ્રજાને આ વિસ્તારમાં વસાવી. વારલી પણ પડોશના વિસ્તારોમાંથી અહીં આવી વસ્યા. ઉત્તર ડાંગના નિશાના, સુબીર, ગવ્હાન વિસ્તારમાં માવચી, ગામીતોની વસ્તી છે. તેને અડીને આવેલા મહારાષ્ટ્રના નવાગામ વિસ્તારમાં અને ગુજરાતના સુરત જિલ્લાના સોનગઢ તાલુકામાં પણ ગામીતો માવચીઓની વસ્તી છે. એટલે જે રીતે સમગ્ર ગામીત પટ્ટીના એક ભાગ રૂપે જ ગામીતો, માવચીઓ પેઢીઓથી આ વિસ્તારમાં વસે છે. અહીં ડાંગની વિવિધ વિકાસ યોજનાઓમાં અન્ય આદિવાસી જાતિઓની તુલનામાં ડાંગી ભીલો કેટકેટલો લાભ લઇ શક્યા છે તેનો કેટલીક વિગતો પરથી ખ્યાલ મેળવવા માગીએ છીએ.

૧. પંચાયતમાં પ્રતિનિધિત્વ :

ડાંગની જિલ્લા પંચાયતની અત્યારની સભ્યસંખ્યાનું જાતિવાર વિશ્લેષણ કરતાં એક સ્પષ્ટપણે જણાય છે કે તેમાં સૌથી વધુ સભ્ય સંખ્યા કુનબીઓની છે. તેના પછીના ક્રમમાં વારલી અને ગામીતો આવે છે. ડાંગમાં તાજેતરમાં આવીને વસેલી એવી કેટલીક જાતિઓએ પણ પ્રતિનિધિત્વ મેળવ્યુ છે. પણ ડાંગની સૌથી પુરાણી એવી આદિવાસી જાતિ ભીલો તેમની વસ્તીના પ્રમાણમાં પ્રતિનિધિત્વની દ્રષ્ટિએ છેક છેલ્લે આવે છે. જિલ્લા પંચાયતમાં તેમજ તેની સમિતિઓમાં પણ તેમનુ પ્રતિનિધિત્વ સાવ નહિવત્ છે. વિવિધ જિલ્લા સમિતિઓના અધ્યક્ષ યા ઉપાધ્યક્ષપદે તો એક પણ ભીલ નથી.

૨. જંગલ કામદાર સહકારી મંડળીઓમાં પ્રતિનિધિત્વ :

જંગલ કામદાર સહકારી મંડળીઓના હોદ્દેદારો મુખ્યત્વે કઇ કઇ જાતિના છે તેના અંગે ૧૬ જેટલી જંગલકામદાર સહકારી મંડળીમાંથી એકત્રિત કરેલી વિગતોનું વિશ્લેષણ કરતાં જણાય છે કે માત્ર એક જ સહકારી મંડળીના પ્રમુખ અને ઉપપ્રમુખ ભીલ છે. જ્યારે બાકીની ૧૪ મંડળીઓના પ્રમુખ, ઉપપ્રમુખ બિનભીલ છે. આમાં સૌથી વધુ પ્રમુખોની સંખ્યા કુનબી

આદિવાસી જાતિમાંથી છે. તેમાંથી લગભગ ૧૦ જેટલી જંગલ કામદાર સહકારી મંડળીના પ્રમુખ કુનબી અને વારલી છે. ઉપપ્રમુખોની સંખ્યા તો હજી પણ વિશેષ છે. દા.ત. દસ જેટ ઉપપ્રમુખો કુનબી છે. જ્યારે ગામીત વિસ્તારમાંની એક મંડળીના ઉપપ્રમુખ ગામીત છે પણ પ્રમુખ તો ફરીને કુનબી જ છે. તે જ રીતે વારલીઓની જ્યાં નોંધપાત્ર વસ્તી હોય એવા ગામો (દા.ત. મહાલ) પણ કુનબીઓ પ્રમુખ યા તો ઉપપ્રમુખપદે તો છે જ.

તે જ રીતે તેની કારોબારીમાં '૨૫-સભ્યક સમિતિમાં સભ્યોની જાતિવાર વહેંચણી જોઇએ તો પણ તેના પરથી સ્પષ્ટ રીતે તરી આવે . છે કે તેના કુનબીઓની સંખ્યા સૌથી વિશેષ છે. બીજી બધી જાતિઓના સભ્યોનો સરવાળો કરીએ તો પણ તે કુનબી જાતિના સભ્ય જેટલો થતો નથી. કુલ સભ્ય સંખ્યામાં કુનબી જાતિની કારોબારી સમિતિના સભ્યોની સંખ્યા લગભગ તેની વસ્તીના પ્રમાણમાં વિશેષ જણાય છે. જ્યારે ભીલોની સભ્યસંખ્યા વસ્તીના પ્રમાણમાં સાવ નગણ્ય જણાય છે. ગામીતો કરતાં પણ તેમના આ પ્રકારના પ્રતિનિધિ પ્રમાણ તેમની વસ્તીના પ્રમાણમાં ઘણું જ ઓછું જ છે. કેટલાક ભીલ બહુમતીના ગામોમાં પણ તેઓની વસ્તીના પ્રમાણમાં હોદ્દેદારોના સ્થાન પરની સંખ્યા અપવાદરૂપ અને ગણીગાંઠી જ જોવા મળે છે. આથી ઊલટું ચૌધરી, ધોડિયા જેવી બહારથી આવીને વસેલી જાતિમાંથી તેમની વસ્તીના પ્રમાણમાં સારી સંખ્યા સભ્યપદે છે એમ કહી શકાય.

૩. શિક્ષકોમાં ડાંગી ભીલ શિક્ષકોનું પ્રમાણ :

કોઠો-૧

ડાંગમાં જાતિવાર, કુલ ડાંગી શિક્ષકોની સંખ્યા દર્શાવતો કોઠો :

ક્રમ જાતિ	ભીલ	વારલી	કુનબી	કુલ ડાંગી આદિવાસી શિક્ષકો	અન્ય	કુલ
૧. જાતિવાર સંખ્યા	૧૦	૧૪	૨૨૮	૨૫૨	૭૭૯	૧૦૩૧
૨. ડાંગી શિક્ષકોનું જાતિવાર પ્રમાણ	૩.૯૭	૫.૫૬	૯૦.૪૭	૧૦૦.૦૦	-	-
૩. કુલ શિક્ષકોમાં જાતિવાર પ્રમાણ	૦.૯૭	૧.૩૬	૨૨.૧૧	-	૭૫.૫૬	૧૦૦.૦૦

કોઠા-૧ પરથી જોઇ શકીએ છીએ કે ડાંગના કુલ શિક્ષકોમાંથી માત્ર ચોથા ભાગના શિક્ષકો જ ડાંગી છે. પણ ડાંગી શિક્ષકોમાં ૯૦ ટકા ઉપરાંતના શિક્ષકો તો માત્ર કુનબી જાતિમાંથી જ છે. તેના પછી બીજ બીજા ક્રમે વારલી જાતિ આવે છે. જેમાં શિક્ષકોનું પ્રમાણ સાડા પાંચ ટકા જેટલું છે. જ્યારે લગભગ કુનબીઓ જેટલી જ વસ્તી ધરાવતી અને સા સમગ્ર ડાંગની વસ્તીના લગભગ ત્રીજા ભાગની વસ્તી ધરાવતી પ્રાચીન ભીલ પ્રજામાંથી શિક્ષકોનું પ્રમાણ તો માત્ર ચાર ટકા જેટલું જ છે. અને તે કુલ શિક્ષક સંખ્યામાં જોઇએ તો એક ટકા કરતાં પણ નીચું છે. જે ડાંગીઓ, શિક્ષક તરીકેની લઘુત્તમ લાયકાત ધરાવતા હોય તેનો મહદંશે ડાંગી શાળાઓમાં શિક્ષકો તરીકે સમાવેશ કરવાની સામાન્ય નીતિ જોતાં એમ સ્પષ્ટપણે જણાય છે કે જેઓ ભણ્યા હોય અને અધ્યાપન મંદિરોમાં તાલીમ લીધી હોય તેવી સંખ્યા સમગ્ર ડાંગની ભીલ વસ્તીમાંથી માત્ર દસ જ છે. મતલબ કે 3000ની વસ્તીએ માત્ર એકાદ જણ શિક્ષકની લઘુત્તમ લાયકાત જેટલું ભણેલો છે. ડાંગની કુનબી અને વારલી જાતિઓમાં આ પ્રમાણ ૬ અને ૧ છે. મતલબ કે આ બંને જાતિઓની તુલનામાં ભીલો શૈક્ષણિક દૃષ્ટિએ પાછળ છે. એ ખૂબ સ્પષ્ટ રીતે આ આંકડાઓ પરથી તરી આવે છે. અને એ રીતે આ જાતિને 'પ્રિમિટીવ ટ્રાઇબ'માં ગણીને તેમના શૈક્ષણિક વિકાસ માટે તેમને સવિશેષ તકો પૂરી પાડવાનું આવશ્યક બને છે.

તપાસ હેઠળનાં ભીલ કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ

કોઠો-૨

શિક્ષણની સ્થિતિ દર્શાવતો કોઠો

ક્રમ	ભણેલા		અભણ		કુલ	
	પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી
૧.	૫૦	૧૨	૨૧૪	૨૧૮	૨૬૪	૨૩૦
૨.	૧૮.૯૪	૫.૨૨	૮૧.૦૬	૯૪.૭૮	૧૦૦.૦૦	૧૦૦.૦૦

કોઠો-૨ તપાસ હેઠળનાં કુટુંબોની જાતિવાર શિક્ષણની સ્થિતિ દર્શાવે છે. પુરુષોમાં માંડ પાંચમા ભાગની વસ્તી અક્ષરજ્ઞાન ધરાવે છે. આ સહી વગેરે કરી શકે છે. સ્ત્રીઓમાં તો માત્ર ૨૦ મા ભાગની સ્ત્રીઓ જ લખી વાંચી જાણે છે., યા સહી કરી શકે છે. જેઓ ભણેલા હોવાનો દાવો કરે છે તેમાં પણ માધ્યમિક શાળા સુધી પહોંચેલા તો અપવાદરૂપ જ છે. તેનો ખ્યાલ કોઠા-૩ પરથી આવે છે.

ધોરણવાર શિક્ષણ સ્તર દર્શાવતા કોઠા-૩ પરથી જણાય છે કે તપાસ હેઠળનાં બધાં જ ૪ કુટુંબોમાંથી આગળનું શિક્ષણ જેણે લીધું હોય તેવી તો એક પણ વ્યક્તિ નથી. આઠ દસનું માધ્યમિક શિક્ષણ લીધું હોય તેવી એક પણ સ્ત્રી નથી. જ્યારે પુરુષોમાં આ સંખ્યા માત્ર ૧૧ જણની છે. ભણેલાઓની બાકીની બધી જ સંખ્યા પ્રાથમિક શિક્ષણ લીધેલાઓની છે. અને તેમાં પણ પુરુષોમાં કુલ શિક્ષિતોની લગભગ ત્રીજા ભાગની અને સ્ત્રીઓમાં તે લગભગ ૨/૩ ભાગની સંખ્યાએ તો માત્ર નીચલા પ્રાથમિક ધોરણોનું જ શિક્ષણ માંડ માંડ મેળવેલું છે. મતલબ કે તેઓ માત્ર સહી કરી શકે કે પ્રાથમિક અક્ષરજ્ઞાન જ ધરાવતા હોય એવી સ્થિતિમાં હોય એમ જણાય છે.

કોઠા-૩

તપાસ હેઠળનાં ગામોના કાંગી ભીલોમાં ધોરણવાર શિક્ષણનું પુરુષ-સ્ત્રી પ્રમાણ દર્શાવતો કોઠો

ધોરણ	પુરુષ	સ્ત્રી	ટકા	
			પુરુષ	સ્ત્રી
૧	૪	૩	૮.૦૦	૨૫.૦૦
૨	૨	૩	૪.૦૦	૨૫.૦૦
૩	૫	-	૧૦.૦૦	-
૪	૭	૨	૧૪.૦૦	૧૬.૬૭
૫	૧૦	૨	૨૦.૦૦	૧૬.૬૭
૬	૪	૧	૮.૦૦	૮.૩૩
૭	૭	૧	૧૪.૦૦	૮.૩૩
૮	૮	-	૧૬.૦૦	-
૯	૧	-	૨.૦૦	-
૧૦	૨	-	૪.૦૦	-
કુલ	૫૦	૧૨	૧૦૦.૦૦	-

કેન્દ્ર દ્વારા આ અગાઉ ડાંગના ક્ષેત્ર અભ્યાસ માટે હાથ ધરવામાં આવેલી એક અન્ય મોજણી પસંદ કરવામાં આવેલાં ચાર ચાર ગામોનાં પરિણામો પણ ખૂબ જ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે એક માત્ર કોટવાળિયાને બાદ કરતાં જે તે ગામમાં વસતી બાકીની ત્રણ આદિવાસી જાતિઓ કુનબી, વારલી અને ભીલમાં તપાસ હેઠળનાં બધાં જ ગામોમાં શિક્ષણનું પ્રમાણ સૌથી ઓછું હતું (જુઓ કોઠા-૪)

સઘન તપાસ હેઠળનાં કોઠામાં દર્શાવ્યા પ્રમાણેનાં બધાં જ ગામોમાં ગામવાર જોઇએ તો એક પણ ગામ એવું ન હતું કે જ્યાંની આદિવાસી જાતિવાર કુલ વસ્તીમાં ભીલોમાં શિક્ષિતોનું પ્રમાણ જે તે ગામમાં વસતી કુનબી અને વારલી આદિવાસી જાતિ કરતાં વિશેષ હોય. જે તે

જાતિની તપાસ હેઠળનાં ગામવાર કુલ વસ્તીમાં **જાતિવાર ભણેલાઓની સંખ્યાનો તફાવત કેટલાંક ગામોમાં** તો ૨૫ ટકા જેટલો મોટો છે. મતલબ કે ભીલોમાં શિક્ષણના પ્રમાણની અલ્પતાના માનવામાં મોટી છે. તે જ રીતે ભીલોની તપાસ હેઠળનાં ગામમાં કુલ વસ્તીમાં અભણના પ્રમાણની દ્રષ્ટિએ જો જોઇએ તો એકાદ ગામમાં તો અભણનું પ્રમાણ કોઠામાં જોઇ શકીએ છીએ તે રીતે ૯૯ ટકા જેટલું હતું જ્યારે તપાસ હેઠળના બીજાં બે ગામોમાં પણ આ પ્રમાણ ૯૬.૧૫ % અને ૯૨.૩૧% હતું. તે જ રીતે બધાં જ ગામોની કુલ વસ્તીમાં અભણનું પ્રમાણ ૮૦% કરતાં પણ ઉપરનું હતું. **સ્વાભાવિક** રીતે જ ડાંગી ભીલોમાં આ વિસ્તારની અન્ય બે આદિવાસી જાતિઓ કુન કુનબી અને વારલી કરતાં અભણ વસ્તીનું પ્રમાણ વિશેષ હોય જ. તપાસ હેઠળનાં કેટલાંક ગામોમાં તો આ ગાળો લગભગ ૨૦% જેટલો બહોળો છે.

આ બધી બાબતો ખૂબ જ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે ડાંગની બે અગત્યની જાતિઓ કુનબી અને વારલીની તુલનામાં ભીલો શૈક્ષણિક રીતે ખૂબ જ પાછળ છે. અને તેમના શૈક્ષણિક વિકાસ માટે તેમનો અમુક 'પ્રીમીટીવ ગ્રુપ'માં સમાવેશ કરવો જોઇએ.

ધુબડિયા ભીલ		૧૮૮	૯	૧૫	૧૩	૮	૮	૬	૪	-	-	-	-	-		
			૪.૭૯	૭.૯૮	૬.૯૧	૪.૨૬	૪.૨૬	૩.૧૯	૨.૧૩	-	-	-	-	-		
	કુનબી	૧૨	૩	-	-	-	૨	-	-	-	-	-	-	-		
			૨૫.૦	-	-	-	૧૬.૬૭	-	-	-	-	-	-	-		
ઢોળીઆળા ભીલ		૨૬	૧	-	-	-	-	-	-	-	-	-	-	-		
			૩.૮૫	-	-	-	-	-	-	-	-	-	-	-		
	વારલી	૪૩૬	૨૬	૨૧	૨૫	૯	૧૧	૩	૬	૨	-	-	-	-	[illegible]	
			૫.૯૬	૪.૮૨	૫.૭૩	૨.૦૬	૨૦.૫૨	૦.૬૯	૧.૩૮	૦.૪૬	-	-	-	-	[illegible]	
ગોટિયામાળ ભીલ		૨૬	૧	-	-	-	-	-	૧	-	-	-	-	-	૮	
			૩.૮૫	-	-	-	-	-	૩.૮૫	-	-	-	-	-)	૨૪.૨૪	
	વારલી	૩૩	૧	-	૨	૨	૧	-	-	૧	૧	-	-	-	૬૪	
			૩.૦૩	-	૬.૦૬	૬.૦૬	૩.૦૩	-	-	૩.૦૩	૩.૦૩	-	-	-	૨૯.૬૩	
	કુનબી	૨૧૬	૧૨	૧૧	૧૦	૫	૭	૭	૪	૨	૩	૧	૧	૨	૧	
			૫.૫૬	૫.૦૯	૪.૦૩	૨.૩૧	૩.૨૪	૩.૨૪	૧.૮૫	૦.૯૩	૧.૩૯	૦.૪૬	૦.૪૬	૦.૯૬	૦.૯૪	
ટેકપાડા ભીલ		૧૦૬	-	-	-	-	૧	-	-	-	-	-	-	-	-	
							૦.૯૪								૧૧	
	કોટવાળિયા	૪	-	-	-	-	-	-	-	-	-	-	-	-	૨૪.૪૪	
	વારલી	૪૫	૧	૧	૨	૪	-	૧	૨	-	-	-	-	-	૫૬	
			૨.૨૨	૨.૨૨	૪.૪૪	૮.૮૯	-	૨.૨૨	૪.૪૪	-	-	-	-	-	૨૫.૪૫	
	કુનબી	૨૨૦	૯	૧૨	૮	૬	૫	૪	૧૧	-	-	૧	-	-	૬૭	[illegible]
			૪.૦૯	૫.૪૫	૩.૬૪	૨.૭૩	૨.૨૭	૧.૮૨	૫.૦	-	-	૦.૪૫	-	-	૧૯.૩૬	[illegible]
કુલ	ભીલ	૩૪૬	૧૧	૧૫	૧૩	૮	૯	૬	૫	-	-	-	-	-	૧૨૫	૩૨૩
			૩.૧૮	૪.૩૪	૩.૭૬	૨.૩૧	૨.૬૦	૧.૭૩	૧.૪૫	-	-	-	-	-	૨૭.૭૦	૭૨.૧૦
	કુનબી	૪૪૮	૨૪	૨૩	૧૮	૧૧	૧૪	૧૧	૧૫	૨	૩	૨	૧	૨	૧૨૨	૩૯૨
			૫.૩૬	૫.૧૩	૪.૦૨	૨.૪૬	૩.૧૩	૨.૪૬	૩.૩૫	૦.૪૫	૦.૬૭	૦.૪૫	૦.૨૨	૦.૪૫	૨૩.૭૪	[illegible]
	વારલી	૫૧૪	૨૮	૨૨	૨૯	૧૫	૧૨	૪	૮	૩	૧	-	-	-		
			૫.૪૫	૪.૨૮	૫.૬૪	૨.૯૨	૨.૩૩	૦.૭૮	૧.૫૬	૦.૫૮	૦.૧૯	-	-	-		
	કોટવાળિયા	૪	-	-	-	-	-	-	-	-	-	-	-	-		

કોઠો-૪ ચાલુ બધાનું કુલ

ગામની સંખ્યા	જાતિ-૪	સંખ્યા	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	પી.ટી.સી.	કુલ	અભણ
ધુલડિયા, ઢોડીઆંબા, ગોટિયામાળ, ટેકપાડા	ભીલ, કુનબી, વારલી, કોટવાળિયા	૧૩૧૨	૬૩	૬૦	૬૦	૩૪	૩૫	૨૧	૨૮	૫	૪	૨	૧	૨	૩૧૪	૯૯૮
			૫.૭૨	૪.૫૭	૪.૫૭	૨.૫૯	૨.૬૭	૧.૬૦	૨.૧૩	૦.૩૮	૦.૩૦	૦.૧૫	૦.૦૮	૦.૧૫	૨૩.૯૩	૭૬.૩

કોઠો-૫

૧૯૮૦-૮૧ના વર્ષમાં રોજગાર કચેરીમાં નોંધાયેલ જાતિવાર સંખ્યા

ક્રમ	જાતિ: કુનબી	ભીલ	ધોડિયા	ગામીત	વારલી	હરિજન	અન્ય	કુલ
૧	૪૭	૧૬	૨૪	૧૦	૧	૭	૩૮	૧૪૩
૨	૦.૩૩	૦.૧૧	૦.૧૭	૦.૦૭	૦.૦૧	૦.૦૫	૦.૨૬	૦.૧૦૦

ગામ / જાતિ	કુલ સંખ્યા	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	પીટીસી	કુલ	અભણ
ધુલડિયા ભીલ	૧૮૮	૯	૧૫	૧૩	૮	૮	૬	૪	-	-	-	-	-	૬૩	૧૨૫
		૪.૭૯	૭.૯૮	૬.૯૧	૪.૨૬	૪.૨૬	૩.૧૯	૨.૧૩	-	-	-	-	-	૩૩.૫૧	૬૬.૯૧
કુનબી	૧૨	૩	-	-	-	૨	-	-	-	-	-	-	-	૫	૭
		૨૫.૦	-	-	-	૧૬.૬૭	-	-	-	-	-	-	-		
ઢોડીઆંબા ભીલ	૩૬	૧													

રોજગાર કચેરીમાં બેકારોની નોંધણીની સંખ્યા (જાતિવાર) કોઠા-૫માં આપવામાં આવી છે. તેના પરથી જણાય છે કે ડાંગ આહવા ખાતેની નોંધણી કચેરીમાં બેકાર તરીકે પોતાનું નામ નોંધાવનારમાં સૌથી વધુ સંખ્યા કુનબીઓની છે. તેના પછી બીજા ક્રમે આ સગવડનો લાભ લેનારની સંખ્યા, ડાંગમાં નગણ્ય (માત્ર દોઢ ટકો) વસ્તી ધરાવતી કોકણા જાતિની છે. ડાંગમાં માત્ર પાંચ ટકાની વસ્તી ધરાવતી બિનઆદિવાસી પ્રજામાંથી કુલ નોંધણી કરાવનારની સંખ્યા ૨૫ ટકા જેટલી છે. જ્યારે ડાંગની કુલ આદિવાસી વસ્તીમાં ત્રીજા ભાગની વસ્તી ધરાવનાર ભીલોમાંથી આ સગવડનો લાભ લેનારની સંખ્યા માત્ર દસમા ભાગની જ છે. મતલબ કે બેકાર તરીકે રોજગાર વિનિમયની કચેરીમાં નામ નોંધાવી રોજગારી મેળવવાના પ્રયાસો કરવામાં પણ ભીલો અન્ય પ્રજા કરતાં પ્રમાણમાં ઠીક ઠીક પાછળ છે. આ બધી વિગતો નિઃશંક પણે સૂચવે છે કે ડાંગની બધી જનસંખ્યાની દ્રષ્ટિએ મહત્વની આદિવાસી જાતિઓની તુલનામાં ભીલો વિકાસ યોજનાઓનો લાભ લેવામાં ખૂબ જ પાછળ રહી ગયા છે. અને નિદાન ડાંગની બીજી જાતિઓની હરોળમાં લાવવા સારું પણ જ થોડાક સમય માટે પણ 'પ્રિમિટીવ ટ્રાઇબ્ઝ'ની યાદીમાં તેનો સમાવેશ કરી તેમને માટેની ખાસ યોજનાઓ વિશાળ પાયા પર સમગ્ર ડાંગમાં હાથ ધરાવવી જોઇએ એમ સ્પષ્ટપણે જણાય છે.

વિકાસ યોજના :

આજે આ ડાંગી ભીલો જનસંખ્યાની દ્રષ્ટિએ બહુમતિમાં હોવા છતાં શાસિત શોષિત પ્રજા તરીકે ભીષણ આર્થિક ગરીબીમાં જીવે છે.

શૈક્ષણિક રીતે ડાંગના ચાર મહત્વનાં આદિમજૂથો કુનબી, વારલી, ગામીત અને ભીલમાં સૌથી છેલ્લા ક્રમાં ભીલો આવે છે. તે જ રીતે ડાંગમાં ને બહારની જાહેર સેવાઓમાં ડાંગના અત્યારના ગ્રામ્ય સ્તર પરની નેતાગીરીમાં મહત્વના સત્તાસ્થાનો, પાટલ પાટીલ, કારભારી, સરપંચ વગેરે પદો પર તેમજ અન્યત્ર ભીલોનું સ્થાન તેમની જનસંખ્યાના પ્રમાણમાં સૌથી ઓછું હોવાની સંભાવના છે. ભીલોમાં નિષ્ક્રીયતા, જમીન તરફનું તેમનું વલણ, એક તબક્કે તેમની પરંપરાગત માલિકીની જમીન પરનો અધિકાર ગુમાવી દેવા માટે કારણભૂત છે બનેલ છે. એટલે એ સંજોગોમાં ડાંગી ભીલોમાં શૈક્ષણિક વિકાસ માટે વિવિધ સેવાઓમાં તેમના પ્રમાણની બહુમત્તા માટે અને તેમનામાં પરંપરાગત તેમજ અદ્યતન નેતૃત્વના વિકાસ માટે તેમજ તેમની આર્થિક સુધારણા માટે કેટલાક વિશિષ્ટ કાર્યક્રમોમાં આ જાતિને 'પ્રિમિટીવ ટ્રાઇબ્ઝ' ગણીને તેના વિકાસ માટે હાથ ધરવા આવશ્યક બને છે.

શૈક્ષણિક વિકાસ : આપણે અન્યત્ર નિર્દેશ કર્યો છે તે રીતે ભીલો ડાંગની અન્ય ત્રણ મહત્વની

ત્રણ આદિવાસી જાતિઓ કુનબી, વારલી અને ગામીતની તુલનામાં શૈક્ષણિક રીતે સૌથી પછાત આદિવાસી જાતિ છે. તેમનામાંથી ડાંગમાં તેમજ ડાંગ બહાર પણ તેમની કુલ વસ્તીના પ્રમાણમાં શિક્ષકોમાં તેમજ બીટગાર્ડ, પોલીસ તેમજ અન્ય સેવાઓમાં બહુ જ ઓછું પ્રમાણ છે. શૈક્ષણિક પછાતપણાને લીધે કદાચ મહદ્અંશે શૈક્ષણિક આવશ્યકતા ધરાવતા પશ્ચાદભૂમિકાવાળા વાતાવરણમાં તેઓ ગ્રામસ્તર પર યા જિલ્લા સ્તર સ્તર પર અસરકારક નેતૃત્વ પુરું પાડી શકતા નથી. આ પરિસ્થિતિમાં ડાંગી ભીલોને લાંબે ગાળે અસરકારક સુધારો કરી શકે એમ જણાય છે. ડાંગી ભીલોના શૈક્ષણિક વિકાસ માટે નીચેનાં સૂચનો કરવામાં આવે છે :

(૧) ડાંગી ભીલ આશ્રમશાળાઓ : ગુજરાતના આદિવાસીઓમાં આર્થિક, શૈક્ષણિક રીતે પ્રમાણમાં સૌથી નબળાં જૂથો કાથોડી, કોલઘા, કોટવાળિયા વગેરે માટે જે રીતે કેટલીક ખાસ આશ્રમશાળાઓ ઊભી કરવામાં આવી છે તે જ ધોરણે ડાંગના બધા વિસ્તારોમાં ખાસ કરીને ભીલો માટે જ ખાસ આશ્રમશાળાઓ ખોલવાની ભલામણ કરવામાં આવે છે. ભીલોની વસ્તી છૂટક છૂટક અને તૂટક તૂટક રીતે ડાંગના બધા જ વિસ્તારોમાં છે. આ વધતે ઓછે હોવાથી પ્રારંભમાં ઉત્તર, દક્ષિણ, મધ્યપૂર્વ અને પશ્ચિમ ડાંગમાં મહ્ઝ મહદ્અંશે ભીલ વસ્તીવાળાં ગામોમાં પાંચ ભીલ આશ્રમશાળાઓથી આ યોજનાની શરૂઆત કરી શકાય. આવી પાંચ આશ્રમશાળાઓ ઉપરાંત અત્યારે ડાંગમાં ચાલતી બધી આશ્રમશાળાઓમાં ડાંગી ભીલ બાળકોને નવી ભરતીમાં તેમની વસ્તીના ધોરણે પ્રથમ પસંદગી આપવાનું ધોરણ પણ અપનાવી શકાય. વળી ડાંગમાં કોટવાળિયા અને કાથોડી બાળકો માટેની જે આશ્રમશાળાઓ છે તે આશ્રમશાળાઓના ધોરણ પર આશ્રમશાળાઓ તેમજ ઈતર શાળાઓમાં કેટલીક વિશિષ્ટ સવલતો આપવાનું ધોરણ (દા.ત. બાળકદીઠ મા બાપને અનાજના રૂપમાં સહાય) પણ અપનાવી શકાય. શરૂઆતના તબક્કે વાલી ફાળો લેવાનું ન રાખવું જોઈએ.

આ બાળકોનો પાયો ગણિત, ભાષા વગેરેમાં વધુ પાકો બને અને તેઓ ભવિષ્યમાં સરળતાથી માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણ લઈ શકે તે માટે વિશિષ્ટ આ શિક્ષણની વ્યવસ્થા પણ વિચારી શકાય.

<u>આર્થિક વિકાસ :</u> આપણે અગાઉ જોઈ ગયા તે રીતે ભીલો ડાંગની સંખ્યાની દૃષ્ટિએ બીજા ક્રમમાં આવતી મહત્વની આદિવાસી જાતિ છે છતાં તે વિકાસ યોજનાઓનો લાભ લેવામાં ડાંગની બીજી ત્રણ મહત્વની આદિવાસી જાતિઓ કુનબી, વારલી અને ગામીતની તુલનામાં સૌથી પાછળ છે. કેટલીકવાર આ જાતિ સહેતુક રાખવામાં આવતી હોવાના દાખલા પણ મળ્યા છે. સંખ્યાની દૃષ્ટિએ એક કાળે ડાંગની સૌથી પ્રાચીન અને સૌથી મોટી આદિવાસી જાતિ તરીકેનું મહત્વ ધરાવનાર આ આદિવાસી આ આ જાતિ વસ્તીના પ્રમાણમાં વિવિધ યોજનાઓ માટેનાં નાણાં ફાજલ પાડવાની ભલામણ કરવામાં આવે છે. આવાં નાણાં માત્ર એ જાતી વિકાસ પૂરતાં જ

નહીં પણ કોઇ પણ યોજનામાં હોવા જોઇએ.

ભીલો કુશળ શિકારીઓ છે. વાસ્તવમાં હમણાં થોડા જ દિવસો પહેલાં તેમની અર્થવ્યવસ્થા પણ મહદ્ અંશે નિર્ભર હતી. આ જાતિના લોકોના સસલાના શિકારના અને માછલી મારવાના શોખ લક્ષમાં લેતાં સસલા ઉછેર, મરઘાં ઉછેર અને મત્સ્ય ઉછેર કાર્યક્રમમાં આ પ્રજા ખાસ રસ લેશે એમ લાગે છે. આ પ્રજા માટે લોન અને સંબંધિત ઇતર સગવડો પૂરતા પ્રમાણમાં ડાંગના આ યોજનાઓનો લાભ લેનાર સર્વ ભીલોને આ માટેનું ખાસ બજેટ ફાળવીને વિશિષ્ટ રીતે આપવો જોઇએ.

ડાંગી ભીલ સંસ્કૃતિમાં અત્યારના તબક્કે ગાડું અનેકવિધ રીતે પ્રવેશી ચૂક્યું છે તદ્દન નાના બાળકો પાંદડાં અને સળીઓનો ઉપયોગ કરીને ગાડું બનાવતાં મેં જોયાં છે. તે જ રીતે રમકડાં ડાંગી ગાડી પર ખાસ કરીને ઢાળ પર રમતા ભીલ કિશોરો સાથે કલાકો ગાળેલા તેનું સ્મરણ થાય છે. લાકડાની હેરફેરમાં ગાડાની બહુ વિશાળ પ્રમાણમાં ડાંગી માલવાહકો ઉપયોગ કરે છે. તેમની અત્યારની અર્થવ્યવસ્થામાં ગાડું એક મહત્વનું અંગ બન્યું છે. કવચિત્ લગ્નોત્સવ જેવા કેટલાક સામાજિક યા જાતિના યા હાટના પ્રસંગોમાં પણ અપવાદરૂપે તેમનો ઉપયોગ થતો જોવા મળે છે. તેમના સમાજમાં તેને આજીવિકાનું આધારરૂપ પ્રતિષ્ઠાદાયી સાધન લેખવામાં આવે છે. આમ ગાડાં તેમના અત્યારના સાંસ્કૃતિક જીવનમાં એક વિશિષ્ટ સ્થાન છે. તેથી ગાડા માટે તેમજ તેના વાહક તરીકે કામ કરતા બળદો કે પાડા માટેની વધુ ઉદાર શરતે લોન સહાય વગેરેની ખાસ વ્યવસ્થા ડાંગી ભીલ કુટુંબો માટે કરવી જોઇએ. હકીકતે તદ્દન જમીનવિહોણા યા નાના અને સીમાંત ભીલ ખેડૂતો માટે ખાસ કરીને ડાંગમાં ગાડા તેમજ બળદ-પાડાની લોન ખૂબ સરળતાથી સરળ હપ્તે મળી રહે તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઇએ. ડાંગમાં વન ઉછેરની વિશિષ્ટ સાનુકૂળતાઓ છે. ડાંગી ખેડૂતો પોતાના ખેતરોમાં વનઉછેર કરે તેને માટેની એક વિશિષ્ટ યોજના આદિવાસી પેટા યોજના દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાનો લાભ ડાંગી ભીલ ખેડૂતો મોટા પ્રમાણમાં લે છે અને તેમને આ નિમિત્તે અપાતા વળતરની રકમમાં થોડો વધારો થાય તેવું પણ અચૂક વિચારી શકાય. વળી આવા પ્લોટોમાં જેમાંથી વધુ વળતર મળી શકે તેવી કેટલીક વિશિષ્ટ વનૌષધિઓ વગેરેનો ઉછેર થઇ શકે. ભીલ ખેડૂતો આ પરંપરાગત જ્ઞાનનો પૂરો ઉપયોગ કરી શકે અને તેમને યોગ્ય સમયે તેમાંથી વળતર મળી શકે તેવી વ્યવસ્થા પણ ગોઠવી શકાય. તેજ રીતે ડાંગના વિશિષ્ટ હવામાન વગેરેનો અભ્યાસ કરીને સોપારી, ઇલાયચી જેવા કેટલાક સૂકા મેવાનાં ઉછેર આર્થિક રીતે કાર્યક્રમ ધોરણે કરી શકાય એક એમ છે કે તે પણ સવેળા વિચારીને આ સંદર્ભમાં યોગ્ય યોજના વગેરે અમલી બનાવી શકાય. કેટલાક ડાંગી ભીલોમાં સુથારીકામ તરફનું વલણ દેખાય છે. તેમની ઝૂંપડીઓ તેઓ જાતે ઊભી કરે છે. કેટલાક ખેતીનાં સાધનો

પણ તેઓ જાતે બનાવી લે છે. કેટલાક વાદ્યોની બનાવટમાં પણ તેમનું આ કૌશલ્ય દ્રષ્ટિગોચર થાય છે એટલે એ દ્રષ્ટિએ સમગ્ર ડાંગમાં થોડોક રસ ધરાવનાર ભીલોને સુથારીકામ, વાંસકામની તાલીમઆપીને તેમની પેદાશના બજાર વગેરેની વ્યવસ્થા ગોઠવવામાં સહાયભૂત થઇને મદદરૂપ થઇ શકાય.

વિવિધ ડાંગી ગામોને લક્ષમાં રાખીને ત્યાંના પરંપરાગત ગ્રામ કારીગરોની આવશ્યકતાને લક્ષમાં રાખીને મર્યાદિત પ્રમાણમાં સુથારી કામ, કડિયાકામ, ઈંટકામ, બાલ કાપવાનું વગેરેના આવશ્યકતા અનુસારના ભીલ કુટુંબોને વિવિધ રીતે તાલીમ આપીને તૈયાર કરી શકાય. ને તેમને સવેળા સમયસર જે તે ધંધાની સાથે સંબંધિત કારીગરીના સાધનો વગેરે પૂરાં પાડીને જે તે વ્યવસાયના મંડાણમાં સહાયભૂત થઇ શકાય.

ડાંગી ભીલ ભીલ બહેનોને પૂરક રોજગારી પૂરી પાડી શકે તેવા સફળ અંબરચરખાના પ્રયોગ સંશોધકે તેમના ક્ષેત્રકાર્ય દરમ્યાન ડાંગમાં ગાઢવીમાં નિહાળેલો. અહીં ઘણાખરાં કુટુંબોમાં ચાર પાંચના જૂથમાં અંબર ચરખા ચલાવતી હતી. ઘેર એકલા કંટાળો ના આવે અને અરસપરસ વાત કરતા જઇ મધુર અવાજે ગીતો ગાતાં જઇને તેઓ કામ કરી શકતે તે માટે અડોસપડોશની ઝૂંપડીઓમાં સાથે મળીને તેઓ રેંટિયો ચલાવતી હતી. આવું ડાંગનાં અન્ય ગામોમાં પણ વિચારી શકાય. વળી એકમદીઠ એક અંબર કાર્યકર તરીકે પણ ભીલ સમાજના થોડું ઘણું ભણેલા પણ નિષ્ઠાવાન કાર્યકરોને તૈયાર કરીને રાખી શકાય. નોકરીઓમાં

<u>નોકરીઓમાં પ્રમાણ :</u> ડાંગના ભીલોનું તેમના વસ્તીના પ્રમાણમાં બહુ જ ઓછું પ્રમાણ જાહેર સેવામાં તેમજ વિવિધ સ્તર પરના નેતૃત્વમાં જોવા મળે છે. જાહેર સેવાઓમાં જેઓનો સમાવેશ થાય છે તેઓ નિદાન તેમના પૂરતા તો અન્ય ડાંગી ભીલોની તુલનામાં સામાન્ય રીતે આર્થિક રીતે નિયમિત બાંધી આવકવાળા અને પ્રમાણમાં સુખી ગણાય છે. તેમના બાળકો પણ અન્ય ભીલોની તુલનામાં ઘણી વાર સારું શિક્ષણ મેળવી શકે છે એટલે તે રીતે નિદાન ડાંગ જિલ્લા પંચાયતની સેવાઓમાં તેમજ ગ્રામ અને તાલુકા પરના નેતૃત્વમાં તેમની અસરકારક પ્રતિનિધિત્વ મળે તે ખાસ જોવું જોઇએ.

<u>ડાંગી ભીલ -સાંસ્કૃતિક વારસાની સાચવણી :</u> ડાંગના ભીલો પાસે તેમના વિશિષ્ટ લોકસાહિત્ય, લોકકથાઓ, દંતકથાઓ, લોકગીતો, હિંદી ગીતો, ઉખાણાં વગેરે સમૃદ્ધ વારસો પડેલો છે. આ વારસાનું જતન, સાચવણી અત્યંત આવશ્યક છે. સાંસ્કૃતિક સંપર્કના કળાના પ્રભાવમાં તે તણાઇ ન જાય તે જોવું આવશ્યક છે. વધતા જતા જનસંપર્ક અને શિક્ષણના પ્રસારની સાથે આ વારસાના કેટલાક અંગોમાં ધરમૂળનો ફેરફાર થાય. આ લુપ્ત થાય તે પહેલાં તેનો વૈજ્ઞાનિક ઢબે સંચય

થઈ શકે તો તે આ જાતિની એક મહત્વની સેવા થઈ શકશે. ભવિષ્યમાં તેના અભ્યાસીઓને આવો સંચય ખૂબ ઉપયોગી માહિતી પૂરી પાડી શકશે.

<u>ડાંગનાડભીલોનાં લોકનૃત્યો :</u> ગુજરાતના આદિવાસીઓની પ્રથમપંક્તિના લોકનૃત્યોમાંના એક છે. તેના વિવિધ ચાળાઓ, નૃત્યો, પ્રકારોની અનેકવિધ વિશિષ્ટતાઓજ તેના અભ્યાસીઓને આકર્ષે છે એવું જ ડાંગી બોલીના પવાડા-ભવાડા વગેરે અંગે પણ કહી શકાય. કેટલેક સ્થળે ક્ષેત્રકાર્ય દરમ્યાન ભીલ ગાયકો કે નૃત્યકારોનાં જૂથ બનેલાં પણ જોવા મળેલાં. આ પ્રવૃત્તિને સરકાર પણ અનેકવિધ રીતે પ્રોત્સાહિત કરી શકે. દા.ત. તે અત્યારે દુબળિયાના ભીલોની પાર્ટીને આપે છે તે રીતે કેટલાક ડાંગી નાટયગીત પ્રકાર, પવાડીના ખાસ શો કરવાની વ્યવસ્થા કરી શકે છે. તેવું જ થાળીવાજા પર ગાના કાર્યક્રમો અંગે પણ કરી શકાય.

ભીલો એક ખમીરવાન, સ્વાભિમાની પ્રજા છે. ડાંગના ભૂતપૂર્વ શાસકો, રાજાઓ, નાયકો વગેરેની વાતચીતમાં આ હકીકત બહુ જ સ્પષ્ટ રીતે તરી આવે છે. કારમી ગરીબી વચ્ચે પણ તેમનામાંનો આ પ્રશસ્ય ગુણ સચવાય અને અન્ય કેટલાક આદિવાસીઓના સમાજોની જેમ તેમનામાં લઘુતાગ્રંથીનો ભાવ ન જન્મે તે રીતે તેમનો વિકાસ થાય તે ખાસ જોવાવું જોઈએ. તેમના માટેના વિવિધ વિકાસ કાર્યક્રમોમાં પણ આ બાબતે શકય એટલા લક્ષમાં રાખીને કરવા જોઈએ.

ડાંગ વનસમૃદ્ધ હરિયાળો પ્રદેશ છે. આ વન સમૃદ્ધિના વિવિધ પ્રકારના પરંપરાગત અને સાંસ્કૃતિક સંપર્કજન્ય ઉપયોગમાં તેઓ કેટલીક વિશિષ્ટ કળાકારીગરી, દસ્તા પણ વ્યવસાય સ્વરૂપે ખીલવી શકે. દા.ત. ઈમારતી લાકડાં અને વાંસની વિપુલ માત્રામાં મળી રહેતા હોય ત્યારે તે બંને વ્યવસાયોમાં તેમાં રસીક ઈચ્છુકોને માટે વિકાસ થાય તેમજ તેઓના કેટલાક સારા રોજ કમાતા સુધાર થાય તેવું બની શકે. **વાંસકામ** પણ કુશળતાથ કરી શકે. આ બધા વ્યવસાયોમાં તેમના પરંપરાગત શોક ઉપરાંત નવા જમાનાના બજારની માંગને અનુસરીને પણ જીવનનિર્વાહ કરી શકે તે રીતની આવક મળે તે રીતે ગોઠવવા જોઈએ.

ભીલો કુશળ નિશાનબાજ છે, ધનુષ્યબાણથી અને ગીલોલથી કરવામાં આવતા શિકારમાં તેમની આ કાબેલિયત છતી થાય છે. તેમનું આ ધનુષ્યબાણ હવે કેટલાક ભીલ ઘરોમાં અદૃશ્ય થતું જાય છે પણ તેમના ખમીરને સમર્થક તેવું આ મહત્વનું આયુધ શકય તેટલું વધુ પ્રમાણમાં સચવાય તે આ જાતિને તેમજ સરવાળે સમગ્ર સમાજને ખૂબ જ લાભપદ નિવડશે.

...

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ - અમદાવાદ - ૩૮૦૦૧૪

ડાંગ જિલ્લા વિકાસ વિષય કાર્યગોષ્ઠી - નવેમ્બર ૫, ૬ ૧૯૮૨

ડાંગ જિલ્લા સંદર્ભ સૂચિ -

શ્રીમતી ભારતી દેસાઇ
આયોજન અધિકારી

દક્ષિણ ગુજરાતમાં આવેલો ડાંગ જિલ્લો રાજયના ૧૯ જિલ્લામાં વિસ્તારની દ્રષ્ટિએ ૧૮ મે નંબરે આવે છે તેનું ક્ષેત્રફળ ૧૭૭૮ ચો. કિ. મિ. છે. તે ૨૦° - ૩૩' - ૪૦" અને ૨૧° - ૫' - ૧૦" ઉત્તર અક્ષાંસ અને ૭૩° - ૨૭' - ૫૮" અને ૭૩° - ૫૬' - ૩૬" પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. આ નાનકડો ડાંગ જિલ્લો સહયાદ્રી પર્વતની ઉત્તરે છેક આવેલી હારના પશ્ચિમ ઢોળાવ ઉપર આવેલો છે. ડાંગ જિલ્લાની ઉત્તરે સુરત જિલ્લાના વ્યારા અને સોનગઢ અને મહારાષ્ટ્રનો નવાપુર તાલુકો પૂર્વમાં ધૂલિયા જિલ્લાનો સાકરી તથા નાસિક જિલ્લાના બાગલાણ અને કડવણ તાલુકાઓ, દક્ષિણ નાસિક જિલ્લાનો કડવણ તાલુકો અને સુરગણા મહાલ તો પશ્ચિમ દિશામાં વલસાડ જિલ્લાનો વાસંદા તાલુકો આવેલો છે. જિલ્લાનુ ' ડાંગ ' નામ સોમ્વત નીચે જણાવેલા ત્રણ કારણો પૈકી કોઇ એક ઉપરથી પાડવામાં આવેલુ હોવુ જોઇએ. સામાન્ય રીતે 'ડાંગ'નો અર્થ ડુંગરાળ ગામ થાય છે. એ રીતે જોઇએ તો કહી શકાય કે સમગ્ર જિલ્લો એક ડુંગરાળ પ્રદેશ છે. સમુદ્ર સપાટીથી ઘણી જગ્યાઓ પર ૧૦૫ મીટરથી ૧૩૧૭ મીટર સુધીના ઊંચાઇમાં ફેરફારો થાય છે. બીજો અર્થ વાંસ થાય છે. આ પ્રદેશ વાંસથી છવાયેલો છે. આ પ્રદેશમાં ઉત્તમ પ્રકારના કાંટસ વાંસ પેદા થાય છે. ત્રીજુ રામાયણમાં ઉલ્લેખાયેલા દંડકારણ્ય સાથે પણ આ નામ સંકળાયેલુ છે. દંતકથા પ્રમાણે રામ તેમના વનવાસ દરમ્યાન આ જિલ્લાની દક્ષિણે અને પૂર્વ આવેલા નાસિક જતા આ વિસ્તારમાંથી પસાર થયેલા ડાંગી લોકસાહિત્ય આ મહાકાવ્યના અનેક પ્રસંગોથી સભર છે. આજેપણ થાળી નામના વાદ્યો પર ડાંગી રામાયણ વગાડવામાં આવે છે. રામની સ્મૃતિ આ જંગલમય પ્રદેશને પાવન કરે છે. આ જિલ્લાના ઘણાં સ્થળોના નામ રામ અને રામ સબંધી વ્યકિતઓ સાથે એક યા બીજા પ્રકારે સંકળાયેલા છે. રામે જેના બોર ખાધા હતા તે ભીલ સ્ત્રી આ વિસ્તારની છે. એવી દંતકથા છે. તેને સમર્થન પણ મળે છે. બોરડીપાડાથી સુબીર સુધીનો ભાગ શબરીવન કહેવાય છે.

૧૯૧૮ પહેલા ડાંગ અશાંત વિસ્તાર હતો ત્યાં સામંતશાહી રાજયવ્યવસ્થા હતી. આ પ્રદેશના ભીલ રાજાઓ સ્વતંત્ર દિમાગના હતા તેને કારણે બહુ લાંબા સમય સુધી તેને કોઇ મહાત કરી શકયુ નહીં પણ ૧૮૫૭ પછી અંગ્રેજ સરકારે તેની વ્યાપારી રાજકિય નીતિથી આ લોકોને ધીરે ધીરે પરવશ બનાવ્યા. ભીલ પ્રજા દબાઇ અને ડાંગના વનોમાં શાંતિ સ્થપાઇ. ૧૮૫૮ પછી જંગલખાતાના વહિવટ દરમ્યાન ત્યાં શાન્તિ રહી. અંગ્રેજોએ આ પ્રદેશને બહારના સંપર્કથી તદ્દન

જુદો પાડયો ત્યાં થોડાઘણાં ગણ્યાગાંઠયા અધિકારીઓ અને વલસાડ તરફના સાહસિક વેપારીઓ સિવાય કોઈ અહીં આવતું નહીં અને કોઈને અહીં પ્રવેશ મળતો પણ નહીં આશ્ચર્ય પમાડે એવી આ વાત નકકર હકિકત છે. છેક ૧૯૪૭ સુધી એટલેકે સ્વરાજ આવ્યું ત્યાં સુધી ડાંગ પ્રદેશ અને ડાંગના લોકોને પ્રયત્નપૂર્વક સંપર્કથી દૂર રાખવામાં આવ્યા આ પ્રદેશમાં પ્રાથમિક દશામાં રહેતા રાજા પાસે નામનો જ કારભાર રહેતો હતો. બાકીની સત્તા અને વહિવટ સરકારના સીધા તાબામાં રહેતી ૧૯૩૩ થી ૪૩ સુધી આ વિસ્તાર રાજકીય વહિવટ નીચે હતો ૧૯૪૪-૪૭ સુધી સરકારનાં મુલકી વહિવટ હેઠળ હતો ત્યાંના ૮ ડાંગી રાજાઓને ભારત સરકારે માન્ય રાજાઓ ગણ્યા હતા. રાજાશાહીનો અંત આવતા ૧૯૪૮-૪૯માં ડાંગના રાજયોનું તે વખતના મુંબઈ રાજયમાં વિલિનીકરણ થયું તાત્કાલિક વહિવટ સુરત જિલ્લાના કલેકટરને સોંપાયો વખત જતા ડાંગનો અલગ જિલ્લો રચવાનું અનિવાર્ય ગણાતા જિલ્લાનું અલગ વહિવટી તંત્ર અસ્તિત્વમાં આવ્યું ૧૯૬૦માં ગુજરાતનું અલગ રાજય રચાતા ડાંગ જિલ્લો ગુજરાતનો એક ભાગ બન્યો.

સમગ્ર જિલ્લો એક ડુંગરાળ પ્રદેશ છે, ટેકરીઓ અને ખીણોવાળા આ પ્રદેશને કુદરતે છૂટે હાથે સૌંદર્ય વેર્યું છે. એવા આ નયનરમ્ય પ્રદેશ કુદરતી સૌંદર્યની ગુજરાતને મળેલી અનુપમ ભેટ છે. સપાટી ઉપરની લાલ અને કાળી માટી નિસર્ગ વરસી પર્વતારાજીની રંગોળીમાં રંગ પૂરે છે. આ પ્રદેશનો સમગ્ર વિસ્તાર વચ્ચે વચ્ચે સ્પષ્ટ મેદાનો અને ઊંચા ઊંચા ઢોળાવો વાળો છે. આ પ્રદેશ સ્પષ્ટ રીતે (૧) ગીરા (૨) પૂર્ણા (૩) ખાપરી (૪) અંબિકા નદીઓના ચાર મુખ્ય ખીણ પ્રદેશોમાં વહેંચાયેલો છે. પૂર્ણા અને અંબિકા ડાંગ જિલ્લામાંથી નીકળી વલસાડ જિલ્લામાંથી વહીને પશ્ચિમ તરફ અરબી સમુદ્રને મળે છે. ચોમાસાની ઋતુ સિવાય આ જિલ્લાની આબોહવા સુકી છે. આ ભારે વરસાદનો વિસ્તાર છે. અહીંનો ઢોળાવ વરસાદનું પાણી ઊતરવા દેતો નથી અને તેની ઘણી મોટી અસર પાક પર થાય છે. આ જિલ્લાનો સરાસરી વરસાદ ૧૮૦૦ થી ૨૦૦૦ મિ. મિ. છે. પણ ઉનાળામાં પાણીની અછત વરતાય છે. મે મહિનામાં સખત ગરમી હોય છે.

ડાંગ જિલ્લાની કુલ વસતિ ૧૧૩૯૯૬ છે. તેમાં આદિવાસીની ૧૦૪૯૭૫ છે. ડાંગ જિલ્લાની આદિવાસી વસતિમાં મુખ્યત્વે કુંકણા, ભીલ અને વારલી છે. તે સિવાય ગામીત, ધોડિયા, કાથોડિયા, વિટોલિયા, નાયકા, દૂબળા, ચૌધરી, ધાર કોળી, અને પારધી જાતિની વસતિ પણ ઓછા પ્રમાણમાં જોવા મળે છે.

આ વિસ્તારના લોકોનો મુખ્ય ધંધો ખેતી, ખેત મજૂરી, છુટક તેમજ જંગલ મજૂરી છે. વાંસકામના ગૃહઉદ્યોગ પણ ચાલે છે. આ વિસ્તારમાં જંગલો ગાઢ આવેલા છે. ડાંગનો સાગ પ્રસિધ્ધ છે, તે બ્રહ્મદેશ અને કર્ણાટકના સાગ જેવો ઊંચા પ્રકારનો સાગ છે. આ ઉપરાંત સાદડ, સીસમ,

હળદર, બહેડા, કલમ, પીપર, ખાખર, મોદળ, બોર, ગરમાળ, કોટી, આંબળા, મહુડા વગેરે વૃક્ષો પણ થાય છે. ડાંગના જંગલની વાર્ષિક આવક બે થી ત્રણ કરોડ રૂપિયાની છે. ગુજરાત રાજયના જંગલ ઉપરની આવકનો મોટો ભાગ ડાંગ જંગલનો છે.

અગાઉ જણાવ્યું તે મુજબ ડાંગનું વિલિનીકરણ થયું ત્યાં સુધી ડાંગ ડાંગના લોકો અને પ્રાણીઓ વિષે ઘણું જાણવા જેવું હોવા છતાં ડાંગના પ્રદેશને બહારના લોકોના સંપર્કથી અંગ્રેજ સરકાર સભાનપૂર્વક દૂર રાખ્યો હતો. પરિણામે આ લોકોને બહુ ઓછા લોકો જાણતા હતા. સ્વરાજ આવતા તેના બંધ દરવાજા ખુલ્યા સામાજિક રાજકીય કાર્યકરો ત્યાં કામ કરવા લાગ્યા પરિણામે ડાંગ બહારના લોકોને આ પ્રદેશ એના લોકો એની પરિસ્થિતિ એની તકલીફો જરૂરિયાતો ખૂબીઓ અને ખામીઓ વિષે સારો એવો ખ્યાલ આવતો ગયો. અને એની સાથે એના વિકાસ માટે કામ કરવાની શરુઆત થઇ ચૂકી ડાંગ વિષે વધુને વધુ જાણવાની બહારના લોકોને ઈંતેજારી પણ વધવા લાગી. આજે આ પ્રદેશ દેશભરમાં ઘણો ખરો જાણીતો બન્યો છે.

ડાંગની આદિવાસી પ્રજા અને તેમાં પણ ભીલોની આર્થિક સ્થિતિ ઘણી નબળી છે તેમને માટે ખેતીમાંથી પણ પૂરતી પેદાશ મળતી નથી અને આનુશાંગિક બીજા ઉધોગો પણ વિકાસ પામ્યા નથી તેથી રોજગારીની તકો નહીંવત છે. તેથી ડાંગના વિકાસમાં વેગ લાવવા માટે શું કરવું એ ગંભીર વિચારણા માંગી લે તેવો પ્રશ્ન છે. વિકાસ માટે શું કરવું તેની આજની અધ્યયન ગોષ્ઠીમાં ચર્ચાવિચારણા થશે પરંતુ જયારે ડાંગ ઉપર ચર્ચા કરીએ ત્યારે ડાંગ જિલ્લા સંદર્ભમાં શું શું લેખન સંશોધન કામગીરી થઇ છે તેનું અવલોકન કરવાની જરુરિયાત છે. કેટલીક સંસ્થાઓ અને વ્યકિતઓ દવારા આદિવાસીઓ માટે સંશોધનો અને કામો થયેલા છે. તે આપણે જાણીએ તો આગળ જવાનું દિશાસૂચન મળે એવા કેટલાક સંશોધનો લેખો અને પુસ્તકોની સંદર્ભસૂચિ અહીંયા આપવાનો મારો નમ્ર પ્રયાસ છે.

<u>સંદર્ભ સૂચિ</u>

(૧) અર્થશાસ્ત્ર આંકડાશાસ્ત્ર બ્યુરો આંકડાકીય રુપરેખા, ગુજરાત રાજય - ૧૯૬૭

ગુજરાતના દરેક વન વિસ્તારોની પેદાશોનો ખ્યાલ આપતું આ પુસ્તક આંકડાકીય માહિતી આપે છે. આમાંથી ડાંગ જિલ્લાના જંગલ પેદાશની માહિતી પ્રાપ્ત થાય છે.

(૨) ખાંભલા રામલાલ બી. કુંકણા જાતિ પંચ સ્વરુપ અને કાર્ય, ગુજરાત વિધાપીઠ, ૧૯૬૭ અનુ. ત. નિ. ૧૧

(૩) ગાયકવાડ પ્રકાશન, ડાંગ એક પ્રકાશન

(૪) ગુજરાત સાહિત્ય સભા, ડાંગ સમિતિનો અહેવાલ ૧૯૪૯

(૫) ગુજરાત સાહિત્ય સભાઃ ડાંગ વિષે લેખો સંદેશ અમદાવાદ, ૮મી સપ્ટે. ૧૯૫૦ અને ૮મી જુન ૧૯૫૧

(૬) ગુજરાત સાહિત્ય સભા , ડાંગ વિષે લેખો, જન્મભૂમિ મુંબઈ : ૩૦મી માર્ચ-૧૯૬૭

(૭) ગુજરાત રાજ્ય માહિતી ખાતુ, ગુજરાત એક દર્શન

(૮) ગુજરાત રાજ્ય માહિતી ખાતુ ડાંગ જિલ્લો પ્રગતિ પંથે - ૧૯૬૬

(૯) ગુજરાત રાજ્ય માહિતી ખાતુ આયોજનના અઢાર વર્ષ, ડાંગ જિલ્લો ૧૯૭૧

(૧૦) ગુજરાત રાજ્ય લોક સાહિત્ય સમિતિ - ગુજરાત લોક સાહિત્ય માળા મણકો ૨,૧૯૬૯

(૧૧) ગાંધી ભોગીલાલ ગુજરાત દર્શન, પ્રથમાવૃત્તિ ૧૯૬૦

(૧૨) ચિતળે દત્તાત્રેય ભાસ્કર, ડાંગ એક સમ્યક દર્શન, ડાંગ જિલ્લા પંચાયત આહવા

ડાંગના સાંસ્કૃતિક ઇતિહાસની રુપરેખા અને લોકજીવનની ગાથા ગાતા આ પુસ્તકમાં ડાંગી ઇતિહાસ તેની સંસ્કૃતિ તેનું લોકજીવન ધાર્મિક જીવન બોલી અને લોકસાહિત્ય અને તેના સ્થાપત્ય માટેનું માહિતી સભર પુસ્તક છે.

(૧૩) ચૌધરી ઇશ્વરભાઇ બાબરભાઇ, કોટવાળિયા જાતિની વ્યવસાયિક સ્થિતિનો એક અભ્યાસ. ગુજરાત વિદ્યાપીઠ ૧૯૭૬ અનુ. નિ. ૨૮૯

(૧૪) જિલ્લા પંચાયતની કચેરી, જિલ્લાની આંકડાકીય રુપરેખા ગુજરાત રાજ્ય-૧૯૭૯

ડાંગ જિલ્લાને લગતા તમામ આંકડાઓ આ પુસ્તિકામાંથી પ્રાપ્ત થઇ શકે તેમ છે. સંશોધન કરનારને આંકડાકીય માહિતી માટે આ પુસ્તક ઉપયોગી થઇ પડશે.

(૧૫) જિલ્લા વસતિ ગણતરી પુસ્તિકા - ડાંગ જિલ્લો - ગુજરાત રાજ્ય ૧૯૭૧

(૧૬) જોષી, ચંદ્રકાન્ત પી., ગુજરાત રાજ્યના સુરત અને આહવા (ડાંગ) બાળ સંરક્ષણ ગૃહનો તુલનાત્મક અભ્યાસ, ગુજરાત વિદ્યાપીઠ ૧૯૭૩ અનુ. નિ. ૧૪૦

(૧૭) જોષી દીનાનાથ શંકરલાલ, કિરલીની એક સર્વાંગી તપાસ, ગુજરાત વિદ્યાપીઠ, ૧૯૫૪, સ્નાતક નિ. ૪૧

(૧૮) ડાયરેક્ટર ઓફ ઇન્ફરમેશન ગુજરાત, પ્રગતિને પંથે ડાંગ જિલ્લો ૧૯૬૧થી ૧૯૬૭

(૧૯) ડાયરેક્ટર ઓફ સોશ્યલ વેલફેર ગુજરાત, ઝડપથી વિકસતો ડાંગ જિલ્લો ૧૯૭૦

(૨૦) દાસ રવિનારાયણ, ડાંગનો વહીવટી ઇતિહાસ, કલેક્ટર કચેરી, આહવા ડાંગ

(૨૧) દેસાઇ ઇન્દુમતી બહેન દો. ડાંગના માવસી, ગુજરાત વિદ્યાપીઠ, ૧૯૫૯ સ્ના. નિ. ૧૨૧

(૨૨) દેસાઇ ઉષા ધીરુભાઇ, ડાંગની બહેનો (કાળીબેલ ગામને મધ્યમાં રાખીને) ગુજરાત વિદ્યાપીઠ ૧૯૫૮, સ્નાતક નિબંધ (૯૪)

(૨૩) દેસાઇ ગિરીશભાઇ દો. અને દેસાઇ ઠાકોરભાઇ ના. ડાંગના જંગલ કામદારો, ગુજરાત વિદ્યાપીઠ ૧૯૭૬ અનુ. નિ. ૩૧૨

(૨૪) દેસાઇ ગિરીશભાઇ દો., ડાંગના રાજાઓ, ગૂજરાત વિદ્યાપીઠ ૧૯૭૬ અનુ. નિ. ૩૧૨

(૨૫) દેસાઇ ચુનીલાલ મ. વડોદરા રાજ્યનો ઇતિહાસ,

(૨૬) દેસાઇ વિનોદચંદ્ર નાનુભાઇ, સાપુતારાની સર્વાંગી તપાસ, ગૂજરાત વિદ્યાપીઠ ૧૯૬૯, સ્નાં. નિ. (૮૧૨)

(૨૭) ત્રિવેદી મણીભાઇ, પ્રાચીન દક્ષિણ ગુજરાત, પ્રતાપપ્રેસ સુરત, ૧૯૧૪

(૨૮) ત્રિવેદી મણીભાઇ, પુરાતન દક્ષિણ ગુજરાત, ૧૯૪૦

(૨૯) નાયક ઉષાબહેન ધી. ડાંગની શિક્ષણ પ્રવૃત્તિમાં આશ્રમનો ફાળો, ગૂજરાત વિદ્યાપીઠ ૧૯૬૫ સ્નાં. નિ. ૩૪૦

(૩૦) નાયક કિશોરચંદ્ર ના. ડાંગ જિલ્લાના ગાઢવી ગામના ભીલોની છલ્લા બે દાયકામાં થયેલું સાંસ્કૃતિક પરિવર્તન, ગૂજરાત વિદ્યાપીઠ ૧૯૭૧ સ્નાં. નિ. (૯૫૪)

(૩૧) નાયક છોટુભાઇ ડાંગ સ્વરાજ આશ્રમ આહવા નિવેદન, આહવા

(૩૨) નાયક ઠાકોરભાઇ ના. સાલસીંગા ઢૂંઢવા જર્નલ ઓફ ગુજરાત રીસર્ચ સોસાયટી, બોમ્બે ૧૯૫૦

(૩૩) નાયક, ડાહ્યાભાઇ, ગુજરાતના આદિવાસીઓ અને તેમના પ્રશ્નો, બુધ્ધી પ્રકાશ અંક ૬

(૩૪) નાયક ધનુભાઇ પી. ડાંગનું પશુધન, ગૂજરાત વિદ્યાપીઠ ૧૯૬૫ સ્નાં. નિ. ૪૦૦

(૩૫) નાયક ઘેલુભાઇ ગુ. ડાંગના આદિવાસીઓ, ગૂજરાત વિદ્યાપીઠ સ્નાં. નિ. ૨૪ (અપ્રાપ્ય)

(૩૬) નાયક ઘેલુભાઇ, ડાંગ અંગેના લેખો કલ્યાણયાત્રા ૧૯૬૦થી ૧૯૬૪

(૩૭) નાયક ઘેલુભાઇ ડાંગના ઉત્સવો 'વિદ્યાપીઠ' ત્રૈમાસિક ૧૯૬૫

(૩૮) નાયક ઘેલુભાઇ ડાંગી જીવન, લોક ગુર્જરી ૧૯૬૭ (૪)

(૩૯) નાયક ઘેલુભાઇ ડાંગી વાતો (પ્રૌઢ શિક્ષણ માટે) સમાજ શિક્ષણ ભવન

(૪૦) નાયક ઘેલુભાઇ (સંપાદક) ડાંગી ગુજરાતી શબ્દકોશ. નવજીવન પ્રેસ, ગૂજરાત વિદ્યાપીઠ

(૪૧) નાયક ઘેલુભાઇ, ડાંગી બોલી પરિચય, હસ્ત લિખિત પુસ્તિકા

(૪૨) નાયક ઘેલુભાઇ ડાંગ અને ડાંગી

(૪૩) નાયક નરેન્દ્રકુમાર લાલભાઇ, ડાંગની જંગલ સમૃધ્ધિ, ગૂજરાત વિદ્યાપીઠ સ્નાં. નિ. ૨૫૪

આ નિબંધમાં શરૂઆતમાં ડાંગનો ઇતિહાસ આપવામાં આવ્યો છે. ત ત્યારબાદ તેની ભૌગોલિક સ્થિતિ, તેના લોકો, તેની પ્રણાલિઓ અને જંગલ વિષે ખ્યાલ આપી ડાંગનાં જંગલો તેની આર્થિક સમૃધ્ધિમાં કેટલાં ઉપયોગી છે તે બતાવે છે. આ સિવાય ડાંગના જંગલોમાં આવેલાં વૃક્ષો, વનસ્પતિ અને ડાંગ જંગલ કટાઇ જે ત્યાંની પ્રજાને રોજગારી આપે છે તેની વિત વિગત દર્શાવી છે. ડાંગના જંગલ વિષની રસપ્રદ માહિતી આ નિબંધમાંથી પ્રાપ્ત થાય છે.

(૪૪) નાયક મનુભાઇ ગુ. ડાંગમાં દારૂબંધી, ગૂજરાત વિદ્યાપીઠ, ૧૯૬૦ અનુ. નિ. ૬૯૨

(૪૫) પટેલ અરૂણ ભા. ડાંગ જિલ્લાના આદિવાસીઓ માટે ઇ. સ. ૨૦૦૧ સુધીનું ભાવિલક્ષી આયોજન લઘુ શોધ નિબંધ, ગૂજરાત વિદ્યાપીઠ ૧૯૮૨

પટેલ અરૂણ ભા., ડાંગ જિલ્લાના આદિવાસીઓ માટે ઇ. સ. ૨૦૦૧ સુધીનું ભાવિલક્ષી આયો લઘુ શોધ નિબંધ, ગૂજરાત વિદ્યાપીઠ, ૧૯૮૨ અનુપારંગત અભ્યાસમાં રજૂ થયેલો મહાનિબંધ છે. આમાં ૨૦૦૧ સુધીમાં શિક્ષણની શું સ્થિતિ હશે તે દર્શાવી છે અને તેને માટે જોઇતી સુવિધાઓ બતાવવામાં આવી છે. આમાં ડાંગમાં આવક પ્રાપ્ત કરવાના બધાં સાધનોને આવરી લીધાં છે. ખેતી સાથે વન અને વનોપજ ઉપર વધુ ભાર મૂકેલો છે. આ સિવાય ડાંગ જિલ્લાના પાયાની સાધનો આરોગ્ય, પીવાના પાણી, રસ્તા, વાહનવ્યવહાર વિષે પણ પ્રકાશ પાડયો છે.

(૪૬) પટેલ કાન્તિબહેન મદારીભાઇ ડાંગી બાળકોના વિકાસમાં સગાણા સંસ્થાનો ફાળો, ગૂજરાત વિદ્યાપીઠ ૧૯૭૪ સ્ના. નિ. ૧૨૦૨

(૪૭) પટેલ કાન્તિલાલ રણછોડભાઇ, મીઠરવા ગામની ખેતીવાડી, ગૂજરાત વિદ્યાપીઠ સ્ના. નિ. ૬૩

(૪૮) પટેલ ચંદુભાઇ ઝડપથી વિકસતું ડાંગ, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય ૧૯૬૭

(૪૯) પટેલ જયંતિભાઇ છે. ડાંગ જિલ્લા પ્રાથમિક કેળવણી, ગુજરાત વિદ્યાપીઠ અનુ. નિ. ૨૬૭

(૫૦) પટેલ જેરામભાઇ ગોમાભાઇ, ડાંગ જિલ્લાનું પ્રાથમિક શિક્ષણ અને તેની સમસ્યાઓ, ગૂજરાત વિદ્યાપીઠ ૧૯૬૯ સ્ના. નિ. (૧૭૧)

(૫૧) પટેલ પ્રભુદાસ છગનદાસ, વાઘરેટ ગામની ખેતીવાડી, ગૂજરાત વિદ્યાપીઠ ૧૯૬૮ સ્ના. નિ. ૬૬૫

(૫૨) પટેલ ભીખાભાઇ સો. કોટવાળિયા એક વ્યવસાયલક્ષી અનુસૂચિત જનજાતિનું વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અધ્યયન, ગૂ. વિ. અનુપારંગત નિબંધ

ઉપરોક્ત અનુપારંગતની પદવીના ભાગ રૂપે આપેલા લઘુ શોધ નિબંધમાં ડાંગ જિલ્લાનાં જુદા જુદાં દસ ગામોમાં વસતા કોટવાળિયાઓ તેમની વસ્તી, વિસ્તાર પરિચય, ઐતિહાસિક ખ્યાલ તેમજ ભૂભૌતિક સામાજિક સંગઠન અને સામાજિક રીતરિવાજો તેમજ આર્થિક જીવનને લગતા પાસાઓ. કોટવાળિયાની યોજનાની શરૂઆતથી આજ સુધીમાં થયેલાં કામો તેનાથી તેમની આવકમાં થયેલો વધારો વગેરે દર્શાવી યોજનાથી તેમને મળતા વિવિધ લાભો, તેમનામાં આવેલાં પરિવર્તનો વગેરેની ઝાંખી આપી તે અંગે હજી શું કરવું જોઇએ તેની વિગતે નોંધ દર્શાવી છે.

(૫૩) પાલાગઢી ગીતાબહેન અમરસિંહ, કોંકણીઓના લોકગીતોમાં સાંસ્કૃતિક દર્શન, ગુજરાત વિદ્યાપીઠ ૧૯૭૫, ગ્રા. નિ. (૧૩૧૪)

(૫૪) બોમ્બે પ્રેસીડન્સી ખાનદેશ ગેઝેટિયર વોલ્યુમ ૧૨ ૧૮૬૬

(૫૫) મહેતા બબલભાઇ, ડાંગ તપાસ સમિતિનો અહેવાલ

(૫૬) યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ નકશામાં ગુજરાત ૧૯૭૩

દરેક જિલ્લાની ભૌગોલિક અને નકશા સાથે માહિતી આપતા આ ગ્રંથમાં ડાંગ જિલ્લાની ભૌગોલિક સ્થિતિ અને ડાંગમાં આવેલાં ગામોનો સ્થળ સહિત નકશામાં પ્રાપ્ત થાય છે. જે ડાંગમાં સંશોધન કરવા માગતા સંશોધકને ઉપયોગી થઇ પડે તેમ છે.

(૫૭) રાજગોર શિવપ્રસાદ લી. ગુજરાત એક દર્શન, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, ૧૯૫૭

(૫૮) રાવલ ઇન્દ્રશંકર, પંડયા ગૌરીશ, રાઠોડ જશવંતસિંહ, ગુજરાતમાં આદિવાસી મેળાઓ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ ૧૯૮૨

ડાંગમાં ઉજવાતા ઉત્સવો અને ભરાતા મેળાઓ વિષે ખ્યાલ આપતો આ સંશોધન અહેવાલ છે. ડાંગ દરબાર વિષેની વિસ્તૃત માહિતી આ અહેવાલમાંથી મળે છે.

(૫૯) વૈદ્ય રસિકલાલ છો. ડાંગની વનસ્પતિઓ

(૬૦) શાહ વિમલ (સંપા.) આદિવાસીઓના પ્રશ્નો, આ. સં. તા. કેન્દ્ર, ગુ. વિ. ૧૯૬૩

ગુજરાતના આદિવાસીઓ માટે નિમાયેલ કમિશનના અહેવાલો આ પુસ્તકમાંથી મળે છે. જેમાં ડાંગ જિલ્લાની આદિવાસીઓ માટે જંગલ અને આદિવાસી વચ્ચેના સંબંધ ઉપર વિસ્તૃત માહિતી પ્રાપ્ત થાય છે.

(૬૧) શાહ, વિમલ ગુજરાતના આદિવાસીઓ

(૬૨) શાહ વિમલ, આદિવાસી વિશેષાંક, વિદ્યાપીઠ ત્રૈમાસિક ગુજરાત વિદ્યાપીઠ ૧૯૬૫

(૬૩) સોલંકી સિદ્ધરાજ (ડૉ) મસલી મુસ્તાઅલી, પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો ગાઢવી (ડાંગ જિલ્લો) આ. સં. તા. કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ ૧૯૮૦

૧૯૬૯ અને ૧૯૭૯ના દસકાની અંદર ડાંગ જિલ્લામાં ઐતિહાસિક ગામ તરીકે જાણીતા ગાઢવી ગામના આર્થિક જીવનમાં જે પરિવર્તન આવ્યું તેની નોંધ પ્રાપ્ત થાય છે.

(૬૪) સોલંકી સિદ્ધરાજ (ડૉ.) ડાંગના ભીલો, આ. સં. તા. કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ ૧૯૮૨
ડાંગના ભીલોના આર્થિક, સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક અને તેની બોલી અંગેના પાસાઓની વિસ્તૃત ચર્ચા કરી આ અહેવાલમાં તેના વિકાસ માટેનાં સૂચનો મૂકવામાં આવ્યાં છે.

(૬૫) શાસ્ત્રી પરસદરાય, દાંતા પટ્ટાના આદિવાસીઓ, ગૂજરાત વિદ્યાપીઠ, ૧૯૫૨ સ્ના. નિ. (30)

(૬૬) જંગલ ખાતાના વાર્ષિક અહેવાલ - ડાંગ જિલ્લો

(67) Alagh Y. K., Gujarat Economy-2001 - Sardar Patel Institute of Economics and Social Research, Ahmedabad.
આ પુસ્તકમાં ૨૦૦૧ સુધીમાં વિકાસ માટે શું શું કરવું જોઇએ તેની આખા ગુજરાત માટેની માહિતી પ્રાપ્ત થાય છે અને તેમાંથી ડાંગની માહિતી પણ ઉપલબ્ધ છે.

(68) Anderson F.G.H, (ICS), Manual of Revenue Accounts, Govt. of Gujarat, 1967.

(69) Baroda State, Selection from the Records of the Baroda Government Vol.I, Dang Case, 1991.

(70) Bhansali M.D. (I.C.S.), Prohibition Inquiry Report in Bombay State, 1952.

(71) Bomanji K.R., Dang Boundary Dispute, Govt. of Bombay, 1903.

(72) Bureau of Economics and Statistics, Quraterly Bulletion of Economicsa and Statisticsm Vol.IX No.1, Gujarat, 1969.

(73) Campbell J.M., Gazetteer of the Bombay Presidency Khandesh, Vol.XII, Govt. of Bombay, 1880.

(74) Campbell J.M., Gazetteer of the Bombay Presidency, Nasik Vol.XVI, Govt. of Bombay, 1883.

(75) Chavda V.K., The Gaikwads and the British, their problems, 1800-1920, 1961.

(76) Commissioner of Labour, Gujarat Labour Gazetteers.

(77) Dave T.N. (Dr.), The language of Gujarat, 1964.

(78) Deoras P.J. (Dr.), Sankes of India, 1965.

(79) Desai I.P., Slogan of an Autonormous State in South Gujarat, Centre for Regional Development Studies, Surat, 1970

(80) Desai I.P., Vedchhi Movement, A sociological study, Centre for Regional Development Studies, Surat, 1977.

(81) Deshmukh Chandra Shobha, Unai place pilgrimage of Tribals, Vanya Jati, 18(I) 1970.

(82) Directorate of Agriculture, Gujarat, Basic Agricultural Statistics of Gujarat State, 1968.

(83) Directorate of Agriculture, Gujarat, Statistics of Aria Production and yield for acre of principle crops in Gujarat State for the period, 1949-50 to 1963-64, 1965.

(84) Director of Information, Gujarat, Hill Station in Gujarat, Saputara.

(85) Educational Inspector, Annual Report of the Progress of Education in Dangs, (Unpublished Report) 1961-62.

(86) Election Commission, Govt. of India, Report on the General Election in India. (1952, 1957, 1962 and 1967)

(87) Enthoven R.E., The Tribe and Castes of Bombay, Vol.I, 1920.

(88) Government of Bombay, Gazetteer of Bombay Presidency, Vol.IX, Part I, 1001.

ડાંગમાં વસતી બધી જાતિઓ વિષેનો ટૂંકો પરિચય આ પુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે.

(89) Government of Bombay, Annual Administration, Report for Dangs, (1906, 1908, 1909).

(90) Government of Bombay, The Bombay Government Gazetteer, Extra ordinary Part IV C, (28th Dec. 1956)

(91) Government of Bombay, The Bombay Treasury Rules, Vol.I&II, 1960.

(92) Government of Bombay, Report of the fact finding committee for survey of scarcity, Areas in Bombay State, 1960.

(93) Government of Bombay, Revenue Department manual, Vol.I & II, Govt. of Maharashtra, 1961.

(94) Government of Bombay, Second Five Year Plan, Dang District.

(95) Government of Bombay, selections from the records of the Bombay Government Vol.XXVI, 1856.

(96) Government of Gujarat, Annual Administration report of hospitals and dispensaries - 1964.

(97) Government of Gujarat, Annual Administration, Report on the Welfare of Backward classes in Gujarat State 1962-63m1965-66.

(98) Government of Gujarat, Draft Report on Socio-Economics survey of Dangs, 1961. (Unpublished).

(99) Government of Gujarat, Forests of Gujarat, 1968.

(100) Government of Gujarat, The Gujarat Government Gazetteer, Vol.VII, Part IV C, 31st March 1966.

(101) Government of Gujarat, The Gujarat wild Animals and Wild Birds, Protection Act, 1963.

(102) Government of Gujarat Social Welfare and Tribal Development, Draft Tribal Area Sub-Plan 1980-1985.

આ પુસ્તકમાં દરેક જિલ્લાની પંચવર્ષીય યોજના અને તેના માટેની નાણાંકીય જોગવાઇની માહિતી આપવામાં આવી છે. કે જે વિકાસ માટેની પ્રવૃત્તિમાં મદદરૂપ થઇ શકે તેમ છે.

(103) Government of India, Handbook of Scheduled Castes and Scheduled Tribes 1968.

(104) Grierson, G.A., The Linguistic survey of India, Vol.IX, Part III, 1907.

(105) Government of Gujarat, Report of the Committee for Gardens of Medicinal Plants, 1969.

(106) Gujarat Pradesh Congress Committee, Memorandum presented by Gujarat Pradesh Congress Committee to the States, Reorganisation Commission, 1965.

(107) Gupta Ranjit, Planning for Tribal Development, 1976, Ankur, New Delhi.

(108) Kapadia G.A. Plant Life of Maha Gujarat, 1950.

(109) Khanapurkar D.P. Dubla Tribal culture, journal of Gujarat Research Society 1964 26(4).

(110) Khanchandani M.S., Draft working plan for the Dangs forests Vol.II, 1966.

(111) Khera S. S.(I.C.S.) District Administration in India, 1960.

(112) Kopper D.H., Change in Tribal Society and Culture, 'Vidyapith', 1965, 3(5)

(113) Kopper D.H., Tribal Arts of Dangs Department of Museums, The Govt. of Gujarat, Baroda, 1971.

(114) Kurup K.K. The Dangs and Dangies, 'Vidyapith' 1964, 2(1)

(115) Lal Rash Bihari, Report on the working of Tribal Development Block, Tribal Research and Training Centre, Gujarat Vidyapith, 1977

આદિવાસી તાલીમ કેન્દ્રના ર૪મા તાલીમવર્ગમાં આવેલા તાલીમાર્થીઓ દ્વારા ડાંગ જિલ્લાના બે તાલુકા બ્લોકનું સર્વેક્ષણ કરવામાં આવ્યુ હતું આમાં બે બ્લોક મળીને છ ગામ આવરી લેવાયાં હતાં તે અને બ્લોકના વિકાસમાં જે જે સવલતો મળે છે તેનો કેટલા પ્રમાણમાં લાભ લેવામાં આવે છે તેની ચર્ચા કરવામાં આવી છે.

(116) Lal Ras Bihari, Role of Minor Forest Produce, Tribal Life & Culture, TRTI, Gujarat Vidyapith, 1981.

(117) Lal RasBBihSocial and Cultural Life in Dangs, Adivasi Gujarat, Vol.I, No.1, Gujarat Vidyapith, 1978

(118) Lal R.B., Report of the ITDP Dangs(1978-83), Ahwa, 1980.

(119) Maha Gujarat Parishad, Formation of Maha Gujarat. Reorganisation commission Govt. of India. 1955.

(120) Majmudar M.R.(Dr.) Cultural History of Gujarat 1965.

(121) Marjoribanks, G.E., Working plan for Dangs Forestes, 1926.

(122) Wastage and Stagnation in Primary Education in Tribal Areas TRTI, Gujarat Vidyapith, 1976.

(123) Masvi M.I. & Pandya G.P., Demographic Trend and Family Composition among the Tribals, Journal of Gujarat Research Society, 1976, 38(3)

આ લેખની અંદર ગુજરાતમાં આવેલા આદિવાસી વિસ્તારમાં વસતા બધી જાતિના આદિવાસીઓના કુટુંબના કદની માહિતી અને કુટુંબ કેવા પ્રકારનું હોય છે તે માહિતી આપવામાં આવી છે.

(124) Masvi Mustali, Pandya Gaurishanker, The Kathodies of Gujarat, TRTI, Gujarat Vidyapith, 1977

(125) Naik T.B. (Dr.) Tribals of Gujarat A Demographic study journal of Gujarat Research society, 1952, 14 (1)

(126) Naik T.B. (Dr.) Impact of Education on Bhils 1956.

(127) Naik T.B. (Dr.) & Other, The Koighas of Gujarat 1979, TRTI, Gujarat Vidyapith.

(128) Palande M.R., Gazetteer of the Bombay Presidency General series Vol.A, Botoney, Part II, Timbers 1957.

(129) Patel G.D., Gujarat State Gazetteers Dang District. The Director Govt.Printing Stationary Gujarat State, 1971.

(130) Patel G.D. (Dr.) The Land Problems of Re-organised Bombay State 1957.

(131) Planning Commission, Govt. of India, Report of the study team on prohibition 1964.

(132) Political Agent, Gujarat State Agency, Annual Administration, Report for the Dangs for 1911-12, 1914-15, 1944-40.

(133) Political Agent, Baroda, Western India and Gujarat State Agency, Baroda, Western India and Gujarat State Agency civil list. (1947)

(134) Project Administrater, Draft Tribal Area Sub-Plan, ITDP Report for Dist. Dang. 1980-85.
આમાં પેટા યોજના દ્વારા આપવામાં આવતી દક દરેક પ્રકારની યોજનાની સવિસ્તાર માહિતી આપી છે અને વિકાસ માટેની જોગવાઈ તેમાં દર્શાવવામાં આવી છે કે જે વિકાસના કાર્યમાં રસ લેનારાઓને મહત્વની બની રહેશે.

(135) Randhawa M.S. Agriculture and Animal Husbandry in India, 1962.

(136) Raval Indrashanker, Tribal Musical Instruments, Vidyapith, 1965, 3 (5).

(137) Salim Ali, Birds of Gujarat 1956.

(138) Shah Ghanshyam (Ed) Tribals of Gujarat, Centre for Regional Development Studies, Surat, 1972.

(139) Shah Ghanshyam, Polities of Scheduled Castes and Scheduled Tribes, Centre for Regional Development Studies, Surat, 1975.

(140) Shah P.G. The Original Inhabitants of Gujarat, Journal of Gujarat Research Society, 1939, 1 (4).

(141) Shah P.G., The Tribal Life of Gujarat, 1964.

(142) Shah Vimal, Tribal Economy of Gujarat, Khadi Gramodyog, 1967 14 (3)

(143) Shastri K.K. The Bhili and Khandeshi Dialects, Journal of Gujarat Research Society, 1973, 35 (1), 35 (4).

(144) Simcox A.H.A., Memoirs of the Khandesh Bhil Crops, 1912.

(145) Slracey P.D., Wild Life Management in India, 1966.

(146) Small Industries services Institute Govt. of India, Draft Report No.1, on Industrial Possibilities in Rural Area, Waghai, (Dangs), 1969.

(147) Solanki Siddharaj S. Area Study of Dangs, TRT Institute, Gujarat Vidyapith, 1982.

ડાંગ જિલ્લા ઉપર જે લખાયેલા આ અહેવાલમાં ડાંગ જિલ્લાનું ક્ષેત્રફળ તેની ભૌગોલિક વસ્તી, તેનાં ગામો, તેમનું સામાજિક સંગઠન, તેમાં રહેતા લોકોના જીવનચક્રમાં તેમની સામાજિક સાંસ્કૃતિક ધાર્મિક જીવન વ્યવસ્થા અને તેમની આર્થિક સ્થિતિની માહિતી આપતો આ સંશોધન અહેવાલ છે.

(148) Symington D. (I.C.S.), A Report on the Aboriginal and Hill Tribes of the partially excluded Area in the Bombay Presidency, 1950.

(149) Tribal Research and Training Institute, Papers' seminar on Role of Research in Tribal Development Feb.24-25-26, 1979.

(150) Trivedi R.K. (Superintendent of Census Operations Gujarat) Cultural and Migration.

(151) Tables (C & D Series) Census of India 1961 Gujarat, Vol.V Part II C, 1964.

(152) Trivedi R.K. Superintendent of Census operations Gujarat, District Census Handbook 1961, Dang, 1964.

(153) Trivedi R.K. Superintendent of Census operations Gujarat, Fairs and Festivals, Census of India, 1961, Gujarat, Vol.V, Part VII B (1965).

(154) Trivedi R.K. Superintendent of Census Operations Gujarat, General Report on the Census of India, 1961, Gujarat, Vol.V, Part I-A (i) 1965.

(155) Trivedi R.K. Superintendent of Census Operations Gujarat, Report on Housing and Establishment, Census of India, 1961, Gujarat, Vol.V, Part IV A & IV B 1963.

(156) Trivedi R.K. Superintendent of Census Operations Gujarat, Village survey monographs Ghadvi, Census of India, 1961, Vol.V, Part VI, No.7, 1967.

(157) Trivedi R.K. Superintendent of Census Operations Gujarat, Tables on Scheduled Castes and Scheduled Tribes, Census of India, Gujarat, 1961, Vol.V, Part V-A, 1964.

(158) Trivedi R.K. Superintendent of the Census Operations Gujarat, General Report on the Census Economic Trends and Projections, Gujarat, Part I-A (iii) 1965.

X કેટલાંક પુસ્તકોનો પરિચય સંદર્ભસૂચિમાં રહી ગયો છે તે ક્રમ પ્રમાણ નીચે મુજબ છે :

૧. જોષી ચંદ્રકાન્ત ગુજરાત રાજ્યના સુરત અને આહવા બાળ સંરક્ષણ ગૃહનો તુલનાત્મક અભ્યાસ, ગુજરાત વિદ્યાપીઠ, ૧૯૭૩ અનુ. નિ. ૧૪૦

બાળ અપરાધ એ જાગૃત સમાજની સમસ્યા છે. તેને હલ કરવા માટે સરકાર તરફથી બાળ સંરક્ષણ ગૃહો ગૃહો ચલાવતા હોય છે. આ ગૃહમાં જે બાળકો આવે છે તેને કેવા પ્રશ્નો છે અને તે પ્રશ્નો ખ દૂર કરવામાં આ સંરક્ષણગૃહ કેટલું સહાયભૂત થયું છે તેનો આછો ખ્યાલ આ નિબંધમાંથી આવે છે છે.

દેસાઇ ઉષાબહેન વી., ડાંગની બહેનો, ગૂજરાત વિદ્યાપીઠ ત: નિબંધ ૯૪
ડાંગમાં વસતી આદિવાસી બહેનો તેમનું સ્થાન, તેની વિશેષતા, વ્યવસાયની માહિતી સાથે તેમનું દૈનિક સામાજિક અને ધાર્મિક જીવન વિષેની માહિતી આ નિબંધમાંથી ઉપલબ્ધ થાય છે. આ ઉપરાંત આદિવાસી સ્ત્રીઓમાં ગવાતાં પ્રસંગોપાત ગીતો અને નર્તનની માહિતી પણ પ્રાપ્ત થાય છે. આદિવાસી સ્ત્રીઓ અંગે માહિતી મેળવનારાઓને આ નિબંધ ઉપયોગી થઇ પડે તેમ છે.

દેસાઇ ગિરીશભાઇ દોલતભાઇ, ડાંગના રાજાઓ, ગૂજરાત વિદ્યાપીઠ ૧૯૭૬ અનુ. નિ. ૩૧૨
ડાંગના ઇતિહાસમાં રસ ધરાવનારાઓ માટે દેહર, વાસુર્ણા પીંપરી અને ડાંગના રાજવંશનો પરિચય આપવામાં આવ્યો છે. આ નિબંધમાંથી ડાંગના રાજાઓની આર્થિક, સામાજિક અને ધાર્મિક જીવન વિષેની માહિતી ઉપલબ્ધ થાય છે. ઐતિહાસિક માહિતી માટે આ નિબંધ ઘણો ઉપયોગી છે.

દેસાઇ નિ વિનોદચંદ્ર નાનુભાઇ, સાપુતારાની સર્વાંગી તપાસ, આ. સં. ત્તા. કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ ૧૯૬૮-૬૯ ત. નિ. ૮૧૨
ગુજરાતનાં હવા ખાવાનાં સ્થળોમાંના એક સ્થળ જે સાપુતારા છે તેની આજુબાજુ આવેલાં ગામો, તેની ભૌગોલિક પરિસ્થિતિ અને તેમાં રહેતા લોકોના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જીવનનો પરિચય આપતા આ નિબંધમાં અને ડાંગની પ્રગતિ કેટલે અંશે થઇ રહી છે તેની નોંધ આપવામાં આવી છે.

નાયક ઉષાબહેન છી. ડાંગની શિક્ષણ પ્રવૃત્તિમાં આશ્રમનો ફાળો, ગૂજરાત વિદ્યાપીઠ ૧૯૬૫ સ્ના. નિ. ૪૩૦
ડાંગમાં જ મોટાં થયેલાં તળિકાબહેને ડાંગની ભૌગોલિક પરિસ્થિતિની સારી છણાવટ કરી છે. તેમના આ નિબંધમાં ડાંગમાં શિક્ષણની શરૂઆત ક્યારે થઇ અને ત્યાંના શિક્ષણના વિકાસમાં આશ્રમશાળાઓ, કુમાર અને કન્યા છાત્રાલયોએ શું ફાળો આપ્યો છે અને શિક્ષણ સમિતિનો શું ફાળો છે તેનું વિશ્લેષણ છે. ૧૫ વર્ષનું શિક્ષણ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આ અભ્યાસ ઉપયોગી થઇ પડે તેમ છે.

૬. નાયક ધનુભાઇ છે. ડાંગનું પશુધન, ગૂજરાત વિદ્યાપીઠ ૧૯૬૫, સ્ના. નિ. ૪૦૦
૧૫ વર્ષ પૂર્વે ભારત અને ગુજરાતમાં પશુધન કેવું હતું તે પ્રમાણમાં ડાંગમાં પશુ સમૃદ્ધિ કેવી હતી. ડાંગમાં પશુપાલન કરવામાં કેવી અનુકૂળતા પ્રતિકૂળતા છે. ગાયોનું સંવર્ધન કેવી રીતે થઇ શકે તેમ છે અને તે અરસામાં શરૂ થયેલી ગોશાળા દ્વારા વિકાસ માટે કેવી આશા રાખી શકાય તેની માહિતી આ નિબંધમાંથી મળે છે. હાલની પરિસ્થિતિની પ તુલનામાં આ નિબંધ ઉપયોગી થઇ પડે તેમ છે.

૭. નાયક ઉત્તુભાઇ (સંપા.) ડાંગી ગુજરાતી શબ્દકોશ, નવજીવન પ્રેસ (અપ્રકાશિત)

૧૧૬ પાનામાં ૩૨૦૮ શબ્દો આવરી લેતા આ શબ્દકોશમાં ડાંગી બોલીના બહુ મોટી સંખ્યાના શબ્દોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ શબ્દકોશમાં ડાંગી જીવનને સ્પર્શતા કેટલાક ભાષાકીય પાસાંઓ સમાવી લેવા પ્રયત્ન કર્યો છે. આમાં ડાંગી લોકો સાથે વાતચીત કે સંવાદ દ્વારા કેવી રીતે પરિચય કરી શકાય તે બતાવવાની કોશીશ પણ કરી છે. ડાંગી કહેવતો, ડાંગી લોકગીતો અને ડાંગી બોલીના રૂઢિપ્રયોગોને પણ આ શબ્દકોશમાં સમાવવામાં આવ્યો છે. ડાંગી બોલીનો સંક્ષિપ્ત ઇતિહાસ એની ખાસિયતો અને ડાંગી બોલીની વ્યાકરણબદ્ધતા રજૂ કરવાની કોશીશ આ શબ્દકોશમાં છે.

૮. પટેલ જયંત છ., ડાંગ જિલ્લાની પ્રાથમિક કેળવણીનું વિકાસદર્શી અધ્યયન, ૧૯૬૦થી ૧૯૭૦ ગૂ. વિ. ૧૯૭૪ અનુ. નિ. ૨૬૭

આ નિબંધમાં ડાંગ જિલ્લામાં છેલ્લા દોઢ દાયકામાં કેળવણીમાં જે ફેરફારો થયા છે તેની નોંધ આપી છે. અને ડાંગ જિલ્લામાં કેળવણીનો વ્યાપ કઇ રીતે વધ્યો અને તેમાં આશ્રમશાળાઓએ શો ભાગ ભજવ્યો. ડાંગના પ્રાથમિક શિક્ષણનાં તારણો અને તે માટેની ઉપયોગી સૂચિત ઉપાયો સૂચવ્યા છે. એટલું જ નહીં એને ડાંગ જિલ્લામાં નવા કયા સંશોધનને અવકાશ છે તે દર્શાવ્યું એક અભ્યાસપૂર્ણ પારંગત નિબંધ છે. ડાંગના શિક્ષણમાં રસ ધરાવનારાઓને ઉપયોગી થઇ પડે તેમ છે.

૯. પટેલ જેરામભાઇ જમાભાઇ, ઠા. ડાંગ જિલ્લાનું પ્રાથમિક શિક્ષણ અને તેની સમસ્યા, ગૂજરાત વિદ્યાપીઠ, સ્ના. નિ. ૭૭૧

આ તપાસ નિબંધમાં ડાંગની ભૌતિક આર્થિક, સાંસ્કૃતિક પરિસ્થિતિનો ખ્યાલ આપી ડાંગના ૨૦ ગામોના સર્વેક્ષણના આધાર ત્યાંની શૈક્ષણિક પરિસ્થિતિ કેવી છે, ને ત્યાં શિક્ષણની શી સમસ્યાઓ છે તે માહિતી પૂરી પાડે છે.

૧૦. Ras Bihari Lal., Role of Minor Forest Produce in Tribal Life & Culture, TRTI, Gujarat Vidyapith, 1981.

ગુજરાતનાં જંગલોમાં ઉત્પન્ન થતી ગૌણ વન પેદાશ જેનો આદિવાસીઓ આર્થિક, સામાજિક સાંસ્કૃતિક જીવનમાં ઉપયોગ કરે છે તે અંગેના અહેવાલમાંથી ડાંગમાં થતી ગૌણ વન પેદાશ વિષેની માહિતી પ્રાપ્ત થાય છે. અને ડાંગી લોકોના જીવનમાં તે કેટલી ઓતપ્રોત થઇ તેમને મદદરૂપ છે તેનો ખ્યાલ આ અહેવાલમાંથી મળે છે.

૧૧. Masvi Mustali, Wastage and Stagnation Primary Education in Tribal Areas. TRTI, Gujarat Vidyapith, 1976.

આ અહેવાલમાં ડાંગમાં આવેલી આશ્રમશાળા અને પ્રાથમિક શાળામાં ભણતા બાળકોના શિક્ષણમાં જે અપવ્યય અને સ્થગિતતા થાય છે તેનાં કારણો આપવામાં આવ્યાં વ છે.

૧૨. Masvi Mustali, & Pandya Gaurishanker, The Kathodis of Gujarat TRTI, Gujarat Vidyapith, 1077.

ડાંગ જિલ્લામાં આવેલા ટીંબરવા, જામલા, નિબારપાડા, માનમોડી, મોટા માળુંગા અને લહાન માળુંગા ગામમાં કાથોડીની વસ્તી છે તેમની સામાજિક, આર્થિક, ધાર્મિક સ્થિતિનો ખ્યાલ આ અહેવાલમાંથી મળે છે અને તેના આધાર નક્કી થઇ શકે છે કે આ જાતિ આર્થિક રીતે કેટલી પછાત છે.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

ડાંગ જિલ્લા વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી : નવેમ્બર ૫, ૬ : ૧૯૮૨

ડાંગ જિલ્લાનું ઇ.સ. ૨૦૦૧ સુધીનું વિકાસ વિષયક વિચાર બિંદુ

- પટેલ અરૂણ ભા.

ગુજરાત રાજયના દક્ષિણ છેડે ૧૭૭૮ ચો. કિ. મી. નો વિસ્તાર ધરાવતો આ નાનકડો ડાંગ જિલ્લો સહયાદ્રિ પર્વતની ઉત્તર છેડે આવેલી હારના પશ્ચિમ ઢોળાવ પર આવેલો છે. આ જિલ્લો ડુંગરાળ ગીચ જંગલ વિસ્તાર છે, અને સઘન આદિવાસી વસ્તી ધરાવતો પ્રદેશ છે. જિલ્લાની કુલ ૧૧૩૯૯૬ વસ્તીમાં ૧૦૪૯૭૫ જ વસ્તી આદિવાસીઓની છે. ડાંગ જિલ્લાની આદિવાસી વસ્તીમાં કુંકણા, ભીલ અને વારલીની સંખ્યા અન્ય આદિવાસી જાતિઓ કરતાં વધાર જોવા મળે છે.

ડાંગના છેલ્લા આઠ દાયકાના વસ્તીના વૃદ્ધિ દર જોતાં દરેક દરેક દાયકામાં ઘણો મોટો તફાવત લાગે છે. આ મોટા તફાવતનું કારણ કદાચ મોટો રોગચારો હોય, ત્યાંની વસ્તી અસ્થિર હોય અથવા એ લોકો અશિક્ષિત હોઇ કુટુંબ નિયોજન ન કરતા હોય. આ બધાં કારણો એક સાથે પણ લાગુ પડતાં હોઇ શકે, અને આથી ત્યાંની વસ્તીમાં મોટા ફેરફારો થયા હશે.

ડાંગના છેલ્લા પાંચ દાયકાની વસ્તી ગણતરીના આંકડા પરથી Compound growth rate પ્રમાણે ગણતાં ૧૯૯૧ની વસ્તી લગભગ ૧૪૮૭૯૬ અને ૨૦૦૧ની વસ્તી ૧૯૪૨૨૨ થાય એવી મારી ધારણા છે. આ વસ્તી વધારાને ધ્યાનમાં રાખી નીચેનાં ધ્યેયો રાખવા મેં પ્રયત્ન કર્યો છે. મને લાગે છે કે આનાથી વધુ પ્રાપ્ત થવું મુશ્કેલ થઇ પડશે.

૧. ગરીબમાં ગરીબનો વિકાસ પહેલો થાય અને વધુ વેગે થાય. ગરીબીની રેખા નીચેનાં લગભગ ૮૦ ટકા કુટુંબો ગરીબીની રેખાની ઉપર આવે.

૨. ડાંગી કુટુંબની સરાસરી આવકમાં ૨૦ વર્ષના ગાળામાં મૂલ્યવૃદ્ધિની અસરને બાદ કરતાં ૫૦ ટકા વધારો થાય.

૩. તે વખતના બિનઆદિવાસી ગુજરાતની શિક્ષણની ટકાવારી ડાંગમાં પણ થઇ જવી જોઇએ.

૪. સૂચવેલી વિકાસવૃદ્ધિને અનુરૂપ સંબંધિત અન્ય ક્ષેત્રોમાં વિકાસ.

૫. ખેતીની સાથે વન અને વનોપજનો વિકાસ.

૬. યોજનાના બધા કાર્યક્રમો સુસંકલિત રહે.

૭. ઔદ્યોગિકરણ કરતાં ખેતી, વન, વનોપજનો અને ગ્રામોદ્યોગ દ્વારા કુટુંબની સ્વનિર્ભરતા અને સ્વનિયોજનને અગ્રિમતા.

૮. લોકોનો પોતાના વિકાસમાં મહત્તમ ફાળો અને ગ્રામ્ય સ્તરથી વિકાસ યોજના થઇ ઉપર પહોંચે.

વધતી જતી વસ્તી અને વધુ સારા જીવન માટેની લોકોની આકાંક્ષાઓ વહેલી તકે પૂરી કરવા માટેની જરૂરત હવે પછીના કેટલાંક વર્ષો દરમ્યાન જિલ્લાના અર્થતંત્રનો ઝડપી વિકાસ આવશ્યક બનાવે છે. ૧૯૮૧થી ૨૦૦૧ સુધીના બે દાયકા માટેની ભાવિલક્ષી યોજનામાં ખેતી વિકાસ, ખેતીની સાથે વન અને વનોપજનો વિકાસ, ડેરી વિકાસ અને ઉદ્યોગ વિકાસ સાથે ૮ ટકા સમગ્રલક્ષી વિકાસ દર (એક પંચવર્ષીય યોજના માટે) સિદ્ધ કરવાની ધારણા છે. આ ભગીરથ કાર્ય છે, પરંતુ વધુમાં વધુ નાણાં- સાધનો કામે લગાડવાના પ્રયત્નો અને કાર્યક્રમોના સાર્થક અમલ દ્વારા તે સિદ્ધ કરવું મુશ્કેલ નથી.

શિક્ષણ :

ડાંગના આદિવાસીઓ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે બિનઆદિવાસીઓ કરતાં પાછળ રહી જવા પામ્યા છે. શૈક્ષણિક પછાતપણાનું મુખ્ય કારણ એ છે કે તેઓ જંગલ કે પહાડી વિસ્તારમાં વસેલા હોવાથી એમને પૂરતા પ્રમાણમાં શૈક્ષણિક સવલતો પૂરી પાડી શકાઇ નથી. ઉપરાંત શિક્ષણ મેળવવાની બાબતમાં એ લોકોનું માનસિક વલણ પણ થોડું મોળું રહેવા પામ્યું છે.

૧૯૬૧ની વસ્તી ગણતરીના આંકડા પ્રમાણે ગુજરાતનું અને ડાંગ જિલ્લાનું શિક્ષણનું પ્રમાણ અનુક્રમે ૩૦.૪% અને ૯.૨૬% હતું. ૧૯૭૧માં આ પ્રમાણ અનુક્રમે ૩૫.૭૯% અને ૧૪.૧૬% થયું. આ ઉપરથી ખ્યાલ આવે છે કે ગુજરાતનું એક દાયકામાં શિક્ષણનું પ્રમાણમાં ૫.૩૪%નો વધારો થયો જયારે ડાંગ જિલ્લાના શિક્ષણમાં ૪.૯૦%નો વધારો થયો. તેવી જ રીતે ૧૯૭૧માં ગુજરાત અને ડાંગ જિલ્લાનું શિક્ષણનું પ્રમાણ અનુક્રમે ૩૫.૭૯% અને ૧૪.૧૬% હતું અને ૧૯૮૧માં આ પ્રમાણ અનુક્રમે ૪૩.૭૫% અને ૨૯.૯૬% છે. આમ ગુજરાતનું (૧૯૭૧-૮૧ના) એક દાયકામાં શિક્ષણના પ્રમાણમાં ૭.૯૬% વધારો થયો જયારે ડાંગ જિલ્લાના શિક્ષણમાં ૧૫.૮૦%નો ધરખમ વધારો થયો છે.

આગળ આપણે જોયું તે પરથી કહી શકાય કે ૧૯૬૧-૭૧ના દાયકામાં ગુજરાતની શિક્ષણના પ્રમાણમાં વધારો થયો હતો, જયારે ૧૯૭૧-૮૧ના દાયકામાં તેથી તદ્દન ઉલટું થયું છે. એટલે કે ગુજરાત કરતાં ડાંગ જિલ્લાના શિક્ષણના પ્રમાણમાં ડબલ વધારો થયો છે.

આ પરથી તારવી શકાય કે ડાંગ જિલ્લાની પ્રજામાં એકાએક શિક્ષણની ભૂખ જાગી છે.

ગુજરાતના છેલ્લા ચાર દાયકાના શિક્ષણના આંકડા પરથી Linear Regression Method પ્રમાણે ગુજરાતનું શિક્ષણનું પ્રમાણ ૧૯૭૧માં લગભગ ૫૧.૩૦% અને ૨૦૦૧માં ૫૯% થાય એવી મારી ધારણા છે. ગુજરાતનું અને ડાંગનું શિક્ષણનું પ્રમાણ ૧૯૮૧ની પ્રા.વસ્તી ગણતરી પ્રમાણે અનુક્રમે ૪૩.૭૫% અને ૨૯.૯૬% છે. આમ જોતાં ગુજરાત અને ડાંગના શિક્ષણનો ગાળો ઘણો જ મોટો છે. આ ગાળો નાનો બનાવવા અથવા સમકક્ષાએ લાવવા ૨૦૦૧ સુધીમાં ડાંગનું શિક્ષણનું પ્રમાણ લગભગ ૫૯% (ગુજરાતના શિક્ષણના પ્રમાણ જેટલું) નજીક કરવા તનતોડ પ્રયત્નો આદરવા જોઇએ. બીજી રીતે કહીએ તો સમાજના વિકાસ સાથે બિનઆદિવાસી સમાજના વિકાસમાં હરણફાળ સાથે આદિવાસી સમાજને તાલ મેળવવા અનેકવિધ નવાં નવાં સાધનો તેમજ શોધાવેલી નવી નવી પધ્ધતિઓ, બદલાતો લોકોનો દષ્ટિકોણ, આદિવાસી સમાજની જાગૃતિ, શિક્ષણ પરત્વેની ભૂખ, રાજકીય નેતૃત્વ, સરકારની વિકાસ પરત્વેની ગતિ આ બધાંને નજર સમક્ષ રાખી આવતાં ૨૦ વર્ષોમાં આદિવાસી સમાજની શિક્ષણની પ્રગતિ જોઇએ તો તે સમાજ લગભગ બિનઆદિવાસી સમાજની સમકક્ષ આવ્યો હશે. જેથી મારા અનુમાન પ્રમાણે ૨૦૦૧માં ડાંગમાં લગભગ ૫૯% જેટલું શિક્ષણ થયું હશે. આ અનુમાનની પાછળનું કારણ મુખ્યત્વે તાર્કિક છે. કારણ કે ૧૯૮૧ની પ્રા.વસ્તી ગણતરી પ્રમાણે ડાંગમાં ૨૯.૯૬% શિક્ષિત વર્ગ છે. અને પ્રાથમિક તેમજ માધ્યમિકમાં લગભગ શિક્ષણ લઇ શકે તેવા બાળકોમાં ૩૫% શિક્ષણ લે છે. હવે આ શિક્ષિત વર્ગની જ નવી પેઢી આવશે એ નવી પેઢીમાં શિક્ષણનો વ્યાપ હાલના કરતાં ઘણા મોટા વ્યાપમાં હશે.

આગળ આપણે જોયું તે પ્રમાણે છેલ્લા ૧૯૭૧-૮૧ના દાયકામાં ૧૫.૮૦%નો ધરખમ વધારો ડાંગના શિક્ષણના પ્રમાણમાં થયો છે. તે પરથી કહી શકાય કે તેમની શિક્ષણ પચાવવાની પ્રજામાં શકિત તો છે જ. આ ધ્યાનમાં રાખી એક દાયકામાં ૧૪% શિક્ષણ પ્રમાણ પચાવી જ શકે. અને આ માટે જિલ્લાના તમામ વર્ગના બાળકોને બાલવાડીથી માધ્યમિક શિક્ષણ સહેલાઇથી પ્રાપ્ત થાય એવા પ્રકારની સગવડો ઊભી કરવી જરૂરી છે. કોઠારી કમિશનની ભલામણ પ્રમાણે દર પાંચ કિ.મી.ને અંતરે માધ્યમિક શાળાની સગવડ હોય, એકથી બે કિ.મી.ની અંદર પ્રાથમિક શા-ની સગવડ હોય તે જરૂરી છે. તથા દરેક ગામમાં બાલવાડી ચાલતી હોય. આવા પ્રકારની સગવડો ઊભી થાય તેને માટે સક્રિય પ્રયત્નો થાય તે જરૂરી છે. ટૂંકમાં શિક્ષણ સુવિધા માટે જોઇતી બાલવાડીઓ, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, છાત્રાલયો, આશ્રમશાળાઓ, મહાશાળાઓ, ગ્રામ્ય પુસ્તકાલયો, શિક્ષક નિવાસો વગેરે હોવાં જ જોઇએ.

- X ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો અમલ કડક રીતે થાય એમ કરવું જ જોઇએ. તે માટે તમામ ગામોમાં પ્રાથમિક શાળાની સગવડ થવી જ જોઇએ.
- X એકથી ત્રણ કે ચાર ધોરણવાળી તમામ શાળાઓને એકથી સાત ધોરણવાળી શાળા બનાવવી જોઇએ.
- X તમામ શાળાઓમાં કાંતણ વણાટનો ઉદ્યોગ ફરજિયાત દાખલ કરવો જોઇએ.
- X દરેક પ્રાથમિક શાળાએ બાલવાડીને એકત્રીકરણ કરવી જોઇએ. (Complex)
- X વળી પરંપરાગત નૃત્યકલા, સંગીત અને ગીતોને ટકાવી રાખવા અને તેના વિકાસ માટે દર વર્ષે શિબિરો યોજવી જેથી સંસ્કૃતિ જળવાઇ રહે.
- X લોક જાગૃતિ અને બહારની સંસ્કૃતિના પરિચય માટે શૈક્ષણિક પ્રવાસ યોજવા.
- X દર વર્ષે રમત-ગમત સ્પર્ધાઓ યોજવી.
- X સમગ્ર જિલ્લાના પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણનો સમગ્ર ખ્યાલ આપતું પ્રદર્શન દર વર્ષે યોજવું.
- X ટેકનીકલ અથવા ધંધાદારી શિક્ષણનો સમાવેશ થાય તેવું શિક્ષણ હોવું જોઇએ.

ખેતી અને વન :

સમગ્ર જિલ્લો એક ડુંગરાળ પ્રદેશ છે. અને ગીચ જંગલથી ભરપૂર વિસ્તાર છે. જે ભાગ થોડો ૫૦૭૦૭ હેક્ટર સમતળ છે તે ખેતી માટે ઉપયોગી છે. ડાંગ જિલ્લાનો કુલ વિસ્તાર ૧૭૦૭૮૦ હેક્ટર છે. તે પૈકી ૯૭૨૮૪ હેક્ટર વાવેતર વિસ્તાર છે. લાકડાનો વિસ્તાર ૭૪૪૬ પડતર, ગોચરણ અને ખેડી શકાય તેવી પડતર ૧૮૫૪૭ હેક્ટર છે.

જિલ્લામાં વાવેતર વિસ્તારના ૦.૨૦% જેટલું પિયત થાય છે. જે કૂવાથી ઓઇલ એન્જીન અને ઇલેક્ટ્રીક મોટર દ્વારા તેમજ ઉદ્વહન સિંચાઇ દ્વારા કરવામાં આવે છે. આ સુવિધાઓ નહિવત્ છે.

અહીંની ખેતીનો મુખ્ય આધાર આકાશી વરસાદ પર છે. અંકુશિત સિંચાઇ સુવિધા આધુનિક ખેતીની પૂર્વ શરત છે. કૃષિવિકાસનું આયોજન આ સુવિધાની ઉપલબ્ધિ વિના અધૂરું જ ગણાય. અહીં ઉપલબ્ધ પાણીનો મહત્તમ ઉપયોગ કરીને સિંચાઇની સુગ્રથિત યોજના સહેલાઇથી બનાવી શકાય તેમ છે. જિલ્લાની મહત્વની ચાર નદીઓ પૂર્ણા, અંબિકા, ખાપરી અને ગિરા છે. તેમજ અનેક નાના મોટા ઝરણાં અહીંના પિયત વિકાસમાં મોટો ફાળો આપી શકે તેમ છે.

લઘુ સિંચાઇ :

ભૂગર્ભમાં કેટલું પાણી છે તેના સર્વેક્ષણ અહેવાલ પ્રમાણે ભૂગર્ભ પાણી મેળવવાની સ્થિતિ બહુ સારી નથી. તેથી ચેકડેમનું વિચાર્યું છે. ડાંગમાં આવા ૨૫ ચેકડેમ બનાવી શકાય એમ છે. અને ૨૫ ચેકડેમથી ૮૧૬ હેક્ટરમાં પાણી ફરી શકે તેમ છે. તેનો અંદાજી ખર્ચ ૧૨૧ લાખ રૂપિયા થાય તેમ છે. આ સિવાય અન્ય ૨૧ સામૂહિક ઉદ્વહન સિંચાઇ યોજનાઓ પણ શરૂ થઇ શકે તેમ છે. તેનાથી ૫૫૨ હેક્ટરમાં પાણી ફરી શકે તેમ છે. અને અંદાજી ખર્ચ ૭૧.૫૦ લાખ રૂપિયા થાય તેવી ધારણા છે.

મોટી અને મધ્યમ કદની સિંચાઇ :

પ્રાથમિક રીતે ડાંગ જિલ્લો જંગલ વિસ્તાર હોવાને કારણે અન્ય બાબતોની સરખામણીમાં જંગલની નીતિ મહત્વની રહેશે. તાજેતરમાં ભારત સરકારના વટહુકમ પ્રમાણે જંગલ હેઠળની કોઇ પણ જમીન બીજા ઉપયોગમાં લઇ શકાશે નહીં. તેથી જો આ સિંચાઇ યોજનાઓ અમલમાં મૂકવા પર ભાર મૂકવામાં આવે તો ઘણી વિશાળ જમીન ડૂબાણમાં જાય અને મોટી સંખ્યાના ગામો ખસેડવાના પ્રશ્નો ઉપસ્થિત થાય અને આમાંથી કેટલાક આર્થિક સામાજિક પ્રશ્નો ઊભા થશે. તેથી મધ્યમ કદની સિંચાઇ યોજનાઓને નાના કદની સિંચાઇ યોજનાઓમાં ફેરવી નાખવી જોઇએ. જેથી માત્ર નદી કિનારાની જ જમીન ડૂબાણમાં જાય.

પિયતનું મહત્વનું સાધન કૂવા પણ છે. જો કે અહીં કૂવામાં પાણી પૂરતા પ્રમાણમાં મળતું નથી. પણ જો ચેકડેમ થાય તો આજુબાજુના કૂવાઓનાં પાણીનાં તળિયાં ઊંચાં આવે અને પાણી કાયમ મળી રહે. ટૂંકમાં સિંચાઇની સાથે સાથે પીવાના પાણીનો પણ મહાન પ્રશ્ન ઉકેલાઇ શકે. ડાંગમાં કેટલીક ઉદ્વહન સિંચાઇ યોજનાઓનું કામ પૂરું થઇ ગયું છે તેમજ તેની ચકાસણી પણ કરવામાં આવી છે પરંતુ વહીવટી ગૂંચવણોને કારણે આ યોજનાઓ ચાલુ થઇ શકી નથી. આથી લોકોને આ સિંચાઇનો કોઇ લાભ મળતો નથી. માટે વહીવટી ગૂંચવણો દૂર કરી આ યોજનાઓ તાત્કાલિક ચાલુ કરવી જોઇએ.

ડાંગમાં સૌથી સારા પાક માટે બટાટા સફળ થઇ શકે તેમ છે. કારણ કે ત્યાંની આબોહવા બટાટા માટે ખૂબ સુંદર છે. વાતાવરણ અનુકૂળ આવે તેમ છે અને ભવિષ્યમાં બટાટાની ખેતી ઉપર ભાર મૂકીએ તો ગુજરાતમાં બટાટાનું બિયારણ ડાંગ પૂરું પાડી શકે તેમ છે. ગુજરાત બટાટાનું બિયારણ બહારથી મંગાવે છે તે બહારથી મંગાવવું પડે પણ નહીં.

ડાંગમાં કેટલીક જમીન એવી છે કે જે કોતરવાળી છે. જયાં ખેતી અને વન પણ થઇ શકે નહીં તેવી જમીનમાં વાંસ ઉછેરી શકે તેમ છે.

ખેતીની જમીનમાં અનાજ તો ખાસ થતું નથી એટલે ખેતીની સાથે જ વનની ખેતી થાય એ ડાંગ માટે મહત્વનું છે. આ માટે દરેક ખેડૂતોને માલિકી જમીનમાં વૃક્ષ વાવેતરની યોજનાનો લાભ મળે અને મળવે તેવા પ્રયત્નો કરવા જોઇએ. સાથે સાથે સાગ અને વાંસ સિવાય ફળાઉ ઝાડ પણ આપવાં જોઇએ. જેની પાસે જમીન નથી અને મજૂરી કરે છે તેઓને સામાજિક સુરક્ષા માટે વૃક્ષ વાવેતરની યોજના / ૨.૫ હેકટર યોજના હેઠળ લાભ આપવો જોઇએ. ડાંગમાં આ યોજના પ્રમાણે ખાસ કોઇને લાભ મળતો નથી. પણ આ યોજના અમલમાં આવે તો વૃક્ષ અને વનવાસી વચ્ચેની સાંકળ જળવાય. આ રીતે ખેતીની સાથે જ વન પણ થાય.

ડેરી વિકાસ :

ડાંગમાં ઘાસની તંગી તો બિલકુલ નથી. જોઇએ તેટલું ઘાસ મળી શકે તેમ છે. એટલે ડેરી વિકાસ માટે મહત્વનો પ્રશ્ન તો ઉકેલાયેલો જ છે. અને ઘાસનું વેસ્ટ થતું અટકે. મુશ્કેલી એ છે કે ડાંગના કોઇપણ ગામમાં નવી મંડળી ખોલવામાં આવે ત્યારે તે ગામના આદિવાસીઓને ભેંસો આપવામાં આવે છે પણ બીજા વર્ષે આ લોકો આપેલી ભેંસો દૂધ આપતી નથી. લગભગ 10% જેટલી ભેંસો દૂધ આપતી હોય છે. તેથી દૂધ મંડળી ઉપર અસર પડે છે. માટે એટલું તો કરવું જોઇએ કે જે ગામને મંડળી મારફતે ભેંસો અપાય છે તે જ ગામને બીજા વર્ષે પણ ભેંસો આપવી જોઇએ. જેથી દૂધ ઉત્પાદનનું સરક્યુલેશન ચાલુ રહે અને વારા ફરતી ભેંસોનું વિયાણ થવાથી કાયમી દૂધની મુશ્કેલી ન રહે. આ ઉપરાંત વેટનરી યુનિટ, દૂધના નિકાલ માટે નાનો ચિલીંગ પ્લાન્ટની પણ વિચારણા થવી જોઇએ. વિમા કલેઇમ માટેની સમયમર્યાદા લંબાવવી જોઇએ વગેરે ડેરી વિકાસ માટે ઘણું વિચારવાનું છે.

ઉદ્યોગ :

ડાંગમાં વન પર આધારિત ઘણા બધા ઉદ્યોગો છે. પરંતુ ડાંગમાં ઉદ્યોગો માટે જમીન નથી અને પાણીનો મોટો પ્રશ્ન છે. ગરીબો દ્વારા ચલાવાતી નાની પેપર મીલ બાંધી શકાય, જંગલના વેસ્ટમાંથી પૂઠાં બનાવી શકાય, દિવાસળી, અગરબત્તી વગેરેનું કારખાનાં પણ સરસ ચાલી શકે. તદુપરાંત રમકડાંનું કારખાનું, ઇલેક્ટ્રોનીક્સ બનાવટો વગેરે થઇ શકે.

ખેતી વિકાસ અને ખેતીની સાથે જ વનની ખેતીનો વિકાસ થાય તો લગભગ ૬૦% કુટુંબો ગરીબીની રેખા પર આવી શકે.

જમીન વિહોણા કુટુંબો માટે વન વિભાગની ૨.૫ હેકટરની યોજનાથી પણ પોતાની આવકમાં વધારો કરી શકે. ડેરી વિકાસનું આયોજન બરાબર થાય તો ડાંગના એક એક કુટુંબની આવકમાં ચોક્કસ વધારો થાય અને પોતાની કુલ આવકમાં વધારો કરી શકે. મેં દર્શાવેલ ઉદ્યોગ વિકાસ ઉપર ધ્યાન અપાય તો પણ દરેક કુટુંબને આવકમાં સારો એવો વધારો થઇ શકે.

ટૂંકમાં ખેતી વિકાસ, ખેતીની સાથે જ વન અને વનોપજનો વિકાસ, ડેરી વિકાસ અને ઉદ્યોગ વિકાસ આ સમગ્રલક્ષી વિકાસથી ડાંગી કુટુંબની સરાસરી આવકમાં ૨૦ વર્ષના ગાળામાં મૂલ્યવૃદ્ધિની અસરને બાદ કરતાં ૫૦% વધારો થાય અને ગરીબીની રેખા નીચેનાં લગભગ ૮૦% કુટુંબો ગરીબીની રેખાની ઉપર આવે.

યોજનાનાં લક્ષ્યો ઓછાં લાગે. ઇ.સ. ૨૦૦૦ સુધીમાં પણ ૨૦% લોકો ગરીબીની રેખા નીચે રહી જાય એવું કોઇને ન ગમે પણ મારું માનવું છે કે ડાંગનો વિકાસ ઇતિહાસ જોતાં આથી વધુ થવું લગભગ અશક્ય જ બનશે. સિવાય કે કોઇ મોટો જાદુ થાય અને બધા લોકો ૨૦ વર્ષમાં ગરીબીની રેખાની ઉપર આવી જાય.

સંદર્ભ : ડાંગ જિલ્લાના આદિવાસીઓ માટે ઇ.સ. ૨૦૦૧ સુધીનું ભાવીલક્ષી આયોજન (૧૯૮૨-૮

અરૂણ ભા. પટેલ

ગરી
છે, જ
ક
વસંત
પરિ
પરિ
ધધો
વિસ્ના
પાડવા
લાકડું
કાથા
મા પ
ખેતી
ખેતમ
ચૂડમાં

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

ડાંગ જિલ્લા વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી : ૫, ૬ નવેમ્બર ૧૯૮૨

ડાંગના કાથોડીઓનું આર્થિક જીવન

- ગૌરીશ પંડ્યા
સંશોધન અધિકારી

ગુજરાતના આદિવાસીઓમાં અત્યંત કપરી આર્થિક પરિસ્થિતિમાં જીવન જીવતી, ગરીબમાં ગરીબ જાતિ હોય તો તે કાથોડી છે. આખો કાથોડી સમાજ ગરીબીની રેખા નીચે જીવન વિતાવે છે, જીવનનિર્વાહ માટે સતત સંઘર્ષમાં જીવન વ્યતીત કરે છે. પછી તેમાં ડાંગ, ઉચ્છલ, સાગબારા કે વિજયનગરમાં વસતો કાથોડી સમાજ હોય. દરેક વિસ્તારમાં કાથોડીઓ આર્થિક રીતે ત્યાં વસતી જાતિઓમાં નીચામાં નીચા સ્તરનું જીવન વિતાવે છે. તેનું મુખ્ય કારણ ધંધામાં આવેલ આમુલ પરિવર્તન છે અને અન્ય સમાજોના શોષણનો ભોગ બનતાં દિનપ્રતિદિન ગરીબીમાં પિસાતો બેહાલ પરિસ્થિતિમાં જોવા મળે છે.

ખાનદેશ તરફથી કાથો પાડવા ગુજરાતમાં અન્ય જગ્યાએ આવેલા, જેમને કાથાનો ધંધો કરનાર વેપારીઓએ ગુજરાતમાં જ્યાં જ્યાં ખેરનાં જંગલ વધુ પ્રમાણમાં હતાં તેવા જંગલ વિસ્તારોમાં લઈ ગયા અને તેમની ખાવા પીવાની જરૂરિયાત પૂરી પાડી તેના બદલામાં કાથો પાડવામાં આવતો હતો. પણ જંગલનીતિને કારણે જંગલ પરના અનેક પ્રતિબંધને કારણે ખેરનું લાકડું કાપવા પરના પ્રતિબંધો આવ્યા અને કાથાની ફેકટરીઓ ખોલતાં તે કાથો હાથે બનાવેલ કાથા કરતાં સસ્તો પડવાથી તેમનો ધંધો પડી ભાંગ્યો અને જ્યાં હતા ત્યાં જ વસી ગયા. એટલે મૂળ પરંપરાગત ધંધાની જગ્યાએ ધંધાનું આમુલ પરિવર્તન કરવું પડ્યું. ખેતીની જમીન હતી નહીં, ખેતી કરતા નહોતા, માત્ર જંગલ પર આધારિત જીવન હતું. જેથી તેઓમાંનો મોટો . . . વર્ગ ખેતમજૂર બની ગયો અને જે ધંધામાં રોટલો મળે તે ધંધો અપનાવતા ગયા. જેને કારણે ગરીબીના ચક્રમાં તળિયે ઉતરતા ગયા.

ગુજરાતમાં જિલ્લાવાર કાથોડીઓની વસ્તી (૧૯૭૧)

ક્રમ	જિલ્લો	વસ્તી
૧.	સુરત	૧૬૫૨
૨.	ડાંગ	૬૮૯
૩.	ભરૂચ	૪૩૧
૪.	બનાસકાંઠા	૧૨૭
૫.	વડોદરા	૭
૬.	પંચમહાલ	૬
૭.	વલસાડ	૬
૮.	ખેડા	૨
૯.	અમદાવાદ	૧૯
	કુલ	૨૯૩૯

આજે કોઇ એક ધંધો તેમને રોજી રોટી આપી શકે તેમ નથી. જેને પરિણામે અનેક ધંધા કરી જીવનનિર્વાહ માટે વલખાં મારે છે., જેમાં મુખ્યત્વે ખેતમજૂરી, જંગલમજૂરી, કોલસા પાડવા, જંગલ પેદાશો એકત્ર કરવી, ખેતી, ખેતી કરવાવાળો વર્ગ કાથોડીઓમાં ડાંગમાં છે. કારણ કે ડાંગમાં તેમને થોડી ઘણી ખેતીની જમીન મળી છે. જેને પરિણામે તેઓ થોડી ઘણી ખેતી કરે છે.

ડાંગના કાથોડીઓ જીવનનિર્વાહ માટે અનેક પ્રકારના વ્યવસાય કરે છે. જેને વિગતે જોઇએ.

ખેતી :

ખેતીની જમીનનું પ્રમાણ ઘણું ઓછું છે. તેમાય જમીન ડુંગરાળ, નદી નાળાંવાળી અને જંગલોથી છવાયેલ પ્રદેશ છે. જેને પરિણામે તે જમીનમાંથી ધાર્યું ઉત્પાદન મેળવી શકાતું નથી. આ સિવાય પરંપરાગત ખેતીનાં ઓજારો તે પણ દરેક કુટુંબ પાસે પૂરતાં હોતાં નથી. હલકી ઓલાદના અપૂરતા બળદો, પરંપરાગત ખેતી કરવાની પધ્ધતિઓ, પૈસાનો અભાવ વગેરે અનેક કારણોથી ખેતીની જમીન કેટલાંક કુટુંબો ધરાવતાં હોવા છતાં પૂરતું ઉત્પાદન લઇ શકતાં નથી. જેનાં અનેક કારણો છે. જેમાં અપૂરતી જમીન એ પણ એક અગત્યનું કારણ છે. જે નીચેનો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવશે.

જમીન ધરાવતાં કુટુંબો :

ક્રમ	ગામનું નામ	કુલ કુટુંબો	ખેતીની જમીન ધરાવતાં કુટુંબો
૧.	ટીંબરથવા	૧૪	૧૧
૨.	જામલા	૩	૨
૩.	નિબારપાડા	૧૫	૧૦
૪.	માનમોડી	૬	૫
૫.	મોટા માળુંગા	૯	૫
૬.	નાહન માળુંગા	૫	૫
	કુલ	૫૨	૩૮

ડાંગમાં છ ગામોમાં વસતા કાથોડીઓનાં ૫૨ કુટુંબોમાંથી ૩૮ (૭૩%) કુટુંબો જમીન ધારણ કરતાં હતાં. આ કોટુંબોનું કુટુંબદીઠ જમીનનું પ્રમાણ નીચે પ્રમાણે જોવા મળ્યું હતું.

છ ગામના કાથોડીઓનું જમીનધારણના કદ પ્રમાણ કુટુંબોનું વર્ગીકરણ :

ક્રમ	ગામનું નામ	૦થી ૨.૨૦ એકર	૨.૨૧થી ૫.૦૦ એકર	૫થી ૧૦ એકર	૧૦ એકર કરતાં વધુ	કુલ	જમીન વિહોણાં કુટુંબો	કુલ કુટુંબ
૧.	ટીંબરથવા	૩	૫	૩	-	૧૧	૩	૧૪
૨.	જામલા	-	૧	-	૧	૨	૧	૩
૩.	નિબારપાડા	૧	૫	૪	-	૧૦	૫	૧૫
૪.	માનમોડી	૨	૩	-	-	૫	૧	૬
૫.	મોટા માળુંગા	૨	૨	૧	-	૫	૪	૯
૬.	નાહાન માળુંગા	૨	૨	૧	-	૫	-	૫
	કુલ	૧૦	૧૮	૯	૧	૩૮	૧૪	૫૨
	ટકા	૨૬.૩૨	૪૭.૩૭	૨૩.૬૮	૨.૬૩	૧૦૦.૦૦	-	-

કાથોડીઓ જમીન ધરાવતા હોવા છતાં જમીનનું પ્રમાણ કુટુંબદીઠ નહિવત્ છે. ૦.થી ૨.૨૦ એકર જમીન ધરાવતાં ૧૦ (૨૬.૩૨%) કુટુંબો છે. જ્યારે ૦થી ૫ એકર જમીન ધરાવતાં કુટુંબોની સંખ્યા ૨૮ (૭૩.૬૮%)ની છે. ૯૭.૩૭ ટકા ૧૦ એકર કરતાં ઓછી જમીન ધરાવતાં કુટુંબો છે. કુટુંબદીઠ આટલી ઓછી જમીન હોય અને તેમાંય હલકી, ડુંગરાળ, નદીનાળાં તથા ખીણ પ્રદેશ અને જંગલથી છવાયેલ જમીનમાંથી કેવું અને કેટલું ઉત્પાદન લઈ શકે ? જમીન કુટુંબનો નિર્વાહ કરી શકતી નથી. અને તેમાંય ખેતી તેમનો પરંપરાગત ધંધો નહીં હોવાથી ખેતીમાં પૂરતો રસ પણ ધરાવતાં નથી. તેઓનું મન સદા જંગલના ઊંડાણ તરફ ખેંચાયેલું હોય છે. જ્યાં જંગલ પેદાશો, કૂપ કટીંગનું કામ, જંગલની અન્ય મજૂરી કે કોલસા પાડવા તરફ વધુ આકર્ષાય છે. દા.ત. વહેલી સવારથી જંગલમાં નીકળી પડે તો બપોર સુધીમાં માંડ માંડ થોડીક જંગલ પેદાશ કે શિકાર મેળવી શકે છે. પણ ખેતીની જમીન તરફ એટલું લક્ષ દેખાતું નથી. આવાં અનેક કારણોસર ખેતીનું ઉત્પાદન કોઈ પણ કાથોડી કુટુંબનું જીવનનિર્વાહ કરી શકતું નથી. જેને પરિણામે જીવન ટકાવી રાખવા અનેક પ્રકારના વ્યવસાયો કરે છે.

<u>પશુઉછેર :</u>

કેટલાંક કુટુંબો બકરાં, ગાય અને મરઘાં રાખે છે પણ ગાય કે બકરાંના દૂધની આવક થતી નથી. દૂધ કાઢવામાં આવતું નથી. કારણ કે આ પશુઓ છાણ માટે કે તેનાં બચ્ચાં થાય અને ગાયના વાછરડાથી ખેતી થાય તેમજ બકરાંનાં બચ્ચાં કે અન્ય પશુઓ પૈસાની જરૂર પડે તો વેચી શકાય. જેનો સંબંધ આર્થિક ઉપાર્જન માત્ર નહીં પણ સામાજિક જીવન સાથે પશુઓ વણાયેલ હોવાથી માત્ર આર્થિક ઉત્પાદનની દ્રષ્ટિએ પશુઓને રાખતા નથી. સામાજિક તેમજ ધાર્મિક મહત્વ પણ એટલું જ છે. મરઘાં કે બકરાં અતિથિના ભોજન માટે દેવ-દેવીઓને બલિદાન આપવામાં પણ ઉપયોગ કરે છે. તેમજ દૂધ કાઢે તો પણ તેને માટે વેચવાનું કોઈ બજાર ગામમાં મળતું નથી અને પોતે ખાવા પીવામાં દૂધનો ઉપયોગ કરતા નથી. જેને પરિણામે દૂધ કે દૂધની બનાવટોનું સ્થાન તેના આર્થિક વ્યવહાર સાથે સંકળાયેલ નથી. છાણ પણ બહુ ઓછું મળે છે કારણ કે સવારથી સાંજ સુધી પશુઓ જંગલમાં જ રખડતાં હોય છે.

<u>ખેતમજૂરી :</u>

ખેતમજૂરી પોતાના ગામમાં કે આસપાસનાં ગામોમાં પણ બહુ ઓછી પ્રાપ્ત થાય છે. જેમાં ડાંગરની રોપણી કે ડાંગરની કાપણીમાં થોડાક દિવસ મજૂરી મળે છે તે સિવાય ખેતીકામની મજૂરી મળતી નથી. અને તેમાં પણ મજૂરીના દરો ઘણી નીચા છે. જેમાં રોકડ

કરતાં પરંપરાગત આપીયાથી આ કિલો જેટલી નાગલી મજૂરીના બદલામાં આપવામાં આવે છે.

મોટા ભાગના કાથોડીઓ મજૂરી માટે બે ત્રણ માસ માટે વાંસદા, વલસાડ, ચીખલી, પારડી, બારડોલી વગેરે વિસ્તારોમાં વાડીઓમાં કે અન્ય ખેતી કામની મજૂરી માટે જાય છે. ત્યાં કુટુંબ સાથે જાય છે અને બહાર પરિસ્થિતિમાં ત્યાં રહેતા હોય છે. ત્યાં પણ ૩થી ૪ રૂપિયા મજૂરીના મળે છે અને માસિક મજૂરીના ૭૫થી ૧૦૦ રૂપિયા આપવામાં આવે છે. ખાવા પીવાની સગવડ સાથે. આ રીતે મજૂરી પણ કાયમી મળતી નથી. મોસમ પ્રમાણે થોડી ઘણી મજૂરી મળે છે. પાછા વતનમાં આવે અને પાછા જાય આમ આવન-જાવનમાં પણ ભાડાના ખર્ચા વધુ થતા હોય છે. કારણ કે ખાવા પીવાનાં અનાજ વગેરે ઘરેથી લઈ જાય અને વળી અનાજ ખૂટે એટલે થોડાક દિવસ ઘરે આવી જાય. આમ વારંવાર આવતાં જતા જોવા મળે છે. જો કે ખેતીની મજૂરી લગભગ બધી થઈને ત્રણ માસથી વધુ મળતી નથી તે પણ બધાં કુટુંબો ત્રણ માસ ... કામ કરતાં નથી. ૧૦ દિવસ મજૂરી કરી હોય તો થોડા દિવસ આરામ કરે પછી પાછા મજૂરી કરવા જાય. આ રીતે મજૂરી ઓછી મળતી હોવાથી અને તેના દરોનું પ્રમાણ ઓછું હોવાથી તેમાંથી પણ જીવનનિર્વાહ કરવો મુશ્કેલ બને છે.

જંગલમજૂરી :

જંગલ મજૂરીમાં જયારે કૂપ કપાતા હોય ત્યારે કપાયેલ લાકડાંનું ઘડતર વગેરે કામોમાં મજૂરી મળે. આ સિવાય રાબમાં મજૂરી મળે પણ તે બારે માસ મળતી નથી. લગભગ ત્રણ માસ જેટલા સમયગાળામાં આ કામો પૂરાં થાય તેમાં મજૂરી મળે પણ તેમાંયે દરેક મજૂરી કરવાવાળું કુટુંબ બધા દિવસ મજૂરી માટે જતું નથી, પણ છૂટક છૂટક દિવસોમાં જાય છે.

કોલસા પાડવા :

કોલસા પાડવામાં કાથોડીઓ નિષ્ણાત ગણાય છે. કોલસા પાડવા માટે જયાં કોલસા પાડવાના હોય ત્યા કેટલાક દિવસ માટે કુટુંબ સાથે પણ રહેતા હોય છે. કોલસા પાડવાની મજૂરીમાં કોલસા પાડી તૈયાર કરી એક બોરી ભરે તો ૧૨ રૂપિયા મજૂરી મળે છે. તેમાં ડુંગરના ઉપરના ભાગમાં હોય તો તેનાથી થોડાક નીચે કોલસા પાડવાના હોય તો ૧૦ રૂપિયા અને ડુંગરની તળેટીમાં પાડવાના હોય તો એક બોરીના ૭ રૂપિયા મળતા હતા. ચાર પાંચ વ્યકિતઓ મળીને કે કુટુંબવાળા ભેગા થઈને ૧૫ દિવસમાં લગભગ ૪૦ કોથળા કોલસા પાડે છે. આ કામ કાયમ માટે હોતું નથી પણ માત્ર વર્ષમાં બે માસ જેટલું જ કામ ચાલે છે.

નોકરી :

શિક્ષણનું પ્રમાણ ઓછું છે. કાથોડી બાળકો આશ્રમશાળાઓમાં અભ્યાસ કરે છે. જેને પરિણામે ભાગ્યે જ નોકરીમાં દેખાય છે. પણ જયાં શિક્ષણની જરૂરિયાત ન પડે તેવી નોકરીઓમાં જાય છે. જેવી કે જંગલ ખાતામાં, ટ્રક ડ્રાયવર તરીકે કે જંગલ ખાતાના બીજાં કામોમાં જોડાય છે. જો કે તેનું પ્રમાણ ઘણું ઓછું છે.

અન્ય ધંધા :

કાથોડીઓ જીવનનિર્વાહ માટે અનેક પ્રકારના ધંધા રોજગાર દ્વારા રોજી મેળવવાનો પ્રયત્ન કરે છે. જેમ કે કેટલાક છૂપી રીતે નવાપુર કે સુરગાણા તરફ જલાઉ લાકડાં વેચી થોડીક પૂરક રોજી મેળવે છે. તે સિવાય જંગલ પેદાશોમાં ગુંદર, મધ, ટીમરૂનાં પાન, કરંજી વગેરે અનેક જંગલ પેદાશો મેળવી ખાનગી વેપારીઓને વેચે છે.

આ ઉપરાંત ખોરાક માટે જંગલના ભાજીપાલા, કંદમૂળ, માછલાં કે પશુ પક્ષીનો શિકાર કરી થોડું ઘણું પ્રાપ્ત કરે છે. આ રીતે અનેક વ્યવસાયો દ્વારા જીવન ટકાવી રાખવાનો પ્રયત્ન કરે છે. જો કે તેમનું જીવન સતત સંઘર્ષ વચ્ચે જીવાય છે. ત્રણ ચાર વર્ષથી કાથોડીઓને પ્રીમીટીવ ગ્રુપમાં મૂકયા હોવાથી અનેક પ્રકારની આગવી વિકાસ યોજનાઓ કાથોડી જાતિ માટે શરૂ કરવામાં આવી છે. જેના દ્વારા અનેક પ્રકારની યોજનાઓ તેઓ માટે બનાવવામાં આવી છે.

આવક ખર્ચ :

અનેક ધંધા રોજગાર દ્વારા થોડી ઘણી આવકો જયાંથી પ્રાપ્ત થાય ત્યાંથી મેળવે છે. તપાસમાં લીધેલ કાથોડી કુટુંબોની આવક અને ખર્ચનો કોઠો જોતાં તેમના આર્થિક જીવનનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

તપાસમાં લીધેલ પર કુટુંબોમાંથી ૪૪ કુટુંબો માત્ર એક હજાર સુધીની આવક મેળવી શકે છે અને તે જ આવકમાં પોતાનું જીવન ગુજરાન ચલાવે છે. મોટે ભાગે જંગલના ભાજીપાલા કે કંદમૂળ વગેરે ખાઈને જીવન ચલાવતા હોવા છતાં કેટલાંક કુટુંબોને વર્ષમાં છૂટક છૂટક એક માસ જેટલો સમય ભૂખે સૂવાનો વારો આવે છે. જેમાં કેટલાંક કુટુંબોને એક વખતનું ખાવાનું ન મળતું હોય તો કેટલાંક કુટુંબોને દિવસ દરમ્યાન કંઈજ ખાવા ન મળે તેવાં કુટુંબો પણ જોવા મળે. આવો સમય ખાસ કરીને જેઠ અષાઢમાં આવે છે ત્યારે તેઓને ઘણી મુશ્કેલીઓ અનુભવવી પડે છે. આ કુટુંબોમાં મોટા ભાગનાં કુટુંબો એવાં જોવા મળ્યાં હતાં કે તેમની આવક કરતાં ખર્ચ વધી જતું હતું, જેને પરિણામે તેમને દેવું કરવું પડે છે. દેવું ગામના

મોટા ખેડૂત કે વેપારીનું હોય છે. જે અનાજ કે વસ્તુના રૂપમાં લેવામાં આવે છે. જે વ્યાજ સાથે સીઝનમાં કે મજૂરીમાંથી વાળી દેવાનું હોય છે. આ રીતે કાથોડીઓનું સમગ્ર આર્થિક જીવન જોતાં ખ્યાલ આવે છે કે તેમનું આર્થિક જીવન સંઘર્ષમય છે. તેમની પાસે એવી કોઇ મોટી અસ્કયામતો નથી. માત્ર બાવડાના બળે જ રોટલો રળવો પડે છે. કારણ કે કુટુંબદીઠ અને માથાદીઠ આવકના આંકડા ગરીબીની રેખા કરતાં ક્યાંય નીચે જતા દેખાય છે. જેને લીધે તેમની ગરીબીનું સ્પષ્ટ ચિત્ર ઉપસી આવે છે.

ગામવાર કુટુંબોની આવક અને ખર્ચ દર્શાવતો કોઠો

અનુક્રમ	ગામનું નામ	કુલ કુટુંબો	૧થી ૧૦૦૦ રૂપિયા સુધીની આવક અને ખર્ચ કરતાં કુટુંબોની સંખ્યા		૧૦૦૧થી ૨૫૦૦ રૂપિયા સુધીની આવક અને ખર્ચ કરતાં કુટુંબોની સંખ્યા		૨૫૦૦થી ૫૦૦૦ સુધી આવક અને ખર્ચ કરતાં કુટુંબોની સંખ્યા	
			આવક	ખર્ચ	આવક	ખર્ચ	આવક	ખ
૧.	ટીંબરથવા	૧૪	૧૧	૧૧	૨	૩	૧	-
૨.	જામલા	૩	૨	૨	૧	૧	-	-
૩.	નિંબારપાડા	૧૫	૧૫	૧૫	-	-	-	-
૪.	માનમોડી	૬	૬	૬	-	-	-	-
૫.	મોટા માળુંગા	૯	૬	૬	૨	૨	૧	૧
૬.	લહાનમાળુંગા	૫	૪	૪	-	-	૧	૧
	કુલ	૫૨	૪૪	૪૪	૫	૬	૩	૨

(ઓછામાં ઓછી ૩૦૦ રૂપિયા સુધીની વાર્ષિક આવક કુટુંબોની જોવા મળી હતી અને ૫૨ કુટુંબોની ૨૭૬ની સભ્યસંખ્યા હતી.)

...

ડાંગ જિલ્લા

ડાંગ

જ્યા

કરીએ છીએ

છે તેના ઉપર

વાત કરીએ ત

વર્તે છે. સૌથી

જવામાં આવે છે

યા બન્ને હોઇ

કેટલીકવાર ત

ભૂલી જાય છે

પાસુ છે.

અહીં

સમૃધ્ધ છે તે ક

કેટલો લાભ લઇ

બનાવે છે તેમ

વગર પરિબળોને

ગતિશીલ પ્રક્રિયા

આપણ વિકસિત

શું એમ નથી લા

છે કે મનુષ્યનો

સર્જન છે. મોટા

આવા વિકાસની

આપણ

ઊભુ કર્યું આપણા
નાખી પણ પરિણ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ - ૩૮૦૦૧૪

ડાંગ જિલ્લા વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી : ૫ , ૬ નવેમ્બર ૧૯૮૨

ડાંગ વિસ્તારમાં આર્થિક વિકાસની પ્રક્રિયા એક અવલોકન

શ્રીમતી કોકિલા શાહ
માનદ્ સંશોધન અધિકારી

જયારે આપણે વિકાસની વાત કરીએ ત્યારે " વિકાસ " શબ્દને કયા સંદર્ભમાં રજૂ કરીએ છીએ તેનો ખ્યાલ રાખવો જોઇએ. આજકાલ વિકાસ શબ્દનો ઉપયોગ જે રીતે કરવામાં આવે છે તેના ઉપરથી તો એમ જ લાગે કે વિકાસ એ માત્ર દંતકથા જ છે. વળી આર્થિક વિકાસની વાત કરીએ ત્યારે એમજ માની લેવામાં આવે છે કે માણસ હંમેશા તર્કબધ્ધ અને વૈજ્ઞાનિક રીતે જ વર્તે છે. સૌથી વધારે નફો કેમ ઊભો કરવો એ જ એની જીંદગીનું મુખ્ય ધ્યેય છે. પણ એ ભૂલી જવામાં આવે છે કે મનુષ્યના આર્થિક વ્યવહારો ઘણીવાર સામાજિક વ્યવહારોના કારણો, ક્રિયા યા બંને હોઇ શકે. અર્થશાસ્ત્રીઓ કેટલીકવાર સામાજિક પરિબળોનું ઓછું મુલ્ય આંકે છે. અને કેટલીકવાર તો તેઓ સામાજિક પરિબળોને આર્થિક વિકાસના અવરોધક બળો તરીકે ગણે છે. તેઓ ભૂલી જાય છે કે માનવવ્યવહાર ઘણો જટિલ છે. આર્થિકવ્યવહાર તો સમગ્ર મનુષ્ય જીવનનું એક પાસું છે.

અહીં આપણે જ્યારે વિકાસની વાતો કરીશું તો વિકાસ એટલે કોઇપણ સમાજ કેટલો સમૃધ્ધ છે તે કરતાં બદલાતા સંજોગોના સંદર્ભમાં કોઇપણ સમાજ એ સંજોગોમાં પોતાની તરફણમાં કેટલો લાભ લઇ શકવાની શકિત ધરાવે છે, ભવિષ્યની પરિસ્થિતિ પારખવામાં કેટલી પારંગતતા બતાવે છે તેમજ સામુહિક રીતે વિકટ પરિસ્થિતિનો સફળતા પૂર્વક સામનો કરી શકે છે કે કેમ વગેરે પરિબળોને નજર સમક્ષ રાખી વિકાસની પ્રક્રિયાની છણાવટ કરીશું. વિકાસની પ્રક્રિયા એ ગતિશીલ પ્રક્રિયા છે. જો કે અહીં એક પ્રશ્ન ઊભો થયા વગર રહેતો નથી કે કેટલાક દેશોને આપણે વિકસિત દેશો કહીએ છીએ. જયારે કેટલાક દેશોને આપણે અવિકસિત પછાત ગણીએ છીએ. શું એમ નથી લાગતું કે ' વિકાસ ' કેટલીકવાર અન્યના ભોગે થાય છે. ઇતિહાસ પૂરવાર કરે છે કે મનુષ્યનો સ્વભાવ હંમેશા ગતિશીલ રહયો છે. પણ કેટલીકવાર પછાતપણું એ મનુષ્યનું પોતાનું સર્જન છે. મોટાભાગના કેસોમાં અન્યને પછાત રાખીને વિકાસ સાધવામાં આવ્યો હોય છે. આપણે આવા વિકાસની વાતો નથી કરવી.

આપણે સ્વતંત્ર થયા અને આપણે સમગ્ર ભારતીય સમાજના વિકાસનું એક સ્વપ્નશીલ ચિત્ર ઊભું કર્યું આપણા આયોજકોએ સમાજના જુદા જુદા સ્તરોના વિકાસ માટે અનેક યોજનાઓ ઘડી નાખી પણ પરિણામ ? ચારે દિશામાંથી અવાજ આવે છે કે આટલા બધા પૈસા ખર્ચી નાખ્યા છતાં

સમાજનો મોટો ભાગ તો હજુ ગરીબીની રેખા નીચે જ જીવે છે. કેટલીક બાબતોમાં સફળ થયા છીએ પણ સરકારે ઘણાં બધા પૈસા ખર્ચ્યા છતાં આદિવાસી સમાજ તો હજુ એટલો જ ગરીબ રહયો છે. અરે ખુદ આદિવાસીમાં પણ જે આગળ પડતી જાતિઓ છે તે જ આયોજનનો મોટો લાભ ઊઠાવી જાય છે જયારે કાથોડી,કોટવાળિયા, કોલઘા જેવી જાતિઓ તો હજુ પ્રાથમિક અવસ્થામાં જ જીવે છે.

આ લેખમાં મેં ડાંગ વિસ્તારમાં આર્થિક વિકાસની પ્રક્રિયાઓની ઝાંખી કરાવવાનો પ્રયત્ન કર્યો છે. ખાસ કરીને ત્યાં ખેતી વિષયક પરિસ્થિતિ કેવી છે તેનો અભ્યાસ કર્યો છે.

ગુજરાત રાજયના ૧૯ જિલ્લામાં ડાંગનું આગવુ સ્થાન છે અહીં ૯૩.૮૨ ટકા વસતિ આદિવાસીઓની છે. ઐતિહાસિક રીતે જોઇએ તો ડાંગના પ્રથમ વતનીઓ ભીલ છે. ૧૮૪૨ સુધી ડાંગમાં ભીલ સરદારોની હાક વાગતી હતી. ૧૮૪૨ પછી બ્રિટીશ સરકારે બ્રિટીશ નૌકાદળ માટે લાકડુ મેળવવા ભીલ સરદારો સાથે કરારો કર્યા. બ્રિટીશ સરકારે જંગલોની જાળવણીની જવાબદારી લીધી પણ જંગલવાસીઓને તો એમના એમજ રહેવા દીધા બલ્કે એમનું સારુ એવું શોષણ કર્યું. સ્વતંત્ર ભારત થયા પછી ડાંગ મહારાષ્ટ્ર પ્રદેશના એક ભાગ રૂપે રહયું. ૧૯૬૦ માં તે ગુજરાત રાજયમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો.

ડાંગ વિસ્તાર આખો જંગલ છાયો વિસ્તાર છે. તેમાં ખેતી લાયક જમીન ઘણી ઓછી છે. મોટાભાગના લોકો ખેતી યા જંગલ મજૂરી કરીને પેટીયું રળી લે છે. ખેતી નિભાવલક્ષી છે. નાગલી,ચોખા,વરી,મગ,અડદ વિગેરેનો પાક લેવામાં આવે છે. શાકભાજી ઉગાડવામાં આવે છે પણ માત્ર જરૂરિયાત પૂરતુ જ ઉગાડવામાં આવે છે ફળોની કે શાકભાજીની વાડીઓ ~~અને~~ નથી. આમ તો પૂર્ણા, અંબિકા ગીરા અને કાપરી એમ ચાર નદીઓ આવેલી છે. પણ ચોમાસા સિવાય આખાયે વર્ષ દરમ્યાન ભાગ્યેજ આ નદીઓમાં પાણી હોય છે. અહીં નહેરો કે ચેક ડેમ દ્વારા જળ સિંચન કરવું ઘણું મુશ્કેલ છે. કારણ ચોમાસા દરમ્યાન પાણીનો ઘણો વેગ હોય છે. કૂવાઓ દ્વારા ખેતી કરવી અહીં વધારે સુગમ છે. બેંક ઓફ બરોડા એ કરેલ મોજણી પ્રમાણે ડાંગના ૩૦૨ ગામડાઓમાં કુલ ૪૫૩ કૂવાઓ આવેલ છે. કૂવાઓની બાબતમાં પણ એવું છે કે જમીન ઘણી પોરસ છે. તેથી પાણી ઘણું ઝરી જાય છે તેથી કુલ ૫૭૦૦૦ હેકટર ખેતી લાયક જમીનમાંથી માત્ર ૭૫ હેકટર જેટલી જમીનમાંજ ખેતી થાય છે. ઊનાળામાં તો ડાંગમાં પાણીની ઘણી અછત વર્તાયે છે. પીવાનું પાણી પણ ટેંકરો કે ગાડા દ્વારા પહોંચાડાય છે. ઔદ્યોગિક ક્ષેત્રે પણ નિરાશાજનક ચિત્ર જણાય છે. કાથો બનાવવો અને ટોપલા બનાવવા એવા જ ગૃહઉદ્યોગો હસ્તી ધરાવે છે. જંગલો, આદિવાસીઓ માટે સોનાની ખાણ છે ડાંગની આર્થિક અવસ્થા જંગલો પર આધારિત છે. જંગલોમાંથી લગભગ ૨ કરોડ જેટલી વાર્ષિક આવક ઊભી કરવામાં આવે છે ૧૯૬૯માં એક મોજણી કરવામાં આવી હતી.

તેના આધારે લગભગ ડાંગી ખેડૂતની ૩૭ ટકા જેટલી આવક જંગલમાંથી આવતી હતી જ્યારે ડાંગી ખેતમજૂરની બાબતમાં જંગલમાંથી થતી આવકનું પ્રમાણ ૨૦ ટકા જેટલું હતું. ડાંગમાં ઢોરોની સંખ્યા ઘણી છે પણ તેમાંથી તેમજ પોલ્ટ્રીમાંથી ખાસ આવક થતી નથી.

ડાંગમાં ભીલ અને કુનબીની વસતિનું પ્રમાણ વધારે છે. વારલી,ગામીત અને કોટવાળિયાની જાતિઓ પણ મહત્વની ગણાય છે. ભીલ પોતાને રાજવીવર્ગના ગણે છે. તેથી તેમને ખેતીમાં ખાસ રસ નથી. ખેતીકામ માટ તેઓ કુનબી પર આધાર રાખે છે. ભીલ જાતિ માનવશાસ્ત્રીય અભ્યાસ માટે રસપ્રદ માહિતી પૂરી પાડે છે. પણ અર્થશાસ્ત્રીઓ માટે માથાના દુખાવા સમાન છે. જેમ તેમને ખેતીમાં રસ નથી તેમ શિક્ષણમાં પણ રસ નથી તેમની સરખામણીમાં કુનબીઓ જે પાછળથી ડાંગમાં વસ્યા હતા તેઓ સ્થિર ખેતી કરે છે. નવી નવી વિકાસ યોજનાઓમાં પણ તેમને સારો એવો રસ પડે છે. તેઓ પ્રગતિશીલ વલણ ધરાવે છે. વારલી અને ગામીત પણ તેમની આર્થિક ઉન્નતિ માટે કુનબી જેવા જ પ્રગતિશીલ છે. કોટવાળિયાઓની વાત જુદી છે. તેઓ ખૂબ જ ગરીબ છે. તેમની પાસે પોતાની માલિકીની જમીન નથી તેમજ તેઓ ખેતમજૂરી પણ નથી કરતા તેઓ માત્ર ટોપલા બનાવવામાં જ પારંગત છે. તેથી વેપારીઓ તેમનું ખૂબ શોષણ કરે છે. તેઓ મોટોભાગ વસ્તુવિનિમય તો અઠવાડિક હાટવાડામાં જ કરે છે. હજીપણ મોટાભાગે સાટા વ્યવહાર ચાલે છે. કારણ મોટા ભાગે વેચવાની અને ખરીદવાની પ્રવૃત્તિ એક સાથજ ચાલતી હોય છે.

આમ જોઇએ તો ડાંગ વિસ્તારમાં માત્ર ૩૩ ટકા જેટલો વિસ્તાર ખેતી માટ ઉપયોગમાં લેવાય છે પણ ૮૮ ટકા વસતિ તેમાંથી રોજગારી મેળવે છે. મોટાભાગ ધાન્ય પાકની ખેતી થાય છે. માત્ર ૨.૬ ટકા જેટલી રોકડિયા પાકની ખેતી કરવામાં આવે છે. આમ ડાંગ નાણાવ્યવહારના મુખ્ય પ્રવાહમાં હજુ હમણાં જ પ્રવેશ કરી શક્યું છે. અત્યાર સુધી મોટાભાગની આર્થિક પ્રવૃત્તિ નાણાતંત્રની બહાર થતી હતી પણ જંગલનિગમ દવારા તેમજ યોજના હેઠળ હાથ ધરાવેલ કામો દવારા મજૂરીની જે આવક થાય છે. તે નાણા દવારા થાય છે. તેથી ડાંગી આદિવાસી હવે નાણા વ્યવહારથી પરિચિત થતો જાય છે.

આ એક એવો વિસ્તાર છે. કે જે ભૌગોલિક કારણો તેમ વાહનવ્યવહારની અપૂરતી સવલતો ને લીધે ઘણાં વર્ષો સુધી વિખુટા પડી ગયેલા વિસ્તાર તરીકે જાણીતો હતો તેથી વિકાસની વાતો જ્યારે કરીએ ત્યારે સમજી લેવું જોઇએ કે સૈકાઓથી ચાલ્યુ આવતુ અલિપ્તાપણું , પછાતપણું રાતોરાત દૂર કરી શકાય તેમ નથી. અહીં વિકાસના બી વાવતા ઘણી મુશ્કેલી પડે તેમ છે. વિકાસના બી ફૂટી નીકળે તો પણ તેની ઘણી માવજત કરવી ઘટે. પહેલા બતાવ્યુ છે તેમ ખેતી તે ડાંગીઓની આવકનું મુખ્ય સાધન છે. પણ હજુ ખેતી તો નિભાવલક્ષી છે તેમની ખેતી પધ્ધતિ તો

હજી પ્રાચીન રહી છે. તેથી ખેતીના વિકાસની વાત કરીએ તો તેમાં બીજ વહેંચણી ખાતરની વહેંચણી પાણીની સવલતો બ્લોકામ ડેમોન્સ્ટ્રેશન ફાર્મ વગેરેની વાત આવીજ થાય.

કોઇપણ ઉત્પાદનની પ્રક્રિયામાં જમીન ,શ્રમ , મૂડી અને સંયોજક એમ ચારેય પરિબળો મહત્વનો ભાગ ભજવે છે. મોટાભાગે આ ચારેય પરિબળો પ્રમાણમાં સરખો ભાગ ભજવે છે પણ ખેતીમાં જમીન અને શ્રમ મહત્વનો ભાગ ભજવે છે જમીન તો નિશ્ચિત જ હોય છે તેથી જમીનના પ્રમાણમાં શ્રમનું કેટલું પ્રમાણ છે તેના આધાર ખેતીની ટેકનોલોજી નક્કી થતી હોય છે ડાંગમાં વિસ્તારના પ્રમાણમાં ખેતી પર આધારિત વસતિ વધુ છે. તે આપણે આગળ ઉપર જોયું આ કારણસર ડાંગમાં ખેતી વિકાસને લગતી ટેકનોલોજીની પસંદગી ઘણી સિમિત થઇ જાય છે. વળી મોટા ભાગે ઘરના માણસો જ ખેતી કરતા હોય છે એટલે શ્રમનું મૂલ્ય કેટલું ગણવું એ જટિલ પ્રશ્ન થઇ પડે છે તેથી આયોજનકારોને પણ યોજનાનો અંદાજ કાઢતી વખતે ઉત્પાદનખર્ચની ગણતરી વખતે મુશ્કેલી પડે છે. આથી " કોસ્ટ બેનીફીટ રેશીયો"પૂરો કાઢવો પણ મુશ્કેલ છે. "

આ પેપરમાં ખેતીને લગતા બધાજ પ્રશ્નોની ચર્ચા કરી શકાય તેમ નથી. પણ હું જયારે ડાંગ ગઇ ત્યારે મેં જે કાંઇ નિરિક્ષણ કર્યું હતું તેના કેટલાક મુદ્દા અહીં રજૂ કરું છું.

ડાંગમાં જયારે ખેતીની સમસ્યાનો વિચાર કરીએ તો મુખ્ય પ્રશ્ન તો ત્યાંની વસતિનો આવે છે. મુખ્ય વસતિ ભીલની છે. જેને ખેતીમાં ખાસ રસ નથી તેથી કુનબી અને વારલીને ધ્યાનમાં રાખીને કેટલીક વાતો વિચારી શકાય સારુ ખાતર વાપરીએ સારુ બિયારણ વાપરીએ અને પાણીનો પૂરવઠો હોય તો ખેતીમાં ધાર્યા પરિણામ લાવી શકીએ એમ સામાન્ય રીતે માનવામાં આવે છે.

કુનબી અને વારલી આમતો ભીલના પ્રમાણમાં પ્રગતિશીલ ખેડૂતો ગણી શકાય પણ જયારે તેમની પાસે સારુ ખાતર વાપરવાની યોજના રજૂ કરીએ ત્યારે તે લોકો કયારી માટે ખાતર વાપરવા તૈયાર થાય છે. પણ આખા ખેતર માટે ખાતર પાછળ ખર્ચો કરવા તૈયાર નથી. ટેકરાળ જમીનને કારણે ઢોળાવો ઉપર ભારે વરસાદને કારણે ખાતર ધોવાઇ જાય છે. વળી તેમના જણાવ્યા પ્રમાણે ખાતરને લીધે નીંદામણ વધી જાય છે. તેથી તેમને ખાતર વાપરવું ગમતું નથી. જો કે ડાંગરની બાબતમાં એમ નોંધ્યું હતું કે ખાતર ન વાપરતા હોવા છતાં ત્યાં પાકનું પ્રમાણ સારું હતું કારણ ઢોળાવ ઉપર વરસાદનાકારણસુકા પાંદડાનું કુદરતી ખાતર ઘસડાઇ આવતુ હતુ આમ ખાતર અંગેની કરકસર કરવામાં તેમના ડહાપણની પ્રસંશા કરવી જોઇએ જો કે હવે જંગલના કાયદાઓને લીધે લાકડા કાપી શકાતા નથી તેથી તેઓ બળતણ તરીકે આવા સુકકા પાંદડા, લાકડા અને છાણનો બળતણ તરીકે ઉપયોગ કરે છે અને આમ દિવસે દિવસે કુદરતી ખાતર ઓછું થતુ જાય છે.

સુધરેલુ બિયારણ વાપરવાથી વધારે પાક લઈ શકાય એમ ડાંગી આદિવાસી જાણે છે. પણ તેઓ એ બિયારણ એટલા ઉત્સાહથી વાપરતા નથી. કેટલાક એમ કહેતા હતા કે એનો રોટલો મીઠો લાગતો નથી જ્યારે કેટલાક એમ ફરિયાદ કરતા હતા કે વહિવટી ઢીલના કારણે બિયારણ સમયસર મળી શકતુ નથી. વળી સુધરેલા બિયારણમાંથી પાક લેવા માટે કાયમી પાણીની સવલત જરૂરી છે ડાંગમાં આમપણ પાણીની અછત છે વધારે ખેત પેદાશ માટે કાયમી પાણીનો પૂરવઠો એ ત્રીજી શરત છે. પહેલા કહ્યું તેમ ડાંગમાં અતિ વરસાદ ' છીછરુ જમીન અને ટેકરાળ પ્રદેશના કારણે ચેક ડેમ કે મોટા બંધ વગેરે દવારા સિંચાઇ કરવી મુશ્કેલ છે. ત્યાં લીફ્ટ ઇરીગેશન દવારા સિંચાઇ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો પણ આઠેક જેટલાં લીફ્ટ ઇરીગેશનના પ્રોજેક્ટ થયા હોવા છતાં ખાસ કોઇ સફળતા મળી નથી. ડાંગનો આદિવાસી ઘણો સમજુ છે તેને પરિણામમાં રસ છે કુડકસમાં અમે જ્યારે તપાસ કરી ત્યારે કોઇક ટેકનિકલ ભૂલને કારણે પાણી ચડતુ ન હતુ આજુબાજુના ખેડૂતોનો સંપર્ક સાધ્યો તો તેઓ તો એમજ માનતા હતા કે તેમની પાસેથી પાણીનો કર લેવા માટે ગવર્મેન્ટનું આ કાવતરું હતું સરકાર તરફનું તેમનું વલણ જરા વિચિત્ર હતું કોઇપણ કારણસર જ્યારે કોઇ યોજના અસફળ જાય ત્યારે તેમને એમજ લાગે કે જરુર આમાં પૈસા ખવાઇ ગયા હશે. જ્યારે તીર નિશાન ચૂકે ત્યારે તેમને એમાં માનવિય વિકૃતિ જ નજરે પડે છે. તાંત્રિક ભૂલનો તેઓ જલ્દી સ્વીકાર કરતા નથી આમ અસફળતા માટેનો તેમનો પ્રત્યાઘાત તેમનો ઘણો વિચિત્ર છે.

ડાંગનો વિસ્તાર બટાકાની ખેતી માટે ઘણો સાનુકૂળ છે ખાસ તો બટાકાનું બિયારણ અહીં તૈયાર કરી શકાય તેમ છે. કારણ અત્યાર સુધીતો હિમાચલ પ્રદેશમાંથી બટાકાનું બિયારણ આવતું જે પ્રમાણમાં ખેડૂતોને મોંઘું લાગતુ તેઓ જો નાગલી કે ડાંગર ઊગાડે તો દર એકરે માત્ર ૧૫૦થી ૨૦૦રૂા. કમાઇ શકે જ્યારે બટાકાનું બિયારણ તૈયાર કરે તો ૫૦૦ થી ૧૦૦૦ની દર એકરે આવક ઊભી કરી શકે તેમ છે. આદિવાસીઓમાં બટાકાની ખેતી પ્રચલિત કરવામાંટે સરકારે " ઇનપુટ કિટ્સ " કે જેમાં બિયારણ ખાતર જંતુનાશક દવા વગેરેનો સમાવેશ કરવામાં આવે છે તેવા કિટ્સમાં ૫૦ટકા ની સબસીડી આપવાની યોજના બનાવી પરિણામે ૧૯૭૯માં ડાંગમાં ઘણાં આદિવાસીઓએ બટાકાની ખેતી અપનાવી પણ જ્યારે અમે કેટલાક ખેડૂતોની રૂબરુ મુલાકાત લીધી ત્યારે કેટલાક ખેડૂતો ફરિયાદ કરતા હતા કે અમે બટાકાની ખેતીમાં ઝંપલાવ્યું પણ અમે તો છેતરાઇ ગયા. અમને સરકારે વચન આપ્યુ હતુ કે અમને ૧કિલો એ. ૧.૫૦ થી ૨.૦૦રૂા. જેટલી કિંમત મળશે. પણ જ્યારે બટાકા બજારમાં આવ્યા ત્યારે ઘણાં ખેડૂતોએ કિલોના ૧રૂા. કરતાં પણ ઓછા ભાવે વેચાણ કરવું પડયુ . સરકાર તરફથી કિંમત ટકાવી રાખવા માટે

કોઈ પ્રયત્ન ન કરવામાં આવ્યો સરકારી અધિકારીઓની મુલાકાત લીધી તો તેમણે એમ કહ્યું કે ઈનપુટ કિટ્સમાં ૫૦ ટકા સબસીડી આપી એ એક જાતનો નફો જ ગણાય ને !આદિવાસીઓને તો એવું લાગ્યું કે સરકાર વચન આપી ફરી ગઈ આદિવાસીઓને મન સરકાર માઈબાપ ગણાય પણ જો અધિકારીઓ બેજવાબદારભર્યું વર્તન કરે તો આદિવાસી . તેમને ઓરમાન માબાપ કહી ગાળ દેતા અચકાતો નથી. સામેની બાજુ સરકારી અધિકારીઓ પણ આદિવાસીઓને જે લાભો મળે છે તે તરફ રોષ બતાવે છે તેને સરકારી જમાઈઓ કહી ગાળો દેતા અચકાતા નથી .

એકબીજાની સંસ્કૃતિની સામૂહિક વલણ વગેરે બાબતની ગેર સમજને લીધે ઘણાં અધિકારીઓને એમ લાગે છે કે આદિવાસીઓ આટલા આળસુ અને નિરુત્સાહી છે તો શા માટે સરકાર એમના આર્થિક ઉત્થાન માટે ખોટા પૈસા વેડફી નાખે છે એમને એવુ લાગે છે કે જે લોકો ખરેખર વિકસીત છે તેની પ્રગતિને રોકીને સરકાર અવિકસિત પ્રજાને ઊંચી લાવવા માટે નિરર્થક પ્રયત્ન કરી રહી છે. વિકાસિત લોકોમાં મૂડી નિર્માણ આપોઆપ થાય છે પણ સરકાર તેવા લોકો ઉપર કરવેરા નાખી મૂડી નિર્માણની પ્રક્રિયાને વિલંબિત કરી એવા ક્ષેત્રમાં (અલ્પવિકસિત ક્ષેત્રમાં) પૈસા રોકે છે કે જ્યાં મૂડી નિર્માણની કોઈ શકયતા નથી. સરકારની મોટાભાગની યોજનાઓ લાંબાગાળાની હોય છે જ્યારે આદિવાસીઓને આજનું ખાવાનું મળતું હોય તો તે કાલનો વિચાર કરતો નથી. આપણે જો તેમને આપણી યોજનાઓ સમજાવવા બેસીએ તો ફટ દઈને જવાબ આપશે કે લાંબા ગાળે તો આપણે બધા મરી જઈશું આ ટીકા સાંભળી આપણને હસવુ આવે પણ આદિવાસીઓ હંમેશા કુદરતી સંજોગોને આધિન જીવન જીવી રહયા છે. તેમના જીવનમાં સાતત્ય ઘણું ઓછું હોય છે. માટે તો તેમને સમજવા માટે સંવેદનશીલ દ્રષ્ટિ જોઈએ વિકાસની કોઈપણ યોજના વિષે વિચારીએ ત્યારે બને ત્યાં સુધી ટુંકાગાળાની યોજના કે જેના શીઘ્ર પરિણામ તેઓ જોઈ શકે એવી યોજનાઓ બનાવી શકાય તો સારું. વળી તેઓ જેમ બને તેમ સરકાર ઉપર ઓછો આધાર રાખતા થાય એવા સ્વનિર્ભર કાર્યક્રમોનું આયોજન થાય તો તેઓ પોતે પણ પોતાના વિકાસ અંગેની યોજનામાં પ્રોત્સાહન પૂર્વક સાથ આપી શકે. ડાંગમાં કોટવાળિયાના પુનરોત્થાનની યોજના ઘણી સફળ થઈ છે કારણ કે તેમની કુશળતાનો પૂરપુરો ઉપયોગ કરી તેમની ઊન્નતિ સાધવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ડાંગીઓને જો ખેતી માટે પ્રોત્સાહિત કરવા હોય તો તે માટે પૂરતું સંશોધન કરવુ જરૂરી છે. મારા પેપરમાં ખેતીને પ્રાધાન્ય આપ્યું છે. એટલે હું જંગલમાંથી થતી આવકની ચર્ચા કરવા માંગતી નથી. પણ ડાંગમાં (૧) ડેમ કરીને વધારે પાકો લઈ શકાય. (૨) ખેતીમાં આબોહવાને પરિણામે જ અચોકકસતા છે. તેને નિવારવા શું કરી શકાય અને(૩) બાગાયત,પશુપાલન, મરઘાં ઉછેર વગેરે આર્થિક પ્રવૃત્તિઓથી આવક કેવી રીતે વધારી શકાય તેનો અભ્યાસ થવો જોઈએ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

ડાંગ જિલ્લા વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી : ૫, ૬ નવેમ્બર ૧૯૮૨

કોટવાળિયા અર્થવ્યવસ્થા અને તેમના માટેની વિકાસ યોજના

- શ્રી ભીખાભાઇ સો. પટેલ

ગુજરાત રાજ્યમાં આદિવાસીઓની વસ્તી ૧૯૭૧ મુજબ ૩૭ લાખ ઉપરાંતની છે. જેમાં ૨૯ જેટલી જુદી જુદી આદિવાસી જાતિઓ પોતાની આગવી અને વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવે છે. આ આદિવાસી સમાજોમાં ઘણી ગરીબી જોવા મળે છે. ભારતની બધી જ અનુસૂચિત જનજાતિઓની જેમ જ ગુજરાતની આ પ્રજાના વિકાસ માટે અલગ અલગ બંધારણીય જોગવાઇઓ કરવામાં આવી છે. તેમને ગરીબીની રેખા નીચેથી ઉપર લાવવાના સઘન પ્રયત્નો જુદી જુદી વિકાસ યોજનાઓ અને સરકાર વ્દારા કરવામાં આવી રહયા છે. આ બધી યોજનાઓના ઉદ્દેશ ખરેખર ઘણા ઉંચા છે. પાંચ વર્ષ પહેલાં ગુજરાતની અનુસૂચિત જનજાતિ કોટવાળિયા માટેની વિકાસ યોજના પણ ચાલુ થઇ હતી.

કોટવાળિયા ભાઇઓને મળતી સુવિધાઓનો મૂલ્યાંકન અભ્યાસ કરવાનો મને અવસર હાલ જ મળ્યો. ક્ષેત્રકાર્ય વ્દારા ડાંગ સંકલિત આદિમ જાતિ વિસ્તાર પેટા યોજના-પાયોજના વહીવટદારની કચેરી અને ક્ષેત્રકાર્યના વિસ્તાર પરથી જે માહિતી મળી તે અહીં રજૂઆત કરું છું. સાથે સાથે આ જાતિની વિકાસ યોજના વ્દારા તેમને શું લાભ થયો છે ? અને હજુ શું કરવું જોઇએ તેની પણ ટૂંકમાં રજૂઆત કરી છે.

વસતિ અને વિસ્તાર પરિચય :

ગુજરાત રાજ્યમાં કોટવાળિયા જાતિની વસ્તી જુદા જુદા ૧૦ જિલ્લાઓના ૩૯ તાલુકાઓમાં પથરાયેલી છે. તેમાં ડાંગ જિલ્લાના જુદાં જુદાં ૧૦ ગામોમાં કોટવાળિયા ભાઇઓ રહે છે. જેની વિગતવાર નોંધ નીચેના કોઠામાં દર્શાવી છે.

ડાંગ જિલ્લાની કુલ વસ્તી ૧૯૮૧ મુજબ નીચેના કોઠામાં દર્શાવી છે. કોઠા પરથી કુલ વસ્તી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અને બિનઆદિવાસી વસ્તી તેમજ તેમનામાં અક્ષરજ્ઞાન કેટલાએ મેળવ્યું છે તેનો ગુજરાત અને ડાંગ બંને રીતે ખ્યાલ આવે છે.

આહવા-ડાંગ :

કુલ ગામોની સંખ્યા ૩૧૧ (૧૯૮૧ મુજબ)

ક્રમ	વિગત	પુરુષ	સ્ત્રી	કુલ
૧.	કુલ વસ્તી	૫૭૮૦૦	૫૬૧૯૬	૧૧૩૯૯૬
૨.	અનુસૂચિત જાતિ	૪૧૩	૩૮૧	૭૯૪
૩.	અનુસૂચિત જનજાતિ	૫૩૧૨૩	૫૧૮૧૨	૧૦૪૯૩૫
૪.	અન્ય બિન-આદિવાસી	૪૨૬૪	૪૦૦૩	૮૨૬૭
૫.	અક્ષરજ્ઞાન ધરાવતી વસ્તી	૨૨૨૪૩	૧૧૯૧૨	૩૪૧૫૫
૬.	કુલ કામ કરનારા	૩૨૩૯૫	૧૨૮૧૩	૪૫૨૦૮
	ખેડૂતો	૨૦૬૫૫	૭૯૫૫	૨૮૬૧૦
	ખેતમજૂરો	૪૭૯૨	૩૨૩૧	૮૦૨૩
	ગૃહઉદ્યોગોમાં રોકાયેલ	૬૩૯	૩૧૪	૯૩૫
	અન્ય કામ કરનારા	૬૩૦૯	૧૩૧૩	૭૬૨૨

(૧૯૮૧ સેન્સસ પ્રોવિઝનલ ડેટા)

ઉપર મુજબ ડાંગ જિલ્લાની વસ્તી, વિસ્તાર પરિચય મેળવ્યા પછી હવે ડાંગ જિલ્લામાં વસતા કોટવાળિયા વિષે જોઇએ. કોટવાળિયા વસ્તીવાળાં ગામો અને કોટવાળિયા વસ્તી નીચેના કોઠામાં દર્શાવી છે. તેમનાં ગામવાર કુલ કેટલાં કુટુંબો છે તે પણ જોઇ શકાય છે.

કોટવાળિયા આદિવાસી વસ્તીવાળાં ગામો :

ક્રમ	ગામનું નામ	ગામની વસ્તી	આદિવાસી વસ્તી	કોટવાળિયા વ
૧.	આહવા	૮૩૬૫	૪૦૭૦	૯૩
૨.	વઘઇ	૪૫૦૮	૨૫૯૬	૪૩૨
૩.	ચીંચીના ગાંવડા	૫૭૦	૫૫૩	૧૪૦
૪.	ડુંગરડા	૩૫૬	૩૫૬	૯૯
૫.	કુડકસ	૩૮૮	૩૭૧	૮
૬.	કોસીમદા	૬૨૮	૬૨૮	૪૬
૭.	દોડીપાડા	૩૫૧	૩૪૮	૧૭

૮.	કેશબંધ	૫૩૧	૫૩૦	૮
૯.	મોટીમાળુંગા	૨૮૧	૨૭૬	૫
૧૦.	નીંબારપાડા	૨૩૯	૨૩૯	૧૫
	કુલ	૧૬૨૧૭	૯૯૬૭	૮૬૩

નોંધ : કુટુંબસંખ્યા અનુક્રમે ૨૧, ૧૦૩, ૩૪, ૨૭, ૩, ૯, ૫, ૨, ૧ ૦ અને ૩ એમ ૫૦ કુલ ૨૦૮ થાય છે.

આમ ઉપર મુજબ તેમની વસ્તી, વિસ્તાર પરિચય વિષે ખ્યાલ મળવ્યા પછી અર્થવ્યવસ્થા અંગેની કેટલીક બાબતો તેમજ તેમના ધંધા વિષે ખ્યાલ મેળવીએ.

અર્થવ્યવસ્થા :

કોટવાળિયા જાતિ મુળથી જ વાંસના ધંધા સાથે સંકળાયેલી છે. વાંસની સાથે જ તેમનું આખું જીવન વણાયેલું જોવા મળે છે. આ વિસ્તારની કોટવાળિયા વસ્તીનું ધંધાકીય વર્ગીકરણ તપાસીએ અને ત્યારબાદ આ લોકો માટે વન વિકાસ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓનો ટૂંકો ખ્યાલ મેળવીશું.

વ્યવસાયનું વર્ગીકરણ :

ક્રમ	કુલ વસ્તી	ધંધો કરતાં ૧૨ વર્ષની ઉપરના સભ્યો	ખેતમજૂરી	ડ્રાઇવીંગ	વાંસકામ
૧.	૯૩	૫૩	-	૨	૫૧
૨.	૪૩૨	૨૪૬	૧૯	-	૨૨૭
૩.	૧૪૦	૮૩	-	-	૮૩
૪.	૯૯	૬૫	-	-	૬૫
૫.	૮	૮	-	-	૮
૬.	૪૬	૩૦	-	-	૩૦
૭.	૧૭	૧૧	-	-	૧૧
૮.	૮	૫	-	-	૫
૯.	૫	૨	-	-	૨
૧૦.	૧૫	૧૨	-	-	૧૨
કુલ	૮૬૩	૫૧૫	૧૯	૨	૪૯૪

કુલ વસ્તી ૮૬૩ ૧૨ વર્ષથી ઉપરના ૫૧૭ ડ્રાઇવીંગ - ૨ વાંસકામ ૪૯૪

૧૨ વર્ષથી નીચેના ૩૪૬ ખેતમજૂરી ૧૯ પૂરક વ્યવસાય ૩૨ કુટુંબો પશુપાલન

કુટુંબદીઠ વાર્ષિક આવક રૂ. ૨૧૬/-

(૪)

કોટવાળિયા જાતિની અર્થવ્યવસ્થા બીજા આદિવાસીઓ કરતાં ઘણી પછાત છે. તેમની અર્થોપાર્જનની પ્રવૃત્તિઓ પણ હજુ કેટલીક હદ સુધી જૂની છે. કોટવાળિયાઓની અર્થવ્યવસ્થા જોઈએ તો તેમનું સમગ્ર જીવન વાંસની સાથે વણાયેલું છે. તેઓ પેઢી દર પેઢીથી વાંસનો ધંધો કરે છે. તેના પર જ તેઓ પોતાનું ગુજરાન ચલાવે છે. વાંસ ઉદ્યોગમાં તેમના પોતાનાં જૂનાં ઓજારોનો જ ઉપયોગ કરે છે. વાંસકામમાં જ કુટુંબના મોટા ભાગના સભ્યો રોકાયેલા રહે છે. પુરુષો-સ્ત્રીઓ વાંસની વિવિધ વસ્તુઓ બનાવે છે. સ્ત્રીઓ સવાર સાંજ ઘરકામ કરી વાંસકામ કરે છે. બાળકો પણ વાંસકામ સાથે ગૂંથાયેલાં રહે છે. નવરાશના સમયે શિકાર કરી આર્થિક જીવનમાં મદદરૂપ થાય છે. ટૂંકમાં કુટુંબમાં ૧૨ વર્ષથી નીચેની વ્યક્તિ સિવાય બધા જ આર્થિક પ્રવૃત્તિઓ એનકેન પ્રકારે કરતા હોય છે. તેઓ મુખ્ય વાંસકામ, ખેતી, ખેતમજૂરી, મરઘાં ઉછેર અને મચ્છીમારી વગેરે પ્રવૃત્તિઓ કરી જીવન ગુજારે છે. આ બધી અર્થોપાર્જનની પ્રવૃત્તિઓ પૈકીની વાંસકામમાંથી તેમ[illegible] કુલ આવકના ૯૨.૮ ટકા આવક પ્રાપ્ત થાય છે. બીજી પ્રવૃત્તિઓમાંથી ૭.૨ ટકા આવક મેળવે છે. કોટવાળિયાઓની કુટુંબદીઠ વાર્ષિક ૨૭૮૪.૮ રૂ., કુટુંબદીઠ માસિક આવક રૂ. ૨૩૨.૧ અને માથાદીઠ માસિક આવક રૂ. ૫૦.૭ થાય છે. આ ઉપરથી એક વાત સ્પષ્ટ થાય છે કે હજુ આ લોકો ગરીબાઈની રેખા નીચે જ જીવન ગુજારે છે. ઉપર મુજબ આવકના સંદર્ભમાં તેમનું ખર્ચ જોઈએ તો તે પણ લગભગ સરભર જ થઈ રહે છે. તેમનું કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ સરેરાશ ૨૭૮૪.૮ રૂા., કુટુંબદીઠ માસિક ખર્ચ ૨૩૨.૧ રૂ. અને માથાદીઠ માસિક ખર્ચ સરેરાશ ૪૭ રૂપિયા જેટલું થાય છે. એટલે કે તેમની આવક વધી તો ખરી પરંતુ તેમના વપરાશની વસ્તુઓના ભાવ પણ એટલા જ વધ્યા હદ હોવાથી આવક ખર્ચ સરભર થઈ રહે છે. કેટલીકવાર એકટાણું પણ કરવું પડે છે. ઘણાં કુટુંબોમાં તો એક ટાઈમનું પૂરતું ખાવાનું પણ નથી મળતું.

અહીં એક વસ્તુ તો સ્પષ્ટ થાય છે કે કોટવાળિયા યોજનાની શરૂઆત પછી ક્રમે ક્રમે તેમની આવક વધી છે. તેમની આર્થિક પ્રવૃત્તિને વેગ મળ્યો છે. પરંતુ વધતી આવક હેતુસર આવે તે રીતે થતો નથી.

તેમનું જીવન વાંસકામ સાથે ઓતપ્રોત થયું હોય તેવું લાગે છે. તેમને ગરીબાઈની રેખાની સપાટીએ લાવવા તેમના વ્યવસાયનું વૈવિધ્યકરણ થાય તો જરૂર તેમની આવક વધશે અને અન્ય આદિવાસી જાતિઓની હરોળમાં જીવન વીતાવી શકશે. પરંતુ તેના માટે યોગ્ય તાલીમની વ્યવસ્થા જરૂરી છે.

ધંધાકીય તાલીમ :

કોટવાળિયા જાતિમાં ધંધા પ્રમાણે વર્ગીકરણ જોતાં ઘણાં ઓછાં કુટુંબોએ અન્ય ધંધાની તાલીમ મેળવી છે. ડાંગના કુલ કોટવાળિયા કુટુંબોમાંથી ૧૮ કુટુંબોએ અંબર ચરખાની તાલીમ, ડ્રાઇવીંગની ૩ કુટુંબોએ તાલીમ લીધી છે. એક રીતે જોવા જતાં વાંસકામ સિવાય અન્ય ધંધો કરતા વ્યકિતઓ (કુટુંબો)ની સંખ્યા ઘણી જ ઓછી છે. માટે વારસાગત ધંધા સિવાય અન્ય ધંધો સ્વીકાર અથવા તો ધંધામાં પરિવર્તન માટેના પ્રયત્નો જરૂરી છે. દા.ત. વાંસની ટોપલી, સાદડી વગેરે વસ્તુઓમાં વિવિધતા લાવી સુંદર આકર્ષક ડિઝાઇનો મૂકવાની તાલીમ આપીને અને તેના ટકાઉપણા માટે વાંસનાં સાધનોમાં લોખંડના પાતળા વાળા-અથવા ? સળિયા સાથેનું ગૂંથણ કરાવી ફેરફાર લાવી શકાય. કોટવાળિયા કુટુંબો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ભજન મંડળ અને સહકારી મંડળીમાં ભાગ લેતા થયા છે. દૂધ ઉત્પાદક મંડળીના સભ્ય પણ થયા છે. આ લોકો સહકારી પ્રવૃત્તિમાં ખૂબ ઓછો રસ ધરાવે છે. વધુમાં વધુ સભ્યસંખ્યા આ પ્રવૃત્તિમાં રસ લેતી થાય તેમજ બહારની દુનિયા સાથેના સંપર્કમાં આવે તો તે માટેના પ્રવાસ કાર્યક્રમો પણ ગોઠવવા જોઇએ.

આગળ ઉપર કોટવાળિયા અર્થવ્યવસ્થાનો ખ્યાલ મેળવ્યા પછી તેમના શિક્ષણ વિષેનો ખ્યાલ મેળવીએ.

ડાંગ જિલ્લામાં વસતા કોટવાળિયા જાતિમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળે છે. તેમની ગામવાર શિક્ષણની સ્થિતિ નીચેના કોઠામાં દર્શાવી છે.

ડાંગ : કોટવાળિયા જાતિમાં શિક્ષણ :

ક્રમ	કોટવાળિયા વસ્તી	કુલ બાળકો	શાળાએ જતાં બાળકો	શિક્ષિત માણસો
૧.	૯૩	૫૨	૪૦	૫૫
૨.	૪૩૨	૨૯૮	૧૩૭	૬૧
૩.	૧૪૦	૭૭	૩૭	૫
૪.	૯૯	૪૦	૨૧	૨૫
૫.	૮	-	-	-
૬.	૪૬	૨૧	૧૧	૩
૭.	૧૭	૬	-	-
૮.	૮	૩	-	-
૯.	૫	૩	૧	-
૧૦.	૧૫	૮	૨	૩
કુલ	૮૬૩	૪૯૮	૨૭૯	૧૫૨

ડાંગ જિલ્લામાં આઝાદી મળ્યા બાદ જ પ્રાથમિક શિક્ષણની સુવિધા ઊભી થઇ છે. ૧૯૪૭માં ૬ પ્રાથમિક શાળાઓમાં ૨૧૨ બાળકો શાળાએ જતાં હતાં, આજે ૩૧૧ ગામોમાં ૩૪૮ પ્રાથમિક શાળાઓ છે અને તેમાં ૨૪૬૭૭ જેટલાં બાળકો શાળામાં જાય છે. ૧૯૭૨માં અહીં પંચાયતીરાજ અમલમાં આવતાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ડાંગ જિલ્લાએ હરણફાળ ભરી છે. તે નીચેના આંકડાઓ પરથી ખ્યાલ આવે છે.

ડાંગ : શિક્ષણ ૧૯૮૧ :

ગુજરાત	વસ્તી	શિક્ષણ	ટકા
કુલ	૩૩૯૬૦૯૦૫	૧૪૮૫૮૧૭૫	૪૩.૭૫
પુરુષ	૧૭૪૮૪૫૪૦	૯૫૩૪૪૭૦	૫૪.૫૩
સ્ત્રી	૧૬૪૭૬૩૬૫	૫૩૨૩૭૦૫	૩૨.૩૧
ડાંગ	૧૧૩૯૯૬	૩૪૧૫૫	૨૯.૯૬
પુરુષ	૫૭૮૦૦	૨૨૨૪૩	૩૮.૪૮
સ્ત્રી	૫૬૧૯૬	૧૧૯૧૨	૨૧.૨૦

ઉપર મુજબના આંકડાઓ પરથી જોઇ શકાય છે કે શિક્ષણ ક્ષેત્રે બીજા જિલ્લાઓની સરખામણીએ આ જિલ્લાના કાર્યકર્તાઓએ સારી જહેમત ઉઠાવી છે.

૧૯૪૮થી ૧૯૫૭ સુધી પ્રાથમિક શિક્ષણ બોર્ડ, મુંબઇ રાજ્ય દ્વારા વહીવટ, ૧૯૫૮થી ૧૯૭૨ સુધી ડાંગ જિલ્લા લોકલબોર્ડ દ્વારા શિક્ષણનો વહીવટ, ૧૯૭૨થી ડાંગ જિલ્લા પંચાયત દ્વારા પ્રાથમિક શિક્ષણનો વહીવટ આમ ત્રણ ત્રણ વાર વહીવટી માળખામાં ફેરફાર થવા છતાં ૧૯૮૦ પછી ૧૦૦ ટકા શિક્ષણનો પ્રસાર કરવાનો વિશિષ્ટ પ્રયાસ સંકલિત આયોજન દ્વારા કરાઇ રહ્યો છે.

આદિવાસીઓમાં વધારે ગરીબ એવી કોટવાળિયા જાતિના બાળકોમાં શિક્ષણનું પ્રમાણ વધે અને બાળકો નિયમિત રીતે હાજરી આપે તથા તેના વાલીઓ બાળકોને નિયમિત રીતે શાળામાં મોકલે તે માટે ટ્રાયબલ સબપ્લાન યોજના અને જંગલ ખાતાની યોજનાના અમલથી અનાજ, કપડાં અને અન્ય સવલતો આપી છે. ડાંગ વિસ્તારના સારા એવા કોટવાળિયા કુટુંબોએ આ યોજનાનો લાભ લઇ શિક્ષણમાં વધુ ધ્યાન કેન્દ્રિત કરતા થયા છે. કોટવાળિયા બાળકો માટે મધ્યાહ્ન ભોજન યોજનામાં 'કેર ગુજરાત' તરફથી નાસ્તો આપવામાં આવે છે. સંકલિત બાલ વિકાસ કેન્દ્રો અને પુષ્ટાહાર કેન્દ્રો શરૂ થયાં છે. જ્યાં કોટવાળિયા બાલવાડી અને કોઠીપાડા પ્રાથમિક શાળા (આશ્રમ) શરૂ કરવામાં આવી છે. આ વિસ્તારમાં ...

ગામોમાં પણ જયાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું છે તેવા સ્થળોએ પણ શાળાઓ ખોલવામાં આવી છે.

ડાંગના વઘઈ ગામના નમૂનાના કુટુંબમાં શિક્ષણની પારિસ્થિતિ જોઈએ તો ૫.૧ ટકા પુરુષો અને ૧.૨ ટકા સ્ત્રીઓએ અભ્યાસ પૂરો કરતા પહેલાં છોડી દીધો હતો. ચાલુ શિક્ષણ સંસ્થાઓમાં ૩૭.૭ ટકા છોકરા અને ૩૨.૯ ટકા છોકરીઓ શિક્ષણ લઈ રહી હતી.

આમ ઉપર મુજબનો શિક્ષણ વિષેનો થોડો ખ્યાલ મેળવ્યા પછી તેમની રહેઠાણની અને આરોગ્યની સુવિધાઓ નીચેના કોઠામાં અનુક્રમે ગામવાર દર્શાવી છે.

આરોગ્ય :

કોટવાળિયા જાતિ માટે રહેઠાણ અને પીવાના પાણીની અપૂરતી સગવડોને કારણે તેમનામાં કેટલાક રોગો જેવા કે દમ, ટી.બી., રક્તપિત્ત, આંખની બિમારી, પેટનો દુઃખાવો, ચામડીના રોગો અને ફેફસાની બિમારી તેમજ અન્ય શારીરિક રોગો પ્રસરેલા જોવા મળે છે. તેમની મુલાકાત લેતાં પ્રથમ નજરે તેમના શરીરે ચાઠાં તો જોવા મળશે જ. આ જાતિના આરોગ્ય અંગેની સાચવણી માટે નાના નાના આરોગ્યકેન્દ્રો ઊભાં કરવાં અને સ્થાનિક ઉપલબ્ધ ઔષધિઓનો ઉપયોગ કરી તેમના સ્વાસ્થ્યની સારસંભાળ માટે કરવો જોઈએ. કોટવાળિયા જાતિનો ધંધો જેઠાડું હોવાને કારણે તેમજ પાણીના અભાવને કારણે નદીનાળાનું પાણી ઉપયોગમાં લેવાથી તેમના સ્વાસ્થ્યને હાનિ પહોંચે છે. તેમનામાં ચામડીના રોગો, દરાજ, ખસ, ખુજલી વધુ જોવા મળે છે. જેથી આવી ઝીણી ઝીણી બાબતોને ધ્યાનમાં લઈ તેમના શારીરિક વિકાસ માટે પાયાની જરૂરિયાત-આરોગ્યપ્રદ પાણી, પોષણક્ષમ આહાર અને હવાઉજાસવાળાં રહેઠાણની વ્યવસ્થાની ખાસ જરૂર છે. તો જ તેમના ચામડીના રોગોનો પ્રતિકાર કરી શકાશે.

આરોગ્ય સચવાય અને તંદુરસ્તી સારી રહે તે માટે યોગ્ય રહેઠાણ પણ અનિવાર્ય છે. તો હવે તેમની રહેઠાણ વિષેની વિગતો જોઈએ.

કોટવાળિયા જાતિની રહેઠાણ અંગેની વિગતો જોતાં કોટવાળિયા જાતિનાં ૧૦ ગામોના ૨૦૮ કુટુંબોમાંથી દરેક કુટુંબે સરકારી જમીન પર ઝૂંપડાં બનાવેલાં છે. તે પૈકી ૧૪૬ કુટુંબોને સરકારી સહાયથી અને ૬૨ કુટુંબોએ પોતાના ખર્ચે ઘર બનાવેલ છે. આ ઝૂંપડાંની દીવાલો વાંસ અને માટીની છે. છાપરૂં નળિયાંની બનાવેલ છે.

રહેઠાણની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. આરોગ્યની દ્રષ્ટિએ યોગ્ય નથી. રહેઠાણ અને આરોગ્યની પરિસ્થિતિમાં સુધારા કરવા માટે હવાઉજાસવાળી રહેવાલાયક મકાનો બનાવવાં અને તૈયાર કરવા માટેના કાર્યક્રમ તાત્કાલિક સહાયથી હાથ ધરવા જોઈએ. ડાંગમાં વસતા કાળી કુટુંબોની જેમ કોટવાળિયા જાતિ પણ માફીકાટ આપવામાં આવે છે તેમ અપાય તો

વાર્ષિ

યોજના

કોટવાળિયા યોજનાના ફલસ્વરૂપ :

- વનિલ ઉદ્યોગ નવતોડ મુકામે અપાયો હોવાથી વાસિકામદારોની કલા અને હુન્નરનું મહત્વ વધશે. તેમનામાં કોઇ નવું કરવાની તમન્ના પણ જાગી છે.
- યોજનમાં આવરી લેવાયેલાં કુલ કુટુંબોને વસાહતની સુવિધા અપાઇ છે.
- વાસિકામની-તૈયાર વસ્તુઓના વેચાણ માટેનો પ્રશ્ન હલ થતાં શોષણ અટક્યું છે.
- શિક્ષણ દ્વારા તાલીમની ગોઠવણી થઇ ચૂકી છે. તાલીમ પણ અપાય છે. કોટવાળિયાઓ સાથે સાથે અન્ય આદિવાસી કુટુંબોને પણ વાસિકામની તાલીમ અપાય છે.
- કોટવાળિયા બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે તે હેતુથી બાલમંદિરો દરેક વસાહતમાં ચાલુ કરી દીધાં છે. તદુપરાંત છાત્રાલય સાથેની શિક્ષણ વ્યવસ્થા પણ ગોઠવાઇ છે. શિક્ષણ ક્ષેત્રે છેલ્લા પાંચ વર્ષની સારી પ્રગતિ જોવા મળે છે.
- આ યોજનાથી ખરેખર તેમની આવકવૃદ્ધિ તો થઇ જ છે પરંતુ વધેલી આવકનો ઉપયોગ હેતુ લક્ષી બને તે રીતે થતો નથી. તે અંગે વ્યવસ્થા ગોઠવાવી જોઇએ.
- આ ઉપરાંત કોટવાળિયા યોજનામાં આવરી લેવાયેલાં કુટુંબોને વાસિકામનાં સાધનો, દાતરડું, છરો, કુહાડી અને કોદાળી જિલ્લાના ન્યુક્લેસ બજેટમાંથી, વાસણો, વાંસના ધંધાની વધુ જાણકારી માટે જુદા જુદા તાલીમકેન્દ્રની મુલાકાત માટે પ્રવાસ આયોજન, દર વર્ષે દરેક કુટુંબને પહેલાં ૮૦ વાંસ અપાતા તેના બદલે હવે ૧૦૦૦ નંગ વાંસ આપવા વિચારાયું છે.
- કોટવાળિયાઓ સ્વાવલંબન પ્રાપ્ત કરે અને વાંસ મેળવવા જંગલ પર આધાર ન રાખવો પડે તે હેતુથી દર વર્ષે ૨૫ હેકટર જમીનમાં વાંસ ઉગાડવામાં આવે છે. જે ચાર વર્ષમાં ૧૦૦ હેકટર જમીનમાં વાંસ ઉગાડાશે જે અંગેની યોજના હાથ ધરી છે.
- કોટવાળિયા ભાઇઓને માલની સામે દૈનિક જરૂરિયાતની વસ્તુ પૂરી પાડવા માટે આ યોજનાએ સારી એવી તૈયારીઓ બતાવી છે અને કોટવાળિયા ગ્રાહક ગ્રાહક સહકારી મંડળી ઊભી કરવામાં આવી છે. (વઘઇ)

યોજનાની કેટલીક ત્રુટિઓ :

- યોજનાનું સમયસર અમલીકરણ અને તે માટે ફાળવેલી રકમ સમયસર પૂરી કરી શકાઇ નથી. તેમના ખર્ચના આંકડા જોઇએ તો ખર્ચવાની રકમના ૫૦ ટકા જેટલી જ રકમ એક વર્ષમાં વાપરવામાં આવે છે.

- કોટવાળિયા યોજના કડક નિયંત્રણમાં આવતી હોય અને તેમની સ્વતંત્રતા ઓછી હોય એવો કંઇક આભાસ કાર્યકર્તા પરથી થાય છે. તેમાં પક્ષાપક્ષી થતી હોય એવું જોવા
- યોજનાનું સતત નિરીક્ષણ અને મૂલ્યાંકન વર્ષે જ વર્ષે થવું જોઇએ. તે યોજનાના અમલીકરણ અને વિસ્તૃતીકરણ માટે મહત્વનું છે.
- કોટવાળિયા સમાજના વધુ અને ત્વરિત વિકાસ માટે જે વાત ધ્યાનમાં રાખવા જેવી

  (૧) તેમના વ્યવસાયનું વૈવિધ્યકરણ અને

  (૨) કેટલા કુટુંબોમાં પૂજીકરણ-આ વિષે પણ સંશોધન થવું ઘટે.

કોટવાળિયાઓમાં પારિવર્તન :

યોજનાની શરૂઆતથી આ જાતિમાં આધુનિક આચાર વિચારોએ પ્રવેશ કરેલો છે. તેઓ એટલું તો સમજતા થયા છે કે દુનિયા બહુ આગળ વધી રહી છે. સુધરેલા જીવનજ્ઞાન એમના જાણે અજાણે ફેલાઇ રહયું છે. તેમનામાં શિક્ષણનો પ્રસાર થઇ રહયો છે. તેમની સાથે અન્ય એક યા બીજી રીતે સંભાગ લઇ રહયો છે અને એમની સાથે ભળવા લાગ્યો છે.

કોટવાળિયાઓની ભૂગૈતિક પારેસ્થિતિ, સામાજિક સંરચના, એમનું જીવન અને સંસ્કૃતિ, કંગાલિયત અને શિક્ષણના અભાવે આજ સુધી ફાલી ફુલી ન હતી. પણ હવે જુદા જુદા વિકાસ કાર્યક્રમોને પરિણામ પરિવર્તનની દિશા તરફ મંડાણ થયાં છે.

વિકાસ યોજનાઓ અને વિકાસ કાર્યક્રમો કરતી સંસ્થાઓને લઇને બહારના સમાજના સંપર્કમાં આવવા લાગ્યા છે. તેમની રહેઠાણની સ્થિતિ, શિક્ષણ અને સમાજ શિક્ષણમાં અને ભૌતિક આર્થિક, સામાજિક જીવનમાં પરિવર્તન હવે દેખાય છે.

...

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

ડાંગ જિલ્લા વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી : ૫, ૬ નવમ્બર ૧૯૮૨

ગાઢવીના ભીલોની પુનઃ તપાસ

- મુસ્તાઅલી મસવી
સંશોધન અધિકારી

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ૧૯૬૯માં ગુજરાતના આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓમાંથી કેટલાંક આદિવાસી ગામોની મોજણીનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. ડાંગ જિલ્લામાંથી ગાઢવી ગામ પસંદ કરવામાં આવ્યું હતું. ૧૯૭૯માં દસ વર્ષ પછી કેન્દ્ર તરફથી આ બધાં ગામોની પુનઃ તપાસનું કાર્ય હાથ પર લેવાયું હતું. ડાંગ જિલ્લાના ગાઢવી ગામની પણ ફેર તપાસ કરવામાં આવી હતી.

વિસ્તાર પરિચય :

ગાઢવી ગામ ડાંગ જિલ્લામાં આવેલું છે. અંગ્રેજ શાસનકાળથી જૂના મુંબઈ રાજ્યમાં અને હાલ ગુજરાત રાજ્યમાં આગવું સ્થાન ધરાવતા આ નાનકડા જિલ્લાનો વિસ્તાર ૧૭૬૮ ચો. કિ. મી. છે. ડાંગ જિલ્લો સહ્યાદ્રિ પર્વતની ઉત્તર છેડે આવેલી હારના પશ્ચિમ ઢોળાવ પર આવેલો છે. તેમાં નાનાં મોટાં બધાં મળીને ૩૧૨ ગામડાં છે. ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે ડાંગ જિલ્લાની કુલ વસ્તી ૯૪૧૮૫ની હતી. જેમાંથી આદિવાસી વસ્તી ૮૮૦૨૮ની હતી. આમ કુલ વસ્તીમાં આદિવાસી વસ્તીનું પ્રમાણ ૯૩.૪૬% જેટલું હતું.

ડાંગ જિલ્લો સંપૂર્ણ રીતે ટેકરીઓથી ભરપૂર છે. ૬૮૯૦ માઈલના વિસ્તારમાં જંગલો આવેલાં છે. અને આખા રાજ્યમાં સારામાં સારાં જંગલો આ જિલ્લામાં આવેલાં છે. ડાંગ શબ્દનો અર્થ પણ જંગલ જ થાય છે. ગાઢવી ગામ આ જંગલ વિસ્તારના કેન્દ્રમાં આવેલું છે. ગામ સહ્યાદ્રિ હારમાળાઓની બહારના ભાગમાં વસેલું છે. ગામ ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. રુઇમલ, ખડેરપાડા અને ચિમડિયાપાડા. ચિમડિયાપાડા આગલા ફળિયાથી એક માઈલ પર આવેલું પરગણું છે. મોટાભાગનાં કુટુંબો રુઇમલ પરગણામાં વસે છે. થોડાં ઘણાં કુટુંબો ચિમડિયાપાડામાં વસે છે. ખડેરપાડા એ ખંડેર વિસ્તાર છે જ્યાં થોડાં કુટુંબો વસવાટ કરે છે.

ગામ પરિચય :

ગાઢવી ગામ બે માઇના વિસ્તારમાં વસેલું છે. ગામની ડાબી બાજુએ અમુક કુટુંબો રહે છે જયારે વચ્ચે ગામનો સીધો રસ્તો છે અને જમણી બાજુએ અમુક કુટુંબો વસવાટ કરે છે. ગામમાં કોઇ પાકો રસ્તો નથી. ગામના લોકો એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં પગરસ્તે ચાલીને જાય છે. ગાઢવી ગામ જિલ્લાના મુખ્ય મથક આહવાથી ૧૧ માઇલ દૂર છે. ગાઢવી ગામની ઉત્તરે ડાસાડ ગામ, દક્ષિણમાં આહવા, પશ્ચિમમાં કોટબા અને પૂર્વમાં જમાલપાડા ગામો આવેલાં છે.

૧૯૬૧માં વસ્તી ગણતરી ગુજરાત શાખા દ્વારા આ ગામની તપાસ કરવામાં આવી હતી. ૧૯૬૯માં કેન્દ્ર દ્વારા આ ગામની તપાસ થઇ હતી. ૧૯૬૯ની તપાસ વખતે ગામમાં વાહનવ્યવહારની કોઇ સગવડ નહોતી અને ગામ સાથે જિલ્લાનો વાહનવ્યવહારનો કોઇ માર્ગ નહોતો. ગામ પર જવા માટે લશ્કરીઆંબા બસ સ્ટોપથી ૮ માઇલ દૂર ચાલીને જવાનું હતું. આજથી ૨૦ વર્ષ પહેલાં ગામમાં વાહનવ્યવહાર કે સંદેશાવ્યવહારની કોઇ સગવડ નહોતી. સ્વતંત્રતા પછી પણ ડાંગના જંગલ વિસ્તારને પાકા રસ્તા દ્વારા સાંકળવામાં આવ્યો છે. હાલમાં બિલીમોરાથી આહવા ૬૦ માઇલનો મુખ્ય માર્ગ બાંધવામાં આવ્યો છે. જયાંથી બસ નિયમિત રીતે આવજા કરે છે. બીજો આહવાથી નાસિક (મહારાષ્ટ્ર) સુંદર રસ્તો બાંધવામાં આવ્યો છે. જયારે બિલીમોરાથી વઘઇ નેરોગેજ રેલવે લાઇન નાખવામાં આવી છે. ગાઢવી ગામ પર પહોંચવા માટે વસ્તી ગણતરી ખાતાની તપાસ દરમ્યાન વાહનવ્યવહારની કોઇ સગવડ નહોતી. લશ્કરીઆંબા બસસ્ટોપથી ૮ માઇલ દૂર પગે ચાલીને જવું પડતું હતું. જયારે કેન્દ્રની પ્રથમ તપાસ વખતે આહવાથી મહાલ જતી બસ ગાઢવીના બસ સ્ટોપ આગળ ઊભી રહેતી હતી. બસસ્ટોપથી ગામ ૧ માઇલ દૂર ચાલીને જવાનું હતું. હાલમાં ગામ પર જવાની બસ વ્યવસ્થા થઇ છે. ગામમાં આખા દિવસમાં બે ત્રણ સમય બસ આવજા કરે છે. પહેલી તપાસ સમયે ગામમાં તાર ટપાલની કોઇ સગવડ નહોતી. પહેલાં અઠવાડિયામાં ત્રણ વખત ચનખલ પોસ્ટ ઓફીસ જે ગામથી ૬ માઇલ દૂર આવેલ છે ત્યાંથી ટપાલ લઇ જવામાં આવતી હતી. હાલમાં ગામમાં દરરોજ ટપાલ આવતી થઇ છે. ગામની નિશાળના શિક્ષક તાર-ટપાલનું કામ સંભાળે છે.

આ વિસ્તારમાં ભારે વરસાદ પડે છે તેમ છતાં અમુક ભૌગોલિક પરિસ્થિતિને કારણે ઉનાળામાં પાણીની અછત રહે છે. ઉનાળામાં નાનાં ઝરણાંઓ અને નદીનાં પાણી સૂકાઇ જાય છે અને પાણીની તંગી રહે છે. ગાઢવી ગામમાં પાણીના બે ત્રણ કૂવાઓ હતા જેમાંથી ગામ લોકો પીવાનું પાણી લાવે છે. આ બધા કૂવાઓનું પાણી ઉનાળામાં સૂકાઇ જવાને લીધે ઘણી જ મુશ્કેલી રહેતી હતી. ગામમાં ઉનાળામાં પાણીની તંગી [illegible]

ગામનો ઇતિહાસ :

આ ગામમાં પહેલાં ભીલ, કુનબી અને વારલી આદિવાસી જાતિઓ આવીને વસી હતી. આ એક જ ડાંગનો વિસ્તાર છે કે જયાં ડાંગ આદિમ જાતિની કાયદેસર સત્તા હતી. ડાંગને ૧૯૪૯માં મુંબઇ રાજયમાં જોડી દેવામાં આવ્યું હતું. ગાઢવીનો ભીલ રાજા એ ડાંગના રાજાઓ અને નાયકોમાં મુખ્ય સ્થાને ગણાતો. ગાઢવી, ડાંગમાં વિશિષ્ટ રીતે જોવા મળતા પાંચ ડાંગી રાજાઓ અને નવ નાયકોના સામંતશાહી પધ્ધતિ પર આધારિત રાજકીય વ્યવસ્થાનો અગ્રણી માજી રાજાનું મૂળ વતન અને રાજગાદીનું ગામ છે. અત્યારે પણ માજી રાજા ઉમરસિંગ આજ ગામમાં રહે છે. વસ્તી ગણતરી (૧૯૬૧) મોજણી ‌ સમયે આ રાજાનું પોતાનું પાકું મકાન હતું પણ પુન:મોજણી ટાણે એ પણ કાચી ઝૂંપડીમાં રહેતા હતા અને પોતાની ખેતી વગેરે સંભાળતા હતા. અને આ રાજાના પૂર્વજોએ ડાંગમાંના પીમ્પરી વિસ્તારમાંથી કુનબી ખેડૂતોને પોતાને ત્યાં લાવીને વસાવ્યા હોવાની માહિતીદર્શકોએ આપેલી. જો કે ગામમાં ત્રણ મહત્વની જાતિઓ, ભીલ, કુનબી અને વારલી ચોકકસ કયાર આવીને વસી એ અંગે ચોકકસપણે કોઇ કહી શકે એમ નથી.

આ માજી રાજાને દર વર્ષે રૂ.૧૮૫૦૦/- પેન્સન મળે છે. આ ભીલ રાજાઓના નાના આગેવાનો હતા જેઓ તેમની જાતિ, વારલી અને આર્થિક રીતે સમૃધ્ધ કુનબી ખેડૂતો પર અમુક સત્તા ભોગવતા હતા. બ્રિટીશકાળ દરમ્યાન ડાંગના સમૃધ્ધ જંગલોનો લાભ લેવા માટે ૧૮૬૨માં બ્રિટીશરોએ ડાંગના રાજાઓ સાથે કરાર કરી જંગલ કાપી લઇને તે વેચી અઢળક પૈસા કમાયા હતા. આ ઉપરાંત રાજાઓ તેમની પાસે અમુક હકક રાખતા હતા. પહેલાથી જ ભીલો જંગલની પેદાશો એકઠી કરી જીવન જીવતા હતા અને નાની જુવાર (નાગલી) ટકરાની ઉપર પોતાની જૂનવાણી પધ્ધતિ દ્વારા કરતા હતા. અને એમની પ્રજાનો અમુક વર્ગ સારી રીતે હળથી ખેતી કરતો હતો. તેમની પર લાગો (ટેક્ષ) નાખવાની સત્તા રાજાઓના હાથમાં હતી. રાજા અને રૈયત વચ્ચે સંબંધો સારા ન હતા. ઘણીવાર રાજા પોતાના હજુરિયા દ્વારા રૈયત પર ત્રાસ ગુજારતો હતો. ગાઢવીનો રાજા લગભગ ૮૦ ગામો પર સત્તા ભોગવતો હતો.

સ્વતંત્રતા પછી પોતાની સત્તા છોડી દીધા પણ ભીલ રાજાઓ પોતાની ઉદાસીનતા અને આળસને કારણે તેમની રૈયતની કક્ષાએ ખેતીના વિકાસ માટે કોઇ પગલાં લીધાં નહીં. તેમની ખેતીની પધ્ધતિ જૂનવાણી હતી. અને ખેતીની આવક ઘણીજ ઓછી હતી. ૧૯૫૩ સુધી તેમના પહેલાંના રૈયતની સરખામણીએ તેમની રહેણીકરણી ઘણી ઉતરતી હતી. વસ્તીમાં મુખ્યત્વે ભીલો, કુનબી અને વારલી હતા. એક બાજુ ભીલ લોકો રાજકીય રીતે તેમની પ્રગતિવાદી રૈયત પર સત્તા ભોગવતા હતા જયારે બીજી બાજુએ વારલી અને કુનબી ધાર્મિક રીતે તેમને

હિંદુ જાતિના વંશજો માનતા હતા. અને સામાજિક દરજ્જામાં ભીલો કરતાં ઊંચા માનતા હતા અને તેઓ ભીલના હાથથી ખાવાની ના પાડતા હતા. અને તેમની જાતિના કોઈ માણસ ભીલની છોકરી સાથે સંબંધ લાવે તો તેને નાત બહાર કાઢી બહિષ્કાર કરતા. આમ ભીલો કરતાં વારલી અને કુનબી પોતાને ઊંચા માનતા હતા. ભીલની સરખામણીએ વારલી અને કુનબી આર્થિક રીતે સધ્ધર હતા. તેમની ખેતી પણ સારી હતી.

પહેલી તપાસ સમયે ગામમાં ૭ ધોરણની ગુજરાતી શાળા હતી. ડાંગ જિલ્લો મહારાષ્ટ્રની સરહદે આવેલો હોવાથી જિલ્લાનાં કેટલાંક ગામોમાં મરાઠી શાળાઓ ચાલે છે. ગાઢવી ગામમાં ગુજરાતી શાળા હતી. શાળામાં ૪ ટ્રેઈન શિક્ષકો હતા અને ચારે શિક્ષકો આદિવાસી હતા. શાળામાં કુલ ૧૪૬ બાળકો ૯૯ છોકરા અને ૪૭ છોકરીઓ ભણતી હતી. બીજી તપાસ સમયે ગામમાં ૭ ધોરણની શાળા હતી અને કુલ ૨૩૨ બાળકો ૧૨૯ છોકરા અને ૧૦૩ છોકરીઓ ભણતી હતી. અને ચાર ટ્રેઈન શિક્ષકો હતા.

પહેલી તપાસ સમયે ગામમાં એક દુકાન હતી જેમાંથી ગામના લોકો ઘરવપરાશની ચીજવસ્તુઓ ખરીદતા હતા. બીજી તપાસ સમયે પણ એ જ દુકાન હતી. જેમાંથી લોકો ખરીદી કરતાં. આ સિવાય ગામમાં દર - રવિવારે અઠવાડિક હાટ ભરાય છે. પહેલી તપાસ સમયે પણ હાટ ભરાતો હતો. આ સિવાય ગામમાં બીજી તપાસ સમયે નંદરબારના એક ભાઈ માટીનાં વાસણોનો ધંધો કરે છે.

પહેલી તપાસ સમયે ગામમાં કોઈ ઉદ્યોગ નહોતા. બીજી તપાસ સમયે ગામમાં અંબર ચરખા કેન્દ્ર ચાલતું હતું જેમાં ૫૦ લોકો રોજગારી મેળવતાં હતાં. દરેક લોકો માસિક રૂપિયા ૧૫૦ જેટલી આવક મેળવતા હતા. આમ ચરખા કેન્દ્રને લીધે કેટલાક લોકોને રોજગારી મળી હતી.

તપાસનો ઉદ્દેશ :

ગામમાંથી દસ વરસ પહેલાં જે કુટુંબોને તપાસ માટે પસંદ કરવામાં આવ્યાં હતાં તેનાં તે જ કુટુંબોને પુનઃમોજણી સમયે આવરી લેવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો હતો. દસ વરસના ગાળા દરમ્યાન આ કુટુંબોની આર્થિક સ્થિતિમાં કયા પ્રકારનાં પરિવર્તનો થયાં છે અને સમગ્ર ગામમાં ફેરફારો થયા છે કે કેમ વગેરે જાણવાનો ઉદ્દેશ રખાયો હતો.

તપાસ પધ્ધતિ :

આ ગામની તપાસ સર્વે પધ્ધતિથી હાથ ધરવામાં આવી હતી. અને સાથોસાથ સહભાગી નિરીક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરી માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ તપાસમાં માત્ર સાંખ્યિકીય દ્રષ્ટિએ માહિતી એકઠી કરવામાં આવી હતી. નથી પરંતુ ગુણાત્મક પાસાંને પણ સરખું મહત્વ આપવામાં આવ્યું છે. આ તપાસ માટે પહેલા સર્વેક્ષણની જેમ જ

પ્રશ્નાવલી તૈયાર
વિધ માહિતી એક
આર્થિક સ્થિતિ (
પહેલી તપ
કુનબીનાં અને ૯
પસંદ કરવામાં
કુટુંબોમાંથી રા
હતાં. આમ એકંદ
કુલ ૬૮
-નો મુખ્ય ધંધો
અને ૧૯૫ સ્ત્રીઓ
રોકાયેલા હતા.
હતી. આમ એકંદ
૧૩૩ લોકો બિન
જેમાંથી ૪૪ બાળક
૫૦.૪% સ્ત્રીઓ
તપાસેલ
સભ્યોનું વયજૂથ
નીચેની વયની અ
તપાસેલ
વસ્તીમાંથી (૧૯
પરિણિત હતી.
પરિણિત ૪૧.૩
તપાસેલ
-થી ૮૧ ટકા
શિક્ષણ લીધેલ, ૦
સમયે ગામમાં એક
જોતાં જાણવા મળ

પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી અને તે દ્વારા તેમના જીવનનાં આર્થિક સામાજિક પાસાઓ વિશે માહિતી એકત્ર કરવામાં આવી હતી.

આર્થિક સ્થિતિ (૧૯૬૯) :

પહેલી તપાસ સમયે ગામમાં કુલ ૧૬૮ કુટુંબો હતાં. જેમાં ૯૯ કુટુંબો ભીલોનાં, ૬૦ કુટુંબો કુનબીનાં અને ૯ કુટુંબો વારલીનાં હતાં. ગામમાંથી કુલ ૧૬૮ કુટુંબોમાંથી ૬૮ કુટુંબો તપાસ માટે પસંદ કરવામાં આવ્યાં હતાં. કુલ ૯૯ ભીલ કુટુંબોમાંથી ૫૦% એટલે ૫૦ કુટુંબો ભીલોનાં, ૬૦ વારલીના કુટુંબોમાંથી ૨૫% પ્રમાણે ૧૫ કુટુંબો કુનબીનાં અને ૩ કુટુંબો વારલીનાં પસંદ કરવામાં આવ્યાં હતાં. આમ એકંદરે ૬૮ કુટુંબો ગામમાંથી તપાસ માટે પસંદ કરવામાં આવ્યાં હતાં.

કુલ ૬૮ કુટુંબોમાંથી ૫૦ કુટુંબો મુખ્યત્વે ખેતીનો ધંધો કરતાં હતાં અને ૧૮ કુટુંબોનો મુખ્ય ધંધો મજૂરીનો હતો. કુલ તપાસેલ કુટુંબોની વસ્તી ૩૮૭ની હતી. જેમાં ૧૯૨ પુરુષો અને ૧૯૫ સ્ત્રીઓ હતી. ૧૯૨ પુરુષોમાંથી ૧૧૧ ખેતીના કામમાં અને ૮૫ મજૂરીના કામમાં રોકાયેલા હતા. જ્યારે કુલ ૧૯૫ સ્ત્રીઓમાંથી ૧૧૧ ખેતીમાં અને ૮૪ મજૂરી કામમાં રોકાયેલી હતી. આમ એકંદરે કુલ વસ્તીમાંથી ૨૫૪ લોકો આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલા હતા. જયારે ૧૩૩ લોકો બિનકમાનાર હતા. કુલ વસ્તીમાંથી ૧૯૦ જણ ૧૪ વરસથી નીચેની ઉંમરના બાળકો હતાં જેમાંથી ૪૪ બાળકો કમાણી કરતાં હતાં. તપાસેલ કુટુંબોની કુલ વસ્તી ૩૮૭ની હતી જેમાંથી ૫૦.૪% સ્ત્રીઓ અને ૪૯.૬% પુરુષો હતા. પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ વિશેષ હતું.

તપાસેલ ૬૮ કુટુંબોમાંથી ૫૨ (૭૬.૫%) કેન્દ્રીય, ૧૬ (૨૩.૫%) સંયુકત હતાં. કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ કરતાં જણાયું હતુંકે કુલ વસ્તીમાંથી ૬૮ વ્યકિતઓ ૬ વર્ષથી નીચેની વયની અને ૫૦ ઉપરની વયમાં ૩૮ વ્યકિતઓ હતી.

તપાસેલ કુટુંબોની વૈવાહિક દરજ્જા પ્રમાણે વર્ગીકરણ કરતાં જણાયું હતું કે કુલ પુરુષ વસ્તીમાંથી (૧૯૨) ૮૨ પુરુષો પરિણિત હતા જયારે કુલ સ્ત્રી વસ્તીમાંથી (૧૯૫)૭૮ સ્ત્રી પરિણિત હતી. ૩ પુરુષો વિધુર અને ૬ સ્ત્રીઓ વિધવા હતી. આમ એકંદરે વસ્તીમાં ૫૬.૪% પરિણિત ૪૧.૩ ટકા અપરિણિત અને ૨.૩% વિધવા-વિધુર હતાં.

તપાસેલ કુટુંબોમાંથી ૬ વર્ષથી નીચેની વયના ૬૮ બાળકોને બાદ કરતાં કુલ વસ્તીમાં-થી ૮૧ ટકા અભણ હતાં. જયારે ૧.૨ ટકા સહી કરી શકે એવા, ૧૬.૯ ટકા પ્રાથમિક શિક્ષણ લીધેલ, ૦.૯% માધ્યમિક શિક્ષણ લીધેલ અને ૦.૪% ઉચ્ચ શિક્ષણ લીધેલ હતા. તપાસ સમયે ગામમાં એક છોકરો ગ્રેજ્યુએટ હતો. તપાસેલ કુટુંબોની જાતિવાર શિક્ષણની પરિસ્થિતિ જોતાં જાણવા મળ્યું કે ૨૧૬ ભીલ વસ્તીમાંથી ૧૭૭ અભણ, ૨૧ વારલીમાંથી બધા અભણ અને

૮૨ કુનલીમાંથી ૫૯ અભણ હતા.

ગામમાં દરેક કુટુંબનો મુખ્ય ધંધો ખેતી હતો. ખેતી સિવાય જંગલ મજૂરી, જંગલ પેદાશ એકઠી કરવી તેમજ ગાડાવાહકમાંથી પૂરક રોજગારી મેળવતા હતા. દરેક કુટુંબ વધતા ઓછા પ્રમાણમાં જમીન ધરાવતું હતું. તપાસેલ ૬૮ કુટુંબોમાંથી ૫૬ કુટુંબો પાસે જમીન હતી જ્યારે ૧૨ કુટુંબો પાસે જમીન સરેરાશ કુટુંબદીઠ ૧૧ એકર ૨૨ . ગુંઠા હતી.

ગામમાં મુખ્યત્વે ભાત, નાગલી, કોદરા, મગફળી , બંટી અને વરઇનું વાવેતર કરવામાં આવતું હતું. કુલ વાવેતરમાં નાગલી અને વરઇ હેઠળના પાકનો વિસ્તાર વધુ હતો. જે તેમનો મુખ્ય ખોરાક છે. જ્યારે દરેક પાકોનું એકરદીઠ ઉત્પાદન ઘણું જ ઓછું હતું. સિંચાઇની સગવડના અભાવે એકરદીઠ ઉત્પાદન ઓછું હતું.

વરઇ અને બંટી તેમનો મુખ્ય ખોરાક છે. તેથી તેમનું વાવેતર વધુ કરવામાં આવ્યું છે. ગામમાં થોડા સમયથી કેટલાંક કુટુંબો મગફળીનું વાવેતર કરતા હતા. જો કે તપાસ હેઠળનાં કુટુંબોમાંથી એકેય કુટુંબે મગફળીનું વાવેતર કર્યું નહોતું.

ખેતીના ખર્ચમાં મોટે ભાગે ઘરમાંથી છાણિયું ખાતર તેમજ બિયારણનો ઉપયોગ કરતા હતા. તેઓ સુધરેલ બિયારણ કે રાસાયણિક ખાતરનો ઉપયોગ કરતા નથી. છાણિયું ખાતર પણ વ્યવસ્થિત રીતે કહોવડાવવામાં આવતું નથી. ઘરની ઓસરી પાસે એકઠું કરી ખેતરમાં નાખી દેતા હોય છે. ખાસ કરીને ભાત અને નાગલીના ધરૂ માટે તેઓ ઝાડનાં પાંદડાં, ડાળીઓ વગેરે કાપીને બાળી મૂકે છે અને આદર બનાવે છે અને તેમાં નાગલીનું ધરૂ રોપવામાં આવે છે. બિયારણ રોકડથી તેમજ અંદરોઅંદર ઉછીનું લઇને વાવતાં હતાં. નમૂનાનાં લીધેલ કુટુંબોનું ચોખ્ખું સરેરાશ એકરદીઠ ઉત્પાદન ૮૧ રૂપિયાનું હતું જ્યારે સરેરાશ એકરદીઠ ખર્ચ ૯૮ રૂપિયા હતું. આમ ખેતીમાં ઉપજ કરતાં ખર્ચ વધુ હતું.

ગામમાં લગભગ દરેક કુટુંબ સારી એવી સંખ્યામાં પશુઓ રાખતાં. પશુઓમાં મુખ્યત્વે ગાય, ઘેટાં, બકરાં અને મરઘાંનો સમાવેશ થાય છે. ગાય ભેંસમાંથી દૂધની આવક ઠીક પ્રમાણમાં થતી હતી. ખાસ કરીને દૂધનો વપરાશ ખોરાકમાં થતો નથી. દૂધ તેઓ આહવા જઇને વેચી આવતા. ઉપરાંત આર્થિક મુશ્કેલીના સમયે ઢોર વેચી આવક મેળવે છે. ઈંડાંનો ઉપયોગ પણ તેઓ ખોરાકમાં ઓછો કરે છે. ઈંડાં પણ ગામની દુકાને અને આહવા જઇને છ વેચતા હોય છે.

તપાસ હેઠળના દરેક કુટુંબ પાસે રાંધવા માટે માટીનાં તેમજ એલ્યુમિનિયમનાં વાસણો હતાં. તેમની પાસે સૂવા માટે ખાટલા પણ નહોતા. સામાન્ય રીતે તેઓ ખજૂરીના પાનમાંથી બનાવેલ સાદડી વાપરે છે. તેમની પાસે ગાદલાં, રજાઇ કે ઓશીકા જેવું કશું જોવા મળ્યું નથી. શિયાળાની ઋતુમાં મોટે ભાગે આજુબાજુ દેવતા રાખી સૂઇ જાય છે. તપાસ હેઠળનાં કુટુંબો પાસેથી માત્ર એક કુટુંબ પાસે બંદુક, ૮ કુટુંબો પાસે ફાનસ અને બેટરી હતાં.

તપાસ હેઠળનાં કુટુંબોની આવક ખેતી અને ખેતમજૂરી હતી. જુદા જુદા સાધનોનો આવકમાંનો હિસ્સો તપાસીએ તો ખેતીમાંથી ૫૩.૮ ટકા, મજૂરીમાંથી ૨૪.૯%, પશુપાલનમાંથી માત્ર ૨.૩% હતી. સરેરાશ કુટુંબદીઠ આવક ૧૪૩૫ રૂપિયા હતી. જયારે માથાદીઠ વાર્ષિક આવક ૨૫૦ ની હતી. ૧૯૬૮-૬૯ના ભાવે લગભગ દરેક કુટુંબ ગરીબીની રેખા નીચે જીવતાં હતાં.

આવકના ધોરણે કુટુંબોનું વર્ગીકરણ કરીએ તો જણાય છે કે ૧૧ (૧૬.૨%) કુટુંબોની આવક રૂ. ૫૦૦, ૧૨ (૧૭.૭%) કુટુંબોની આવક ૫૦૦થી ૭૫૦ સુધી, ૧૩ (૧૯.૭%) કુટુંબોની આવક ૭૫૦થી ૧૦૦૦ સુધી અને ૨૨ કુટુંબોની (૩૨%)ની આવક રૂ. ૧૦૦૦થી ૧૫૦૦ અને ૧૦ (૧૪.૭%) કુટુંબોની આવક રૂ. ૧૫૦૦થી વધુ હતી.

તપાસ હેઠળનાં કુટુંબોનો નિર્વાહખર્ચની વિગત તપાસતાં સ્પષ્ટ જણાય છે કે કુલ ખર્ચમાં ૬૩ ટકા ખર્ચ ખોરાક પાછળ, ૧૨ ટકા ખર્ચ કપડાંનું હતું. જયારે દારૂ વગેરે પાછળનો ખર્ચ નહિવત્ હતો. કુલ ખર્ચમાં ૫૮% ખર્ચ ઘરમાંથી અને ૪૨% ખર્ચ રોકડથી ખરીદીને કરવામાં આવતું હતું. કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રૂ. ૧૧૬૫ હતું જયારે માથાદીઠ ખર્ચ રૂ. ૨૦૫ હતું.

તપાસ હેઠળનાં કુલ કુટુંબોમાંથી ૨૬ કુટુંબો (૩૮.૨%) દેવાદાર હતાં. દેવાદાર કુટુંબદીઠ દેવું રૂ. ૧૫૭ હતું. જેમની પાસે જમીન વધુ હતી તેઓ વધારે દેવાદાર હતા. ૧૦થી ૧૫ એકર જમીન ધરાવનાર કુટુંબોમાં દેવાદારદીઠ દેવું રૂ. ૩૨૬ નું હતું જયારે જમીન જમીનવિહોણા કુટુંબોનું રૂ. ૪૯નું દેવું હતું. દેવામાં ૫૧% દેવું રોકડ સ્વરૂપમાં હતું અને ૪૯% દેવું વસ્તુના રૂપમાં કરવામાં આવ્યું હતું.

સાધનવાર દેવાની હકીકત તપાસતાં જાણવા મળ્યું હતું કે કુલ દેવામાં ૮૦% દેવું શાહુકારનું, જયારે ૨૦% દેવું સહકારી મંડળીનું હતું. હેતુવાર તપાસતાં જણાય છે કે ૮૦% દેવું ઘરખર્ચ માટે અને ૨૦% દેવું ચાલુ ખેતી ખર્ચ માટે કરવામાં આવ્યું હતું.

તપાસ હેઠળનાં કુટુંબોની સરેરાશ કુટુંબદીઠ અસ્કયામત રૂ. ૪૭૮૪ની હતી. જેમાં ઝાડનો હિસ્સો ૪૬.૫%, ઘર ૨૪.૬%, ઢોર ૧૮.૩% મુખ્યત્વે હતાં. જમીન તેમની માલિકીની નહીં હોવાથી જમીનની કિંમત ગણવામાં આવી નથી. પરંતુ જમીન પર જે ઝાડો હતાં તેની

માલિકી તેમની ગણવામાં આવી હતી તેથી તેની ગણતરી કરવામાં આવી હતી. સૌથી વધુ અસ્કયામત ૧૫ એકરથી વધુ જમીન ધરાવનાર પાસે હતી. જ્યારે જમીનવિહોણા (રૂ. ૫૦૦) અને અઢી એકર જમીન ધરાવનાર કુટુંબો પાસે (રૂ. ૧૧૨)ની અસ્કયામતો હતી.

ભીલોની તુલનાત્મક સ્થિતિ (૧૯૬૯-૧૯૭૯) :

પુનઃ તપાસ સમયે ગામમાં ૯૦ ભીલ, ૮૭ કુનબી અને ૫ વારલી કુટુંબોની વસ્તી હતી. પહેલી તપાસ સમયે જે ૫૦ ભીલ કુટુંબો પસંદ કરવામાં આવ્યાં હતાં જેમાંથી ૩૪ ભીલ કુટુંબો પુનઃ મોજણી ટાણે તપાસવામાં આવ્યાં હતાં. બાકીના ૧૬ કુટુંબોનો સંપર્ક થયો નહોતો. જ્યારે વારલી અને કુનબીનાં કુટુંબોને પુનઃ મોજણી સમયે તપાસવામાં આવ્યાં નહોતાં. પ્રસ્તુત તપાસમાં ભીલ અર્થવ્યવસ્થાનો અને તેમની આર્થિક સ્થિતિ તપાસવાનો હેતુ હતો તેથી પહેલી તપાસનાં માત્ર ૩૪ કુટુંબોની પુનઃ મોજણી કરવામાં આવી હતી. અહીં આ ૩૪ ભીલ કુટુંબોની વિગતોનું જ - વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

ગામડામાં મૂળ મોજણી તેમજ પુનઃમોજણી ટાણે અક્ષરજ્ઞાનની સ્થિતિ તપાસતાં દસ કુટુંબો એવાં હતાં કે જેમાં એક પણ પુરુષ અને ૨૩ કુટુંબો એવાં હતાં કે જેમાં એક પણ સ્ત્રી મૂળ મોજણી યા પુનઃમોજણી ટાણે ભણેલાં નહોતાં. જ્યાં મૂળ મોજણી ટાણે ભણેલ હોય ત્યાં પુનઃમોજણી વખતે કુટુંબમાં એક પણ સભ્ય ભણેલ ન હોય એવાં કુટુંબો પણ મળ્યાં હતાં. માત્ર બે ચાર ચોપડીનું અક્ષરજ્ઞાન મૂળ મોજણી વખતે પ્રાપ્ત કર્યું હોય પણ પાછળથી તેનો ઉપયોગ ન થવાથી તે કટાઈ ગયેલ હોય અને ફરીથી નિરક્ષરતાના રૂપમાં સરી પડેલ હોય તેવા કુટુંબોની નોંધપાત્ર સંખ્યા સ્ત્રીઓ અને પુરુષો બંનેમાં જોવા મળી હતી. અલબત્ત તેમાં કેટલાંક કુટુંબોનું વિભાજન થવાથી યા લગ્નથી અન્યત્ર જતાં જે તે કુટુંબમાં કોઈ ભણેલ ન રહ્યો હોય તેવા પણ કિસ્સા છે. પણ તેવા કિસ્સાઓ પણ એટલું તો સૂચવી જાય છે કે જે તે કુટુંબમાં પુનઃમોજણી વખતે કોઈ ભણેલું નહોતું.

મૂળ મોજણી તેમજ પુનઃમોજણી ટાણે ભણેલાઓની સંખ્યા સ્ત્રીઓ તેમજ પુરુષોમાં જે કુટુંબોમાં યથાવત રહી હોય તેવી કુટુંબસંખ્યા સ્ત્રીઓમાં તેમજ પુરુષોમાં ૩ની જોવા મળી હતી.

બંને મોજણીઓમાં સ્ત્રીઓની તુલનામાં પુરુષોમાં ભણેલાઓનું પ્રમાણ સવિશેષ હતું. મૂળ મોજણીની તુલનામાં પુરુષોમાં ભણેલાઓનું પ્રમાણ સવિશેષ હતું. સ્ત્રીઓમાં ત્રણ જ કુટુંબોમાં મૂળ મોજણી ટાણે ભણનારાઓની યા ભણેલાઓની સંખ્યા એકકની હતી. જ્યારે પુનઃમોજણી ટાણે ભણનારાઓની . આ સંખ્યા ૪ કુટુંબોમાં એકક અને ૨ કુટુંબોમાં બબ્બેની હતી. તે જ રીતે પુરુષોમાં પણ મૂળ મોજણી ટાણે દરેક કુટુંબમાં એક યા ત્રણ પુરુષો ભણેલા યા ભણતા

હોય તેવી સંખ્યા અનુક્રમે ૧૦, ૪ અને ૧ મળી ૧૫ કુટુંબોની હતી જ્યારે પુન:મોજણી ટાણે આ સંખ્યામાં માત્ર એક જ દાયકાના અંતરે નગણ્ય વધારો થયો હતો. અલબત્ત મૂળ મોજણીની તુલનામાં પુન:મોજણી ટાણે એક કરતાં વધારે પુરુષ સભ્યો ભણેલા યા ભણતા હોય તેવી સંખ્યા થોડીક વધી છે; એમ જરૂર દર્શાવે છે કે ભણતરનું પ્રમાણ કેટલાંક કુટુંબોમાં થોડું વધી રહ્યું છે.

તપાસ હેઠળનાં કુટુંબોની પુન:મોજણી વખતની જમીનની માલિકી અંગેની પરિસ્થિતિ તપાસતાં જણાય છે કે તપાસ હેઠળનાં કુટુંબોમાં જમીન ધારણકર્તાઓમાં ૧થી ૫ હેક્ટર વચ્ચેની જમીન ધારણ કરનારાઓનું પ્રમાણ સૌથી વધારે હતું. પછી ૧૦ હેક્ટર વચ્ચે ૭ કુટુંબો જમીન ધરાવતાં હતાં. જ્યારે ગાઢવીના રાજા પોતે ૩૫ હેક્ટર જમીન ધરાવતા હતા. મૂળ મોજણી પુન:મોજણીના ગાળામાં જમીનધારણકર્તાઓની જમીન વધી છે કે કેમ તે અંગેની વિગતોના વિશ્લેષણ પરથી જણાય છે કે ૧૩ કિસ્સાઓમાં જમીન વધી હતી. ઘણાંમાં તાજેતરમાં જ જમીન માલિકી થઇ છે એટલે એ સંજોગોમાં મૂળ મોજણી ટાણના વિચારણા હેઠળના કિસ્સાઓમાં પાછળથી જ તે જમીન તેમને સોંપાઇ ન હોવાને કારણે પુન:મોજણી ટાણે તેમની જમીન વધી હોવાનું જણાય છે. જ્યારે તેનાથી ઊલટું તેટલી જ સંખ્યાનાં કુટુંબોમાં જમીન ઘટી છે. આવા કિસ્સાઓનું વિગતવાર વિશ્લેષણ દર્શાવે છે કે આવો ઘટાડો મિલકત વિભાજન, યા જંગલની જમીન ખેડતા હોવાને લીધે તેને મળેલી નામંજૂરી, જમીન અપહરણ વગેરે બાબતો કેટલેક અંશે જવાબદાર હતી.

૩ કુટુંબોને નવેસરથી જમીન મળી હતી જ્યારે ૪ કુટુંબો એવાં હતાં કે જેમની પાસે મૂળ મોજણી ટાણે પણ જમીન નહોતી અને પુન:મોજણી ટાણે પણ નથી. એક કિસ્સામાં જમીન બિલકુલ યથાવત રહી હોવાનું નોંધાયું હતું.

હવે અર્થોપાર્જન માટેના સંઘર્ષમાં કુટુંબનાં કેટકેટલા સભ્યોએ જોડાવું પડે છે તે અંગેની વિગતો જોઇશું.

કુટુંબદીઠ કમાનારની સંખ્યાનું વિશ્લેષણ કરતાં જણાયું હતું કે મૂળ મોજણીની ૫ તુલનામાં પુન:મોજણી ટાણે રોજી રળવામાં કુટુંબના વધારે સભ્યોએ સક્રિય હિસ્સો આપવો પડતો હતો. કુટુંબમાં બે સભ્યોએ રોજી રળવી પડતી હોય તેવી સંખ્યા મૂળ મોજણી ટાણે ૧૬ની અને તેથી વધુ સભ્યો હોય તેવી ૧૩ની હતી. જ્યારે પુન:મોજણી ટાણે ત્રણ સભ્યો રોજી રળતા હોય તેવી સંખ્યા ૧૭ની હતી અને તેથી વધુ સભ્ય સંખ્યા રોજી રળવામાં હોય તેવી ૧૨ની હતી. પેટિયું રળવાના આ સંઘર્ષમાં બાળકોએ પણ જોડાવું પડતું હતું.

૧૯૬૯ની તુલનામાં ૧૯૭૯માં વધુ બાળકો રોજી રળવામાં રોકાયેલા હતા. મૂળ મોજણી ટાણેમાં જેમાં એક બાળક રોજી રળવામાં રોકાયેલ હોય તેવા માત્ર બે જ કુટુંબો હતાં. જ્યારે પુન:મોજણી ટાણે આ સંખ્યા ૮ કુટુંબોની હતી. ૧૧ કુટુંબોમાં તો એક કરતાં વધુ બાળકો રોજી રળવામાં રોકાયેલાં હતાં. જે પ્રમાણ મૂળ મોજણીની તુલનામાં ઠીક ઠીક મોટું લેખાય.

તપાસ હેઠળનાં કુટુંબોની અસ્કયામતોનું વિશ્લેષણ કરતાં જણાયું હતું કે મૂળ મોજણી ટાણે એક ડઝન જેટલાં કુટુંબોની અસ્કયામતો એક હજાર જેટલી હતી જ્યારે પુન:મોજણી ટાણે આ સંખ્યા આઠની હતી. મૂળ મોજણી ટાણે એક હજારથી બે હજાર વચ્ચે આઠ અને ૨૦૦૦થી ૩૦૦૦ વચ્ચે ૧૧ કુટુંબોની અને પુન:મોજણી ટાણે આ સંખ્યા અનુક્રમે ૨ અને ૩ની હતી. મૂળ મોજણી ટાણે ૩૦૦૧ ઉપરની અસ્કયામતો ધરાવનાર ૮ કુટુંબો હતાં. જ્યારે પુન:મોજણી ટાણે આ સંખ્યા ૨૧ની હતી. આમ મૂળ મોજણીના સંખ્યા પ્રમાણમાં પુન:મોજણી ટાણે અસ્કયામતોમાં ઉપલક રીતે તો વધારો થયો હતો.

મૂળ મોજણી ટાણે તપાસ હેઠળનાં કુટુંબોમાં ખેતીમાંથી થતી આવક (૩૯%) સૌથી વધુ હતી. ઈતર આવક ખેતમજૂરી તેમજ જંગલ મજૂરીની આવક તે પછીના ક્રમમાં આવતી હતી. જ્યારે પુન:મોજણી ટાણે આ ક્રમમાં ઉત્તરોત્તર થોડો સ્પષ્ટ ફેરફાર થયેલો દેખાય છે. તપાસ હેઠળનાં કુટુંબોની અર્થવ્યવસ્થામાં ૧૯૭૯માં ખેતીનું સ્થાન . . છેલ્લા તપાસ હેઠળના વર્ષ પૂરતું તો ખેતીને બદલે ખેતમજૂરીએ (૩૫%) લઈ લીધું છે. પુન:મોજણી ટાણે ખેતમજૂરીમાંથી મળતી સૌથી વધુ આવક પછી, બીજા ક્રમમાં ખેતી આવી શકે છે અને ત્યારબાદ ઈતર આવક આવે છે. ગાઢવીના માજી રાજાનો તપાસ હેઠળનાં કુટુંબોમાં સમાવેશ થાય છે. અને તેમની આ આવક સૌથી વધુ હોવાથી સ્વાભાવિક રીતે જ આ આંક ઘણો મોટો લાગે છે. વાસ્તવમાં તેનાથી સમગ્ર ભીલ અર્થવ્યવસ્થામાં, તેમના નજીકના સંબંધીઓને બાદ કરતાં આ આવકનો બહુ નોંધપાત્ર હિસ્સો ભીલ અર્થવ્યવસ્થામાં સમૃગતયા નથી.

૧૯૬૯ની તપાસ સમયે તપાસેલ કુટુંબોની કુટુંબદીઠ વાર્ષિક આવક રૂ. ૧૪૦૮ હતી. જે વધીને ૧૯૭૯ની તપાસ સમયે ૨૫૯૫ની થઈ હતી. માથાદીઠ વાર્ષિક આવક ૧૯૬૯માં રૂ. ૨૪૫ની હતી, જ્યારે ૧૯૭૯માં માથાદીઠ વાર્ષિક આવક રૂ. ૪૨૪ની હતી. આમ બંને વર્ષો દરમ્યાન જે તે વર્ષના ભાવની સપાટીએ બધાં કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન જીવતાં માલુમ પડયાં હતાં.

જમીનનું પ્રમાણ કેટલાંક કુટુંબોમાં ઠીક ઠીક હોવા છતાં પણ હકીકતે, જમીનના પ્રમાણમાં ખેતીમાંથી વિશેષ ઉત્પાદન મૈળ મોજણીના કાળે જેમ સવિશેષ મેળવી શકતા નહોતા

તેમ પુન:મોજણી ટાણે પણ આ આવકમાં ખાસ વધારો થયો નહોતો. મતલબ કે ખેતી અને પશુપાલનો જેને આ દાયકામાં તપાસ હેઠળના ગામના ભીલોની ખેતી અને પશુપાલનમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું નથી.

ખેતમજૂરી અને ઇતર મજૂરી પર મુખ્યત્વે જમીનવિહોણા કુટુંબો સવિશેષ હતાં. અને તેમાંથી મૂળ મોજણી પહેલાં વધુમાં વધુ ક કુટુંબો ૧૦૦૦ રૂપિયાની નીચેની આવક મેળવતા હતા જ્યારે પુન:મોજણી વખતે હજારથી ઉપરની આવક મેળવનારા ૨૩ કુટુંબો હતાં.

જંગલમજૂરીમાંથી પણ હજાર ઉપરાંતની આવક મેળવનારા બે કુટુંબો હતા. જંગલમજૂરીમાંથી મૂળ મોજણી ટાણે ઘણો મોટો ભાગ ૨૫૦થી નીચેની આવક મેળવનારનો હતો. જ્યારે પુન:મોજણી ટાણે ઘણો મોટો ભાગ જંગલમજૂરીમાંથી વિશેષ આવક મેળવતો હતો.

મૂળ મોજણી ટાણે એક પણ ગૃહોદ્યોગ એવો નહોતો કે જેમાંથી તપાસ હેઠળનાં કુટુંબો રોજી મેળવી શકે. જ્યારે પુન:મોજણી ટાણે, થોડાક મહિનાઓ પહેલાં જ અંબર ચરખાનો ગૃહોદ્યોગ દાખલ કરવામાં આવ્યો હતો. અને પૂણી નિયમિત રીતે મળે, કંતાયેલી પૂણીની રોજી દર પંદર દિવસે મળે, અને અંબર ચરખાનાં સાધનો વગેરે તૂટે તો તેના સમારકામની પ્રમાણમાં સંતોષકારક કહી શકાય તેવી વ્યવસ્થા ઊભી થઇ શકી હતી અને આ વ્યવસ્થાનો લાભ પણ તપાસ હેઠળનાં કેટલાંક કુટુંબોએ ઉઠાવ્યો હતો.

વપરાશી ખર્ચ :

તપાસેલ મોટા ભાગનાં કુટુંબોની સ્થિતિ ઘણી જ ખરાબ હતી. તેઓ પોતાનું માંડ માંડ પૂરું કરતાં હતાં. મોટે ભાગે ચોમાસામાં તેમજ આખું વર્ષ દરમ્યાન તેઓ જંગલી વનસ્પતિ તેમજ કંદ પર નભતાં હતાં. ખાસ કરીને ચોમાસામાં તેઓ તેરાના પાનની ભાજી, કુરડુંની કુમળી કુંપણો, કુમળા વાંસનું શાક બનાવી ખાતા. ઉનાળામાં લોખાના પાનની ભાજી અને સસ સીસમના પાનની ભાજી ખાતા હોય છે. તેઓ જંગલમાંથી કડવા કંદ અને કંદ લાવી બાફીને ખાય છે. તેરા અને ગોપચીના રોપા પોતાના ઘરના વાડા પાસે રોપે છે. આમ તેઓ વરસનો મોટો ભાગ કંદો અને વનસ્પતિ પર જીવન ગુજારે છે. તપાસેલ કુટુંબનો કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રૂ.૮૭૫ હતું. જે વધીને ૧૯૭૯માં રૂ. ૨૦૨૬નું થયું હતું. બીજા શબ્દોમાં કહીએ તો માથાદીઠ માસિક વપરાશી ખર્ચ અને વાર્ષિક વપરાશી ખર્ચ અનુક્રમે ૧૯૬૯ અને ૧૯૭૯ના તપાસના વર્ષમાં રૂ. ૧૫૩ અને રૂ. ૩૩૧ હતું. બંને તપાસ વર્ષ દરમ્યાન તપાસેલ કુટુંબો વપરાશી ખર્ચના ધોરણે ગરીબીની રેખા નીચે જીવતાં હતાં. વપરાશજૂથ પ્રમાણે વાર્ષિક વપરાશ ખર્ચના આંકડાઓ પરથી જણાય છે કે બંને તપાસના વર્ષના માત્ર એક એક કુટુંબને રૂ. ૫૦૦૦થી વધુ વાર્ષિક

વપરાશી ખર્ચ હતો.

પહેલી તપાસ સમયે કુટુંબનું વાર્ષિક વપરાશી ખર્ચ રૂ. ૧૫૦૦ કે તેથી નીચે હતો. જ્યારે ૧૯૯૯માં રૂ. ૧૦૦૦ સુધીનું એકેય કુટુંબને વપરાશી ખર્ચ નહોતું આમ આ સૂચક ફેરફાર જણાયો હતો. પરંતુ એક વાત સ્પષ્ટ જણાઇ આવી હતી કે વપરાશના ધોરણે બધાં કુટુંબો જે તે વર્ષમાં ગરીબીની રેખા નીચે જીવતાં હતાં.

દેવું :

તપાસ હેઠળનાં કુટુંબોને દેવું હતું કે કેમ અને જો હોય તો તે રોકડ સ્વરૂપમાં હતું કે વસ્તુના રૂપમાં તે અંગેની માહિતી વિગતો દર્શાવે છે કે મૂળ મોજણી કરતાં પુનઃમોજણી ટાણે વસ્તુના સ્વરૂપમાં દેવું કરનારાઓની સંખ્યા વધુ હતી. મૂળ મોજણીની તુલનામાં પુનઃમોજણી ટાણે દેવું કરનારાઓની સંખ્યા ઓછી હતી. મૂળ મોજણી સમયે ૩૪ કુટુંબોમાંથી ૨૫ કુટુંબો દેવાદાર હતાં જ્યારે પુનઃમોજણી ટાણે માત્ર ૪ કુટુંબો દેવાદાર હતાં.

દેવાની પરિસ્થિતિ જોતાં જણાયું હતું કે શાહુકાર પાસેથી દેવું કરનારાઓનું ઠીક ઠીક મોટું પ્રમાણ હતું. દેવું ન હોય તેવાં કુટુંબોની સંખ્યા પુનઃમોજણી ટાણે વિશેષ હતી.

તપાસ હેઠળનાં કુટુંબોએ મુખ્યત્વે દેવું નિર્વાહ ખર્ચ માટે અને કાપડ અનાજખોરાકી જેવી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મેળવવા માટે જ કર્યું છે. ખેતી વિકાસ યા ગૃહઉદ્યોગોની ખીલવણી જેવા ઉત્પાદક હેતુઓ માટે દેવું કર્યાનું કોઇએ જણાવ્યું નહોતું. મતલબ કે પેટનો ખાડો પૂરવા યા અન્ય વસ્ત્ર જેવી પ્રાથમિક જરૂરિયાતો મેળવવા માટે જ શાહુકારના સંકજામાં લગભગ મોટા ભાગનાં કુટુંબોએ સપડાવું પડયું હતું. સરકાર યા સહકારી મંડળી, શાહુકારની જેમ અસરકર્તા ધીરધારક તરીકે હજી જોઇએ તેટલી બહાર આવી શકી નથી. તેનો પણ ખ્યાલ આ વિગત પરથી આવે છે. તપાસ હેઠળનાં કુટુંબોના વડાઓને આદિવાસી વિકાસ કાર્યક્રમોની સાથે સંકળાયેલ જેવાં કેટલાક પ્રશ્નો પૂછવામાં આવ્યાં હતાં જેના પ્રત્યુત્તરો પરથી કરેલી તારવણી નીચે પ્રમાણે હતી.

તમે તાલુકાની કચેરી, તાલુકા વિકાસ અધિકારી યા આદિવાસી વિકાસ ઘટક અધિકારી પાસે ગયા છો કે કેમ ? તેવા પ્રશ્નનો પ્રત્યુત્તર ૪ માહિતીદર્શકોએ નકારમાં જવાબ આપ્યો હતો. જ્યારે ૩૦ માહિતીદર્શકોએ હકારમાં જવાબ આપ્યો હતો. ૭ માહિતીદર્શકો એકલા જ આ કચેરીએ ગયા હતા જ્યારે ૨૩ માહિતીદર્શકો અન્ય કોઇની સાથે. સરપંચ, ગ્રામસેવક અને તલાટીને ઓળખો છો એવા પ્રશ્નનો પ્રત્યુત્તર સર્વ માહિતીદર્શકોએ હકારમાં આપ્યો હતો.

સહકારી મંડળીના સભાસદ છો કે કેમ તેવા પ્રશ્નનો ઉત્તર ૨૫ માહિતીદર્શકોએ નકારમાં
ને ૯ માહિતીદર્શકોએ હકારમાં આપ્યો હતો. મતલબ કે કુલ માહિતીદર્શકોમાંથી માત્ર થોડા
ગનાજ જ સહકારી મંડળીના સભાસદ હોવાનું જણાવ્યું હતું.

સરકારે ખાતર/બિયારણ આપ્યું છે તેનો માત્ર ૨ માહિતીદર્શકોએ હકારમાં જવાબ આપ્યો
તો. તે જ રીતે ગાય, ભેંસ કે કૂવા માટેની કે બીજી કોઇ લોન મળી છે તેવા પ્રશ્નનો ૩૨
ાહિતીદર્શકોએ હકારમાં પ્રત્યુત્તર આપ્યો હતો. સરકારે બીજી કોઇ મદદ કરી છે તેનો જવાબ
૩ માહિતીદર્શકોએ નકારમાં આપ્યો હતો. જયારે એક જણ મકાન માટે રૂ. ૫૦૦/-ની મદદ મળી
વાનું જણાવ્યું હતું.

કીટસનો ઉપયોગ કર્યો છે તેવા પ્રશ્નનો જવાબ માહિતીદર્શકોએ નકારમાં અને માત્ર એક જ
ાહિતીદર્શક હકારમાં આપ્યો હતો.

છેલ્લાં દસ વર્ષમાં કોઇ જમીન ખરીદી છે કે કેમ તેવા પ્રશ્નના જવાબમાં ૧૦ માહિતીદર્શકોએ
વી કોઇ જમીન ખરીદી ન હોવાનું અને એક માહિતીદર્શક આદિવાસી પાસેથી ખરીદી હોવાનું
ણાવ્યું હતું.

દસ વર્ષમાં આ માહિતીદર્શકોમાંથી કોઇએ જમીન વેચી ન હોવાનું યા અન્ય કોઇની પાસેથી
મીન ગીરે રાખી ન હોવાનું જણાવ્યું હતું. પણ એક માહિતીદર્શક જમીન ભાગે ખેડતા હોવાનું
ણાવ્યું હતું. કોઇ જમીન ગીરો મૂકવાનું પણ કબુલ્યું હતું. જો કે ત્રણ જણે જમીન ભાગે
ેડવા માટે આપી હતી. આમાંથી એક જણે ઉત્પાદનમાંથી મજૂરી વાળી લેવાની શરતે અને એક
ણ વાર્ષિક રૂ. ૫૦૦/-ની રોકડ મેળવવાની શરતે ખેડવા આપી હતી.

વિકાસ કાર્યક્રમોમાંથી કોઇ ફાયદો થયો છે કે કેમ તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં ૧૬ જણ
ોઇ ફાયદો ન થયો હોવાનું જણાવ્યું હતું જયારે ૧૮ જણે આ પ્રશ્નનો પ્રત્યુત્તર હકારમાં આપ્યો
તો.

આર્થિક સ્થિતિ સુધારવા માટે સરકારે શું કરવું જોઇએ તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં
માહિતીદર્શકો તરફથી નીચેનાં સૂચનો થયાં હતાં.

(૧) સરકારે લોનની સગવડ આપવી જોઇએ, બળદ માટે તગાવી આપવી જોઇએ.

(૨) પશુઓ માટે ઉદાર સહાય આપવી જોઇએ.

(૩) મજૂરીનું પ્રમાણ વધે તે માટે વ્યવસ્થા કરવી જોઇએ.

(૪) કૂવા, રસ્તાઓ વગેરે બાંધવાની વ્યવસ્થા કરવી જોઇએ.

(૫) રહેઠાણ માટે સુવિધા ઊભી કરવી જોઇએ.

(૬) વધુને વધુ બિયારણ ફાળવવું જોઇએ.

(૭) સરકારે એવી મદદ કરવી જોઇએ કે પાછળથી ભરપાઇ ન કરવી પડે.

(૮) વ્યાજ આપવામાંથી મુકિત આપવી જોઇએ.

નિષ્કર્ષ :

ઉપરના સમગ્ર વર્ણન પરથી તેમજ સંશોધકોએ તપાસ હેઠળના ગામની લીધેલી રૂબરૂ મુલાકાત પરથી લાગે છે કે તપાસ હેઠળના ગામના ભીલો સુધી અનેક વિધ વિકાસ યોજનાઓનો લાભ હજી પહોંચ્યો નથી. મૂળ મોજણી ટાણે તેમજ પુન:મોજણી ટાણે તપાસ હેઠળનાં બધાં જ કુટુંબોનાં રહેઠાણ કાચાં હતાં. સંખ્યાબંધ કુટુંબોને ઘરે માત્ર ટંક પૂરતું પણ અનાજ ન હોય તેવાં કુટુંબો સંશોધકે જાતે જોયાં હતાં. જમીન ધારણ કર્તા ભીલો તેમની જમીનનો ગામના અન્ય કુનબી ખેડૂતોની જેમ વધુ ઉત્પાદન મેળવવામાં ઉપયોગ કરી શકયા નહોતા. ખેતી કરતાં મજૂરી પર તેમનો આર્થિક નિર્વાહ વધુ આધારિત હતો. ગામના પાયાના કાર્યકર્તાઓ તેમજ સરકારી કર્મચારીઓથી તેઓ પરિચિત હોવા છતાં પોતાના આર્થિક ઉત્કર્ષમાં સહાયભૂત થાય તે રીતે વિકાસ યોજનાઓનો લાભ તેઓ મેળવી શકયા નહોતા. શાહુકારોની પકડ હજી પહેલાં જેટલી જ અસરકારક હતી, અને તે મુખ્ય ધિરાણકર્તા તરીકેનું તેનું સ્થાન હજી સાચવી રાખી શકયો હતો. પાયાની જીવન જરૂરિયાતો પૂરી પાડવા માટે જ તેમણે મંહદશે દેવું કરવું પડયું હતું. ઉત્પાદક હેતુઓ માટેના દેવાનો અભાવ જણાયો હતો. ખેતમજૂરી પર નભતાં સંખ્યાબંધ કુટુંબો ગામના અને અન્ય પડોશી ગામના ખેડૂતોને ત્યાં ખેતમજૂરીએ જતા હતા. મજૂરીનો દર પ્રમાણમાં ઠીક ઠીક નીચો રૂ. ૨ જેટલો જણાયો હતો. ખાસ જરૂરિયાતના પ્રસંગો બાદ કરતાં લઘુત્તમ રોજીના દરની ચૂકવણી થતી નહોતી. સંખ્યાબંધ કુટુંબો માટે બે ટંકનો રોટલો મળે એ એક શોખની વસ્તુ હતી બલ્કે દિવસમાં એકાદ ટંક જ રોટલો ભેગા થનાર એ સ્વાભાવિક ક્રમ હતો. અને બંને ટંક માત્ર પાણીનું શીરામણ હોય તેવા દિવસો અપવાદરૂપ નહોતા. બંને તપાસ દરમ્યાન બધાં કુટુંબો ગરીબીની રેખા નીચે જીવતાં હતાં. ૧૯૬૯માં માથાદીઠ માસિક વપરાશ રૂ. ૧૩ હતો જ્યારે ૧૯૭૯માં આ પ્રમાણ રૂ. ૨૮નું હતું. આમ એકંદરે ગાઢવી ગામના ભીલોની આર્થિક સ્થિતિમાં દાયકા દરમ્યાન ખાસ નોંધપાત્ર ફેરફાર થયો નહોતો.

• • •

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

ડાંગ જિલ્લા વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી : નવેમ્બર ૫, ૬ ૧૯૮૨

ડાંગના આદિવાસીઓમાં જીવન અને કલાનું સામંજસ્ય

- શ્રી દત્તાત્રેય ભા. ચિતળે

સૌંદર્યની આવશ્યકતા એ માનવીનું એક સ્પષ્ટ વિશિષ્ટ અને ચોકકસપણે ધ્યાન જાય તેવું લક્ષણ છે.

ખોરાક અને વસ્ત્રો જેવા કેટલાક પાયાના આવેગો વધતા ઓછા પ્રમાણમાં શારીરિક રક્ષણ માટેના માર્ગદર્શક માર્ગ સાથ સંકળાયેલા છે. જયારે સૌંદર્ય અને કળાની સુરુચિ જેવા આવેગો ધૂંધળા અને અસ્પષ્ટ હોય છે. માનવી કળા વિના જીવી શકતો હોવા છતાં પણ માનવીને કલાથી અલગ પાડી શકાય તેમ નથી. કળાવિહિન હોવું એટલે માનવતાવિહિન હોવા સમાન છે. આપણા સંસ્કૃત પુરાણોમાં કળાવિહીન માનવીને પૂંછડી વિનાના પ્રાણી સાથે સરખાવવામાં આવ્યો છે.

કળાનો અર્થ ચિત્રકળામાં પ્રકાર, રંગ, તાલ, રંગોળી, સ્થાપત્ય કલા, નૃત્ય, સંગીત અને સાહિત્યમાં માનવીના વલણ કે આવેશની મુકતપણે અભિવ્યકિત એમ થાય છે.

સૌંદર્યની સુરુચિ અને કળા વચ્ચેનો પાયાનો ભેદ એ છે કે સૌંદર્યની સુરુચિ એ ફિલસુફીના એક ભાગ તરીકે સૌંદર્યનો અભ્યાસ કરે છે. કારણ કે સૌંદર્ય એ હેતુલક્ષીથી વિપરીત હોય છે. જયારે કળામાં સામાજિક અભિવ્યકિતનો રણકો હોવાને કારણે તેને વ્યકિતગત વિચારથી જોઇ શકાય નહીં.

પુરાણા સમયમાં માનવી પોતાનું જીવન કુદરતી સૌંદર્ય સાથે તાલ મિલાવી સુમેળતા રાખી શકાય એવા પ્રયત્નો કરતો હતો, અને તે સમયના કલાકારોનો ઝોક સામાજિક મૂલ્યો પરંપરા અને જીવન પદ્ધતિ તરફનો વધુ રહેતો.

હવે આપણે ગાઢા જંગલો ધરાવતા એવા આપણા ડાંગના પુરાણા ઇતિહાસના સંદર્ભમાં કળાના ફાળા વિષે જોઇએ.

બધા જ વિસ્તારની ભૂગોળ એ તેના ઇતિહાસની પ્રસ્તાવના હોય છે. ઇતિહાસનો અર્થ એવો નથ થતો કે વિવિધ પ્રસંગોને સાલવારીના ક્રમમાં ગોઠવી દેવા પરંતુ તેનો અર્થ એવો થાય છે કે જે તે પ્રસંગને વ્યવસ્થિત રીતે સમજાવવો અને આસપાસના વાતાવરણ પ્રત્યે માનવીના કેવા પ્રત્યાઘાત પડે છે તેની પણ નોંધ લેવાવી જોઇએ.

અન્ય વિસ્તારની જેમ ડાંગના સૌંદર્યમય વાતાવરણે માનવીને માત્ર ભૌતિક રીતે જ નહીં પરંતુ માનસિક રીતે પણ આકર્ષ્યો છે અને આ વાતાવરણે માનવીના જીવન અને તેના અભિવ્યક્તિત્વને ઘાટ આપ્યો છે.

હાલના પ્રાગૈતિહાસિક સંશોધને અંબિકા, ખાપરી, પૂર્ણા અને ગીરા નદીના કિનારાઓથી તેમજ ત્યાંના ઢોળાવોના વિસ્તારમાંથી પ્રાપ્ત કરેલા પથ્થરના સાધનોના આધાર ડાંગના વિસ્તાર પર સારો એવો પ્રકાશ ફેંક્યો છે. પ્રકાર?- વિજ્ઞાનના આધાર આ વિસ્તારમાંથી મળતાં સાધનો આપણને આજથી ૫૦,૦૦૦ થી ૬૦,૦૦૦ વર્ષો પુરાણા સમયગાળો કે જ્યારે માનવી પોતાનો ખોરાક મેળવવા માટે ગાઢા અને વિશાળ જંગલોમાં ભટકતો હતો એવા પાષાણયુગ વિષે જાણવા તેમજ આ સાધનોના સર્જનહાર એવા માનવીના અસ્તિત્વ વિષે જાણવા તરફ લઇ જવામાં મદદરૂપ બને છે. અને આ પાષાણનાં સાધનો જ ડાંગની કળાનો પ્રથમ પુરાવો છે અને આ સાધનો કુદરતી સૌ સંજોગોએ લાદેલી મર્યાદામાં રહીને જરૂરી રીતે કલ્પનાશીલ હતો. તે સમયગાળામાં વૃક્ષો કાપવા માટે વપરાતાં સાધનો સમય જતાં માનવીને આજની કુહાડી બનાવવાની પ્રેરણા આપી હતી અને આ બાબત સ્પષ્ટપણ સૂચવે છે કે પાષાણ યુગમાં પણ આપણું ડાંગ આજની જેમ જ ગાઢા જંગલોથી શોભાયમાન હતું.

ડાંગમાં પહેલાંના માનવીએ સમયના બદલાતા જતા વહેણ સાથે તેમની જરૂરિયાત પ્રમાણે આ સાધનોમાં ફેરફાર કરતા રહયા હતા. પુરાણા કાળમાં માનવી અહીંતહીં ભટકતો રહેતો અને તેણે જ સાધનો બનાવ્યાં હતાં તે એટલાં તો ભારે હતાં કે તેને ઉપાડીને સાથે લઇ જવાનું ઘણું જ કઠિન હતું.

લઘુપાષાણયુગમાં ત્યારના માનવીએ માછલી પકડવાના ઉપયોગમાં આવે એવાં સાધનો જેવાં કે તવેથો કે ઓજાડિયું, સાંધાવાળી પતરી અને ખાસ કરીને મૂઠ વગેરે માત્ર ડાંગના માનવીએ પ્રાપ્ત કરેલી કૌશલ્યતા પર પૂરતો પ્રકાશ ફેંકવા સાથે આજથી ૬૦૦૦ વર્ષ પહેલાંના સમયગાળાથી માંડીને આજના મત્સ્યોદ્યોગનો ઇતિહાસ પણ રજૂ કરે છે.

એવું પણ સ્પષ્ટ થાય છે કે લઘુપાષાણયુગનો માનવી જે પણ સાધનો બનાવતો તે માટે વપરાતા જરૂરી માલસામાનની પસંદગીમાં ખાસ કાળજી રાખતો હતો. તે જ વિવિધ સામગ્રીનો ઉપયોગ કરતો હતો તેમાં લાલ, પીળા કે ભૂરા રંગનું રત્ન શ્વેત-સ્ફટિક અને વિવિધ રંગોવાળી શિલા જે સરળતાથી ચીરો પાડી શકે એવા ઉપયોગમાં લેવાના હોવાથી આ સાધનોની ધાર જરૂરી રીતે તીક્ષ્ણ રખાતા હતા.

આ સુંદર સાધનો એ અશાબ્દિક વાર્તાલાપ સાથ સૌંદર્ય અંગેના ખ્યાલ હોવાના દાખલા સમાન તેમજ વાતાવરણ સાથેના વ્યવહારના સાધનરૂપ છે.

જ્યાં સુધી ડાંગને નિસ્બત છે ત્યાં સુધી આ લઘુપાષાણયુગ અને પાંચમી સદી વચ્ચેના સમય વચ્ચેનો જે લાંબો સમયગાળો રહી ગયો છે તે સંદર્ભમાં ઇતિહાસકારોએ વધુ જાણકારી મેળવવાનું કામ બાકી રહે છે.

આજનું ડાંગ એ જૂના દંડકારણ્યનો એક ભાગ છે અને આ જમીનની માલિકી પરશુરામની હતી વગેરે જેવા દંતકથાઓમાં આવતા પ્રસંગો માટે હજુ પણ ઐતિહાસિક ટેકાની જરૂર છે.

પાંચેક વર્ષના સમયગાળામાં દરમિયાન વઘઇ પાસે અંબિકા નદીના જમણા પટના ભાગમાં પાળા બાંધવાનું કામ ચાલતું હતું ત્યારે એક નાની અને સુંદર એવી પથ્થરની મૂર્તિ મળી આવી હતી.

આ મૂર્તિ નૃસિંહ અવતારની છે. સુખાસન મુદ્રા દર્શાવતી આ પ્રતિમા લાલ રંગના રેત-પથ્થરની બનેલી હતી. અને આ સ્થાનિક કળાનો એક નમૂનો છે. આ મુદ્દાને જાણીતા પુરાતત્વવિદ અને પુનાની ડેક્કન કોલેજમાંના માજી નિયામક ડૉ. હસમુખભાઇ સાંકળિયા ઓળખી શક્યા હતા.

ડૉ. સાંકળિયાના શબ્દોમાં 'આ કલાકૃતિ ભાગ્યે જ મળી શકે એવા પ્રકારના નૃસિંહ અવતારની પ્રતિમા હોઇ શકે. આ પ્રકારની કૃતિ આ પહેલાં મેં કદી પણ જોઇ નથી. પરંતુ મોં પરના કશોચ્છેદ ઉપરથી કહી શકાય કે તે વાઘ આકારની મુર્તિ હોવાને કારણે તે નૃસિંહ અવતાર સિવાયના કોઇની પણ હોઇ શકે નહીં. આ મુર્તિ જે વિસ્તારમાંથી મળી આવી છે તેને ધ્યાનમાં રાખીને વધુ સ્પષ્ટતા માટે કહી શકાય કે એ માત્ર ડાંગની એક દ્રષ્ટિ છે અથવા નૃસિંહ અવતારનું વર્ણન છે. જેને તાંત્રિક ભાષામાં સ્થાનિક અથવા દેશી કૃતિ કહી શકાય.

આવા જ પ્રકારની નૃસિંહ અવતારની મૂર્તિ બિહારમાં આવેલા દેવગઢના મંદિરમાં આશરે પાંચમી સદીના સમયગાળા દરમ્યાન પ્રથમવાર જ કોતરવામાં આવી હતી. એટલે એ શક્ય છે કે આ મૂર્તિ પણ તે જ સમયગાળાની હશે.'

આ ઉપરાંત લગભગ દસમી ૬ સદી સુધીના લાંબાગાળાની કોઇ પણ ઐતિહાસિક માહિતી નથી તેથી કોઇ પણ પ્રસંગના પુરાવા પણ મળી શકતા નથી.

ડાલીબેલ નજીકના ખતલ ગામમાં પૂર્ણા નદીના ડાબા કિનારે શિવનું એક પુરાણું મંદિર આવેલું છે. આ મંદિર ખિસ્માર હાલતમાં ૧૫મી સદીના ડાંગના એક પુરાતત્વ અને શિલ્પકળાના નમૂનારૂપ આજે પણ છે. હાલમાં આ અંગેના કોઇ પણ શિલાલેખ પુરાવે મળી શકયો નથી.

આ મંદિરની વ્યવસ્થા અને શિખર પધ્ધતિ અને તે સમયે પ્રચલિત સ્થાપત્યકળા વ્દારા તેનો સમયગાળો જાણી શકાય છે. તેના ચણતરમાં ચૂનાનો કોલ વપરાયો નથી. આ મંદિર આપણને મુંબઇ નજીકના અમરનાથ મંદિરની યાદ તાજી કરાવે છે.

બરડીપાડા ગામ પાસે આવેલા રૂપગઢ અને ચીચલી ગામનું શિવમંદિર એ ૧૭મી કે ૧૮મી સદીનો સ્થાપત્ય નમૂનો હોવાનો પુરાવો મળે છે.

૧૮મી સદીના બાદના સમયગાળાની કોઇ પણ કલાકૃતિ પ્રકાશમાં આવી નથી. બ્રિટીશ લોકો ડાંગના વિસ્તારમાં ૧૯મી સદીના પચીસીના સમયગાળા દરમ્યાન પ્રવેશ્યા હતા. તેમના સરકારી દસ્તાવેજો અને અન્ય હસ્તલિખિત લખાણો એજ માત્ર ડાંગની તે સમયથી ૨૦મી સદીના શરૂઆતના સમયમાં પરિસ્થિતિ જાણવાના દસ્તાવેજી પુરાવા છે.

આમ પુરાતત્વ પુરાવાના આધારે ડાંગની કળાનો ઇતિહાસ આપણને હજારો વર્ષ પૂર્વેના સમયમાં લઇ જાય છે.

આ વિસ્તારમાં પુરાતત્વ અને સ્થાપત્યકળાના અદભૂત કહી શકાય એવા નમૂના હોવા છતાં પણ બ્રિટીશ લોકોના આગમન પહેલાંના આ વિસ્તારના ડાંગી ભીલ રાજાઓ આ મંદિરોની દેખભાળ કરતા હોય એવું જોવા મળતું નથી. અને આ બાબત આપણી સમક્ષ એક પ્રશ્ન ઊભો કરે છે કે આ વિસ્તારની રહેવાસી ભીલ પ્રજા અને તેમના ભીલ રાજાઓ હિંદુ ધર્મ પાળતા હશે કે પોતાનો આગવો ધર્મ પાળતા હશે અને બ્રિટીશ લોકોના આગમનના પહેલાંની થોડી સદીઓ પહેલાં બહારથી આવીને વસી હશે ?

જો કે આ વિસ્તારને મૂલવવો એ ઘણું જ કઠિન કામ છે. જો કે ડાંગી લોકોને પોતાના આગવા આદિવાસી દેવો તો છે જ અને તેમણે હિંદુઓના કેટલાક દેવ-દેવીઓને અપનાવ્યા છે. આદિવાસી મંદિરોમાં માનવ આકૃતિવાળા દેવોની મૂર્તિ ભાગ્યે જ જોવા મળે છે. તેઓ કોઇ પણ આકાર વગરનો પથ્થર ઝાડની નીચે સ્થાપીને ત્યાં જ તેની પૂજા કરે છે. તેઓ તેમની પાછળની શકિત વિષે ધૂંધળી સમજશકિત ધરાવતા હોય એવું જણાય છે અને જો કોઇ શકિત તેમને રંજાડતી હોય કે પરેશાન કરતી હોય તો માત્ર તેમના ભગત જ તે શકિતને ખુશ કરવા ભોગ ચઢાવવાનો માર્ગ ચીંધી શકે છે અને તેમની ધાર્મિક લાગણી ખૂબ જ પ્રબળ હોવાથી તેઓ ગમે તેવી ખર્ચાળ વિધિ પણ કરે છે.

ડાંગી જ
ધર્મગુરુ અને વૈદ્ય
છે. ડાંગી લોકો
દોડી જાય છે.
વળી ભ
આત્મસંયમી જીવન
મંત્રોચ્ચાર કરવાનું
મધ્યસ્થી તરીકેનું
પરંપરાગત દેવી દ
માણસને 'વશી' અ
કારણો પારખી શક
એ તો કોઇ અશુધ્ધ
અને જાદુમંત્ર વગેરે
આ પરંપ
અડકાડવો, મોરના
ડાંગમાં હ
અને આવી માન્યતાઓ
પણ કોઇ વધુ માંદુ
ભ્રમપૈત તેમને આ
હેરાન કરતા પક્ષી
કાયદો અને વ્યવસ્થા
અને તેનું શ્રેય ડાંગી
કારણ અદભૂત શકિ
સંગીતનું
ખાસ કરીને દેવતા
ખ્યાલ છે. સાથે સાથે
બનાવી તે છે પરંતુ

ડાંગી જીવનમાં ભગતનું સ્થાન દેવ અને ડાંગી વચ્ચેના માનવી પ્રતિનિધિ ઉપરાંત તે ધર્મગુરુ અને વૈદ્ય તરીકેનું સ્થાન પણ ધરાવે છે. આ ભગત શરીર અને આત્મા એમ બંનેને મટાડનાર છે. ડાંગી લોકો તેમના સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રશ્નોના ઉકેલ માટે ભગત પાસે દોડી જાય છે.

વળી ભગતે ડાંગી લોકોને આધ્યાત્મિક ઉપદેશ આપવાનો હોવાથી તેને સાદું અને આત્મસંયમી જીવન જીવવું પડે છે. તેમજ લોકોના વિશ્વાસ સંપાદન કરી શકે એ માટે મંત્રોચ્ચાર કરવાનું શીખવું પડે છે. ટૂંકમાં કહીએ તો તે દેવતા અને ડાંગી લોકો તેમજ ડાંગી લોકોના મધ્યસ્થી તરીકેનું કામ કરે છે. એ જ પ્રમાણે તે ડાંગમાં હજુ આજે પણ પ્રચલિત છે એવી પરંપરાગત દેશી દવાથી રોગના સારવાર કરનાર દાક્તર તરીકેનું કામ કરે છે. તે માંદા માણસને 'વંશી' આપીને તેનો રોગ મટાડી દે છે. અને જ્યારે તેને આ એવું લાગે કે રોગનાં કારણો પારખી શકાતાં નથી ત્યારે કોઈ કારણ આપ્યા સિવાય એવું જણાવવામાં આવે છે કે એ તો કોઈ અશુદ્ધ આત્માનો કોપ છે અને દર્દીનો રોગ મટાડવા માટે તેની ઉપર વશીકરણ અને જાદુમંત્ર વગેરે બળજબરીપૂર્વક પણ કરવામાં આવે છે.

આ પરંપરાગત સારવાર પદ્ધતિમાં પવિત્ર શક્તિવાળા હાથ રોગીને અડકાડવો, મોરનાં પીંછાં રોગીના શરીરે અડકાડવાં વગેરે અગત્યનાં તત્ત્વો છે.

ડાંગમાં હજુ પણ ભૂતપ્રેત અને જુદા જુદા પ્રકારની જાદુમંત્રની માન્યતા ચાલુ રહી છે. અને આવી માન્યતાઓ જુદી જુદી કમનસીબ ઘટનાઓને નોતરવામાં મદદરૂપ બને છે અને જ્યારે પણ કોઈ વધુ માંદુ પડે ત્યારે ભગતને બોલાવવામાં આવે છે અને તે એમ પણ કહે છે કે ભૂતપ્રેત તેમને આ રોગ દ્વારા ર હેરાન કરી રહ્યું છે અને ભગતની આ જાહેરાત એક બીજાને હેરાન કરતા પક્ષો ઉપર શંકા વધુ દૃઢ બનાવે છે. વળી ભગત ડાંગના આદિવાસી સમાજમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાના કામમાં પણ મહત્ત્વનો ફાળો આપે છે. ભગતની પ્રવૃત્તિઓ અને તેનું શ્રેય ડાંગી લોકોના 'શરણાગતી અને અતિ નમ્રતા જેવા વલણો ઉપર આધારિત હોવાને કારણે અદભૂત શક્તિ અંગેના પ્રશ્નોના જવાબ આપવાનું ટાળે છે.

સંગીતનું સાધન વિશિષ્ટ રીતે વગાડીને તે પોતાનો અહોભાવ વ્યક્ત કરે છે અને તેઓ ખાસ કરીને દેવતાને રીઝવવા માટે જ આવું વાજિંત્ર વગાડે છે અને વાજિંત્ર વગાડવું એજ તેનો ખ્યાલ છે. સાથે સાથે તેમની સંસ્કૃતિનું આગવું લક્ષણ છે. તેઓ કેટલાંક વાજિંત્રો તો હાથે જ બનાવી લે છે પરંતુ કેટલાક તો તેમને બજારમાંથી જ ખરીદવાં પડે છે.

ડાંગી જીવન પદ્ધતિમાં ખાસ ઉપયોગમાં લેવાતાં વાજિંત્રોમાં થાળી, પાવરી, ઢોલક, ઘૂર, ખાલી, સામબ્યા, માંદળ, દરો અને 'તૂનતૂનિયાનો સમાવેશ થાય છે. ખાસ કરીને પાવટી, માદળ અને દરો જેવી વાજિંત્રોનો ઉપયોગનું વિશિષ્ટ સ્થાન હોવાથી તે યોગ્ય સમયે અને પ્રસંગે જ વગાડવામાં આવે છે. જયારે બીજાં સામાન્ય વાજિંત્રો તો વર્ષ દરમ્યાન ગમે ત્યારે વગાડી શકાય છે. અન્ય આદિવાસી નૃત્યોની જેમ ડાંગી નૃત્યમાં પણ ઢોલકનું ખાસ વિશિષ્ટ સ્થાન છે અને આ વાજિંત્રો તેમના સૌંદર્યનો આનંદ અને મનોરંજન કરવાના માધ્યમો છે.

વિવિધ નૃત્યો એ આદિવાસીઓની સૌથી પુરાણી અને લોકપ્રિય કળા છે અને નૃત્ય એ શરીરની, ભાષાની અભિવ્યકિત રજૂ કરે છે. તેથી તેની બધી કળાઓની માતા પણ કહેવામાં આવે છે અને આ નૃત્યો સંગીતકારો, શિલ્પકારો અને અન્ય કલાકારો માટે પ્રેરણાસ્રોત બન્યા છે. મોટા ભાગના દેશોમાં નાટકોની રજૂઆત નૃત્યો સાથે જ થઇ છે.

લોકનૃત્યો એ પુરાણા નૃત્યોમાંથી શુદ્ધ રૂપાંતર સ્વરૂપ જ છે. મોટા ભાગનાં ધાર્મિક નૃત્યો તાલબદ્ધ લયોમાંથી બનેલાં છે. આદિવાસી લોકો માટે નૃત્ય એ માત્ર આનંદ-પ્રમોદ કરવાનું સાધન માત્ર નથી પરંતુ તેમના જીવનનો એક અગત્ય ભાગ છે. નૃત્ય તેમને માટે વિલાસ માટે નથી જ પરંતુ તેમની એક જરૂરિયાત છે. સાથે સાથે નૃત્ય એ શારીરિક અભિવ્યકિત વ્દારા ધર્મ અને ઇશ્વર સાથેની વાતચીત વ્યકત કરવાનો માર્ગ છે.

ડાંગના આદિવાસીઓ નૃત્યને પવિત્ર કાર્ય અને કળા તરીકે સ્વીકારે છે. ડાંગમાં લોકનૃત્યો ત્રણ પ્રકારનાં હોય છે. તેમાં લગ્નનૃત્ય, ઋતુ કે ઉત્સવનૃત્ય અને ભકિતનૃત્યનો સમાવેશ થાય છે. ડુંગરા દેવ સમયના ઠકર્યા અને ભાયા નૃત્યો જ તેમના મૂળ નૃત્યો છે. જયારે બાકીના પ્રકારનાં નૃત્યો તો તેમની સંસ્કૃતિમાં ઉમેરાયેલાં છે.

ડાંગીઓના [illegible] અને નિરસ જીવનમાં માત્ર નૃત્યો જ તેમનામાં જીવન પ્રત્યેની હકારાત્મક સમજને દોરવણી આપે છે. આ નૃત્યો તેમને તેમની ચિંતાઓમાંથી બહાર કાઢી તેમના આત્માને સંતુષ્ટ કરે છે. ડાંગી નૃત્યોમાં બે ઢોલકનો વિશિષ્ટ ફાળો હોય છે પરંતુ આ નૃત્યોની એક વિચિત્રતા પણ છે કે નૃત્ય કરતાં કરતાં તેઓ કદી ગીત ગાતા નથી.

આ વ્દારા તેમના હૃદયના ઊંડાણમાં રહેલી લાગણીઓ અને ઉમળકો વ્યકત કરવાનાં પરંપરાગત મૂલ્યોને પુષ્ટિ મળે છે. અને ઓછામાં ઓછું તેમનામાં નૈતિક એકતા ટકાવી રાખવામાં તેમજ તેને દૃઢ કરવામાં ભારે ફાળો આપે છે.

કહેવતો, ઉખાણાં, લોકગીતો, લોકવાર્તાઓ વગેરે ડાંગી લોકસાહિત્યના સંકુલ ઘડવાનો ...તાનો ફાળો આપે છે. કળા એ સુશોભન ભાત અને જાહેર પ્રસિદ્ધિના સાધન તરીકે કદાચ આવી .... બધી ડાંગી અભિનય કળામાં કોઇ વિચારનો રણકો હોય છે અને બધી જ કૌશલ્યતાઓમાં ...ની કળા પ્રદર્શિત થાય છે.

ડાંગ-કલાકારો માટેની જરૂરી સામગ્રી પથ્થર, લાકડાં અને વાંસમાં રહેલી છે. જુદા જુદા ...ારની વસ્તુઓ બનાવવામાં આવે છે. વાંસમાંથી બેસવાની સાદડી, ટોપલા-ટોપલીઓ, મચ્છી ...ડવાનું સાધન તેમજ દૈનિક જીવનમાં કામ આવતી નાના-મોટા કદની વિવિધ સામગ્રી બનાવવામાં ...વે છે. ડાંગી કલાકારો આદિવાસી દેવતાઓ જેવા કે વાઘદેવ, નાગદેવ, સૂર્ય, ચંદ્ર વગેરે લાકડા અને ...થર ઉપર કોતરતા જયારે મૃતાત્માની યાદગીરીમાં મૂકવામાં આવતા પાળિયા પથ્થરના થાંભલા ...ર કોતરણી કરતા.

ડાંગની થોડીઘણી અભિનય કળા કે જેમાં પ્રાગૈતિહાસિકકાળથી માંડીને ૧૮મી સદી ...ીની ઐતિહાસિક પશ્ચાદ્ભૂમિકા છે. એવી કળાઓમાં શિકાર અને માછલી પકડવાની કળાનો સમાવેશ ...ય છે. હવે તો ડાંગીઓ તેમની પ્રિય એવી ઘણી બધી કળાઓ ભૂલી ગયા છે. તેઓ તીર કામઠાં ... શિકાર કરતા. તેમની શિકાર અને માછલી પકડવાની કળા તેમના સામુદાયિક જીવનનો એક ભાગ ...ી છે.

આ રીતે આ વિસ્તારમાં રહી ગયેલા અવશેષોના અભ્યાસ ઉપરથી એ બાબત ... ખૂબ જ ...ષ્ટ બને છે કે ડાંગની કેટલીક અભિનય કળાઓ તો હજારો વર્ષ પુરાણી છે. અલબત્ત આ કળાઓને ...દરતી આફતોમાંથી પસાર થવું પડયું છે. જેને કારણે જુદા જુદા સમયે આ કળાઓના ઉપયોગમાં ...તર પડયું છે.

એ પણ દેખિતું જ છે કે સમાજ અને તેની જીવન સંસ્કૃતિના અભ્યાસ ... દ્વારા એ પણ ...ષ્ટ બને છે કે બધી જ અભિનય કળાઓ અગત્યની ધરીની આસપાસ ફરતી રહી છે. અને ડાંગનું ... લક્ષણ જ સદીઓ પુરાણી કળાઓને જીવંત રીતે રજૂ કરવામાં અગત્યનો ભાગ ભજવે છે.

વિચરતું રહેવું એ તો આદિવાસીઓના લોહીમાં વણાયેલું છે. આને કારણે આ વિશિષ્ટ ...સ્તારની કેટલીક કળાઓ આગવી અને પુરાણી પ્રતિભા ગુમાવી દેવામાં ફાળો આપ્યો છે. સાથે ...થે તેમાં નવીન પ્રવાહોને હંમેશાં આવકાર આપ્યો છે અને ડાંગના -ખાસ કલાકારો- આ ...વીન પ્રવાહોને પ્રદર્શિત કરવામાં નિષ્ફળ ગયા નથી અને તેમણે એવી તો સુંદર રીતે પ્રદર્શિત ...રી છે કે ઘણીવાર કઇ કળા મૂળ છે અને કઇ કળામાં વધારો કરાયો છે તે જાણવું પણ ...શ્કેલ થઇ પડે છે.

તેમને ખીણ અને નદીના વહેળા કે ખાડીઓ પ્રત્યે તેમને ઘનિષ્ટ લાગણી રહી છે. તેમને કુદરતી આપત્તિઓ સાથે જીવવવાનું હોવાથી જ કદાચ તેમનામાં ચિંતા હમેશાં ઘર કરી ગઇ હોય જેને પારણામે જ તેઓ રૂઢિચુસ્ત અને શંકાશીલ સ્વભાવનાંઓ અને વિવિધ કારણોમાંનુ આ એક કારણ છે કે શા માટે આદિવાસીઓ તેમની કલાનું રહસ્ય બહારની વ્યકિતઓ સમક્ષ થોડું પણ કહેતા નથી અને આ કામ જ આ લોકો અદભૂત શકિત વચ્ચે
સમજે છે ને જ આ વલણ તેમનામાંથી કાઢી નાખવામાં મદદરૂપ બની શકશે અને તેજ તેમનામા રહેતા કેટલાક દુષણો દૂર કરીને તેમની કળા અને જીવનને એક સરખા પલ્લામાં રાખવામાં સફળ થશે.[1]

---

૧ મૂળ અંગ્રેજી પરથી અનુવાદ : સાયમન મેકવાન

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

ડાંગ જિલ્લા વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી : ૫, ૬ નવેમ્બર ૧૯૮૨

આદિવાસી બાળકોમાં અપવ્યય અને સ્થગિતતા : એક અભ્યાસ

- છોટુભાઇ પટેલ

- અરૂણભાઇ પટેલ

ગુજરાતમાં ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે આદિવાસીઓની વસ્તી ૩૭૩૪૪૨૨ની હતી. જે રાજ્યની કુલ વસ્તીના ૧૪ ટકા જેટલી થાય છે. ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ રાજ્યમાં અક્ષરજ્ઞાનની ટકાવારી ૩૫.૭૯% જેટલી હતી. જ્યારે આદિવાસીઓમાં આ પ્રમાણ ૧૪.૧૨% જેટલું હતું.

સ્વરાજ પહેલાં આદિવાસીઓમાં કેળવણીના ફેલાવા અર્થે કે તેમની આર્થિક ઉન્નતિ અર્થે કોઇ આયોજિત પ્રયાસ થયો નહોતો. બ્રિટીશરોએ આદિવાસીઓને અલગ રાખવાની નીતિ અપનાવી હતી. પરંતુ સ્વરાજ પછી બંધારણના ઘડનારાઓએ પછાત જાતિઓના કલ્યાણના ઉત્કર્ષની જોગવાઇ બંધારણમાં કરી આપી.

ભારતના બંધારણે ફરજિયાત અને મફત પ્રાથમિક શિક્ષણની વાત સૈદ્ધાંતિક રીતે સ્વીકારી છે. અને પરિપૂર્ણ કરવા માટે દરેક ગામમાં પ્રાથમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે. આમ છતાં આઝાદીના સાડાત્રણ દાયકા પછી પણ આપણે ત્યાં નિરક્ષરતાનું પ્રમાણ લગભગ ૫૬% જેટલું છે. આમાં વધુ ધ્યાનપાત્ર વાત એ છે કે ઘણાં ખરાં બાળકો શિક્ષણ લેવાની શરૂઆતમાં જ ઊઠી જાય છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા પ્રાથમિક શિક્ષણ પાછળ મોટો ખર્ચ કરવામાં આવે છે. અને વરસોવરસ પ્રાથમિક શિક્ષણ લેતા વિદ્યાર્થીઓમાં વધારો ન થતો જાય છે. એક તરફ પ્રાથમિક શિક્ષણ એ જ અક્ષરજ્ઞાનનો પાયો ગણવામાં આવે છે ત્યારે બીજી બાજુએ સમગ્ર દેશમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થતો અપવ્યય અને સ્થગિતતા એ શિક્ષણશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓ માટે ઘેરી ચિંતાનો વિષય બન્યો છે. દેશમાં તેમજ જુદાં જુદાં રાજ્યોમાં થયેલા આ અંગેના અભ્યાસો બતાવે છે કે પહેલા ધોરણમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓમાંથી ૪૦% કરતાં ઓછા વિદ્યાર્થીઓ પાંચમા ધોરણ સુધી પહોંચે છે. આનો અર્થ એ થયો કે લગભગ ૬૦% વિદ્યાર્થીઓ પાંચમા ધોરણ સુધી પહોંચતા પહેલાં પોતાનો અભ્યાસ છોડી દે છે. ચાર ધોરણનું પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને મફત બનાવેલું હોઇ

રજિસ્ટર પરની સંખ્યા મોટી દેખાય તેમ છતાં તેટલા પ્રમાણમાં પ્રાથમિક શિક્ષણનો ખરેખર છ વધારો ન પણ થયો હોય એ સંભવિત છે. આદિવાસી વિસ્તારમાં આવું મોટા પ્રમાણમાં બનતું હોવાની ફરિયાદ ઘણા વખતથી થાય છે. આ પરથી જણાય છે કે ૩૭ વર્ષ પહેલાં ઇન્ડિયન સ્ટેચ્યુટરી કમિશને બ્રિટીશ ભારતમાં શિક્ષણના વિકાસ અંગે નીમેલ ઓક્ઝીલરી કમિટીએ વિધાન કર્યું હતું કે 'સમગ્ર શિક્ષણ પદ્ધતિમાં અપવ્યય અને બિનઅસરકારકતા રહેલી છે' તે આજે પણ તેટલું જ સાચું ગણી શકાય.

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ૧૯૭૧માં સમગ્ર આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણ અંગે અપવ્યય અને સ્થગિતતાની તપાસ[1] હાથ ધરવામાં આવી હતી.

આ તપાસ મુજબ આદિવાસી વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ અનુક્રમે ૬૧% અને ૮૫% જોવા મળ્યું હતું જ્યારે આદિવાસી વિસ્તારની આશ્રમશાળાઓમાં આ પ્રમાણ અનુક્રમે ૪૧% અને ૭૨% હતું.

ઉપર્યુક્ત પ્રશ્નને તપાસવા આદિવાસી પેટા યોજના હેઠળ આવરી લીધેલ તાલુકાઓમાંથી દરેક જિલ્લામાંથી એક આદિવાસી તાલુકો પસંદ કર્યો હતો. દરેક તાલુકામાંથી પાંચ પ્રાથમિક શાળાઓ રેન્ડમ પદ્ધતિથી પસંદ કરવામાં આવી હતી અને દરેક તાલુકામાંથી એક માધ્યમિક શાળા પસંદ કરી હતી.

ડાંગ જિલ્લામાં ૧૦ પ્રાથમિક શાળાઓ પસંદ કરી હતી. તેમાં ૨ ત્રણ ધોરણવાળી, ૫ ચાર ધોરણવાળી, ૧ પાંચ ધોરણવાળી અને ૨ સાત ધોરણવાળી પ્રાથમિક શાળાઓ અને એક માધ્યમિક શાળા પસંદ કરવામાં આવી હતી. અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ જાણવા માટે પસંદ થયેલ શાળાના પહેલા ધોરણમાં દાખલ થયેલ દરેક વિદ્યાર્થીનું સાત ધોરણ સુધીનું પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જે બાળકો સાત ધોરણ સુધીનો અભ્યાસ પૂરો કર્યા સિવાય અધવચ્ચે ઉઠી ગયા તેમને અપવ્યયમાં ગણવામાં આવેલ. સાથોસાથ દરેક વિદ્યાર્થીને એક ધોરણ પસાર કરવામાં કેટલાં વર્ષ લાગ્યાં હતાં તે પરથી સ્થગિતતાનું પ્રમાણ નક્કી કરવામાં આવ્યું હતું. પસંદ થયેલ શાળાનાં ધોરણ એકથી સાત સુધીના ૧૯૭૪થી ૧૯૮૦ સુધીના પ્રગતિનું મૂલ્યાંકન કર્યું છે. એવી જ

---

1 Wastage and Stagnation in Primary education in tribal areas, By Mustali Masavi, Tribal Research and Training Institute, Gujarat Vidyapith, Ahmedabad-380014 -1976

રીતે માધ્યમિક શાળામાં ૧૯૭૮થી ૧૯૮૦ સુધીના પ્રગતિનું મૂલ્યાંકન કર્યું છે. આમાં વચ્ચેથી ઊઠી જનાર અને અભ્યાસ ચાલુ રાખનાર બંને પ્રકારના બાળકો આવી જાય છે. અભ્યાસ ચાલુ રાખનાર અને અધવચ્ચેથી ઊઠી જનાર બાળકોનાં વાલીઓની અમે મુલાકાત લીધી હતી. આ મુલાકાતના આધારે આ લેખ તૈયાર કર્યો છે.

ડાંગની કુલ વસ્તીમાં લગભગ ૯૩% આદિવાસીઓ છે. ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ ડાંગનું શિક્ષણનું પ્રમાણ ૧૪.૧૬% હતું જ્યારે ૧૯૮૧માં આ પ્રમાણ ૨૯.૯૩% છે. આમ ડાંગ જિલ્લાનો શિક્ષણમાં ૧૫.૮૦%નો ધરખમ વધારો થયો છે.

ડાંગ જિલ્લામાં કુલ ૩૧૧ ગામમાં ૩૪૮ પ્રાથમિક શાળાઓ છે. શાળાનું પ્રમાણ અન્ય આદિવાસી વિસ્તાર કરતાં વિશેષ છે. એવી જ રીતે માધ્યમિક શાળાની સુવિધા જિલ્લાના ૧૦ ગામોમાં ઉપલબ્ધ છે. જે કુલ ગામોના લગભગ ૩% જેટલી છે. માધ્યમિક શિક્ષણની સુવિધા નહિવત્ છે. આમ શિક્ષણની બાબતમાં પ્રાથમિક શિક્ષણ કરતાં માધ્યમિક શિક્ષણ ઘણું જ ઓછું ગણાય.

ડાંગ જિલ્લાની ૧૯૮૧માં ધોરણવાર વિદ્યાર્થીઓની સંખ્યા કોઠા-૧ માં આપવામાં આવી છે.

કોઠો-૧

ડાંગ જિલ્લાની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ધોરણવાર સંખ્યા (તા.૩૦-૯-૮૧ની સ્થિતિ)

ધોરણ	કુમાર		કન્યા		કુલ	
	સંખ્યા	ટકા	સંખ્યા	ટકા	સંખ્યા	ટકા
૧	૩૬૩૫	૧૦૦.૦૦	૩૫૧૯	૧૦૦.૦૦	૭૧૫૪	૧૦૦.૦૦
૨	૨૬૮૮	૭૩.૯૫	૨૫૧૦	૭૧.૩૩	૫૧૯૮	૭૨.૬૬
૩	૨૭૦૨	૭૪.૩૩	૨૩૭૬	૬૭.૫૨	૫૦૭૮	૭૦.૯૮
૪	૧૮૪૨	૫૦.૬૭	૧૪૧૭	૪૦.૨૭	૩૨૫૯	૪૫.૫૫
૫	૧૧૨૬	૩૦.૯૮	૬૮૧	૧૯.૩૫	૧૮૦૭	૨૫.૨૬
૬	૭૮૧	૨૧.૪૯	૪૬૩	૧૩.૧૬	૧૨૪૪	૧૭.૩૯
૭	૬૨૨	૧૭.૧૧	૩૧૫	૮.૯૫	૯૩૭	૧૩.૧૦

પ્રાપ્તિસ્થાન : ડાંગ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, ડાંગ જિલ્લા ભારત સ્કાઉટ ગાઇડ સંઘ, આહવા ૧૯૮૧-૮૨ની જિલ્લા શૈક્ષણિક સંમેલનની પુસ્તિકા.

કોઠા-૧માં દર્શાવેલ આંકડાઓ પરથી જણાય છે કે પહેલા ધોરણમાં વિદ્યાર્થીઓની સંખ્યા છે તેના કરતાં સાતમા ધોરણમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૩% છે. છોકરાઓ કરતાં છોકરીઓની સંખ્યા નો માત્ર ૯%ની જ છે. સંખ્યામાં સૌથી મોટો ઘટાડો શરૂઆતથી દરેક વર્ષમાં થાય છે. ખાસ કરીને ચોથા ધોરણથી ઘટાડો વધુ થતો જાય છે. આ આંકડાઓ પણ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થતા બગાડનો ખ્યાલ આપે છે.

મોજણી કરેલ શાળામાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ કોઠા-૨માં આપવામાં આવ્યું છે. કોઠામાં દર્શાવેલ આંકડાઓ પરથી જણાય છે કે ૧૯૭૪માં ૧લા ધોરણમાં દાખલ થયેલ કુલ ૨૭૨ બાળકોમાંથી ૧૯૮૦ સુધીમાં એકથી સાત ધોરણ સુધીનાં ૧૨૨ (૪૪.૮૫%) બાળકો અધવચ્ચે છોડી ગયાં હતાં. તે સમયે ગાળા દરમ્યાન એકથી સાત ધોરણમાં ૧૨૯ (૪૭.૪૩%) બાળકોનો અભ્યાસ ચાલુ હતો, જ્યારે ૨૧ (૭.૭૨%) બાળકોએ પોતાનો નિયત અભ્યાસ પૂરો કર્યો હતો.

એકથી સાત ધોરણનાં કુલ ૧૪૩ છોકરાઓમાંથી ૫૬ છોકરાઓએ એટલે કે ૩૯.૧૬% એ અભ્યાસ અધવચ્ચે છોડી દીધો હતો. જ્યારે ૫૧.૧૬% છોકરીઓએ અધવચ્ચે અભ્યાસ છોડી દીધો હતો. આમ કન્યાઓમાં અપવ્યયનું પ્રમાણ વિશેષ હતું. ધોરણવાર પરિસ્થિતિ જોઈએ તો મોટા ભાગનાં બાળકો પહેલા ધોરણથી (૭૦%), બીજા ધોરણથી (૨૫%) અને ત્રીજા ધોરણથી (૪%) અભ્યાસ છોડી દીધો હતો. આમ પહેલા અને બીજા ધોરણમાં અપવ્યયનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. સ્થગિતતાનું પ્રમાણ કોઠા-૩ પરથી જોઈએ તો ૫૩% બાળકોને પહેલું ધોરણ, ૧૮% બાળકોને બીજું ધોરણ, ૧૮% બાળકોને ત્રીજું ધોરણ અને ૧૪% બાળકોને ચોથું ધોરણ પસાર કરતાં એક કરતાં વધુ વર્ષ લાગ્યાં હતાં.

પસંદ થયેલ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો અભ્યાસ કરતાં જણાયું હતું કે ૧૯૭૮માં દાખલ થયેલ કુલ ૬૨ વિદ્યાર્થીઓમાંથી ૩૭ વિદ્યાર્થીઓએ અધવચ્ચે અભ્યાસ છોડી દીધો હતો. જ્યારે ૨૧ વિદ્યાર્થીઓનો અભ્યાસ ચાલુ હતો અને ૪ (૬.૪%) વિદ્યાર્થીઓએ દસમું ધોરણ પાસ કર્યું હતું. આમ આ આંકડાઓ બતાવે છે કે માધ્યમિક કક્ષાએ અપવ્યયનું પ્રમાણ ખૂબ જ છે. અને દસમું ધોરણ પાસ કરનાર વિદ્યાર્થીઓ પણ ઘણા ઓછા છે. સ્થગિતતાનું પ્રમાણ જોઈએ તો પણ જણાય છે કે ૨૫ વિદ્યાર્થીઓએ ૮મું ધોરણ પાસ કરતાં એક જ વર્ષ લાગ્યું હતું અને ૨૪ વિદ્યાર્થીઓમાંથી માત્ર એક જ વિદ્યાર્થીને નવમું ધોરણ પાસ કરતાં એક કરતાં વધુ વર્ષ લાગેલ. આમ માધ્યમિક કક્ષાએ આદિવાસી બાળકોમાં અપવ્યયનું પ્રમાણ ઘણું જ જોવા મળ્યું હતું અને સ્થગિતતાનું પ્રમાણ ઓછું જોવા મળ્યું હતું.

કોઠો-૨

રણવાર અપવ્યય (૧૯૭૪-૮૦)

રણ	કુલ સંખ્યા		ઉઠી ગયેલ		ચાલુ અભ્યાસ		નિયત અભ્યાસ પુરો કરનાર	
	કુમાર	કન્યા	કુમાર	કન્યા	કુમાર	કન્યા	કુમાર	કન્યા
	૧૪૩	૧૨૯	૪૦	૪૫	-	૫	-	-
	૧૦૩	૭૯	૧૪	૧૬	૧૨	૧૨	-	-
	૭૭	૫૧	૨	૩	૩૨	૧૮	૧	૧
	૪૨	૨૯	-	-	૧૨	૧૦	૮	૩
	૨૨	૧૬	-	૨	૪	૫	૨	૧
	૧૬	૮	-	-	૮	૨	-	-
	૮	૬	-	-	૫	૪	૩	૨
લ			૫૬	૬૬	૭૩	૫૬	૧૪	૭

કોઠો-૩

રણવાર સ્થગિતતાનું પ્રમાણ (૧૯૭૪-૮૦)

યત્નો	ધોરણ						
	૧	૨	૩	૪	૫	૬	૭
મ પ્રયત્ન	૮૬	૧૦૮	૬૦	૪૮	૨૪	૧૩	૫
જો પ્રયત્ન	૪૮	૨૩	૧૩	૭	૩	-	-
જો પ્રયત્ન	૩૩	૧	-	૧	-	-	-
થો પ્રયત્ન	૧૫	-	-	-	-	-	-
લ	૧૮૨	૧૩૨	૭૩	૫૬	૨૭	૧૩	૫

આ પરથી જોઈ શકાય છે કે જે પહેલા ધોરણમાં જ્યારે આદિવાસી બાળક પહેલવહેલું શાળાએ આવે ત્યારે એક યા બીજા કારણોસર તેને અભ્યાસમાં રસ જાગતો નથી. અને મોટા ભાગનાં બાળકો પહેલા ધોરણથી અભ્યાસ છોડી દે છે. ફરજિયાત પ્રાથમિક શિક્ષણને કારણે પહેલા વર્ષે શાળાના નોંધણીપત્રક પર લઈ ફરજિયાતમાં આવતા બાળકોની નોંધ શિક્ષકકરી દે છે પણ એમાંથી ખરેખર કેટલા વિદ્યાર્થીઓ શાળાએ આવતા હશે તે આંકડાઓ પરથી પૂરેપૂરું સમજાય છે.

એક ધોરણ પાસ કરવા માટે સામાન્ય રીતે એક વરસનો ગાળો મુકરર કરવામાં આવ્યો છે પરંતુ આદિવાસી બાળકો એક વરસમાં એક ધોરણ પાસ કરતા નથી અને તેમને એક ધોરણ પાસ કરવા માટે એક કરતાં વધુ વરસ લાગે છે. આ પણ એક પ્રકારનું શિક્ષણ પાછળ થતો સમય અને સાધનનો વ્યય છે. જેને સ્થગિતતાના કારણે બગાડ તરીકે ઓળખવામાં આવે છે. આપણે ઉપર જોયું તેમ સૌથી વધુ બગાડ પહેલા અને બીજા ધોરણમાં થાય છે.

બાળકો અધવચ્ચે અભ્યાસ છોડી દે છે તેનાં કારણો તપાસતાં જણાયું હતું કે મોટા ભાગના આદિવાસીઓ ગમે તે ધંધામાં રોકાયેલા હોવા છતાં આર્થિક રીતે તે ગરીબ છે. અને આ આર્થિક પરિસ્થિતિ તેમના શિક્ષણના વિકાસની આડે આવે છે એમ કહી શકાય. કેટલીક વખત એવી દલીલ કરવામાં આવે છે કે આદિવાસીઓમાં શિક્ષણની ભૂખ જ નથી તેઓ શિક્ષણની જરૂરિયાત જોતા નથી તેથી તેઓ ભણતા નથી પરંતુ આ દલીલમાં તથ્ય ઓછું છે આદિવાસીઓ શિક્ષણની જરૂરિયાત સમજે છે પરંતુ મોટે ભાગે આર્થિક કારણોસર પોતાનાં બાળકોને શાળાએથી ઉઠાડી લે છે. જો છોકરો શાળાએ જાય તો ઘેર નાનાં છોકરાંની સંભાળ કોણ રાખે, ઢોર ચારવા કોણ જાય, ઓછી આવકથી ભરણપોષણ કેવી રીતે થાય. આથી છોકરો શાળામાં જવાને બદલે મજૂરીએ જાય તો પોતાના જેટલું તો મેળવી લે ને. આમ આદિવાસીઓની આર્થિક સ્થિતિ અને અસ્થાયી ધંધા રોજગાર અને શિક્ષણના વિકાસની આડે આવે છે.

આ તપાસમાંથી એક હકીકત સ્પષ્ટ થાય છે કે પ્રાથમિક શિક્ષણ એને સૌથી વધુ બગાડ પહેલા ધોરણમાં થાય છે. અને જો અટકાવવામાં આવે તો બગાડ ઓછો થાય. આમ પહેલું ધોરણ આદિવાસી શિક્ષણ માટે નબળી કડી છે. આને નિવારવાના ઉપાયો વિચારવા જરૂરી છે. આદિવાસીઓના શિક્ષણને સંખ્યાની દ્રષ્ટિએ તથા ગુણવત્તાની દ્રષ્ટિએ સુધારવું હોય તો વર્તમાન સંરચનામાં કેટલાક સુધારા કરવા પડશે.

૧. સ્થાનિક બોલી જાણતા આદિવાસી શિક્ષકને પહેલાં ધોરણની જવાબદારી સોંપવી જોઇએ. આ શિક્ષકને અન્ય ધોરણની જવાબદારી સોંપવી જોઇએ નહીં. આમ પહેલા ધોરણ માટે અલગ શિક્ષકની વ્યવસ્થા કરવી જોઇએ.

૨. આદિવાસી વિસ્તારોમાં એક શિક્ષકની શાળાઓનું પ્રમાણ વધુ છે તેથી તે પહેલા ધોરણ પર વધુ ધ્યાન આપી શકતો નથી. માટે એક શિક્ષકની શાળાનું પ્રમાણ ઘટાડવું જોઇએ.

૩. પહેલાં ધોરણ પૂરતો શાળાના સમયમાં ફેરફાર કરવો જોઇએ. પહેલા ધોરણના બાળકને ૧૧થી ૫ સુધી શાળામાં ગોંધી રાખવાના બદલે એવો સમય નક્કી કરવો કે જેથી તે બાકીના સમયમાં તે મા બાપને મદદ કરી શકે.

૪. આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણના ભાગ તરીકે દરેક ગામમાં બાલવાડીઓ ખોલવી જોઇએ. આથી વાલીઓને બાળકને શિક્ષણ સંસ્થામાં મોકલવાની ટેવ પડે તથા બાળકોના શિક્ષણ માટે જરૂરી સામાજિકરણ થઇ જાય. આથી બાળકો પ્રાથમિક શાળા માટે તૈયાર થાય છે.

૫. પહેલા ધોરણમાં મા બાપનો સહકાર મેળવવો ખૂબ જરૂરી છે. પછીના ધોરણમાં તો બાળકને શાળાની ટેવ પડી જતાં તેની જાતે શાળામાં આવવા લાગશે. આથી પહેલા ધોરણ પૂરતું મા બાપનો સહકાર મેળવવા ઘનિષ્ટ સંપર્ક કેળવવાનું શિક્ષકોને સૂચવવું જોઇએ.

૬. આદિવાસીઓની આર્થિક સ્થિતિ નબળી છે તેથી શાળામાં આવનાર બાળકોને મફત સ્લેટ, પેન, પુસ્તકો, નોંટબુક તેમજ પહેરવેશની વ્યવસ્થા કરવી જોઇએ.

૭. આદિવાસી વિસ્તારની શાળામાં બને તેટલી વધુ સંખ્યામાં સ્થાનિક આદિવાસી શિક્ષકોની ભરતી કરવી જોઇએ. આને લીધે શિક્ષણનું સ્તર સુધારવામાં તો મદદ મળશે જ પરંતુ સાથે સાથે સ્થાનિક યુવાનોને નોકરીની તકો મળતાં સ્થાનિક લોકોને પોતાનાં બાળકોને ભણાવવામાં રસ જાગૃત થશે.

૮. શિક્ષકોને ગામમાં રહેઠાણની સગવડો પૂરી પાડવી જોઇએ. શિક્ષકો શાળામાં નિયમિત રીતે હાજર રહેતા નથી આ માટે નિરીક્ષણની વ્યવસ્થા મજબૂત કરવી જોઇએ. આ દિશામાં પંચાયતે સક્રિય બનવું જોઇએ.

આદિવાસી વિસ્તારની શાળાઓમાં બગાડ ઓછો કરવો હશે તો ઉપર જણાવેલ કેટલાંક પગલાં લેવાં પડશે. આદિવાસી સમાજને વિકસિત કરવો હોય તો તેને આર્થિક રીતે પગભર કરવો પડશે. શિક્ષણ તેમાં સહાયક થાય એવું હોવું જોઇએ. જે શિક્ષણ શિક્ષિતને પાંગળો બનાવે છે તે આદિવાસી માટે અને દરેક માટે નકામું છે. આનો કોઇ નવીન વિકલ્પ હોવો જોઇએ.

...

ડાંગ જિ

ડાંગમ

અહીં

ડાંગી આદિવા
વૃક્ષોના નામો
બધાં ઝાડ 'વ
સદીઓ સુધીન
ઓષ

(૧) જેરની
જેવો સ્વાદ અ
ખાવાનો રીવ
રીતરિવાજોમ
તરીકે થતો
સારો લાભ.
(૨) જીવડ
થાય છે. અ
(૩) મદળ
(૪) કોસી
થાય તો કા
(૫) કળમ
શરીર પણ
(૬) હોળ
ગીળા લાક
(૭) લ ધ
હોવાથી તે
(૮) પાવ
કરે ત્યારે

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

ડાંગ જિલ્લા વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી : ૫, ૬ નવેમ્બર ૧૯૮૨

ડાંગમાં વનૌષધિ તરીકે તેમજ અન્ય વપરાશમાં કેટલાંક વૃક્ષોનો ઉપયોગ

- ડૉ. સિંધ્ધરાજ સોલંકી

અહીં સર્વ પ્રથમ ઔષધિ તરીકે તેમજ અન્ય વપરાશમાં લેવાતાં કેટલાંક વૃક્ષો અંગેના ડાંગી આદિવાસીઓની જાણકારી અંગેની વિગતો માહિતીદર્શકો પાસેથી મેળવીને મૂકી છે. વૃક્ષોના નામો મહદઅંશે ડાંગી બોલીમાં જ માહિતીદર્શકો પાસેથી મળ્યા તે રીતે યથાવત મૂક્યા છે. બધાં ઝાડ 'વશી' વનૌષધિ હોવાની મહત્વની ડાંગી સભાનતાનો જ નિર્દેશ કરે છે. પેઢી દરપેઢી સદીઓ સુધીના વપરાશના અનુભવની પાશ્ચાદભૂમિકા પણ કેટલીકવાર તેમાં પ્રતિબિંબિત થાય છે.

ઔષધિમાં તેમજ અન્ય વપરાશમાં આવતાં કેટલાંક વૃક્ષો :

(૧) ખેરની છાલ અને સાગની છાલ એ બંનેને બીડી સાથે ભેળવીએ ત્યારબાદ તેને ખાવાથી 'પાન' જેવો સ્વાદ આવે. હકીકતે અહીં ખાસ કરીને એક ખાસ પ્રકારની તમાકુ સ્ત્રીઓ અને પુરુષોમાં ખાવાનો રીવાજ છે. સ્ત્રી પુરુષો બહોળા પ્રમાણમાં તેનો ઉપયોગ કરે છે. એમના લગ્નના અને અન્ય રીતરિવાજોમાં પણ તેનો ઉપયોગ થાય છે. એટલે તે રીતે આનો ઉપયોગ દાંતે ઘસાવની વસ્તુ તરીકે થતો જોવા મળે છે. આ ખાવાને લીધે દાંતમાં ખાસ જંતુ ન થાય અને સ્વાદ પણ પ્રમાણમાં સારો લાગે. એક પ્રકારનો એનો ચટકો પડી ગયેલો હોય છે તેવું માહિતીદર્શકનું કહેવું હતું.

(૨) બીવલાનું ઝાડ : બીવલાના ઝાડના (ડીંક) ગુંદરનો ઉપયોગ ઋતુસ્રાવ બંધ કરવામાં થાય છે. આ ગુંદરને સામાન્ય રીતે ઉકાળીને પાવામાં આવે છે.

(૩) મદળ : મદળને તોડીને તેનો માછલી મારવામાં ઉપયોગ થાય છે.

(૪) કોસીમ : દવીર નીકળે તો તેને કપડાથી ધુમાડે છે. કોસીમના તેલનો ધુમાડો જો ખેતરમાં થાય તો કણસલામાં દાણો ન બાઝે. દુશ્મનના પાકને નુકસાન કરવામાં કોઈક તેનો ઉપયોગ કરે.

(૫) કળમ : માણસને સ્મશાનમાં દાટીને તેના પછી નાહીને તેની છાલ મોઢામાં લેવાય છે. અને તે શરીરે પણ ચોપડી દેવાય છે. જેથી 'વરાળ લાગે' તે 'પવિત્ર' થઇ જાય.

(૬) હોળદુણ : પીળું લાકડું હોય છે. તેની ઔષધિમાં ઉપયોગની માહિતીદર્શકોને જાણ નહોતી. પણ પીળા લાકડાના ફરનિચરમાં તેનો વિશાળ પ્રમાણમાં ઉપયોગ થાય છે.

(૭) લ ધ્વળકો : સાપ કરડે ત્યારે આ ઝાડની છાલ ઉકાળીને પાવામાં આવે છે. તે સખત હોવાથી તેમાંથી ગાલ્લીની આંક બનાવવામાં આવે છે.

(૮) પાયર : તેનું ફળ ખવાય છે. ચબીલો તેને ખાસ ખાય છે. પાયરનું ફળ ખાઇને પક્ષી તેની હગાર કરે ત્યારે તે હગારમાં 'બી' જો અન્ય કોઇ ઝાડના પોલાણમાં પડે તેમાંથી પાયર ઊગી નીકળે.

અમારા માહિતીદર્શકે જણાવ્યું કે તે કેટલાક મોટા માણસો જેમ પરોપજીવી હોય છે. તેવી રીતે પાવેર પણ પરોપજીવી અને શોષક હોવાથી ધીમે ધીમે મૂળ વૃક્ષને મારી નાખે. પાયોર અને સાદોડનું આવું સ્વરૂપ માહિતીદર્શકે સંશોધકને બતાવેલું.

(૯) કાકોડ : સીમગા-હોળી પછી આ ફળ આવે. ગાગરમાં પાણી (મીઠાવાળું) નાખીને તેનું અથાણું બનાવે. કાકોડની છાલ પાણીમાં રાફડાની માટી સાથે ઉકાળીને બળદને મચક આવી હોય ત્યાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

(૧૦) કાળી પાવેર : ફળ આવે એટલે તે ખવાય. અમારા એક માજણીકારે શ્રી ચંપકભાઇ ચૌધરીએ આ પરિચય વખતે એવો નિર્દેશ કરેલો કે ગૌતમ બુદ્ધે તપ કરવા જે ઝાડ નીચે બેસેલા તે વૃક્ષ આ હતું.

(૧૧) બોડાર : ચોળાની ભાજી રાંધવામાં આનાં પાંદડાં ખવાય છે.

(૧૨) ઉંબરો : તેનાં ફળ ખવાય. તેનો ખ્યાલ માહિતીદર્શકને હતો. ગોટિયામાળમાં પથરીના રોગમાં તેનો ઉપયોગ થતો હોવાની માહિતી પણ મળેલી.

(૧૩) ભોકર (ગુંદા) પાનની ભાજી હોળી પછી લીલા લીલા રોટલા સાથે ખવાય છે. તેનાં ફળનું અથાણું થાય.

(૧૪) આમુલી : તેનાં ફળ સાબર-ઢોર ખાય.

(૧૫) ભૂતિયા પીળસ : એક પ્રકારનો ખાખરો છે. તાવવાળી વ્યક્તિને તેના પાણીમાં નવડાવવામાં આવે છે.

(૧૬) નીળી સુટી : પીળો પેસાબ આવતો હોય તો તેનું દાતણ કરવામાં આવે છે. આધાશીશીમાં તે કાને બાંધવામાં આવે છે. વીંછી કરડે ત્યારે પણ તેનો ઉપયોગ થાય છે.

(૧૭) સાવર (શીમળા) રુ ચકમકમાં વાપરે. ડાંગી ચકમક. રુમાંથી બી નીકળે તે લીલુ અથવા સૂકું ખવાય. ડાંગી ભીલો કાચો દડો-કચુ ફળ ચીરીને મીઠું ભરીને બાફીને ખાય.

(૧૮) આસાંદ : કાનમાં કરડે તો તેની છાલ લાવીને કૂટીને ઉકાળીને કાનમાં નાખવામાં આવે છે.

(૧૯) સાગની છાલ : પેટમાં દુઃખે ત્યારે (પોસ્ટસુડ) સાગની છાલ પાવામાં આવે છે.

(૨૦) સોયલ : વીજળી માથા પર ન પડે તે માટે જીવ બચાવવા માટે સાગિળ-સેલરાના પાન અને આમળાનાં પાન ખિસ્સામાં રાખવામાં આવે છે.

(૨૧) ભેટ : ઢોરના પાલા માટે કામમાં આવે છે.

(૨૨) કરુંદ (કરમદા) સારા ફળ તરીકે વપરાય છે.

..3

(૨૩) બોરથડા
સફેદ દડાવાળી
કરડયો હોય તો
(૨૪) માહિતીદ
ન ખવાય.
(૨૫) સાકડ :
(૨૬) કોડો :
કોકડનું ઝાડ સફેદ
રસ દૂધમાં મેળવ
લાળી શીંગ આવે
જોડકું હોય ઉપ
(૨૭) ચીલારી
ઉપર નીકળી અ
છાલ કરીને તેને
(૨૮) પર્ણકુટી
હોય છે તેમાંથી
ઉપયોગ : સ્ત્રી
(૨૯) અશ્વગંધા
(૩૦) સર્પગંધા
(૩૧) મોઢણ
જે મોટભાગે લગ
મીંઢળ ઘસીને તે
ઝેર ઊતરી જાય
(૩૨) કલાલક
રસ મસા માટે
(૩૩) ઉંધાફણ
પીવડાવવાથી ઝે
(૩૪) લીલીયા

(૨૩) બોરથડા : બેતરમાં ઊગી નીકળે છે. પાકે ત્યારે લાલ થાય અને કાચું હોય ત્યાં સુધી સફેદ દડાવાળી વનસ્પતિ અને ધરો એ બંને વીંછી કરડે ત્યારે સાથે મસળીને આંગળીએ વીંછી કરડયો હોય તો બાવડથી નીચે આંગળા તરફ ઉતારીને નાખી દેવાથી વીંછી ઉતરી જાય છે.

(૨૪) માહિતીદર્શકે કહેલું કે હીંડોળ, ધાવડા, ખઇર અને કરડાકા ગુંદર ખવાય. પણ કલારીના ન ખવાય.

(૨૫) સાહડ : નાગપંચમીના ચિત્રમાં તેની રાખ વપરાય છે.

(૨૬) કાડો : ગુંદર બકરીના દૂધમાં નાખવાથી પાંચથી દશેક મિનીટમાં દહીં બની જાય છે કોકડનું ઝાડ સફેદ હોય છે અને ડાળીની કુંપળ અથવા પાન તોડતાં તેની કુંપળમાંથી નીકળતો સફેદ રસ દૂધમાં ભેળવતા દહીં થાય. એ ઝાડનું ફળ લાંબી શીંગ જેવું આવે. ચોળી જેવી અને એકાદ ફૂટ લાંબી શીંગ આવે. ફળ એકજ વાર જેઠ મહિનામાં થાય. અને દૂધ ગમે ત્યારે મળે એની શીંગનું જોડકું હોય ઉપર અને નીચે જોડાયેલું હોય.

(૨૭) ચીલારી : ચીલારીની છાલ ફરીને દરામાં નાખવાથી તેનો મીણો ચડે છે અને માછલીઓ ઉપર નીકળી આવે છે તેથી તેને પકડવામાં સરળતા રહે છે. તેજ રીતે કળી, સાદડાને જાંબુની છાલ ફરીને તેને નાખતા પણ માછલીઓ ઉપર નીકળે છે.

(૨૮) પર્ણકુટી : આ છોડ એ પાનમાંથી જ તૈયાર થાય છે અને જેના પાન ઉપર મૂળ જેવા રેસા હોય છે તેમાંથી નવો છોડ નીકળે છે.

ઉપયોગ : સ્ત્રીઓને ઉનવા બળતો હોય ત્યારે આ પાનનો ઉપયોગ બળતરા દૂર કરવા થાય છે.

(૨૯) અશ્વગંધા : શક્તિ માટે વપરાય છે.

(૩૦) સર્પગંધા : લોહીના ઊંચા અથવા નીચા દબાણના રોગ માટે તે વપરાય છે.

(૩૧) મીંઢળ : આ એક છોડ હોય છે જેના પર સોપારી આકારના (મીંઢળ) ફળ આવે છે. જે મોટભાગે લગ્નપ્રસંગે વરરાજાના હાથે બંધાય છે. કોઇપણ વ્યક્તિએ ઝેર ખાધું હોય તો તેને મીંઢળ ઘસીને તેનો રસ પીવડાવવાથી આપોઆપ ઊલટી કરે છે. આમ બે ત્રણવાર કરવાથી ઝેર ઊતરી જાય છે.

(૩૨) કલાલક : આ એક જાતનું ઘાસ હોય છે. જે દરેક જગ્યાએ જોવા મળે છે. જેના પાનનો રસ મસા માટે ઉપયોગી છે. દરદો મટાડવા પણ ઉપયોગી છે.

(૩૩) ઉંદાફણી : આ છોડના મૂળનો રસ સાપ વીંછી અથવા ઝેરી જાનવર કરડે તો તે રસ પીવડાવવાથી ઝેર ઉતરી જાય છે.

(૩૪) લીલીગાર : ઝીણા તાવ માટે તેનો ઉકાળો આપવામાં આવે છે.

..૪

(૩૫) રોસાઘાસ : જેની ગુલાબની જેવી વાસ આવે છે. સાબુ બનાવવા માટે તે ઉપયોગી છે.

(૩૬) નેપાળો : ઝાડો કરાવવા તેની ગોળીઓ અપાય છે.

(૩૭) સફેદચણોઠી : ગરપાતર માટે ઉપયોગી છે.

(૩૮) અકકલગરો : નાનાબાળકોનું તોતડાપણું દૂર કરવા વપરાય છે.

(૩૯) હરડોશી : સિંહાસન જેવું ફૂલ. જેનો ઉપયોગ શરદી મટાડવા માટે (આઇડોડીન)

(૪૦) ખાખરાના મૂળનો અર્ક : આંખના રોગ માટે ઉપયોગી છે. કેસુડાના ફુલને તેના પાણીમાં ઉકાળી તે દવારા નહાવાથી ચામડીના કાયમી રોગો દૂર થાય છે. બાળકોને ઉનવા બળતો હોય તો પણ ઉપયોગી છે.

(૪૧) ટટુની છાલ : ટટુની છાલ અને કડવા આમળી છાલ આ બંને પથરીના રોગને દૂર કરવા માટે વપરાય છે.

(૪૨) ટટુની છાલ : હાથમાં પકડવાથી તાવ દૂર થાય છે.

(૪૩) રતનજોડ : બીજમાંથી નીકળતુ તેલ તે સોજા દૂર કરવા માટે ઉપયોગી છે.

(૪૪) ચિત્રકના મૂળ : સફેદ કોઢ મટાડવા માટે વપરાય છે.

(૪૫) સીમળાના કાંટા : ખીલ મટાડવા માટે વપરાય છે.

(૪૬) સફેદ ખાખરો : મૂળ આંખની સફેદી માટે વપરાય છે.

(૪૭) ચંદન : હરસ માટે ઉપયોગી છે.

(૪૮) ચંદાકાટી : ગુગળ બનાવવા અને ગળામાં કે ગળાની આજુબાજુ ગાંઠ નીકળી હોય તો તેને મટાડવા ઉપયોગી છે.

(૪૯) રામબાવળ : ટુથપેસ્ટનો પાવડર બનાવવામાં તેનો ઉપયોગ થાય છે. તેવું અમારા માહિતી દર્શકે કહેલું.

(૫૦) બોરસલ્લી : આની કુંપળનું દાતણ કરવાથી દાંત મજબૂત બને છે. અને હૃદયરોગના હુમલાને નિવારી શકાય છે.

(૫૧) કદમ : હરસ માટે ઉપયોગી છે.

(૫૨) શતાવરી ચૂર્ણ : આ ચૂર્ણ સ્ત્રીઓને સુવાવડ પછી આપવામાં આવે છે. જેથી તેમની વડફાવેલી શકિત પાછી મળે છે. આ છોડમાં સોમુસનું આવરણ થયેલું હોય છે.

મૂળ : પાવડર બનાવવા માટે ઉપયોગી છે.

(૫૩) ઉધાવળીનું પાન : આ છોડના પાનની વિશિષ્ટતા એ છે કે શરીરે ગુમડુ અથવા ખીલ થયો હોય તો ઊંધુ પાન લગાડવાથી ગુમડાને પકવીને કાઢી નાખે છે. જયારે સીધુ પાન

મુકવામાં આવે તો સુજ આવી જાય છે તે તાત્કાલિક અસર કરે છે.

(૫૪) ઇશ્વર મૂળ : નાના બાળકોની શરદી મટાડવા માટે તેના મૂળ ઘસીને પાવામાં આવે છે.

(૫૫) મિન્થોલ : ગળાની બિમારી દૂર કરવા માટે ઉપયોગી છે.

(૫૬) વાસાકડી : આને સુકવીને ઝીણો પાવડર બનાવવામાં આવે છે. તેની સુખડી બનાવી ખાવાના ઉપયોગમાં લેવાય છે. આ સુખડીથી વા વાળા દરદીઓને રાહત થાય છે.

(૫૭) કડુકરિયાતુ : તાવ માટે ઉપયોગી છે.

(૫૮) રિસામણી : ઊંટાટીયા માટે - નાના બાળકને ઉધરસ થઇ હોય ત્યારે તેના પાનનો રસ (મૂળ) વપરાય છે.

(૫૯) કુંવરપાઠુ : અચાનક દાઝયા હોય તો તાત્કાલિક તેના ઉપર તેનો ગર્ભ ચોપડવામાં આવે છે.

(૬૦) બ્રહ્મીવેલ : મગજની બિમારી માટે ઉપયોગી છે.

(૬૧) ડાયાબીટીસ : આ એક જાતનો છોડ હોય છે. જેના પાનનો ઉપયોગ ડાયાબીટીસ થયો હોય તેને ખવડાવવાથી મટી જાય છે. જો મોરસ (ખાંડ) ખાતા પહેલા આ પાન ખાવામાં આવે તો ખાંડનો માટી જેવો સ્વાદ આવે છે.

(૬૨) લીંડીપીપર : ગંઠોડા બનાવવા માટે.

(૬૩) ઘાબાજરીયું : ઘા માટે ઉપયોગી છે. તેનાથી ઘા રૂઝાય છે.

(૬૪) ડમરો : ડમરાનો રસ કાઢી કાનમાં ટીપા નાખવાથી દુઃખાવો મટે છે.

(૬૫) લાંબુ : તે પીળારંગનું હોય છે. અને આ એક જાતનું ઘાસ છે. તેનું ફુલ પીળારંગનું હોય છે. ઘા પડવાથી સતત નીકળતા લોહીને બંધ કરવા માટે તેના પાંદડાનો રસ કાઢી તાત્કાલિક લગાવવાથી રાહત થાય છે.

(૬૬) ઉગતુઝીરુ : આ પેટના દુખાવાને દૂર કરે છે. તેનો ઉપયોગ કરતી વેળાએ તે હંમેશા પાણી સાથે લઇ શકાય છે. અને તે સાંજે લઇએ તો સારુ એમ મનાય છે.

(૬૭) દુધેલી : આ છોડને કાંટા હોય છે. તેના પીળા ફુલ હોય. આ છોડમાથી દૂધ નીકળે છે. આ દુધમાં રુ પલાળે છે. તેને પલાળી કાઢી લઇ સુકાવા દે છે. આમ સોળવાર કરે છે. પછી માટીના જ વાસણ લઇ એકની અંદર રુ મૂકી તેને દિવાસળીથી સળગાવી ઉપર બીજુ કોડીયું ઢાંકી દે છે અને ઢાંકેલા કોડીયા ઉપર મેશ જામશે તે મેશ એક ડાબલીમાં એકઠી કરી રાખવામાં આવે છે. આંખમાં ફુલુ પડયુ હોય તેને આ મેશ આંજવાથી ફુલુ દૂર થાય છે.

(૬૮) મુસળીનો શીરો : મુસળી બે પ્રકારની આવે છે. કાળી અને સફેદ. આનો પ્રથમ પાવડર બનાવવો. તેને શેકી નાખવો શેકયા પછી દુધ નાખવું અને રાબડી જેવું થાય ત્યારે તેને હલાવી તેમાં દરેક મસાલા નાખવા/ જેવાક બદામ, ચારોલી, એલચી વગેરે. આ એક શક્તિ માટે ઉપયોગી છે. જેનો સવાર ૫ થી ૧૦ ના ગાળામાં ઉપયોગ કરવો હિતાવહ છે.

આ ઉપરાંત નીચેના કેટલાક વૃક્ષોનો ઉપયોગ પણ જે તે વૃક્ષની સામે દર્શાવેલી બાબત માટે ઉપયોગ થતો હોવાની માહિતી મળેલી. કેટલાક વૃક્ષોનો વનૌષધિ તરીકે ઉપયોગ થાય છે, પણ શેમાં થાય છે તેનો ચોકકસ માહિતીદર્શકને ન હોઇ તે માત્ર જે તે વૃક્ષનો જ નિર્દેશ કરવામાં આવ્યો નથી.

(૬૯) ધોબડ : સાપ કરડે ત્યારે.

(૭૦) ઊંબર : પેટની તકલીફ પથરીના રોગ માટે ઉપયોગી.

(૭૧) નીલીસોળી : કાનમાં બળતરા, પીળા પેશાબમાં, આધાશીશીમાં, વીંછી કરડે ત્યારે ઉપયોગી

(૭૨) રોહાના : રકતપિત્તમાં વપરાય છે.

(૭૩) મરડાશીંગ : પેટની તકલીફ માટે

(૭૪) બિલા અને બેલ : સગર્ભા અને બિમારીમાં - અંગ દુખાવામાં

(૭૫) પિલીવલ અથવા પિલો અથવો : ગળાના દર્દ માટે

(૭૬) સિસમ : પશુઓની સારવાર માટે

(૭૭) રૂડો : ઝાડા માટે અને ઘા માટે

(૭૮) જંગલીકળ : કુતરુ કરડે ત્યારે તેનો ઉપયોગ થાય છે.

(૭૯) ડીની : ઝાડાના ઉપચાર માટે અને જીવજંતુ કરડે ત્યારે ઉપયોગ થાય છે.

(૮૦) રોહદી : માશિકમાં ઉપયોગી

(૮૧) બોરડીશિરીસ : કફમાં ઉપયોગી

(૮૨) ક્રોરસીટી : અરુતમાં

(૮૩) હાથાઆબા : સાપ કરડે ત્યારે

(૮૪) લજામણી : સામાન્ય તાવમાં

(૮૫) ખાખરો : હાડકા ભાંગે ત્યારે ખાખરાના મૂળ કામમાં આવે છે તથા આંખના રોગો માટે.

(૮૬) જંગલી ભાંડી : ઘા રૂઝાવા માટે

(૮૭) કંતરી : ઘા રૂઝવા માટે

(૮૮) ઉંબરા : પથરીના રોગમાં

..૭

(૮૯) ઉદલા
(૯૦) આકડો
(૯૧) દિવજી
(૯૨) કાનતુશા
(૯૩) હિવરી
(૯૪) કીડમર
(૯૫) દેપન
(૯૬) ભુલીયા
(૯૭) આબલ
(૯૮) ડાલ
(૯૯) મીંઢલ
(૧૦૦) નુક
(૧૦૧) વાવ
(૧૦૨) ગુલ
(૧૦૩) દા
(૧૦૪) કાન
(૧૦૫) લીં
(૧૦૬) કુન
(૧૦૭) વા
(૧૦૮) ગ
(૧૦૯) અ
(૧૧૦) મો
(૧૧૧) મા
(૧૧૨) ખા
(૧૧૩) ક
(૧૧૪) કુ
(૧૧૫) કુ
(૧૧૬) દૂ

(૮૯) ઉદલા અથવા ઉહાલી : હાડકા ભાંગે ત્યારે

(૯૦) આકળો : પશુઓના રોગ માટે

(૯૧) દિવજી : ઝાડા મટાડવા માટે

(૯૨) કાનતુર્શા : ઝાડા મરડા માટે

(૯૩) કીવરી : કરમીયા માટે

(૯૪) કીડમર : સ્ત્રીઓને દુઃખ આવે તે માટે

(૯૫) દપન અથવા અડુશા : અસ્થમા અથવા કફ માટે

(૯૬) ભુતીયા કોરસ : પગ ફાટે ત્યારે, હોઠ ફાટે ત્યારે

(૯૭) આંબલી : જીવ જંતુ કરડે ત્યારે

(૯૮) ડાલ ઘુરવો : ઊલ્ટીમાં

(૯૯) મીંઢલ : ઝાડા મટાડવા માટે, ઝેર ઉતારવા માટે

(૧૦૦) નુકાડ : ઘા રૂઝાવવા માટે

(૧૦૧) વાવડી : સામાન્ય માંદગી- આંખની મુશ્કેલી માટે

(૧૦૨) ગુલવલ : સામાન્ય માંદગી

(૧૦૩) દારુડી : ચામડીના રોગો માટે

(૧૦૪) કાનફુટી : કાનની બળતરામાં, ઘામાં ઉપયોગી

(૧૦૫) લીલવાંણી : ચામડીના રોગો માટે

(૧૦૬) રુનગુન : જીવજંતુ કરડે ત્યારે

(૧૦૭) વારંગ : શરીરના દુખાવા માટે

(૧૦૮) ગંધારસી : ઘા પડે ત્યારે

(૧૦૯) આરદુશા : ચામડીના રોગો માટે

(૧૧૦) મોટાદાણા : પેટના કરમ માટે

(૧૧૧) માલ **કોગઠી** : શરીરના દુખાવા માટે

(૧૧૨) ખાખરો :આંખ માટે સફેદ ખાખરો આંખની સફેદી માટે

(૧૧૩) કર્જ : ચામડીના રોગો માટે - બળતરા માટે

(૧૧૪) કુવાડીયો : તાવ માટે

(૧૧૫) કાસુન્દી : ચામડીના રોગો માટે

(૧૧૬) કુમ્બી : શરદી , ખાસી માટે

(૧૧૭) ગીલોડા :ખાંસી માટે

(૧૧૮) અંકુલ : ચામડીના રોગો માટે

(૧૧૯) અગજન ઘા : ઘા રુઝાવવા માટે

(૧૨૦) કાળઝીરી : અસ્થમામાં

(૧૨૧) ગરકુન્ડા : પેટ માટે - કરમીયા માટે - ગેસ માટે

(૧૨૨) બ્રહ્માનંદી : સાપ કરડે ત્યારે

(૧૨૩) સાદોરી-સાહાદવી : સામાન્ય માંદગીમાં

(૧૨૪) ચિત્રા :ચામડીના રોગો માટે ચિત્રા મૂળ સફેદ કોઢ માટે

(૧૨૫) મહુડા : સાપ કરડે ત્યારે

(૧૨૬) ઉભીકુરીગની : અસ્તમા

(૧૨૭) તેતનોર : ઢોરના ઘામાં

(૧૨૮) કોરખાબુન્દી : માથાના દુ:ખાવામાં

(૧૨૯) સતાવરી : કામ શક્તિ જાગે તે માટે

(૧૩૦) દુધીયો : સાપ કરડે કે ઝેરી જંતુ કરડે ત્યારે ઉપયોગી

(૧૩૧) ફોદીયા-ફોદારથી :હાડકા ભાંગે ત્યારે

(૧૩૨) વસા : આંખના રોગ માટે

(૧૩૩) રોયડુ-આકડો : પેટની તકલીફ માટે

(૧૩૪) મરણસીંગ : કાનની તકલીફમાં

(૧૩૫) સતાવરી : મધુપ્રમેહ માટે અને સ્ત્રીઓની સુવાવડમાં

(૧૩૬) નીલાગરી : શરીરના દુખાવા માટે અને શરદી માટે , અંગ દુખાવામાં અને કળતરમાં

(૧૩૭) ગાતદુ : ગળાની તકલીફ માટે

(૧૩૮) શિસમ :પશુઓના રોગમાં

(૧૩૯) ગાંડીયો : પશુઓના ઘા માં

(૧૪૦) આદુશા : તાવમાં ઉપયોગી

(૧૪૧) રણદાસ : હાડકા ભાંગે ત્યારે

(૧૪૨) કાલેરી : તાવ આવે ત્યારે

(૧૪૩) આચેલી : સાપ કરડે ત્યારે

(૧૪૪) ગળા : શરીરના દુ:ખાવા માટે

(૧૪૫) શીરણી : પેટની તકલીફ માટે

(૧૪૬) ધામીણા : સાપ કરડે ત્યારે

(૧૪૭) દારી : તાવ માટે

(૧૪૮) સોફા : પેટના દુ:ખાવા માટે

(૧૪૯) ગટહાઇ : ખાસી, અસ્થમા માટે

(૧૫૦) દીમળો : મરડો અને ઝાડામાં ઉપયોગી

(૧૫૧) આંકડો : પેટની તકલીફમાં અને માથાના દુખાવામાં

(૧૫૨) ખાટીલીંબડી : ઘામાં, કળતર અને સાંધાના દુખાવામાં

(૧૫૩) સાગ : જીવજંતુ કરડે ત્યારે,સાગની છાલ કાનમાં દુખે ત્યારે, દાંતે ઘસવાથી જીવજંતુ નાશ પામે

(૧૫૩) કર્ન્દ : વાઘ કરડે ત્યારે

(૧૫૪) કોકુટવા : સાપ કરડે ત્યારે

(૧૫૫) નાગોસ્વેલ : સાપ કરડે ત્યારે

અન્ય કેટલાક દર્દોમાં વપરાતી ઔષધિઓની વિગતો નીચે મુજબ છે.

(૧૫૬) આંખ આવે તો લીંબડાના પાનનો રસ નાખવામાં આવે છે. મુઠમાર વાગે તો આંબાહળદરનો રસ નાખવામાં આવે છે. દાઢ દુખે તો આંબળાના ઝાડની દાંડીને કુટીને દાઢમાં મુકવામાં આવે છે.

(૧૫૭) ખસ, ખરજવા વગરમાં કોપરેલના તેલને ભટરીના પાવર સાથે મીક્ષ કરીને મલમ બનાવીને ઘા ઉપર ચોપડવામાં આવતી હોવાનું ધુળકિયામાં એક ભીલ માહિતીદર્શકે જણાવ્યું.

અન્ય કેટલાક દર્દોમાં વપરાતી ઔષધિઓની વિગતો નીચે મુજબ છે.

૧. ઘા પડયો હોય ત્યારે : કુહાડ અથવા કોઇ ધારવાળી વસ્તુ વાગે અને ઘા પડે ત્યારે તાત્કાલિક ઉપાય તરીકે સાદડાની છાલ, બોદારની છાલ, કુડીનો ચીક તેમજ ખાખરાનો ગુંદર લગાવી દે છે. આ ઉપરાંત જંગલમાં થતી રુપ જે કાળા રંગની હોય છે. અને તેને દલાવતા રાખોડી જેવું ઊડે છે તે ઘા ઉપર રુઝી જાય છે. અને ઘા થી હવાવેલ માણસ આરામ મેળવે છે.

૨. બળી જવું : કોઇપણ સ્ત્રી કે પુરુષ દાઝે ત્યારે તાત્કાલિક ઉપચાર માટે ડાંગી ભીલો મરઘીનું ઈંડુ ફોડીને તેનો ગર્ભ લગાડે છે. અથવા તો મરઘીનું લોહી દાઝ્યા

ઉપર લગાવે છે. આ ઉપરાંત શોહીનો પણ ઉપયોગ કરે છે. તેમજ કરંજળડા જ ઝાડનાં થડ ઉપર લોટ જેવા ગોળ ગઠ્ઠા આકારમાં બાઝયા હોય છે તે લગાવવામાં આવે છે જેથી દર્દીની બળતરા દૂર થાય છે.

૩. હાથ-પગ ઉતરી જવા : ડાંગી વૈદ કોઇપણ માણસનો હાથ-પગ ઉતરી જાય તો તરતજ નાગલીના લોટની બનાવેલ ગરમ ગરમ ભાખર બાંધી દે છે. તેથી સાંધાને બેસાડવામાં મદદરુપ થાય છે. સોજો આવતો અટકે છે.

૪. માથુ દુખે ત્યારે : જે કોઇ માણસને માથુ દુખે તો તે વાલાટના પાન અને થાપડાની છાલ ઘસીને કપાળે લગાવે છે. જેથી આરામ મળે છે.

૫. શરીર અથવા અંગ દુ:ખે ત્યારે : કોઇપણ કારણોસર જયારે વ્યકિતને અંગ દુખે, સાંધા દુખે અથવા કળતર આવે ત્યારે કરંજના પાન, સગુરના પાલા, બિલ્લીના પાલા,લીંબડીના પાલા, આસીના તેમજ નગોડનો પાલો, નીલગીરીના પાલાને થાળીની અંદર ગરમ કરી તેને ઊકાળ્યા પછી પાણીને ગાળી દર્દીને આપવાથી તેના દર્દમાં રાહત થાય છે. આ પાણીથી સ્નાન કરાવવામાં આવે છે.

. . . .

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

ડાંગ જિલ્લા વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી : ૫, ૬ નવેમ્બર ૧૯૮૨

ડાંગની આદિવાસી સ્ત્રીઓનો દરજ્જો

- હેમીક્ષા રાવ

પ્રસ્તાવના :

ગુજરાતમાં ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ વસ્તીના ૧૩.૯૯% આદિવાસીઓ વસવાટ કરે છે. તેમાં પશ્ચિમ સહ્યાદ્રિના પશ્ચિમ ઢોળાવ પર તથા ગુજરાત મહારાષ્ટ્ર પરની અનુક્રમે દક્ષિણ ઉત્તર સીમા પર આવેલો ડાંગ જિલ્લો સઘન આદિવાસી વસ્તી ધરાવતો પ્રદેશ છે. જિલ્લાની કુલ ૯૪૯૭૮ વસ્તીમાં ૮૮૦૨૮ વસ્તી આદિવાસીઓની છે. ડાંગ જિલ્લાની આદિવાસી વસ્તીમાં કુકણા, ભીલ, વારલીની સંખ્યા અન્ય આદિવાસીઓ કરતાં વધુ જોવા મળે છે. જે અનુક્રમે નીચે મુજબ છે ૪૫.૩%, ૩૨.૩% અને ૧૪.૪% તદુપરાંત ધોડિયા, ગામીત, કાથોડિયા, વિટોલીયા, નાયકા, દૂબળા, ચૌધરી, પારધી વગેરે આદિવાસી જાતિઓ વસવાટ કરતી જોવા મળે છે. ગુજરાતમાં આદિવાસી વસ્તીમાં દર હજાર પુરુષે ૯૬૮ સ્ત્રીઓ છે. આમ ગુજરાતની આદિવાસી પ્રજામાં પુરુષો અને સ્ત્રીઓ બંને વસ્તીની દ્રષ્ટિએ મહત્વનું સ્થાન ધરાવે છે. ત્યારે આદિવાસી સ્ત્રીઓનો દરજ્જો કેવો છે તે પણ તપાસવું જોઇએ.

કોઇ એક આદિમ સમાજમાં અથવા તો સાર્વત્રિક રીતે આદિમ સમાજોમાં સ્ત્રીઓનો સામાજિક દરજ્જો કેવો છે તેનું મૂલ્યાંકન કરવાનું કામ ઘણું અઘરું છે. છતાં પણ સ્ત્રીઓનો સામાજિક દરજ્જો, સ્ત્રી તથા પુરુષના હક્કો અને ફરજો ઉપરથી આંકી શકાય છે. અને છેવટે તો આપણા પોતાના સમાજ અને સામાજિક રીવાજો વિષે આપણા જે ખ્યાલો બંધાયેલા હશે તેને ધ્યાનમાં રાખીને જ આપણે કોઇ મૂલ્યાંકન કરવાના છતાં આદિમ સમાજમાં સ્ત્રીનું સ્થાન ચઢિયાતું છે કે ઉતરતું તે અંગે કોઇ નિર્ણય પર પહોંચવું હશે તો કોઇ એક માપદંડ સ્વીકારવો જોઇએ.

સ્ત્રીઓના સામાજિક દરજ્જાનું મૂલ્યાંકન કરવા માટે બે બાબતો ખ્યાલમાં રાખીને અભ્યાસ કરવો જરૂરી છે. જો કે આ બે બાબતો એક બીજામાં અંદર સમાઇ જાય છે. પહેલું સ્ત્રીનું સામાજિક સ્થાન ઐતિહાસિક ભૂમિકાને પાર્શ્વભૂમિકા તરીકે રાખીને નક્કી કરવું જરૂરી છે. કારણકે દેશ અને કોમની સમાજજીવન પર અસર પડયા વગર રહેતી નથી. અને બીજું જુદા જુદા ક્ષેત્રોમાં સ્ત્રીઓની ભૂમિકાના સંદર્ભમાં તેનું સ્થાન શું છે તે તપાસવું જોઇએ. આદિવાસી સ્ત્રીઓના દરજ્જાની ચર્ચા કરીએ ત્યારે આદિવાસી સમાજની સ્ત્રીઓ વિષે કોઇ ચોક્કસ ઇતિહાસ કે પૂરાવા જોવા

મળતા નથી. પરંતુ તેની ભિન્ન ભિન્ન સ્થિતિની ભૂમિકાને આધારે આદિવાસી સ્ત્રીઓના દરજ્જાનું મૂલ્યાંકન થઇ શકે.

કુટુંબ :

આદિવાસી સમાજમાં બે પ્રકારના કુટુંબો પ્રવર્તે છે. (૧) માતૃસત્તાક કુટુંબો (૨) પિતૃસત્તાક કુટુંબો. માતૃસત્તાક કુટુંબોમાં સ્વાભાવિક રીતે જ સ્ત્રીનું વર્ચસ્વ હોય. કારણ કે વંશ, મિલકત સત્તા બધું જ સ્ત્રીને સોંપવામાં આવેલું છે. સ્ત્રીનું વર્ચસ્વ વધુ હોય છે. જયારે પિતૃસત્તાક કુટુંબો એ પુરુષપ્રધાન સમાજ હોવાથી ત્યાં સ્ત્રીનું સ્થાન હમેશાં પુરુષોથી ઉતરતું અથવા તો ગૌણ જ રહેવાનું. ડાંગના આદિવાસીઓમાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા પ્રવર્તતી જોવા મળે છે. તેથી ત્યાં કુટુંબમાં સ્ત્રીનું સ્થાન, તેના હકકો ઓછા રહેવાના. ડાંગના આદિવાસી સમાજમાં સ્ત્રીનું પુત્રી તરીકે, પત્ની તરીકે અને માતા તરીકેનું સ્થાન જોતાં પુત્રી જન્મ તેઓ આવકાર્ય ગણે છે. જેટલું હિંદુ સમાજમાં પુત્રીનું સ્થાન નિમ્ન ગણાય છે. તેને 'સાપનો ભારો' 'પારકી થાપણ' વગેરે ઉપનામોથી સંબોધવામાં આવે છે. તે આદિવાસી સમાજમાં જોવા મળતું નથી. તેઓ પુત્રી જન્મ થતાં આનંદ વ્યકત કરે છે કારણ કે પુત્રી તેમના ઘરે હશે ત્યાં સુધી ઘરનું કામકાજ કરવા માટે તેમજ આર્થિક ઉપાર્જનના કાર્યમાં મદદકર્તા બનતી હોય છે. અને પુત્રી પરણીને સાસરે જવાની હોય છે તેના બદલામાં તેના પતિ તરફથી પંચ-જાતિએ નકકી કર્યા મુજબની રકમ તેના બાપને આપવી પડતી હોય છે. તેમજ લગ્ન પાછળ પણ બહુ ખર્ચ થતો નથી. તેથી પુત્રી તરીકેનું સ્થાન આવકાર્ય ગણાય છે. પરંતુ તેની સાથોસાથ પુત્રનું મહત્વ પણ તેટલુંજ હોય છે. કારણ કે દરેક પુરુષ પોતાનો વંશ-વારસો ચાલુ રહે તે માટે પ્રયત્નો કરતા હોય છે. આમ પુત્ર અને પુત્રી બંનેનું મહત્વ સમાન જોવા મળે છે.

પત્ની તરીકે તેનું સ્થાન ઉંચું ગણાવી શકાય. તેઓમાં પત્ની ઘરનું બધું જ કામકાજ કરતી હોય છે. ઘરમાં કોઇ નિર્ણય લેવાનો હોય તો તેની પત્નીને પૂછીને લેવામાં આવતો હોય છે. તેમજ પત્ની તરીકે સ્ત્રીને અન્ય પુરુષ સાથે જાતીય સંબંધો રાખવાની છૂટ કેટલાક આદિવાસીઓમાં જોવા મળે છે. તેમજ જો તેને તેના પતિ સાથેના સંબંધો સંઘર્ષાત્મક હોય તો તે ફાવે ત્યારે છૂટાછેડા લઇ શકતી હોય છે. તેથી કંઇક અંશે પત્ની તરીકેનું સ્થાન ઉંચું ગણી શકાય. પરંતુ બીજી બાજુ પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા હોવાના પરિણામ સ્વરૂપ પુરુષનું વર્ચસ્વ તેની પત્ની ઉપર વધુ જોવા મળે છે. જો સ્ત્રી ફકત સ્ત્રી સંતાનોને જન્મ આપતી હોય તો તે બીજી સ્ત્રીને પણ પરણી શકે છે. તેમજ બહુ પત્નીત્વની પ્રથા હોવાને કારણે કેટલીક આદિવાસી જાતિઓમાં પહેલી પત્નીને બીજી પત્નીઓ પસંદ કરવાનો હકક હોય છે. આમ સ્ત્રી કુટુંબની

રાખવામાં કઠીરૂપ ભાગ ભજવતી હોય છે.

એકતા જાળવી, તેની પત્ની સાથેના ન : ફાવે તેને મારીને કાઢી મૂકે છે. એક પત્ની હોવા છતાં બીજી પત્ની સાથે લગ્ન કરી શકે છે. તેમજ પુરુષોમાં જો કોઇ સ્ત્રી બીજા પુરુષ સાથે ઘર માંડે અથવા જાતીય સંબંધ રાખતી હોય છે ત્યારે બન્ને પુરુષો વચ્ચે સંઘર્ષ ઘનો જોવા મળે છે. કારણ કે તેમને એ પોતાની સ્ત્રીઓ છે અને તેનું રક્ષણ કરવાની જવાબદારી પોતાની છે તેમ માનતા હોય છે.

આમ કુટુંબમાં સ્ત્રીને તેના લગ્ન સંબંધોને પરિણામે તેમજ તેને એક વસ્તુ કે મિલકતના રૂપમાં જોવામાં આવતી હોવાથી તેના પિતા તેમજ પતિ સાથેના તેના સંબંધો હમેશાં સંઘર્ષાત્મક જોવા મળતા હોય કારણ કે સ્ત્રીઓ જાતીય સંબંધને આનંદના સાધનરૂપ માનતી હોય છે. અને નૈતિક મૂલ્ય કોઇ જોવા મળતું નથી. ટૂંકમાં કૌટુંબિક વ્યવસ્થામાં સ્ત્રી અને પુરુષ બન્નેમાં સમાન હકકો અને ફરજો મળતાં હોવાથી કંઇક અંશે સ્ત્રીનું સ્થાન ઊંચું ગણી શકાય પરંતુ પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા હોવાથી પુરુષની સત્તા વધુ પ્રમાણમાં હોય છે અને સ્ત્રીનું સ્થાન ગૌણ જ રહેવાનું.

માતા તરીકેની ભૂમિકામાં તેમનામાં માતા કરતાં બેનની માયા અન્ય સંતાનોમાં વધુ હોય છે. કારણ કે નાની હોય ત્યારથી ૧૦-૧૨ વર્ષની થાય ત્યાં સુધી માતા આખો દિવસ કામકાજમાં રોકાયેલી હોવાથી મોટી બહેન સાથે રહેતા હોવાથી તેના પ્રત્યેની લાગણી હોય છે. અને માતા આખો દિવસ કાર્યમાં રોકાયેલી હોવાથી બાળકો પ્રત્યે જે ધ્યાન આપવું જોઇએ તે આપી શકતી નથી.

લગ્ન :

આદિવાસી સમાજમાં લગ્નને હિંદુ સમાજ વ્યવસ્થાની જેમ એક સંસ્કાર તરીકે ન ગણતાં કરાર તરીકે ગણવામાં આવે છે. આદિવાસી સમાજમાં સ્ત્રીઓને સૌથી વિશેષ અધિકારો આપવામાં આવ્યા છે અને તે જ આદિવાસી સમાજની વિશિષ્ટતા ગણાવી શકાય. કારણ કે પશ્ચિમના દેશોમાં કે જે આધુનિક પ્રગતિશીલ દેશો ગણાય છે તેવા સમાજોમાં હજુ હવે ધીમે ધીમે સ્ત્રી લગ્ન અંગેના તેના અધિકારો મેળવવા માટે જાગૃત થઇ છે. તેને તેના અધિકારો મેળવવા માટે આંદોલનો ઝૂંબેશ કરવાં પડે છે જયારે આદિવાસી સ્ત્રીઓ પહેલેથી જ આ બધા અધિકારો ધરાવે છે.- સ્વતંત્રતા ધરાવે છે. હિંદુ સમાજમાં લગ્નને ધર્મ નિર્મિત અને અવિચ્છિન્ન ગણવામાં આવે છે. જયારે આદિવાસી સમાજ તેને ખાવા પીવાની જેમ એક જરૂરિયાત તરીકે ગણતા હોય છે. આદિવાસી સ્ત્રીઓ બીજીવાર લગ્ન કરી શકે છે. તેનાથી તેનો દરજ્જો ઘટયો હોવાનું કોઇ માનતું નથી. તેમજ લગ્નના નીતિનિયમોની બાબતમાં સ્ત્રીઓ વધુ છૂટછાટો ભોગવે છે. આદિવાસી સમાજોમાં લગ્ન પહેલાંના સ્ત્રી પુરુષ સંબંધો આપણા સમાજ જેટલા ધૃણાસ્પદ નથી. આદિવાસી કન્યા લગ્ન પહેલાં લગ્નજીવનની ઘણી બધી હકીકતોથી પૂરેપૂરી વાકેફ હોય છે. આદિવાસી સ્ત્રીને લગ્ન ૧૪-૧૫ વર્ષની ઉંમરે કરી દેવામાં આવે છે. તેઓમાં લગ્નસાથીની પસંદગી માતા પિતા દ્વારા કરવામાં આવતી

હોય છે. પરંતુ જો બંનેમાંથી કોઇ પણ એક પક્ષને મંજૂર ન હોય તો તે લગ્ન થઇ શકતાં નથી. કેટલીક વખત આદિવાસી સ્ત્રી પોતાના જીવનસાથીની પસંદગી પોતાની સ્વતંત્ર રીતે કરતી હોય છે. અને જો માતા પિતા તેમાં સંમત ન હોય તો બંને ભાગી જઇને લગ્ન કરતાં હોય છે. કેટલીક વખત તેઓમાં જો કોઇ પુરુષને કોઇ સ્ત્રી ગમી હોય તો અપહરણ કરીને પણ લગ્ન કરવામાં આવતાં હોય છે. બીજું આદિવાસી સમાજની એક નોંધનીય લાક્ષણિકતા એ જોવા મળે છે કે તેમનામાં કોઇ સ્ત્રી અપરિણિત હોતી નથી. તેઓમાં બહુપત્નીત્વ કે બહુ પતિત્વની પ્રથા હોવાને કારણે જો કોઇ સ્ત્રીને તેના પતિ સાથે ન બનતું હોય તો તે ફરી લગ્ન કરી શકે છે. તે જ રીતે પુરુષને પણ બહુ પત્ની રાખવાની છૂટ હોય છે. પરંતુ આદિવાસી સમાજમાં આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાથી મોટા ભાગે એક પત્નીત્વની પ્રથા પ્રવર્તે છે. સંજોગોવશાત સ્ત્રી બીજા પુરુષને પરણતી હોય છે. બીજું તેઓમાં વિધવા પુનઃલગ્નની છૂટ હોવાને કારણે આદિવાસીઓમાં છોકરા છોકરીઓનું પ્રમાણ લગભગ સરખું વહેંચાયેલું જોવા મળે છે. તેઓમાં સ્ત્રીનો પતિ મૃત્યુ પામતાં તે તેના દિયર સાથે પણ લગ્ન કરી શકે છે. આદિવાસી સમાજની સ્ત્રીઓને જો તેના પતિ સાથે ન ફાવતું હોય તો તેઓ પંચ દ્વારા છૂટાછેડા મેળવી શકે છે. તેમજ છૂટાછેડા પછી ગમે તેની સાથે બીજું લગ્ન કરી શકે છે. આદિવાસી સ્ત્રી લગ્ન પહેલાં અને લગ્ન પછી પણ કેટલીક વખત અન્ય પુરુષો સાથે જાતીય સંબંધ રાખી શકે છે. છૂટાછેડા લેતી વખતે જો તેમને નાનાં સંતાનો હોય તો સ્ત્રી તેની સાથે લઇ જાય છે અને મોટાં સંતાનો હોય તો પુરુષની સાથે રહેતાં હોય છે. જો સ્ત્રીને છોકરો હોય તો તેનો પતિ તેને છૂટાછેડા આપતો હોતો નથી પરંતુ સ્ત્રીએ જાતે જ માગણી મૂકવી પડતી હોય છે અને તે ફરીથી જ્યાં લગ્ન કરે તે પુરુષ પાસેથી પૈસા લેવામાં આવે છે. આમ લગ્નના ક્ષેત્રે આદિવાસી સ્ત્રી સમાન અધિકારો/હકો ધરાવે છે. તેમ કહી શકાય.

આર્થિક :

આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. તેમાં ૯૦.૬% આદિવાસીઓ ખેતી કરે છે. ડાંગમાં વસવાટ કરતા આદિવાસીઓ જંગલોમાં વસવાટ કરતા હોવાથી તેઓ ખેતી કરતાં અન્ય વ્યવસાયો કરતા વધુ જોવા મળે છે. ખેતી ઉપરાંત તેઓ ખેતમજૂરી, વાંસકામ, જંગલમજૂરી, જંગલ પેદાશો એકઠી કરવી, પશુ ઉછેર વગેરે વ્યવસાય દ્વારા પોતાનો જીવનનિર્વાહ કરતા જોવા મળે છે. ખેતમજૂરીના વ્યવસાયમાં ૨૦.૭૫% આદિવાસી સ્ત્રીઓ જોડાયેલી છે. કેટલાક આદિવાસીઓ ફરતી ખેતી કરતા હોય છે તેઓમાં ખેતી વ્યક્તિગત કે કૌટુંબિક ન રહેતા સામુદાયિક હોય છે.

શ્રમવિભાજનના સંદર્ભમાં આદિવાસી સ્ત્રીઓનો વિચાર કરીએ તો પુરુષ અને સ્ત્રીઓ માટે સમાન રીતે શ્રમનું વિભાજન કરેલું હોય છે. ડાંગના જંગલોમાં રહેતી આદિવાસી પ્રજામાં સ્ત્રીઓ જ જંગલની સંપત્તિમાં ગુંદર, મધ, ટીમરનાં પાન, કરંજી, લાકડાં એકત્રીત કરવાનું કાર્ય કરતી હોય છે. વયની દ્રષ્ટિએ નાની ઉંમરની છોકરીઓ ઘરમાં નાનાં ભાઇ બહેનોની સંભાળ રાખવાનું કાર્ય કરતી હોય છે. તેનાથી મોટી ઉંમરની છોકરીઓ ઢોર ચરાવવાનું, તેમને ચરાવવા લઇ જવા લાવવાનું કાર્ય કરતી હોય છે. તેમજ ઘરમાં કચરો વાળવો, ગામના કૂવેથી પાણી ભરી લાવવું, વાસણ માંજવાં, સાફસુફી કરવી, અનાજ સાફ કરવું વગેરે ઘરનું કામકાજ કરતી હોય છે. તેમજ જંગલમાંથી બી વીણી લાવવાં, પાંદડાં વીણવાં, વનસ્પતિ એકત્ર કરવી વગેરે કામકાજ નાની ઉંમરની છોકરીઓ અથવા સ્ત્રીઓ કરતી હોય છે. તેમજ ખેતીના કાર્યમાં પણ હળ ખેડવા સિવાયની ખેતીની બધી જ ખેતી અને ઢોરઢાંખરને સાચવવાની જવાબદારી સ્ત્રીઓ ઉપાડી લે છે. આદિવાસી સમાજમાં તેઓ અશિક્ષિત હોવા છતાં પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે હોંશિયાર, ચાલાક અને મહેનતું હોય છે. પુરુષો દારૂ અને તાડીમાં વધુ સમય કાઢતા હોય છે જેથી જ પૂરતું ધ્યાન ખેતીમાં આપતાન નથી. આવા સમયે બધી જ જવાબદારી સ્ત્રી ઉપાડી લેતી હોય છે. સવારે ઝ જયારે સ્ત્રી ખેતરે જાય ત્યારે બી વાવવા, ઘાસ કાપવું, અનાજ એકત્રિત કરવું તેને સાફ કરવું વગેરે કાર્ય કરતી હોય છે. જયારે ખેતીની સીઝન ન હોય ત્યારે તે જંગલમાંથી વન્ય સંપત્તિ એકત્રિત કરવી, તેને ઘેર લાવવી અને બજારમાં વેચવાનું કામકાજ પણ સ્ત્રી જ કરતી હોય છે. આમ આર્થિક ક્ષેત્રે પુરુષ કરતાં સ્ત્રીના અધિકારો - કાર્ય વધુ હોય છે. તે ઘરનો સમગ્ર આર્થિક વહીવટ ચલાવતી હોય છે.

મિલકત :

આદિવાસી સમાજમાં મિલકત જેવું કાંઇ હોતું નથી. તેમની મિલકતમાં જમીન, ઝૂંપડી, તથા બે ચાર માટીનાં કે એલ્યુમિનિયમનાં વાસણો કે સ્ત્રીને લગ્ન વખતે મળેલાં ઘરેણાંનો સમાવેશ કરવામાં આવે છે. સ્ત્રીને આદિવાસી સમાજમાં મિલકતમાં કોઇ અધિકાર આપવામાં આવ્યા નથી. ફકત તેના લગ્ન વખતે તેને જે ઘરેણાં મળ્યાં હોય તેનો જ અધિકાર મળેલો હોય છે. બીજી સ્થાવર કે જંગમ મિલકતમાંથી તેને કોઇ મિલકત મળતી નથી. તેનો પતિ મૃત્યુ પામે છતાં પણ તેના પતિની મિલકતમાંથી તેની વિધવા સ્ત્રીને પૈસા મળતા નથી. કારણ કે સ્ત્રી ફરીથી ગમે તેની સાથે લગ્ન કરતી હોય છે. તેમજ તેના પુત્ર સાથે કે કોઇ પણ પુરુષપ્રધાન કુટુંબમાં રહેતી હોવાથી તેને કોઇ મિલકતના અધિકાર આપવામાં આવતા નથી.

જાહેર ક્ષેત્રે :

આદિવાસી સ્ત્રીઓ જાહેર જીવનના ક્ષેત્રમાં પણ એટલો જ મહત્વનો ભાગ ભજવતી હોય છે. પુરુ કોઇ પણ નિર્ણય પોતાની સ્વતંત્ર રીતે લઇ શકતો નથી. તેની પત્નીની સંમતિ મળતાં જ તે નિર્ણય લઇ શકે છે. તેમજ પંચમાં પણ કોઇ નિર્ણય લેતી વખતે વડીલ સ્ત્રીઓનો મત લેવામાં આવતો હોય છે. ડાંગમાં સ્વતંત્રતા બાદ દારૂબંધીને સફળ બનાવવામાં તેની સૌ પ્રથમ માગણી આદિવાસી સ્ત્રીઓએ જ કરી હતી. આ તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

ઉપસંહાર :

ટૂંકમાં ડાંગના આદિવાસી સમાજમાં સ્ત્રી અને પુરુષને સમાન અધિકારો આપવામાં આવેલા છે. તેથી સ્ત્રી અને પુરુષ સમોવડી ગણી શકાય. અને આદિવાસીઓમાં સ્ત્રીઓ અને પુરુષોનું કાર્યક્ષેત્ર પણ ચોખ્ખું આંકેલું હોય છે. બંને કોઇ કોઇના ક્ષેત્રમાં માથુ મારતા નથી. આધુનિક સમાજોમાં સ્ત્રી પુરુષની બરોબરી કરતી હોય અને પુરુષની સામે પડી બળવાખોરની ભૂમિકા પણ કયારેક ભજવતી હોવાનું દેખાય છે. જયારે આદિવાસીઓમાં સ્ત્રીઓ અને પુરુષ બંને પોત પોતાના નિશ્ચિત કાર્યક્ષેત્રમાં જ ગૂંથાયેલા હોય છે અને કોઇ કોઇનામાં દખલગીરી કરે કે સામસામી સ્પર્ધામાં ઉતરે કે એક બીજાને પડકારે એવું જોવા મળતું નથી.

આથી આપણે આદિવાસી સમાજોમાં સ્ત્રીઓના સામાજિક દરજ્જાને લગતા સમગ્ર પ્રશ્નનો વિચાર આદિવાસી સ્ત્રીના પોતાના જ દ્રષ્ટિકોણથી કરવો જોઇએ. આદિવાસી સ્ત્રી પોતાનો દરજ્જો પોતાના પતિ કરતાં જરા પણ ઉતરતો હોવાનું માનતી નથી. અથવા તો પુરુષ સમોવડી ગણાવવા કે સામાજિક સમાનતા મેળવવા મથતી નથી. પુરુષ કરતાં પોતે ઉંચી છે કે નીચી તેનો વિચાર પણ કયારે ય પણ તેને કરવો પડતો નથી. અને સામાજિક સમાનતા જેવું તેણે સાંભળ્યું પણ હોતું નથી.

છેવટે તો આપણે આપણા સમાજની સરખામણીમાં આદિવાસી સ્ત્રીના દરજ્જાનો વિચાર કરીએ છીએ અને બંનેની તુલનામાંથી કંઇક મૂલ્યાંકન કરવાનો પ્રયાસ કરીએ છીએ. કેટલાક માનવશાસ્ત્રીઓ-ની માફક પ્રો. ઇવાન્સ પ્રિચાર્ડનો મત પણ એવો છે કે 'આપણા સમાજની સ્ત્રીઓ કરતાં આદિવાસી સમાજની સ્ત્રીઓનો દરજ્જો સરખામણીમાં સારો છે અને આદિવાસી સ્ત્રી પ્રમાણમાં ઘણી અનુકૂળ પરિસ્થિતિ ભોગવે છે. આની સાથે સાથે એમ પણ કહી શકાય કે આધુનિક સમાજની સ્ત્રીને ઘણી બધી સગવડો અને ફુરસદ મળે છે તથા શિક્ષણ અને યંત્રવિદ્યાના અનેક લાભો મળે છે. જયારે આ બધા લાભ અને સગવડોથી આદિવાસી સ્ત્રી લગભગ વંચિત રહે છે.'

...

ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ ૩૮૦ ૦૧૪

ડાંગ જિલ્લા વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી નવેમ્બર ૫, ૬ : ૧૯૮૨

પુરુષાર્થથી આગળ વધેલા ડાંગી ખેડૂતની દાસ્તાન

- હેમંતકુમાર સુર

જિલ્લા માહિતી અધિકારી

આહવા, જિ. ડાંગ

સરકારી આયોજનમાં પોતાની દીર્ઘ દૃષ્ટિ વાપરીને અંશતઃ શિક્ષણ પામેલા ડાંગના પછાત વિસ્તારના પણ કોઠાસૂઝ અને આત્મવિશ્વાસ ધરાવતી વ્યકિત કેવી રીતે પ્રગતિ સાધીને પોતાના વિસ્તારમાં પોતાના જેવા અન્યને માર્ગદર્શક બની શકે છે તે નજરે નિહાળવું હોય તો ડાંગ જિલ્લાના આહવાથી ૩૫ કીલોમીટર દૂર નવાપુર રોડ પર વસેલા મોખામાળ ગામમાં સ્થિર થયેલા શ્રી રાહુભાઇ ઝુલ્યાભાઇ ગાવિતના સંઘર્ષમય જીવનમાં એક ડોકીયું કરીએ.

આમ તો રાહુભાઇએ ડાંગ જિલ્લાના અસંખ્ય આદિવાસી ખેડૂતોની જેમ જ પોતાનું જીવન શરૂ કર્યું હતું. ૧૯૫૭માં સાત ધોરણ સુધીનો અભ્યાસ પૂરો કર્યા બાદ ડાંગ સેવા મંડળ તરફથી ગામમાં જ ચાલતી શાળામાં શિક્ષક તરીકેનો વ્યવસાય અપનાવ્યો. તે પછી વન વિભાગમાં વિવિધ જગ્યાએ વનરક્ષક તરીકે નોકરી સ્વીકારી પરંતુ આ નોકરીની આવકમાંથી ૧૫ વ્યકિતઓના બનેલા સંયુકત કુટુંબના જીવનનિર્વાહ મુશ્કેલભર્યો જણાતાં નોકરીની સાથોસાથ ખેતીનો પણ વડીલોપાર્જીત જમીનમાં ખેતીના વ્યવસાયની પણ તેમણે શરૂઆત કરી. આ રીતે છએક વર્ષ સુધી નોકરી અને ખેતી એમ પોતાના કુટુંબનું ભરણપોષણ કરી જીવનનું ગાડું ગબડાવતા રહયા.

આ દરમ્યાન થોડી બચત ઊભી કરીને પોતીકું નાનકડું નળિયાવાળું ઝૂંપડું તૈયાર કર્યું. નોકરીની સાથે ખેતી કરતાં કરતાં પદ્ધતિસરની ખેતીની આવક ઘણી વધી શકે તેવું જણાતાં તેમણે નોકરીમાંથી રાજીનામું આપી પૂર્ણ સમયનો ખેતીનો વ્યવસાય સ્વીકાર્યો.

૧૯૬૪ની સાલમાં સરકારી નોકરીને તિલાંજલી આપીને તેમણે ખેતીના વ્યવસાય સાથે નવરાશના સમય દરમ્યાન હાથ ધરી શકાય તેવા નાના મોટા રસ્તાના ઈજારાના કામો વગેરે શરૂ કર્યા. આ રીતે ધીરે ધીરે જિલ્લામાં શરૂ થયેલ વિકાસ કાર્યોમાં રોકાયેલ અધિકારીઓના સંપર્કમાં આવતાં તેમને જીવનની નવી દિશાઓ હાથ લાગી અને તેમણે ખેતીની સૂઝ સાથે બાગાયત જેવા પૂરક વ્યવસાય તરફ દૃષ્ટિ માંડી.

ક્રમશઃ આવક વધતાં શ્રી રાહુભાઇએ એકમાંથી બે બળદની જોડી વસાવીને વારસાગત આશરે ત્રીસેક એકર જમીનમાં પદ્ધતિસરની ખેતી આરંભી.

આ દરમ્યાન સરકારશ્રી તરફથી જિલ્લાના ઉત્સાહી ખેડૂતોને રાજયમાં અન્ય સ્થળોએ આધુનિક ખેતી દ્વારા પ્રાપ્ત થઇ રહેલા આર્થિક લાભોનો તાદૃશ્ય ખ્યાલ આપવા ગોઠવાયેલ એક ખેડૂત પ્રવાસમાં તેઓ જોડાયા. આ પ્રવાસમાં તેમણે ખેડા, જૂનાગઢ, સુરત, વલસાડ વગેરે જિલ્લાઓમાં પ્રવાસ કરી કૃષિક્ષેત્રે અન્ય પ્રગતિશીલ ખેડૂતોએ સાધેલી પ્રગતિની ઝાંખી નિહાળી મનોમન તેને અનુસરવાનો મનસુબો કર્યો. પ્રવાસમાંથી પાછા ફર્યા બાદ જિલ્લાના મુખ્ય પાકસમા નાગલી અને ડાંગરના ઉત્પાદન માટે જાપાનીઝ પધ્ધતિ તેમણે અપનાવી અને સરકારી મદદ મેળવવાના પ્રયત્નો શરૂ કર્યા. શરૂઆતમાં ખેતી વિકાસ માટેની મુશ્કેલ જણાતી મદદો પ્રાપ્ત થતાં ૧૯૬૭-૬૮માં તેમણે સરકારી આર્થિક સહાયથી કૂવો અને એન્જીનની સગવડ ઊભી કરી આકાશી ખેતીમાંથી મુકત થઇ ધીમે ધીમે આર્થિક સધ્ધરતા તરફ પગરણ માંડયાં.

આમ પોતાની સ્થિતિ સુધરતાં રાહુભાઇએ કાંઇ ઉપજ ન આપતી એવી સાડાચાર એકર જમીન ગામના એક બિન વારસદાર ભીલ પાસેથી વેચાતી રાખી. આ જમીનને તેમણે સરકારશ્રીની ડાંગ જિલ્લામાં તે સમયે હાથ ધરાયેલ મફત કયારી યોજના હેઠળ સમતળ બનાવી ખેતી માટે કયારીઓ ઊભી કરી. બાકીની અઢી એકર જમીનમાં આદિવાસી વિકાસ ઘટક તરફથી મળેલી આંબા, ચીકુ, જમરૂખ, સીતાફળ જેવાં ફળાઉ ઝાડોની ૧૫૦ જેટલી કલમોનું વાવેતર કર્યું.

આ રીતે આર્થિક સ્થિતિ સુધરતાં સ્વાભાવિક રીતે જ રાહુભાઇ ગામના જાહેરજીવનમાં ખેંચાયા. આ દરમ્યાન તેમણે સીગાણા વિભાગ જંગલ કામદાર સહકારી મંડળીના પ્રમુખ તરીકેની જવાબદારી પણ સ્વીકારી. ત્યારબાદ ૧૯૭૨ થી સતત સાત વર્ષ સુધી મોખામાળ ગામના સરપંચ તરીકેની સફળ કામગીરી બજાવ્યા બાદ ૧૯૭૯થી જિલ્લા પંચાયતના સદસ્ય તરીકેની વિવિધ સમિતિઓમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું.

ઉપરોકત સમયગાળા દરમ્યાન રાહુભાઇને ભારત દર્શનની યાત્રાએ જવાનો મોકો સાંપડયો. જેમાં તેમણે કાશ્મીર, ઋષિકેશ, હળ હરદ્વાર, દિલ્હી, આગ્રા, મથુરા, અમૃતસર, પટના વગેરે ધાર્મિક અને ઐતિહાસિક સ્થળોનો પ્રવાસ કર્યો. આ પ્રવાસ દરમ્યાન વારાણસી ખાતે તેમણે કેટલાક યાત્રાળુઓના સમૂહને માછલાં તથા કાચબાઓને ખોરાક નાખતા નિહાળી તેઓ પણ તેમાં સામેલ થયા. આ ક્ષણે રાહુભાઇને એકાએક ખ્યાલ આવ્યો કે જે નિર્દોષ જળચરોને અત્યારે દાણા નાખી રહયા છીએ. તેનો તો પોતાના વિસ્તારમાં ભક્ષ તરીકે

ઉપયોગ કરવામાં આવતો હતો. તે જ ઘડીએ તેમણે તેમના સાથીઓ સમક્ષ માંસાહાર ત્યજવાનો દૃઢ નિર્ધાર જાહેર કર્યો. સાથીઓએ તેમાં પોતાનો સૂર પૂરાવી માંસાહાર ઉપરાંત દારૂનો પણ ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો. આ જ ક્ષણથી રાહુભાઇ અને તેમના સાથીઓએ આસુધ આસુરી મધપાનનો આજ દિન સુધી વર્જ્ય ગણ્યાં છે. આમ શ્રી રાહુભાઇએ પોતાના જીવનને એક અનેરો મોડ આપ્યો.

તાજેતરમાં રાહુભાઇએ ગ્રામોદ્યોગ કમિશનની મદદથી પોતાની વાડીમાં ગોબરગેસ પ્લાન્ટનો પણ ઉમેરો કરીને જિલ્લાના પ્રથમ ગોબરગેસ પ્લાન્ટ ધરાવતા પ્રગતિશીલ ખેડૂત તરીકે પોતાના અંધારિયા ગામમાં ગેસના દિવા પણ પ્રગટાવ્યા છે.

આ રીતે ક્રમશ: જીવન વહેણમાં સદ્કાર્ય તરફ વળી રહેલા રાહુભાઇ અત્યાર સુધીમાં જિલ્લાના એક પ્રગતિશીલ ખેડૂત તરીકેની નામના કમાઇ શક્યા છે. આજે પણ આહવાથી નવાપુર જતાં રસ્તામાં આવેલા મોખામાળ ગામના પાદરે ઉભેલી લીલીછમ વાડી તેમના પુરુષાર્થની મૂક સાક્ષી પૂરતી ઉભી છે.

પતિની વિકાસ યાત્રામાં યશભાગી બનતાં સીતાબહેન :

ડાંગ જિલ્લામાં વસતી આદિવાસી પ્રજા કુદરતની કેટલી નજીક હોય છે અને અન્ય આગળ વધેલા વિસ્તારોમાં પ્રવર્તમાન સામાજિક વ્યવસ્થા કરતાં અલગ તરી આવે છે. આ જિલ્લાના પ્રગતિશીલ ખેડૂત તરીકે પ્રતિષ્ઠા પામેલા શ્રી રાહુભાઇ ગામિતનું અંગત અને સામાજિક જીવન પણ એ જ પ્રકારે ગૂંથાયું છે.

પ્રથમવારની પત્ની અભણ હોઇ તેઓ જયારે એસ.એસ.સી. સુધી શિક્ષણ પામેલી ડાંગી યુવતી નામે સીતાબહેનના સંપર્કમાં આવતાં તેમના સંબંધો ગાઢ બનતાં તેમણે બીજું લગ્ન કર્યું. સીતાબહેને આગળની પત્ની અને તેનાં સંતાનો સાથે રહેવાની તત્પરતા દાખવી હતી પરંતુ સ્વાભાવિક રીતે જ પ્રથમ પત્ની નવી પરિસ્થિતિ ન સ્વીકારી શકતાં પોતાના પિયર ચાલી ગઇ.

સીતાબહેન સાથેના સફળ કુટુંબજીવન દરમ્યાન બે બાળકો અને એક બાળકીના જન્મ પછી રાહુભાઇએ અન્ય સરકારી યોજનાઓની જેમ જ કુટુંબ કલ્યાણ યોજના પણ અપનાવી પુરુષ શસ્ત્રક્રિયા કરાવી છે. શિક્ષિત અને સુશીલ પત્ની મળવાથી રાહુભાઇની વાડી અને ખેતર ઉપરની તમામ જવાબદારીઓ ઓછી થઇ ગઇ. અને તેઓ જિલ્લા કક્ષાના જાહેર જીવનમાં પ્રવેશી શક્યા.

આ દરમ્યાન રાહુભાઇના નાના ભાઇની પત્નીએ પ્રસુતિ દરમ્યાન જોડિયા બાળકને જન્મ આપી એક બાળક સાથે આ દુનિયા છોડી દીધી ત્યારે અટુલા પડી ગયેલા નવજાત શિશુને રાહુભાઇનાં બીજાં પત્ની સીતાબહેને પોતાના દૂધથી ઉછેરવાની જવાબદારી સ્વીકારી લીધી. આજે પણ આ બાલિકા પોતાને ઉછેરનાર સીતાબહેનને જ પોતાની સાચી જનેતા ગણી રહી છે.

....

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦૦૧૪
ડાંગ જિલ્લા વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠિ:૫,૬ નવેમ્બર-૮૨

યુવકો અને ડાંગ વિકાસ

શ્રી નરોત્તમ.એલ. પરમાર

વિકાસ શા માટે?

આજે પરિસ્થિતિ એવી છે કે વિકસેલા અને વિકસતા દેશોના જીવનધોરણ વચ્ચેની ખાઇ પૂરવા સંયુક્ત રાષ્ટ્રસંઘે ગયા દશકાને વિકાસના દશકા તરીકે જાહેર કર્યો હતો.

વિકાસ માનવ સુખાકારી માટે છે અને સતત વિકાસ શક્ય છે. ગમે તેવી પરિસ્થિતિ વચ્ચેથી રસ્તો કાઢવાની યુવકોમાં આવડત હોય છે. માત્ર યુવકોની આશક્તિ રચનાત્મક દિશામાં વાળવાની જરુર છે. આજે વિકસેલા અને વિકસતા દેશો એકબીજાની ખૂબ, નજીક આવ્યા છે અને પરિણામે વિકસતા દેશોમાં પોતાના સમાજની ધીમી પ્રગતિ વિશે અસંતોષ જન્મ્યો છે. પરંતુ આ અસંતોષ વિધેયાત્મક પગલાં ભરવા તરફ વાળવાની જરુર છે. જે પ્રચંડ પુરષાર્થ વિકસિત દેશોની પ્રજાએ તથા ગુજરાત રાજયમાં વિકસિત જિલ્લાઓ કર્યો છે. એ જ આપણે કરવાનો છે યુનોના ખતપત્રના શબ્દોમાં "યુવકો શાંતિ સ્વાતંત્ર્ય, માનવગૌરવ અને માનવ સમાનતાના આદર્શો માટે ઉંડી દિલચસ્પી ધરાવે છે. ત્યારે તેઓ માનવમતની સર્જનાત્મક સિદ્ધિઓ બદલ ગૌરવ અનુભવે તે માટે દરેક કાર્ય કરવું જોઇએ. યુવાન લોકોએ નવા-વિશ્વની જવાબદારીઓ ઉપાડી લેવા જાગૃત થઇને આગળ આવવું જોઇએ અને માનવજાતના સુખમય ભાવિ વિશે શ્રધ્ધાવાન રહેવું જોઇએ".

યુવકો માને છે કે રાષ્ટ્રનો વિકાસ એટલે દેશવાસીઓનો પાયાની જરુરીયાતો જેમકે, વસ્ત્ર, નિવાસ, શિક્ષણ, આરોગ્ય, અનેમાળો વિગેરે સંતોષઇ શકે એ બધાની પ્રાપ્તિ માટે યુવકો સક્રિય ભૂમિકા અદા કરવી જોઇએ.

ક્રાંતિના જયોતિધરો:- આજે નૂતન ભારતનું નવસર્જન થઇ રહ્યું છે. સ્વરાજય પ્રાપ્તિ બાદ રાષ્ટ્રનો સર્વાંગીણ વિકાસ થઇ રહયો છે. એ કાર્યના વાહકો નવ યુવાનો છે.

જગતમાં યુવા શક્તિ જાગૃત થઇ છે. ભારત પણ જાગી ઉઠયું છે. યુવાનોએ ક્રાંતિની મશાલ હાથમાં લીધી છે.

નવભારતનું અને પ્રગતિશીલ ગુજરાતનું નવસર્જનનું કામ કરવાનું વર્તમાન યુવક પેઢીનું છે. યુવકો વિકાસના કામ કરવા માટે અધીરા બન્યા છે. આ પરિવર્તનશીલતામાં તથા વિકાસના કામોમાં યુવકોનું ઉત્તરદાયિત્વ પણ ઘણું મોટું છે.

યુવક પ્રવૃત્તિનો અર્થ:- " યુવક કાર્ય એટલે સામાન્ય રીતે યુવકોનું યુવકો થકી અને યુવકો માટે થતી પ્રવૃત્તિ "

યુવકની વ્યાખ્યા:- યુવકની પરિભાષા જુદા જુદા પરિપેક્ષ્યમાં જુદી જુદી લેવામાં આવે છે પરંતુ સરકારે વયમર્યાદાને પાયારુપ ગણીને યુવકની વ્યાખ્યા સ્થાપી છે. જેમાં "૧૫ થી ૩૫ની વય મર્યાદામાં આવતી વ્યક્તિને યુવક કહેવામાં આવે છે."

% ડાંગ જિલ્લા વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી :૫,૬ નવમ્બર ૧૯૮૨ સ્થળ મહાલ જિ.ડાંગ ખાતે શ્રી એન.એલ.પરમાર યૂથ કો-ઓર્ડિનેટરશ્રી, ભારત સરકાર, શિક્ષણ અને સાંસ્કૃતિક મંત્રાલય, નહેરુ યુવક કેન્દ્ર, નડિયાદ જિ.ખેડા દ્વારા પેપર રજુ કરવામાં આવ્યું.

એક તારણમાં એવું પ્રથમ નજરે જ લાગે કે યુવક પ્રવૃત્તિમાં યુવક વિકાસ જ કેન્દ્ર સ્થાને છે. પરંતુ એના ઊંડા મૂળ તરફ દષ્ટિપાત કરીએ તો આ યુવક વિકાસ થકી જ સમાજનો ઉત્કર્ષ થશે અને સમાજ સબળ હશે તો ગ્રામ, જીલ્લા, રાજય કે રાષ્ટ્ર ઉત્કર્ષ હાથવેંતમાં દેખાશે.

<u>યુવક કાર્યનો અભિગમ શું હોઈ શકે?</u> ભારત ગામડાંનો બનેલો દેશ છે. ભારતમાં ૮૦ % ગામડાં આવેલાં છે. તેથી જો ગામડાં બેઠાં થશે તો રાષ્ટ્રીય ઉત્થાનની પ્રક્રિયા સરળ બનશે. એટલે આજના સંદર્ભમાં ગામડાઓનો સર્વાંગી વિકાસ અત્યંત આવશ્યક છે. આ સર્વાંગી-સંકલીત વિકાસ હોવો જોઈએ. જેથી એક જ પ્રક્રિયાનું પુનરાવર્તન ન બને.

સર્વાંગી વિકાસ સહકારી વિકાસ હોવો જોઈએ અને ગ્રામ્ય સમુદાયનો સામૂદાયિક વિકાસ પણ થવો જોઈએ ટૂંકમાં યુવક પ્રવૃત્તિનો અભિગમ ગ્રામ્યલક્ષી સંકલિત સહકારી અને સામુદાયિક વિકાસ પ્રતિ હોવો જોઈએ.

<u>આ અભિગમ ક્યારે સાર્થક નીવડી શકે ?</u> જ્યારે ગામડાઓમાં આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક શૈક્ષણિક, ધાર્મિક, રાજનૈતિક અને વૈચારિક વિકાસની પ્રક્રિયાનો પ્રારંભ થાય અને આવુ ત્યારે જ શકય બનશે જ્યારે યુવકોની શક્તિઓને આ કામે લગાડવામાં આવે- યુવકોને તક આપવામાં આવે.

<u>યુવક પ્રવૃત્તિઓ કોણ કરે છે?</u>



યુવક પ્રવૃત્તિની માહીતી, વિકાસ અને સંશોધન એજન્સા તરીકે લોક શિક્ષા પરીષદ, રામકૃષ્ણ મિશન આશ્રમ, નરેન્દ્રપૂર વેસ્ટ બેંગાલ તથા ગાંધીગ્રામ યુનિવર્સિટી તામીલનાડુ તથા જે તે રાજ્ય સરકારના યુવક સેવાના ડીપાર્ટમેન્ટ કામ કરે છે.

ડાંગ જિલ્લામાં યુવક પ્રવૃત્તિ હજુ વિસ્તરી નથી પરંતુ તાજેતરમાં ગુજરાત રાજ્ય સરકાર દ્વારા નિયામકશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, રાજ્ય યૂથ બોર્ડ, ગાંધીનગર દ્વારા ડાંગ જિલ્લામાં યુવક મંડળોની સ્થાપના માટે એક સે. શિબિરના આયોજન કરાયું હતું તેમાં ૨૨ યુવક મંડળો ચેરીટી કમિશ્નરની કચેરીમાં રજિસ્ટર કરાવવા માટેની કાર્યવાહી થઈ હતી. એસ.એફ.ડી. ખાતા તરફથી ૬ મહિલા મંડળોને રુ/ ૩૨૦૦ની મદદ કરવામાં આવી હતી.

જ્યારે યુવક પ્રવૃત્તિમાં ખેડા અને મહેસાણા જીલ્લો મોખરાનું સ્થાન ધરાવે છે.

<u>વય પ્રમાણે વર્ગીકરણ</u>

(૧૯૭૧ ની વસ્તી ગણતરી પ્રમાણે)

વય જૂથ	ગુજરાત રાજ્ય	ડાંગ જિલ્લો
૦-૧૪	૪૩-૦૫	૪૭-૨૩
૧૫-૫૯	૫૧-૬૮	૪૮-૭૪
૬૦-૦૦	૫-૨૭	૪-૦૩

એટલે ૧૫ થી ૩૫ વયના એટલે કે યુવાનોની ટકાવારી સવિશેષ છે.

યુવા શક્તિમાં અખૂટ શક્તિ છે. અને તેને વિકાસના કામમાં જોતરવામાં આવે તો અદ્દભૂત અને ચમત્કારિક કામ કરી શકે છે તેની સાબિતી રુપે ગુજરાત સરકાર દ્વારા રાષ્ટ્રકક્ષાનો નેશનલ ઇન્ટીગ્રેશન યૂથ કેમ્પમાં દેશભરના ૯૦૦૦ યુવક યુવતીઓ રાજ્ય યૂથબોર્ડ દ્વારા ગાંધી આશ્રમ, જહિરા મધ્યપ્રદેશના રાષ્ટ્રીય રચનાત્મક અગ્રણી કાર્યકર મુરબ્બી શ્રી સુબ્બારાવજીની નિગાહબાની નીચે ગુજરાતની મહત્વની પ્રાણસમી નર્મદા યોજનામાં દસ દિવસ માટે શ્રમકાર્યની શિબિર કરવાના છે.

<u>ડાંગ એક સિંહગાવલોકન:-</u>

પશ્ચિમ સહયાદ્રીના પશ્ચિમ ઢોળાવ પર તથા ગુજરાત મહારાષ્ટ્રની અનુક્રમે દક્ષિણ-ઉત્તર સીમા પર આવેલો ૧૭૬૮ ચો.કિ.મી. વિસ્તાર ધરાવતો અને ૨૦,૩૩' ૪" ઉત્તર અક્ષાંશ અને ૭૩, ૫૬', ૩૬" પૂર્વ રેખાંશ વૃતોમાં સમાયેલો નાનકડો ડાંગ જીલ્લો એક ગીચ જંગલ વિસ્તાર છે.

સમગ્ર જિલ્લો એક ડુંગરાળ પ્રદેશ છે. સમુદ્ર સપાટીમાં ઘણી જગ્યાઓ પર ૧૦૫ મીટરથી ૧૩૧૭ મીટર્સ સુધીની ઉંચાઇમાં ફેરફારો થાય છે. ટેકરાઓ અને ખીણો દર્શાવતો પડમાં પડ દર્શાવતો, કુદરતે જ્યાં છૂટે હાથે મોં સૌંદર્ય વેર્યું છે એવો આ નયનરમ્ય પ્રદેશ ખરેખર નિસર્ગની એક અપ્રતિમ મહામૂલો ભેટ છે.

સઘન આદિવાસી વસ્તી ધરાવતો પ્રદેશ છે. જીલ્લાની કુલ વસ્તી ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૯૪,૯૮૮ વસ્તીમાં ૮૮,૯૨૮ વસ્તી આદિવાસીઓની હતી જે કુલ વસ્તીના આદિવાસી ટકા મુજબ ૯૩.૪૬ પ્રમાણે ટકાવારી મુજબ પ્રથમ સ્થાન આવે છે. જ્યારે કુલ આદિવાસી વસ્તીના ટકા પ્રમાણે ૨.૩૬ ટકાવારી મુજબ તથા આદિવાસી વસ્તી મુજબ ગુજરાતમાં તેનું સ્થાન સાતમું આવે છે.

૧૯૮૧ સેન્સસ પ્રોવીઝનલ ડેટા પ્રમાણે આહવા-ડાંગ જિલ્લાના કુલ ગામોની સંખ્યા ૩૧૧ છે. તેની કુલ વસ્તી ૧૧૩૯૯૬ માં ૫૭૮૦૦ પુરુષ અને ૫૬૧૯૬ સ્ત્રીઓ તે પૈકી અનુસૂચિત જનજાતિની કુલ વસ્તી ૧૦૪૯૩૫ માં પુરુષો ની સંખ્યા ૫૩૧૨૩ અને સ્ત્રીઓ ૫૧૮૧૨ છે.

//3//

જ્યારે ભારતની કુલ વસ્તી ૫૪૭,૯૪૯,૮૦૯ માં આદિવાસી વસ્તી ૩,૮૦,૧૫,૧૬૨ જે કુલ વસ્તીના ૬.૯૩ ટકા છે. જે ગુજરાતમાં કુલ વસ્તીમાં ૨,૬૬,૯૭,૪૯૫ આદિવાસી વસ્તી ૩૯,૩૪,૪૨૨ છે. જે કુલ વસ્તીમાં આદિવાસીના ટકા ૧૩.૯૯ છે. જેમાં ૨૯ જેટલી જુદી જુદી આદિવાસી જાતિઓ પોતાની આગવી વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવે છે. તેમાં અનુક્રમે ભીલ, દુબળા, ધોડિયા, ગામીત, નાયક-નાયકડા, રાઠવા, ચૌધરી-ચૌધરાની વસ્તી વિશેષ છે. <u>જ્યારે ડાંગમાં જાતિવાર વસ્તીનું પ્રમાણ ૧૯૭૧ની વસ્તીગણતરી પ્રમાણે નીચે મુજબ છે.</u>

ભીલ	દુબળા	ધોડિયા	નાયક-નાયકડા	ગામીત	ચૌધરી-ચૌધરા (સુરત-વલસાડ જિલ્લાના)
૨૮,૪૯૫	૧૫૩	૧,૩૮૬	૦ ૪૨૨	૩,૬૯૨	૧૦૧

કોંકણા-કુનબી (ડાંગ જિલ્લાના)	વારલી	કોલચા-કોરકોળી	કોટવાળીયા-વિટોલિયા
૩૯,૮૯૬	૧૨,૬૮૮	૪૪	૪૮૮

કાથોડી-કાતકરી	પારધી (કચ્છ સિવાય)	બિન વર્ગીકૃત	કુલ
૬૮૯	૧૧	૧	૮૮,૦૨૮

<u>ડાંગની આબોહવા</u>:- વરસાદ-સરેરાશ ૧૮૨૨.૬ મિ.મિ. પડે છે વર્ષભરમાં ૭૨ દિવસ એ વરસાદના દિવસો છે. અને જુલાઇમાં ખૂબ જ વરસાદ પડે છે.

<u>ગરમી</u> :-

વધુમાં વધુ ગરમી ૪૦° સે. (૧૦૪ફે.) અને સરેરાશ ટેમ્પરેચર લગભગ ૨૬°સે. (૭૯ ફે.) હોય છે. મે મહીનામાં સખત ગરમી પડે છે. જે લગભગ ૪૪°સેન્ટીગ્રેડ સુધી પહોંચે છે.

<u>ઠંડી</u>:- વધુમાંવધુ ઠંડી ડીસેમ્બરમાં પડે છે. અને વધુમાં વધુ ટેમ્પરેચર ૩૦° સે. (૮૬.૬ફે. રહેછે. અને દરરોજ ઓછામાં ઓછું હવામાન ૧૬° સે. (૬૦.૮ફે.) રહે છે.

<u>જન્મદર</u>:-
ભારત --------- ૨.૫૪ ટકા
ગુજરાત ------ ૨.૯૭ ટકા
ડાંગ -------- ૨.૨૩ ટકા

૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે છેલ્લા દસ વર્ષે ૨૧૪૨૨ નો વસ્તી વધારો હતો જ્યારે ૧૯૮૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ૧૯૦૧૮ હતો જ્યારે આદિવાસીમાં ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૧૬,૯૦૭ નો વસ્તી વધારો દસકામાં છે. આમ કુટુંબ કલ્યાણની **દેખિતી અસર થઇ છે.**

<u>શિક્ષણ</u>:-	હાઇસ્કુલોની સંખ્યા	વિદ્યાર્થીઓ
૧૯૭૯-૮૦	૮	૧૩૨૫
૧૯૮૦-૮૧	૧૦	૧૩૬૬
પ્રાથમિક સ્કુલો	૩૪૮	૨૪૧૭૦

૧૯૭૯-૮૦ માં કુલ ૩૪૮ પ્રાથમિક શાળાઓ બની હતી અને ફક્ત ૬ ગામમાં સ્કુલ નહોતી તેના વિદ્યાર્થીઓ નજીકના ગામની પ્રાથમિક શાળામાં અભ્યાસ માટે જાય છે.

શિક્ષણ ૧૯૮૧

ગુજરાતની વસ્તી કુલ		શિક્ષણ	ટકા
	૩૩૯૬૦૯૦૫	૧૪૮૫૯૧૭૫	૪૩.૭૫
ડાંગ	૧૧૩૯૩૬	૩૪૧૫૫	૨૯.૯૬
પુરુષ	૫૭૮૭૦	૨૨૨૪૩	૩૮.૪૮
સ્ત્રી	૫૬૧૯૬	૧૧૯૧૨	૨૧.૨૦

ટ્રાયબલ સબપ્લાન જંગલ ખાતા દ્વારા તથા 'ફર ગુજરાત' ની યોજનાઓ દ્વારા મધ્યાન ભોજન તથા બાલ વિકાસ કેન્દ્ર અને મુક્તાહાર કેન્દ્ર તથા બાલવાડી શરુ થયા છે.

આરોગ્ય:- રહેઠાણ અને પીવાના પાણીની અપૂરતી સગવડોને કારણ તેમનામાં કેટલાક રોગો જેવાકે દમ, ટી.બી. રક્તાપિત, આંખની બિમારી, પેટ્નો દુઃખાવો દરાજ, ખસ, ખૂજલી જેવા ચામડીના રોગો, ફેફસાની બિમારી, ઝાડો-મરડો, મલેરિયા તેમજ કોલેરા જેવારોગો થ... છે.

	રોગનું નામ	મરણનું પ્રમાણ
૧૯૭૯-૮૦	મલેરિયા	૩૨૦
	બીજાપ્રકારના રોગોમાં	૩૪૬૦

સિંચાઇ:- ડાંગમાં છ નદીઓ છે.

પશુપાલન:-	પ્રાણી	ભેંસ	ઘેટાં	બકરીઓ
૧૯૭૭	૫૮૩૩૪	૬૦૬૫	૧૩૩	૧૭૫૩૮
	અન્ય પ્રાણી	ટોલ એસ.	કુલ મરઘા- બતકી	
	૪૦૦	૮૨૪૭૦	૭૧૮૮૨	

સહકાર:- અન્ય સહકારી મંડળીઓ છે. તેમાં ફોરેસ્ટ લેબર કો-ઓપરેટીવ

રસ્તા:-	પાકા	કાચા રસ્તાથી સંકળાયેલાં ગામો	પાકા રોડ અને રેલ્વે
	૮૧(૨૬.૦૬)	૨૨૩ (૭૧.૭૦)	૩(૦.૯૬)

કાચા રસ્તા અને રેલ્વે - ૧(૦.૩૨)

ફક્ત ૪૩ ગામ એટલે કે ૧૩.૮૨ એ આખુ વર્ષ બસ સર્વીસથી સંકળાયેલા હતા. જ્યારે ૬૯ ગામો એટલે ૨૨.૯૯ સારા સીઝનમાં બસ વ્યવહારથી સંકળાયેલા રહે છે.

વીજળી:-	વીજળી કરણવાળા ગામો	વીજળી કરણવાળા ગામોની ટકાવારી	વીજળી કરણથી સંકળાયેલ કુલ વસ્તી	સંક. વર્સ્ટ ટક
	૩૩	૧૦.૬૧	૧૯.૯૬૩	૨૧.

ઉધોગ:-
- X બ્રેડ બકરી, બિસ્કીટ, કેક.
- X કોટલાવાલિયા અને વારલી ટોપલા- ટોપલી ગુંથવાનો ધંધો કરે છે.
- X શો મીલ
- X સુથારી તથા લાકડા તથા વાંસનું કામ.
- X બાઝ્ટરી તથા કાથી બનાવવાના બે ધંધા
- X વિકસી રહ્યા છે.
- X ગારમેન્ટ તથા હાડવેર

ઉત્સવો:- સંસ્કાર સિંચન જન્મ, લગ્ન અને મૃત્યુ ત્રયી-સંસ્કાર ને વધારે મહત્વ ... પૂજન (નામકરણ) લગ્નવિધિ-બોલણ, મોતેપન અને લગ્નવિધ (વવિશાળ).

...હોય છે. ...(૮૯.૬૬ ...વર્ષ ૨૪૪૨૨ ની વસ્તી વધારો હતી જ્યારે આદિવાસીમાં ૧૯૮૧ની આમ કુટુંબ કલ્યાણની ટકામાં છે. વિદ્યાર્થીઓ ૧૩૨૫ ૧૩૬૬ ૨૪૧૦૦ હતી હતી અને ... શાળાઓ શાળામાં અભ્યાસ ...

હોળી:- આનંદ દ્વિગુણિત કરવા દુ:ખ ને ભુલાવવાનો મહા ઉત્સવ છે.
ગરિઇ:- વિસર્જન
અખાત્રીજ, તેરા, નાગ પાંચમ, પોના, પિતરા, વાઘબારશ, દશેરા અને દિવાળીના ઉત્સવો ઉજવે છે.
ડાંગના લોકનૃત્યો અને લોકવાદ્યો

X પિરામિડ નૃત્ય
X માળીનો ચાળો ' નૃત્ય વિશેષ ખ્યાતિ મેળવેલું છે.
'તેરા' ઉત્સવ પછી આ નૃત્ય શરુ થઇ છેક દિવાળી સુધી જોવામાં આવે છે.

X ઠાકર્યા નૃત્ય
X 'તમાશા' લોકપ્રિય મનોરંજન
X ભાયા નૃત્ય, ડુંગરદેવ નૃત્ય.

ડાંગના લોકવાદ્યો માદળ

X પાવરી, થાળી, ઢોલક, ડાંક કે ઢાંક, કહાન્યા અને સૂર.

ગૂજરાતના બીજા આદિવાસી વિભાગો કરતાં આ વિભાગમાં - ડાંગમાં ગીત અને નૃત્ય ની કલા વિકસી નહીં કારણ, સ્વાતંત્ર્ય પહેલાંની એક અહીં તો ~~XXXXX~~ અહીંના આદિવાસી ઓને લુટવા આવેલ પરકીય સત્તા સાથે પ્રાદેશિક સ્વાતંત્ર્ય ટકાવવા માટે જ સખત લડત આપવી પડી હતી. અને તે ઉપરાંત 'ભટકવું' આ તો આદિવાસીઓનો જન્મજાત સ્વભાવ! જે પ્રદેશમાં સ્થિરતા અને સુલભતા હોય ત્યાં જ કાવ્ય સુઝે છે. અને નૃત્યકલા વિકસે છે. છતાં લોકસાહિત્યના લોકવાર્તા વિભાગમાં પદ્ધતિસર નો પ્રયત્ન કરવામાં આવે તો આ પ્રદેશ પાછળ પડશે એમ લાગતું નથી.

ગૃહનિર્માણ:- હાઉસીંગ બોર્ડની સ્કીમનો લાભ લેવા માટે - કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી ૬ બનાવી છે. તેના દ્વારા ૨૧,૫૫ ઘર બંધાયા છે.

<u>યુવકો અને ડાંગ વિકાસ:-</u>

યુવકો

અવિદ્યાર્થી યુવકો નોન-સ્ટુડંટો	વિદ્યાર્થી યુવકો સ્ટુડંટો
	સ્કુલ / કોલેજ

X ગ્રામયુવકો અને યુવા કૃષકો
X યુવાન શ્રમજીવીઓ
X યુવાન મહિલાઓ
X બેરોજગાર યુવકો
X નોકરી કરતા યુવકો

વિદ્યાર્થીઓ યુવકોની ભૂમિકા:- ૧. સ્કુલ કક્ષાએ સ્કાઉટ તથા જુનિયર એન.સી.સી.ની પ્રવૃત્તિઓ ડાંગ જેવા પછાત વિસ્તારના વિકાસ માટે કરવી જોઇએ.
૨. કોલેજના યુવકો:-યુનિવર્સિટી કક્ષાએ એન.એસ.એસ. તથા યુવક કલ્યાણ પ્રૌઢશિક્ષણ અને વિસ્તરણ મહાત્મા ગાંધી ડીપાર્ટમેન્ટ ઓફ રુરલ સ્ટડીઝ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સમાજ-વિદ્યાભવન, માનવશાસ્ત્ર ઇતિહાસ, અર્થશાસ્ત્ર,બોટની, ફોરેસ્ટ વગેરે વિભાગો એ ચાર દિવાલો વચ્ચે પ્રવૃત્તિ કેન્દ્રીત કાર્ય ન કરતાં ઉપર દર્શાવેલ તમામ વિકાસના કાર્યોમાં જોતરાવવું જોઇએ અને ઓફ કેમ્પસ લગાનાર કામ નિયત સમયમાં કરવું જોઇએ તથા તેનું ફોલોઅપ કાર્ય પણ કરવું જોઇએ.

XXX

//૭//

એન.એસ.એસ. માં વિદ્યાર્થીઓને ૧૨૦ વર્ષમાં કામ કરવાનું હોય છે. તેમના કાર્યોનું આયોજન અહીં કરી શકાય, શિબિર, સેમિનાર યુનિ. તથા કોલેજ કક્ષાએ ગોઠવી શકાય.

ઉપર જે બે પ્રકારના યુવકો બતાવ્યા તેમાં ડાંગના સ્થાનિક યુવકો તથા બહાર યુવકો તેમની કામગીરી ડાંગના સિંહાગાવલોકનમાં જાઇ તેના પ્રશ્નો સમજી કામગીરી ગોઠવવી જોઇએ.

કેટલાક નમૂના રુપ કાર્યક્રમો:-

૧. આર્થિક:- સસ્તા અનાજની દુકાનો, સહકારી વ્યવસાયલક્ષી ભંડાર-ગૃહ-કુટીર ઉદ્યોગ, કિચન તાલિમ શકિત ગાર્ડનિંગ, ફુટ પ્રિઝર્વેશન, ગ્રામ વનીકરણ, મધમાખી ઉછેર, ફીશરી, ભરતગુંથણ, શિવણ ખાદી ગ્રામોદ્યોગ, ડાયમંડ જયુબેલી ટ્રસ્ટ, વડોદરા વગેરે.

૨. સાંસ્કૃતિક :- લોકકલાને પોષક નૃત્યોના વર્કશોપ સ્પર્ધા, લોકવાદ્યોના પ્રદર્શન તથા લોકગીતની સ્પર્ધા તથા સંગ્રહ કરવો.

૩. રમતગમત:- મેદાની રમતો, સામાજિક રમતો વ્યાયામ અને યોગા

૪. શૈક્ષણિક:- નિરક્ષરતા નિવારણ તથા પ્રૌઢશિક્ષણ રાત્રિશાળા, અભ્યાસ ગૃહ સમાજશિક્ષણ આંગણવાડી, બાલવાડી, બાલમંદિર તથા પુસ્તકાલય વગેરે

૫. સર્વેક્ષણ:- સામાજિક, આર્થિક, શૈક્ષણિક તથા આરોગ્ય સંબંધી મોજણી યુવકોને સ્પર્શતા પ્રશ્નો અંગે અભ્યાસ વગેરે

૬. <u>જાહેર આરોગ્ય શ્રમ અને સામાજિક સેવા શિબિર:-</u> શોષખાડા, જાજરુ, અજવાળિયાં, નિર્ધૂમચૂલા, નાવણિયાં, બનાવવા, ગ્રામ સફાઇ, બાળ તંદુરસ્તી, પશુ તંદુરસ્તી તથા ફેટ કેવી રીતે વધારવા તે અંગે વાર્તાલાપ તથા હરફાઇ, આરોગ્ય સેવા રોગનિદાન કેમ્પ, વસ્તી શિક્ષણ નર્સિંગ તથા પ્રાથમિક સારવાર તાલિમ વગેરે.

૭. સેવા, સમાજ કલ્યાણ અને નિર્માણ:- સમાજિક કુરિવાજો સામે ઝૂંબેશ, હોસ્પિટલ સેવા, રાહત કાર્યો, શ્રમ શિબિરો દ્વારા નિર્માણ કાર્યો.

૮. નેતૃત્વ વિકાસ:- સ્થાનિક નેતૃત્વ ઉભુ કરવા તથા યુવકોની પ્રતિભા અને શકિતઓ જાગૃત કરવા ટૂંકા ગાળાના તથા લાંબાગાળાના નેતૃત્વ તાલીમ શિબિરો.

૯. કૃષિ વિકાસ:- ગ્રામ યુવકો માટે કૃષિ નિદર્શન પ્રદર્શન સુધારેલા બિયારણ, નવીન સાધનોનો ઉપયોગ તથા જમીન સુધારણા માટે માર્ગદર્શન યુવા કૃષકો વિશે શિબિરો.

૧૦ સામાજિક વનીકરણ અને વૃક્ષારોપણ:- ગ્રામ વનો કાર્યક્રમ લેવો જોઇએ. તરુણોનું અભિવાદન વૃક્ષારોપણ દ્વારા થવું જોઇએ તેમાં ૧૫મી ઓગષ્ટે જ યુવકોના ૨૧ વર્ષ થતાં હોય તેનું અભિવાદનના કાર્યક્રમ રાખી વૃક્ષો તેમના દ્વારા લાવવા જોઇએ અને સ્થાનિક ગ્રામયુવકોએ વૃક્ષો દત્તક લેવા જોઇએ. જીવનના જન્મ લગ્ન મરણ તમામ પ્રસંગો વૃક્ષો વાવવાથી ઉજવવા જોઇએ.

૧૧ યૂથ એક્ષચેન્જ પ્રોગ્રામ:- સાંસ્કૃતિક તથા શૈક્ષણિક વિ. કાર્યક્રમોનો આંતરજીલ્લા તથા રાજય યુવક વિનિમયના કાર્યક્રમો કરવા જોઇએ.

૧૨ યુવક જયોત પદયાત્રા:- સ્થાનિક તથા બહારના યુવકોએ સાથે મળી ડાંગના ગામડાઓનો સર્વેક્ષણ કરી યુવક તથા મહિલા મંડળો સ્થાપવા જોઇએ તથા તેને ચેરીટી કમિશ્નરમાં રજી. કરાવવા જોઇએ. તથા રાષ્ટ્રીય કાર્યક્રમોનો પ્રચાર-પ્રસાર કરવો જોઇએ. ગ્રામ સભા તથા વિકાસના કાર્યક્રમોની માહિતી તથા સંકલન કરવું જોઇએ.

૧૩ ડાંગની ખાસ સમસ્યાઓ:-

૧. પ્રાથમિક શાળાના અભ્યાસબાદ ભણતર છોડનારાનું પ્રમાણ સૌથી વિશેષ છે.
૨. લાયકાત ધરાવનાર શિક્ષિત કર્મચારી ગણનો અભાવ.
૩. સેકન્ડરી સ્કુલનું પ્રમાણ ઓછું તથા વિદ્યાર્થીઓનું આઠમા ધોરણમાં પ્રવેશ બાદ ભણતર છોડવાનું પ્રમાણ વધું.
૪. કુશળ કારીગરોનો અભાવ

//૮//

૫. શિક્ષિત આદિવાસીઓ ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટમાં જવાનું વિશેષ પસંદ કરે છે.
૬. લશ્કરમાં ભરતીનું પ્રમાણ ઓછું.
૭. વિકાસના કાર્યક્રમોની માહિતીનો અભાવ-લોકો સુધી તમામ કાર્યક્રમો પહોંચાડવાની સમસ્યા.
૮. તેમના શારિરીક વિકાસ માટે પાયાની જરુરિયાત- આરોગ્યપ્રદ પાણી, પોષણક્ષમ આહાર અને હવા ઉજાસવાળા રહેઠાણની વ્યવસ્થાની ખાસ જરુર છે.

<u>સંકલન:-</u> સરકારી, સહકારી, અર્ધ સહકારી, સ્વૈચ્છિક, સ્વાયત્ત સંસ્થાઓના તમામ કાર્યક્રમોનું સંકલન કરી નિયત સમય મર્યાદામાં કામ થઈ જાય તે ધ્યાનમાં જોવું જોઇએ.

<u>યુવક કાર્યની પદ્ધતિઓ:-</u> પ્રત્યક્ષ, પરોક્ષ, વ્યક્તિ ગત, સામુદાયિક, દૃશ્ય-શ્રાવ્ય, લોકસંપર્ક સાંસ્કૃતિક (ગીત, સંગીત, નૃત્ય, નાટ્ય વગેરે).

<u>અવરોધક પરિબળો:-</u> બે પેઢી વચ્ચેનું અંતર

- X કાયદાના આંટી ઘૂંટી
- X યોગ્ય વ્યક્તિને યોગ્ય કાર્ય ન સોંપાતા.
- X સામાજિક પરિબળો- કુરિવાજો.
- X આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક, રાજનૈતિક શૈક્ષણિક વગેરે.

ઉપસંહાર:- વિકાસના કાર્યો માટે પસંદગીમાં સામુદાયિક જરુરીયાતને લક્ષમાં લઇ ઉપલબ્ધ સાધનો દ્વારા આયોજીત કાર્યો, સ્થળ, સમય, સંજોગો, જોઇ કરવા જોઇએ તથા તેઓ પરાવલંબી ન બને અને લોકોનો ફાળો શ્રમદાન દ્વારા કે લોકફાળા દ્વારા કામ કરવા જોઇએ તથા કોઇ પણ અંગ વિકાસથી વંચિત ન રહે તે માટે સર્વે- તપાસકાર્ય- ડેટા કલેકશન તથા ફોલોઅપ કાર્ય થવા જોઇએ.